સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 32
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ શ્રાવણ વદ- ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૦ ઑગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# અમદાવાદના વિશાલા બ્રિજ પર છ મહિના સુધી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : શહેરના વિશાલા બ્રિજ પરથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. શહેર પોલીસ કમિશનરે જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ નિર્દેશ આપ્યો હતો. બ્રિજના ડાબા ભાગના બેરિંગ અને અન્ય ભાગો જર્જરિત સ્થિતિમાં હોવાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગે નેશનલ હાઇવે ઓથોરિટી અમદાવાદ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે શાસ્ત્રી બ્રિજના ડાબી બાજુથી મધ્યમ અને ભારે મુસાફર અને કોમર્શિયલ વાહનો માટે બંધ રહેશે. વિશાલા સર્કલથી પીરાણા સુધીનો બ્રિજ ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી બંધ રહેશે.

જર્જરિત હાલતમાં રહેલા વિશાલા બ્રિજનું આ વર્ષની શરૂઆતમાં સમારકામ અને નવીનીકરણ કરવામાં આવ્યું હતું. જોકે, બ્રિજના બેરિંગ્સ અને પેડેસ્ટલ હજુ પણ જર્જરિત હાલતમાં છે. પોલીસ વિભાગે આ અંગે એક જાહેરનામું બહાર પાડ્યું હતું અને વૈકલ્પિક માર્ગોની જાહેરાત કરી હતી.

વિશાલાથી નારોલ સુધીનો ૪૩ વર્ષ જૂનો બ્રિજ એક્સપ્રેસ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮ ને જોડે છે. આ બ્રિજના બદલે નવો બ્રિજ અને નારોલથી સરખેજ સુધીના એલિવેટેડ કોરિડોર માટે ટેન્ડર જાહેર કરવામાં આવ્યું હતું. આ પ્રસ્તાવિત કોરિડોર ૮-લેનનો બનશે. જેની માટે ૧,૨૯૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

# અમદાવાદની ૩૦૦થી વધુ ગગનચુંબી ઈમારતોમાં આગનું જોખમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ૨૭ લોકોનો ભોગ લેનારી રાજકોટ ગેમ ઝોન આગ દુર્ઘટનાને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે, છતાં ફાયર સેફ્ટીના અમલ અંગે બેદરકારી જોવા મળી રહી છે. અમદાવાદમાં ૩૦૯ ઊંચી ઇમારતો પાસે માન્ય ફાયર નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ જ નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગના ડેટા મુજબ, આમાંથી ૨૫૯ ઇમારતો રહેણાક છે, જ્યારે ૫૦ ઇમારતો કોમર્શિયલ-કમ-રહેણાક છે.

બોડકદેવમાં ૮, ડ્રાઇવ ઇનમાં ૫, એલિસબ્રિજ અને સેટેલાઇટમાં ૪-૪, ઘાટલોડિયા અને નવરંગપુરામાં ૩-૩, નવરંગા, શાહીબાગ અન વેજલપુરમાં ૨-૨ તથા મેમનગર, મણિનગર, આશ્રમ રોડ, પાલડી, અંબાવાડી, મિથ્યાખાલી, ખાનપુર અને માણેકબાગમાં ૧-૧ માન્ય એનઓસી વગરની કોમર્શિયલ-કમ-રહેણાંક ઇમારતો છે.

ફક્ત રહેણાક શ્રેણીમાં, માન્ય એનઓસી વગરની ઇમારતો આખા શહેરમાં ફેલાયેલી છે. બોડકદેવ ૨૪ ઇમારતો સાથે યાદીમાં ટોચ પર છે, ત્યારબાદ સેટેલાઇટમાં ૧૬, શાહીબાગમાં ૧૮, જોધપુર, વેજલપુર, વસ્ત્રાપુર અને ઘાટલોડિયામાં ૧૦-૧૦, નવરંગપુરા, પ્રહલાદનગર અને ખાનપુરમાં ૮-૮, એલિસબ્રિજ અને પાલડીમાં ૭-૭, આંબાવાડી અને સારંગપુરમાં આવી ૬-૬ ઇમારતો છે, જ્યારે માણેકબાગ અને ડ્રાઇવ-ઇનમાં ૫-૫ છે. ગોતા, પ્રહલાદનગર, ચાંદખેડા, આશ્રમ રોડ, ગુરુકુળ, મેમનગર, મણિનગર, સોલા અને વાસણામાં આવી ૪-૪ ઇમારતો છે. નવરંગપુરા, સાબરમતી અને ઉસ્માનપુરામાં ૨-૨ તથા મીઠાખળીમાં એક ઇમારત છે.

સારંગપુર, ગોતા અને પ્રહલાદનગર જેવા વિસ્તારોમાં તાજેતરમાં ઘણા નવા રહેણાક ટાવર્સનું નિર્માણ થયું છે ત્યાં એનઓસીનું પાલન ન કરતી ઇમારતોની હાજરી ચિંતાનું કારણ છે. બોડકદેવ, સેટેલાઇટ અને શાહીબાગ જેવા જાણીતા કોમર્શિયલ અને રહેણાક કેન્દ્રોમાં પણ સૌથી વધુ ઊંચી ઇમારતો ફાયરસેફ્ટી ક્લિયરન્સ વગર કાર્યરત છે.

એએમસીના ડેટા અનુસાર, એનઓસી વગરના કેટલાક જાણીતા કોમર્શિયલ-રહેણાક કોમ્પ્લેક્સમાં બોડકદેવમાં જજિસ બંગલો રોડ પર આવેલું ગેલેક્સી ટાવર્સ (મલ્ટિપલ બ્લોક), હિમાલયા મોલ નજીક ઇન્દ્રપ્રસ્થ ટાવર્સ, શ્યામલ રો હાઉસ નજીક રાહુલ ટાવર અને પંચવટી સર્કલ નજીક તક્ષશિલા ટાવર્સનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ ઝોનમાં, ૧૩૨-ફીટ રીંગ રોડ પર આવેલું એવરેસ્ટ ટાવર, શાહીબાગમાં ઘેવર કોમ્પ્લેક્સ, ખાનપુરમાં રોયલ એપાર્ટમેન્ટ અને ગાંધીગ્રામ રેલવે સ્ટેશન નજીક સબીના એપાર્ટમેન્ટ પણ માન્ય એનઓસી વગરની યાદીમાં છે. સેટેલાઇટ અને પશ્ચિમ વિસ્તારો જ્યાં નોંધપાત્ર રિયલ એસ્ટેટ વિકાસ થયો છે, તેમાં ઇસ્કોન મંદિર સામે શાકમ્બા ટાવર્સ, માણેકબાગમાં વાસુપૂજ્ય ટાવર, નવરંગપુરામાં વ્રજ ભૂમિ અને આનંદનગર ક્રોસરોડ્સ નજીક અગ્રવાલ એપાર્ટમેન્ટ્સ (મલ્ટિપલ બ્લોક) જેવા નામનો સમાવેશ થાય છે.

સૂત્રોએ જણાવ્યું કે, ઘણીવાર લોકો એવું માને છે કે જ્યાં સુધી સાયરન ન વાગે ત્યાં સુધી તેમની ઇમારત સલામત છે, પરંતુ તંત્રએ કડક ઓડિટ કરવું જોઈએ અને બીજી દુર્ઘટના બને તે પહેલાં નક્કર પગલાં ભરવા જોઈએ.

# નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાં ૫૩ દિવસ હવાની ગુણવત્તા નબળી રહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતની હવા વધુ ઝેરી બની હતી. વાયુ પ્રદૂષણના વધતા સ્તરને કારણે, રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ પર નકારાત્મક અસરો થઈ રહી છે. આ પ્રદૂષણના મુખ્ય કારણોમાં વાહનોમાંથી નીકળતો ધુમાડો, ઔદ્યોગિક પ્રદૂષણ, બાંધકામના સ્થળોએથી ઉડતી ધૂળ અને ખેતી સંબંધિત પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આના પરિણામે, શ્વસનતંત્રને લગતી બીમારીઓ, હૃદયરોગ અને અન્ય ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ પણ વધી હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, ગુજરાતને ૫૩ દિવસ સુધી નબળી હવાની ગુણવત્તાનો સામનો કરવો પડ્યો હતો. જે પર્યાવરણ અને જાહેર આરોગ્ય માટે ગંભીર ચિંતાનો વિષય છે. રાષ્ટ્રીય હવા ગુણવત્તા ચાર્ટમાં ગુજરાતનું પ્રદર્શન પ્રમાણમાં સારું હોવા છતાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા રજૂ કરાયેલા ડેટા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં ૫૩ દિવસ હવા ‘નબળી’ અથવા ‘ખૂબ નબળી’ ગુણવત્તાવાળી રહી હતી. જેના પરથી શહેરી અને ઔદ્યોગિક વિસ્તારો પર પર્યાવરણીય દબાણ વધી રહ્યું હોવાનું સ્પષ્ટ થાય છે. અમદાવાદમાં નવ દિવસ હવાની ગુણવત્તા નબળી નોંધાઈ હતી. જે રાજ્યના સૌથી મોટા શહેરમાં વધી રહેલા પ્રદૂષણ તરફ ઇશારો કરે છે.

અમદાવાદ ઉપરાંત, વાપી, વટવા, અંકલેશ્વર અને રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પણ હવાની ગુણવત્તા વધી રહી છે. જે ગુજરાતના ઔદ્યોગિક ક્લસ્ટર્સમાં પ્રદૂષણના પડકારો દર્શાવે છે. દક્ષિણ ગુજરાતમાં લાંબા સમયથી પ્રદૂષણનું કેન્દ્ર રહેલા વાપીમાં રાજ્યમાં સૌથી વધુ કુલ ૩૦ દિવસ હવા ખરાબ રહી, જેમાં પાંચ દિવસને ખૂબ નબળી ગુણવત્તાવાળા તરીકે વર્ગીકૃત કરાયા હતા. ઔદ્યોગિક પ્રવૃત્તિઓથી ભરપૂર વટવામાં ૧૦ દિવસ હવાની ગુણવત્તા નબળી રહી હતી. અન્ય એક મુખ્ય ઔદ્યોગિક વિસ્તાર અંકલેશ્વરમાં ત્રણ દિવસ જ્યારે ગાંધીનગરમાં એક દિવસ હવાની ગુણવત્તા નબળી નોંધાઈ હતી.

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા લોકસભામાં રજૂ કરાયેલા ડેટા મુજબ, વાયુની નબળી ગુણવત્તાની દ્દષ્ટિએ ગુજરાત ભારતના મુખ્ય ઔદ્યોગિક રાજ્યોમાં ત્રીજા ક્રમે હતું. મહારાષ્ટ્રમાં ૩૩૪ દિવસ હવા નબળી અથવા ખૂબ નબળી ગુણવત્તાવાળી રહી હતી. દિલ્હીમાં ૧૪૮ દિવસ, જ્યારે ગુજરાતનો કુલ આંક ૫૩ દિવસ હતો. આ આંકડો તમિલનાડુના ૪૦ દિવસ અને આંધ્ર પ્રદેશ ૩૫ દિવસ કરતાં વધારે હતો. પર્યાવરણ નિષ્ણાતો મુજબ, ઔદ્યોગિક ઝોનમાં વારંવાર હવાની ગુણવત્તાના નિયમોનું ઉલ્લંઘન થતું હોવાથી, ત્યાં વધુ સઘન દેખરેખની જરૂર છે.

સૂત્રોએ જણાવ્યું કે, ઔદ્યોગિક ઉત્સર્જન મુખ્ય ફાળો આપનારું પરિબળ હોવા છતાં, ગુજરાતના શહેરી વિસ્તારોમાં હવાની નબળી ગુણવત્તાનું કારણ વાહનોનું પ્રદૂષણ, ખરાબ રસ્તાઓ પરની ધૂળ, અવ્યવસ્થિત બાંધકામ પ્રવૃત્તિ અને અપૂરતું જાહેર પરિવહન છે. ભીડવાળા રસ્તાઓ પર વાહનોનો વધુ સમય, ધૂળ નિયંત્રણના ઉપાયોનો અભાવ અને કિનારીઓ સુધી કાર્પેટવાળા રસ્તાઓની ગેરહાજરી પરિસ્થિતિને વધુ ખરાબ કરે છે. પીરાણા જેવા વિસ્તારોમાં, કચરો બાળવાથી ઔદ્યોગિક પ્રદૂષણમાં એક વધુ ઝેરી પડ ઉમેરાય છે. સુનિયોજિત શહેરી આયોજન, જાહેર પરિવહનમાં રોકાણ અને મોટા પાયે વનીકરણ વિના, આપણે માત્ર પર્યાવરણને જ નુકસાન નથી પહોંચાડી રહ્યા, પરંતુ જાહેર આરોગ્યને પણ જોખમમાં મૂકી રહ્યા છીએ.

ગુજરાતના શહેરોમાં વાયુ પ્રદૂષણ, ખાસ કરીને શિયાળાના મહિનાઓમાં જ્યારે સૂક્ષ્મ કણો જમીનની નજીક રહે છે, તેની સીધી આરોગ્ય પર અસર થાય છે. તબીબોના જણાવ્યા મુજબ, પીએમ ૨.૫ અને પીએમ ૧૦નું ઊંચું સ્તર શ્વાસ સંબંધિત બીમારીઓ જેવી કે અસ્થમા અને બ્રોન્કાઇટિસને ટ્રિગર અથવા વધુ ખરાબ કરી શકે છે. ઉપરાંત હૃદય રોગનું જોખમ વધારી શકે છે. પ્રદૂષણના ઊંચા સ્તર દરમિયાન ટૂંકા ગાળાના સંપર્કમાં પણ ઉધરસ, ગળામાં બળતરા અને ફેફસાના કાર્યક્ષમતામાં ઘટાડો થઈ શકે છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, છેલ્લાં થોડાં વર્ષોમાં, ઊંચા પ્રદૂષણવાળા વિસ્તારોમાં રહેતા લોકોમાં ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝમાં વધારો થયો છે. પહેલાં આવા કેસો સામાન્ય રીતે પારિવારિક ઇતિહાસ સાથે સંકળાયેલા હતા, પરંતુ હવે પ્રદૂષણને કારણે થતી સતત ઉધરસ અને શ્વસન રોગો સામાન્ય છે. પ્રદૂષણના વધુ સંપર્કમાં રહેતા દર્દીઓને અસર ઘટાડવા માટે ફેસ માસ્ક પહેરવાની સલાહ આપીએ છીએ. ધૂમ્રપાન ન કરવા છતાં પણ, તેમાંથી કેટલાકના ફેફસાં ધૂમ્રપાન કરનારા જેવા હોય છે.

# સુરતમાં આજે મુખ્ય પ્રધાનની હાજરીમાં તિરંગા યાત્રા યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વતંત્રતા દિવસ ૨૦૨૫ની ભવ્ય ઉજવણીના ભાગરૂપે આજે સાંજે ૬ વાગ્યે તિરંગા યાત્રા યોજાશે. આ યાત્રા સુરત-ડુમસ રોડ પરના વાય જંક્શનથી શરૂ થઈને લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી ૧.૮થી ૨ કિ.મી.ના રૂટ પર યોજાશે. આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે. તેમની સાથે પ્રદેશ ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય પ્રધાન સી.આર. પાટીલ, ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી અને સ્થાનિક નેતાઓ પણ જોડાશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ યાત્રા માત્ર એક સરકારી કાર્યક્રમ ન રહેતા એક કાર્નિવલ સ્વરૂપે યોજાશે. જેમાં સમાજના દરેક વર્ગના લોકો મોટી સંખ્યામાં જોડાશે. આ યાત્રામાં માત્ર સુરતના લોકો જ નહિ પરંતુ, જુદા-જુદા રાજ્યના અને વિવિધ ધર્મના લોકો પણ જોડાશે, જે ‘‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’’ની ભાવનાને સાકાર કરશે. ઉદ્યોગ જગતના લોકો પણ આ યાત્રામાં મોટી સંખ્યામાં ભાગ લેશે. આ યાત્રામાં ૨૦ જેટલા અલગ-અલગ બેન્ડ, ટેલેન્ટ આર્ટિસ્ટ અને ટેબ્લો પણ જોડાશે, જે દેશભક્તિના ગીતો અને રંગબેરંગી પ્રદર્શનથી વાતાવરણને ઉત્સાહમય બનાવશે.

યાત્રાના રૂટ પર ૧૨ જેટલા સ્કલ્પચર સ્ટેજ તૈયાર કરવામાં આવશે, જ્યાં અલગ-અલગ રાજ્યોની સાંસ્કૃતિક ઝાંખી રજૂ કરવામાં આવશે. આનાથી યાત્રામાં જોડાનારા લોકોને વિવિધ ભારતીય સંસ્કૃતિનો પરિચય મળશે. આ યાત્રાનું એક મુખ્ય આકર્ષણ એ હશે કે, પાલિકાના માર્શલ પગપાળા દોઢ કિલોમીટર લાંબો તિરંગા લઈ યાત્રામાં જોડાશે, જે એક અનોખો રેકોર્ડ સ્થાપિત કરશે. યાત્રામાં ૫૦,૦૦૦થી વધુ લોકો ડેડિકેટેડ રીતે જોડાશે તેવો લક્ષ્યાંક છે.

તંત્ર દ્વારા કુલ ૩.૫૦ લાખ તિરંગાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાંથી એક લાખ તિરંગા યાત્રાના રૂટ પર ડિસ્ટ્રિબ્યુટ કરવામાં આવશે. સુરક્ષાની દ્દષ્ટિએ પોલીસના આઠ જેટલા પ્લાન્ટુન, સીઆઈએસએફના જવાનો અને ૧૦૦ જેટલી ઈ-બાઈક પણ યાત્રામાં સામેલ થશે.

# મુખ્ય પ્રધાને રક્ષાબંધન પર વૃક્ષારોપણ કર્યું, બહેનોએ રાખડી બાંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હિંદુ સંસ્કૃતિમાં અનોખા એવા રક્ષાબંધન પર્વ નિમિત્તે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને સમાજના વિવિધ વર્ગોની બહેનોએ રક્ષા સૂત્ર રાખડી બાંધીને શુભેચ્છા પાઠવી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રક્ષાબંધનના પર્વ પર વૃક્ષારોપણ કરીને એક નવી પહેલ પણ કરી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને બ્રહ્માકુમારી સહિતની અન્ય સંસ્થાની બહેનો, વિવિધ શાળાની વિદ્યાર્થિનીઓ, પ્રજ્ઞાચક્ષુ બહેનો, દિવ્યાંગ બહેનો સહિત મોટી સંખ્યામાં બહેનોએ રક્ષાસૂત્ર બાંધીને રક્ષાબંધનના પાવન પર્વની ઉજવણી કરી હતી. રાજ્યની મહિલા ધારાસભ્યો, મહિલા પોલીસ કર્મચારીઓ અને રાજ્યના ખૂણે ખૂણેથી આવેલી બહેનોએ મુખ્ય પ્રધાનને રક્ષાસૂત્ર બાંધીને દીર્ઘાયુના આશીર્વાદ અને પ્રજાના કલ્યાણકારી કામો માટે સદાય કર્તવ્યરત રહેવાની શુભેચ્છા પણ પાઠવી હતી.

મુખ્ય પ્રધાન નિવાસસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારીતા પ્રધાન ભાનુબેન બાબરીયા, ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ ઉપરાંત ભાજપ પ્રદેશ મહિલા મોરચાની ટીમની હોદ્દેદારો પણ હાજર રહ્યાં હતાં.

# આજે વિશ્વ સિંહ દિવસઃ દેવભૂમિ દ્વારકામાં રાજ્ય કક્ષાની ઉજવણી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકાર દ્વારા બરડા વિસ્તારમાં ૨૪૮ હેક્ટર જમીનની ફાળવણી કરીને રૂપિયા ૬૦ કરોડના ખર્ચે સફારી બનાવવાનું આયોજન કરાયું છે. આજે ‘વિશ્વ સિંહ દિવસ’ની ઉજવણી થવાની છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા આ પ્રોજેક્ટમાં થયેલી પ્રગતિની કેન્દ્રીય વન અને પર્યાવરણ પ્રધાન ભૂપેન્દ્ર યાદવની હાજરીમાં સમીક્ષા કરવામાં આવશે.

જંગલના રાજા ‘સિંહ’ પ્રત્યે નાગરિકોમાં વધુને વધુ જાગૃતિ આવે, તેનું યોગ્ય સંવર્ધન-સંરક્ષણ થાય તેવા ઉમદા હેતુથી વિશ્વભરમાં દર વર્ષે ૧૦ ઓગસ્ટે રોજ ‘વિશ્વ સિંહ દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર એશિયા ખંડમાં ગુજરાતમાં જ સિંહો વસવાટ કરે છે તેથી તેમના જતન અને સંવર્ધન માટે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ છે. તેના ભાગરૂપે બરડા વિસ્તારમાં સિંહો માટેના નવા અભયારણ્યનો વિકાસ કરાઈ રહ્યો છે. બરડા વિસ્તારમાં ઇકો ટુરીઝમ વિકાસ માટે રૂપિયા.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકાર દ્વારા વન્ય પ્રાણીઓના આરોગ્ય માટે રાષ્ટ્રીય સ્તરનો ‘નેશનલ રેફરલ સેન્ટર’નો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા નવા પીપળીયા ખાતે ૨૦.૨૪ હેક્ટર જમીન ફાળવણી પણ કરવામાં આવી છે જેનું કામ હાલમાં પ્રગતિમાં છે. સાસણ ખાતે ગીર વિસ્તારના વન્ય પ્રાણીઓના મોનિટરિંગ માટે એક હાઇ ટેક મોનિટરિંગ કેન્દ્ર તેમજ વેટરનરી હોસ્પિટલ બનાવવામાં આવી છે. આ તમામ વિકાસ કામોમાં થયેલી પ્રગતિની પણ સમીક્ષા કરાશે.

એશિયાઇ સિંહ દેશમાં સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં કુદરતી વાતાવરણમાં મુક્ત રીતે વિહરતા જોવા મળે છે. વન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રના જૂનાગઢ,ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ,મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી, પોરબંદર અને બોટાદ એમ કુલ ૧૧ જિલ્લાઓમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવશે.

બરડા વિસ્તાર સિંહોના બીજા નિવાસસ્થાન તરીકેની ઓળખ મેળવી રહ્યો છે. માર્ચ ૨૦૨૫ સુધીમાં ૨,૨૭૧ પ્રવાસીઓએ જંગલ સફારીનો લાભ લીધો છે. બરડા અભયારણ્યનો કુલ વિસ્તાર ૧૯૨.૩૧ ચો.કિ.મી.છે. ૨૦૨૩માં એક પુખ્ત નર સિંહ કુદરતી રીતે આ વિસ્તારમાં આવીને સ્થાયી થયો પછી આ વિસ્તારમાં સિંહોની સંખ્યા સતત વધી રહી છે. હાલમાં આ વિસ્તારમાં ૬ પુખ્ત અને ૧૧ બાળ મળી કુલ ૧૭ સિંહ છે. ૧૯૭૯માં અભયારણ્ય તરીકે જાહેર થયેલું બરડા, ભૂતકાળમાં પોરબંદર અને જામનગર રાજવંશોનું શિકાર ક્ષેત્ર હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઓગસ્ટ ૨૦૨૦માં ૭૪મા સ્વાતંત્ર્ય દિવસ પર લાલ-કિલ્લા પરથી સિંહોના લાંબા ગાળાના સંરક્ષણ માટે દેશમાં એશિયાટીક સિંહના ભવિષ્યને સુરક્ષિત કરવા ‘પ્રોજેક્ટ લાયન’ની જાહેરાત કરી હતી. ભારત સરકારના વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા ૧૦ વર્ષ માટે કુલ રૂપિયા ૨,૯૨૭.૭૧ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે.

દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકાના ટીંબડીમાં કપૂરડી-ઘુમલી રોડ ખાતે ૧૦ ઓગસ્ટે સવારે ૧૦ કલાકે રાજ્ય કક્ષાના ‘વિશ્વ સિંહ દિવસ’ની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમના પ્રમુખસ્થાને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ હશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય વન-પર્યાવરણ પ્રધાન ભૂપેન્દ્ર યાદવ, ગુજરાતના વન-પર્યાવરણ પ્રધાન મુળુભાઈ બેરા, જળ સંપત્તિ પ્રધાન કુંવરજી બાવળિયા તેમજ વન-પર્યાવરણ રાજ્ય પ્રધાન મુકેશ પટેલ પણ હાજર રહેશે.

# વડોદરામાં ૧૫ સપ્ટેમ્બરથી હેલ્મેટ ફરજિયાત કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. લોકો ઠેર ઠેર રસ્તા પરના ખાડા અને ટ્રાફિકની અંધાધૂંધીથી પરેશાન છે. આ સમસ્યા વચ્ચે, શહેર પોલીસે એક નવો નિયમ લાગુ કરવાની જાહેરાત કરી હતી.

શહેર પોલીસ કમિશનરે જણાવ્યું કે, ૧૫ સપ્ટેમ્બરથી ટુ-વ્હિલર ચાલકો માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત રહેશે. આ નિર્ણય નવરાત્રિ પહેલા લાગુ કરવામાં આવશે.

નિયમ લાગુ કરતાં પહેલાં, પોલીસ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને હેલ્મેટ પહેરવા અંગે જાગૃતિ લાવવાની ઝુંબેશ ચલાવશે. આ નિયમનો હેતુ અકસ્માતો ઘટાડવાનો અને વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ગુજરાત સરકારના નિયમો મુજબ, રાજ્યના તમામ શહેરો, નગરપાલિકા વિસ્તારો અને હાઇવે પર ટુ-વ્હિલર ચલાવતા લોકો માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત છે. ૨૦૧૯માં ગુજરાત સરકારે શહેરી વિસ્તારોમાં હેલ્મેટ પહેરવાના નિયમમાં છૂટછાટ આપી હતી, પરંતુ હાઇ કોર્ટે ટ્રાફિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફરીથી નિયમ કડક બનાવવાનો આદેશ આપ્યો હતો.

# રક્ષાબંધને રાજ્યની જેલોમાં લાગણીસભર માહોલ: ભાઈઓને રાખડી બાંધતા બહેનોની આંખો છલકાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આજે દેશમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતની જેલમાં સજા ભોગવતા ભાઈઓને પોતાને બહેન રાખડી બાંધી શકે તે માટે જેલ તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યભરની જેલોમાં રક્ષાબંધનના તહેવાર નિમિત્તે ખૂબ જ ભાવુક દશ્યો જોવા મળ્યા. જેલમાં કેદ પોતાના ભાઈઓને રાખડી બાંધવા માટે બહેનો મોટી સંખ્યામાં ઊમટી પડી હતી.

આ મુલાકાત દરમિયાન, અનેક બહેનો પોતાના ભાઈને જોઈને ગળે વળગી ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી હતી. જેલનો કડક માહોલ પણ આ ભાઈ-બહેનના અતૂટ પ્રેમ સામે નરમ પડ્યો હતો. આ દશ્યો જોઈને ત્યાં હાજર સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી. આ મુલાકાત ભાઈ અને બહેન બંને માટે ભાવનાત્મક અને યાદગાર રહી હતી.

અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં પણ આજે રક્ષાબંધન પર્વ પર ભાવુક દશ્યો જોવા મળ્યા હતાં. મોટી સંખ્યામાં બહેનો પોતાના કેદી ભાઈઓને રાખડી બાંધવા જેલ પહોંચી હતી. જેલના અધિકારીઓએ આ પ્રસંગ માટે ખાસ વ્યવસ્થા કરી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ અંદાજે ૩થી ૫ હજાર બહેનો પોતાના ભાઈઓને મળવા આવી હતી. જેલ તંત્ર દ્વારા બહેનો માટે પાણી, પંખા અને શૌચાલય જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, આ વર્ષે એક વિશેષ પહેલ કરવામાં આવી હતી, જેમાં કેદી ભાઈઓ દ્વારા પોતાની બહેનોને ભેટ સ્વરૂપે છોડ આપવામાં આવ્યા હતા.

સુરતની લાજપોર જેલમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ રક્ષાબંધનનો તહેવાર ભાવનાત્મક રીતે ઉજવવામાં આવ્યો હતો. ઘણા વર્ષો બાદ આજે ભાઈઓને મળીને બહેનોની આંખોમાં ખુશી અને આંસુ બંને જોવા મળ્યા હતાં. આ પ્રસંગે, બહેનોએ પોતાના ભાઈઓના કાંડા પર રાખડી બાંધીને તેમના લાંબા આયુષ્ય અને સુખની કામના કરી હતી.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લામાં કુલ ૪૮૦ કરોડના વિકાસ કામોનાં ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતી, ૧૫મી નવેમ્બરને દેશભરમાં જનજાતિ ગૌરવ દિવસ તરીકે ઉજવવાની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલી નવતર પરંપરા સમગ્ર આદિવાસી સમાજનું મોટું સન્માન છે. એટલું જ નહીં દેશની સંસ્કૃતિ અને સ્વતંત્રતાની રક્ષા માટે સેંકડો વર્ષ સુધી આદિવાસીઓએ ચલાવેલી લડતના યોગદાનને પણ તેમણે ઉજાગર કર્યું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ભગવાન બિરસા મુંડાની આ વર્ષે ઉજવાઈ રહેલી ૧૫૦મી જન્મજયંતી વર્ષના ઉપલક્ષ્યમાં સુરતના માંડવી ખાતે આયોજિત સમારોહના અધ્યક્ષસ્થાને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સંબોધન કર્યું હતું. તેમણે આ અવસરે રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં કુલ ૪૮૦ કરોડના ૨૫૦૦ જેટલા વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા.આ ઉપરાંત આદિવાસી વિભાગના વિવિધ યોજનાઓના સવા કરોડ રૂપિયાના લાભ સહાયનું વિતરણ અને એક કરોડની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ એનાયત કરી હતી. રક્ષાબંધનના પવિત્ર પર્વે યોજાયેલા આ કાર્યક્રમમાં આદિજાતિ બહેનોએ મુખ્ય પ્રધાનને રક્ષાબંધન પણ કર્યું હતું

મુખ્ય પ્રધાને ભગવાન બિરસા મુંડાએ અબુઆ દિશુમ - અબુઆ રાજ એટલે કે આપણો દેશ આપણું રાજના મંત્ર સાથે આદિવાસી યુવાઓને આઝાદી જંગ માટેની પ્રેરણા આપી હતી તેનું સ્મરણ કરીને ભગવાન બિરસા મુંડાની ભાવ વંદના કરી હતી. તેમણે ઉમેર્યું કે, આદિવાસી સમાજના ઉત્થાન માટે અત્યંત સંવેદનશીલ એવા ભગવાન બિરસા મુંડાના કાર્યો, જીવન કવનને આઝાદીના દશકો સુધી ઉપેક્ષિત રાખવામાં આવ્યા અને આદિવાસી સમાજ વિકાસથી વંચિત રહ્યો હતો.

આ સંદર્ભમાં તેમણે દેશમાં ૨૪ હજાર કરોડની પી.એમ. જનધન યોજના તેમ જ ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અન્વયે રાજ્યના ૧૦૨ તાલુકાના ૪,૨૬૫ ગામને યોજનાકીય લાભ અને વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત ૬૮ હજાર હેક્ટર વન જમીનના અધિકારપત્રો રાજ્યમાં આપવામાં આવ્યા છે તેની ભૂમિકા આપી હતી. રાજ્ય સરકારે આદિજાતિ વિદ્યાર્થીઓને એક દસકામાં ૪૩૦૦ કરોડ રૂપિયાની શિષ્યવૃત્તિ અભ્યાસ માટે આપી છે તેમ પણ તેમણે કહ્યું હતું.

મુખ્ય પ્રધાને જણાવ્યું કે, ગુજરાતના આદિવાસીઓએ આઝાદીની લડતમાં આપેલા યોગદાન અને એમની શહાદતની સ્મૃતિમાં વડા પ્રધાનની પ્રેરણાથી માનગઢમાં ગોવિંદ ગુરુ શહીદ વન, પાલદઢ વાવમાં વિરાંજલી વન તેમજ આદિવાસી સમાજનાં આસ્થા કેન્દ્રોના વિકાસ માટે રાજ્ય સરકારે અનેક પગલાં લીધા છે. વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને પાર પાડવામાં આદિવાસીઓના સહયોગને મહત્ત્વનો ગણાવતા કહ્યું કે, વનબંધુ કલ્યાણ યોજનાથી આદિવાસીઓ માટે વૈશ્વિક વિકાસની તકો ખૂલી છે. તેમણે વોકલ ફોર લોકલ સ્વદેશીના વધુને વધુ ઉપયોગની વડા પ્રધાનની હાકલ આદિવાસી સમાજ સ્થાનિક ઉત્પાદનો, કલાકારીગરીની ચીજવસ્તુઓ, મિલેટ અન્નના વ્યાપક ઉપયોગથી ઝિલી લે તેવો અનુરોધ પણ કર્યો હતો.

# ભૂવાએ સુરતની મહિલા પર વિધિ કરવાના નામે બસમાં દુષ્કર્મ આચર્યું

અમદાવાદ: સુરતમાં ભૂવાએ દુષ્કર્મ આચર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. આરોપી ભૂવાએ વિધિ કરવાના નામે ભાવનગરથી સુરત આવતી બસમાં જ પીડિત મહિલા પર દુષ્કર્મ આચર્યું હતું. હાલ મહિલાની ફરિયાદના આધારે અડાજણ પોલીસે આરોપીની ભૂવાની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. મળતી વિગ અનુસાર અનુસાર, સુરતના અડાજણમાં રહેતી પરિણીત મહિલા પિતૃદોષની વિધિ કરાવવા બોટાદના ચિરોડા ગામના ભૂવા ગંગારામ રામચરણદાસ લશ્કરીના સંપર્કમાં આવી હતી. ત્યારબાદ પીડિત મહિલા વિધિ માટે સુરતથી ભાવનગર પહોંચી હતી. જો કે, વિધિ કરાવ્યા બાદ મહિલા ભૂવા સાથે બસમાં ભાવનગરથી સુરત પરત ફરી રહી હતી. આ દરમિયાન ભૂવાએ વિધિ કરવાના નામે મહિલા પર દુષ્કર્મ આચર્યું હતું. ભૂવા ગંગારામે કાળા જાદુના બહાને મહિલાને વશ કરીને તેની સાથે એકથી વધુ વખત દુષ્કર્મ આચર્યું હતું.

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 32
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ શ્રાવણ વદ- ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૦ ઑગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ઑપરેશન સિંદૂર

# પાકિસ્તાનનાં છ વિમાન તોડી પાડેલાં




**ઑપરેશન સિંદૂરમાં ઈસ્લામાબાદનાં પાંચ ફાઈટર અને એક મોટું લશ્કરી વિમાન તોડી પાડ્યાંનું ભારતીય હવાઈ દળે પહેલી વાર કહ્યું છે. રશિયન એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમથી સફળતાપૂર્વક નિશાન સાધેલાં**



બેંગ્લૂરુ : ભારતીય હવાઈ દળે એ વાતને સમર્થન આપ્યું છે કે ઑપરેશન સિંદૂર દરમિયાન ભારતે પાકિસ્તાનના પાંચ ફાઈટર પ્લેન અને એક મોટું વિમાન તોડી પાડ્યા હતા, આ ઘટસ્ફોટ હવાઈ દળના વડા અમરપ્રીત સિંહે કર્યો હતો. તેમણે આને ભારતનો જમીન પરથી હવામાં કરેલો સૌથી મોટો ઘાતક હુમલો ગણાવ્યો હતો.

રશિયાની એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમની મદદથી પાકિસ્તાનના ફાઈટર જેટ તોડી પડાયાં હતાં અને પાકિસ્તાનની હવાઈ દળના એવાક્સને ૩૦૦ કિલોમીટરના અંતરેથી તોડી પડાયું હતું. જમીન પરથી આકાશમાં આટલા લાંબા અંતરનું નિશાન સૌ પ્રથમ વાર સાધવામાં આવ્યું છે.

સિંહે માહિતી આપી હતી કે અમને મળેલા નિર્દેશ પ્રમાણે એરબોર્ન વોર્નિંગ એન્ડ કંટ્રોલ (એવાક્સ)ના હેંગરમાં ઓછામાં ઓછું એક એવાક્સ અને થોડા એફ-૧૬ ફાઈટર જેટ હતા. આ વિમાનો ત્યાં જાળવણી માટે રાખવામાં આવ્યા હતા. અમારી પાસે એવા સમર્થનવાળા હેવાલ છે કે ઓછામાં ઓછા પાંચ ફાઈટર અને એક મોટું વિમાન જે વિમાન કે એડબ્લ્યુસી હોઈ શકે એનો ૩૦૦ કિલોમીટરના અંતરેથી નાશ કરવામાં આવ્યો હતો. આપણે આટલા લાંબા અંતરેથી જમીનથી હવા પર સફળતા પહેલી વાર મેળવી છે,

કાત્રે મેમોરિયલ લેકચરમાં બોલતા સિંહે કહ્યું હતું કે ખાસ બાતમીના આધારે અમે એરફિલ્ડ પર હુમલો કરવાનો નિર્ણય લીધો હતો. આથી હવાઈપટ્ટી અને જે મુખ્ય મકાનમાં આયોજન થઈ રહ્યું હતું અને જેને સિવિલ ટર્મિનલ બિલ્ડિંગ તરીકે ઉપયોગમાં લેવાતું હતું એના પર હુમલો કરવામાં આવ્યો હતો. જ્યાં સુધી સુક્કુર એરબેઝને લાગેવળગે છે ત્યાં સુધી અમે યુએબી હેંગર અને રડાર સાઈટ પર હુમલો કર્યો હતો. હેંગર એ મકાન છે જ્યાં વિમાનને મેન્ટેન્સ માટે રાખવામાં આવે છે. સિંહે કહ્યું હતુ કે આના વિઝ્યુઅલ પણ અમારી પાસે છે. આ હેંગર છે જેને તોડી નખાયું છે. આ રડાર સાઈટની પહેલાંની અને પછીની તસવીરો છે. હુમલો કરવામાં આવ્યો ત્યારે એની અંદર વિમાનો હતાં એ સ્પષ્ટ દેખાય છે. સિંહે સરગોધા વિશે કહ્યું હતું કે હવાઈ દળમાં આવા સ્વપ્ન સાથે અમારો ઉછેર થયો છે. ક્યારેક અમને તક મળશે. મને મારી નિવૃત્તિ પહેલાં આવી તક મળી. અમે એવા હવાઈક્ષેત્ર પર હુમલો કર્યો હતો કે જ્યાં એફ-૧૬ રાખવામાં આવ્યા એવી અમારી પાસે જોરદાર નક્કર માહિતી હતી. (એજન્સી) ■

## અમારું એકેય વિમાન નથી તોડી પડાયુંઃ પાકિસ્તાન

ઈસ્લામાબાદ: પાકિસ્તાનના સંરક્ષણપ્રધાન વજા આસીફે શનિવારે દાવો કર્યો હતો કે તાજેતરની લડાઈમાં ભારતના હવાઈ દળે અમારા લશ્કરનું કોઈ વિમાન તોડી પાડ્યું નથી. ભારતના હવાઈ દળના વડા અમરપ્રીત સિંહના ઑપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનનાં પાંચ ફાઈટર જેટ અને એક મોટું વિમાન તોડી પાડવાના કથન પછી આસીફે આ ટિપ્પણી કરી હતી. આસીફે સોશ્યલ મીડિયામાં એક પોસ્ટમાં લખ્યું હતું કે ભારત તરફથી ત્રણ મહિના સુધી આવો કોઈ દાવો કરવામાં આવ્યો નહોતો. પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય પ્રસાર માધ્યમોને લડાઈ બાદની વિગતવાર ટેક્નિકલ માહિતી તરત જ આપી હતી. હવાઈ દળના વડાનો વિલંબિત દાવો અવિશ્વસનીય છે કારણ કે આ દાવો કટાણે કરાયો છે.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને દાવો કર્યો હતો કે અંકુશરેખા પર ભારતીય પક્ષને નુકસાન તુલનાત્મક રીતે ઘણું મોટું થયું હતું. જો સત્ય પર સવાલ હોય તો બન્ને પક્ષો તેમના વિમાનો સ્વતંત્ર ચકાસણી માટે આપે. આનાથી ભારત જે વાસ્તવિકતા છુપાવવા માગે છે એ ખુલ્લી પડી જશે. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાનના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું કોઈ પણ ઉલ્લંઘનનો ઝડપી, નિશ્ચિત અને પ્રમાણસર જવાબ અપાશે. (એજન્સી) ■

## મહારાષ્ટ્રમાં ૧૬૦ બેઠક જિતાડી આપવાની ઑફર હતીઃ શરદ પવાર



▸ ઑફર આપનાર બન્નેનો મેં રાહુલ ગાંધી સાથે મેળાપ કરાવી આપેલો ▸ 'અમિત શાહ જવાબદારીમાંથી છટકી રહ્યા છે' ▸ 'વૉટ-ચોરી'ના રાહુલના આક્ષેપને શરદ પવારનું સમર્થન ▸ ઉદ્ધવને મિટિંગમાં અપાયેલી બેઠકને લગતો વિવાદ ખોટો

નાગપુરઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ના વડા શરદ પવારે વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા કરાયેલા 'વૉટ-ચોરી'ના આક્ષેપની ચૂંટણી પંચ દ્વારા સઘન તપાસ કરાવવા માગણી કરી હતી અને દાવો કર્યો હતો કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની પહેલાં બે જણે મને ૨૮૮ બેઠકમાંથી ૧૬૦ બેઠક જિતાડી આપવાની બાંયધરી દેતી ઑફર આપી હતી. વિપક્ષો સોમવારે ચૂંટણી પંચની ઑફિસ ભણી કૂચ કરી જશે અને ત્યાં દેખાવ કરશે. કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ 'ઘૂસણખોરોના નામ મતદારયાદીમાંથી કાઢી નખાયા હોવાથી વિપક્ષો મુશ્કેલીમાં મુકાશે' એવું નિવેદન કરીને પોતાની જવાબદારીમાંથી છટકી રહ્યા છે અને જનતાનું ધ્યાન ખોટી દિશામાં વાળી રહ્યા છે. અમે સત્તામાંના અજિત પવારના એનસીપી સાથે 'હાથ નહિ મિલાવીએ.'

શરદ પવારે નાગપુરમાં પત્રકારોને જણાવ્યું હતું કે મેં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી જિતાડવાની ઑફર લઇને મને મળેલા બે વ્યક્તિની બેઠક કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીની સાથે ગોઠવી આપી હતી, પરંતુ અમે આ ઑફરને ગંભીરતાથી નહોતી લીધી.

શરદ પવારે જણાવ્યું હતું કે અમારે આ

(જુઓ પાનું ૨) ▸▸



**રક્ષા કરજો:** વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સાથે શનિવારે રક્ષાબંધન મનાવતી બાળકી. (પીટીઆઇ)

### મિડલ ક્લાસ, ગરીબો ક્યાં બેંક ખાતા ખોલાવશે?

## આઇસીઆઇસીઆઇમાં હવેથી મિનિમમ બેલેન્સ ૫૦,૦૦૦ રૂપિયા

મુંબઈઃ દેશની બીજી સૌથી મોટી ખાનગી બૅન્ક આઇસીઆસીઆઇ બૅન્કે એક મોટો નિર્ણય લીધો છે, જેની અસર હજારો અકાઉન્ટ હોલ્ડર પર થઈ શકે છે. બૅન્કે ખાતામાં મિનિમમ મંથલી એવરેજ બેલેન્સમાં વધારો કર્યો છે.

નવા નિયમો મુજબ મેટ્રો અને અર્બન વિસ્તારોની બ્રાંચના ખાતાઓમાં ૫૦,૦૦૦ રૂપિયા મિનિમમ મંથલી એવરેજ બેલેન્સ રાખવું ફરજિયાત કરવામાં આવ્યું છે, તેનાથી ઓછું બેલેન્સ હશે તો પેનલ્ટી વસુલવામાં આવશે. અગાઉ ઓછામાં ઓછી ૧૦,૦૦૦ રૂપિયા બેલેન્સ રાખવું ફરજિયાત હતું, હવે તેમાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે નવા નિયમો પહેલી ઑગસ્ટ ૨૦૨૫ કે તેના બાદથી ખોલવામાં આવેલા ખાતાઓ પર જ લાગુ પડશે. જૂના ખાતા ધારકો માટે મિનિમમ ઍવરેજ બૅલેન્સની અગાઉની મર્યાદા જ અમલી રહેશે. ■

## દિલ્હીમાં વરસાદે રક્ષાબંધનને બગાડીઃ ઠેર ઠેર પાણી ભરાયાં

### દીવાલ પડતાં સાત જણનાં જીવ ગયા

નવી દિલ્હી : શુક્રવારથી પડી રહેલા ભારે વરસાદે ભારતની રાજધાનીને ધમરોળી નાખી હતી . રક્ષાબંધનના ઉત્સવની સવારે જ રાષ્ટ્રીય રાજધાનીના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં. રવિવારે દિવસ દરમિયાન વધુ ઝાપટાં પડ્યાં હતાં. ભારતીય હવામાન ખાતાએ શનિવારે સવારે ઉત્તર, મધ્ય, દક્ષિણ અને અગ્નિ દિલ્હીમાં વીજળીના કડાકા અને ગાજવીજ સાથે ભારે વરસાદ પડવાની આગાહી કરી હતી. જોકે હવામાન ખાતાએ આ એલર્ટને પછી ચલો એટલે કે લોકોની જાણકારી માટેની કરીને હળવી બનાવી હતી. અગ્નિ દિલ્હીના જતીપુરના હરિનગરમાં એક દીવાલ પડવાની દુઃખદ ઘટનાને લીધે ત્રણ

(જુઓ પાનું ૨) ▸▸



**ભારે વરસાદઃ** નવી દિલ્હીમાં શનિવારે ભારે વરસાદને લીધે રસ્તા પર ભરાયેલાં પાણીમાંથી પસાર થતાં વાહનો. (પીટીઆઇ)

## ગુજરાતના રાજ્યપાલ બનશે ઉપરાષ્ટ્રપતિ?

### આચાર્ય દેવવ્રત આ હોદ્દા માટે પ્રબળ દાવેદારઃ અમિત શાહે તેમની સાથે પ્રલંબ ચર્ચા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ દેશના આગામી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ૯ સપ્ટેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા ગુરુવારે શરૂ થઈ ચૂકી છે ત્યારે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આ રેસમાં સૌથી આગળ હોવાનું કહેવાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગયા અઠવાડિયે ગાંધીનગરમાં ગુજરાતના રાજભવન ખાતે આચાર્ય દેવવ્રતને મળ્યા હતા. શાહે આચાર્ય દેવવ્રત સાથે આ અંગે લંબાણપૂર્વક ચર્ચા કરી હોવાનું અને આચાર્ય દેવવ્રતે સંમતિ આપી હોવાનું કહેવાય છે.

જગદીપ ધનખડના અચાનક રાજીનામાથી ખાલી પડેલા ઉપરાષ્ટ્રપતિ પદ માટે ભાજપના નેતૃત્વ હેઠળના નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ દ્વારા હજુ સુધી પોતાના ઉમેદવાર જાહેર કર્યા નથી. તાજેતરમાં મળેલી

(જુઓ પાનું ૨) ▸▸

## યુક્રેન પોતાની તસુ જમીન પણ કોઇને નહીં- આપેઃ ઝેલેન્સ્કી

### 'કીવના સમાવેશ વિનાની પુતિન-ટ્રમ્પ મંત્રણા અસ્વીકાર્ય'

કીવઃ યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ યુક્રેનની તસુ જમીન પણ કોઇને આપવાનો ઇનકાર કર્યો હતો તેમ જ યુક્રેનના સમાવેશ વિના એટલે કે કિવને પક્ષકાર બનાવ્યા વગરના અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચેના સંભવિત શાંતિ-કરારને સ્વીકારવાની પણ ના પાડી દીધી હતી. ટ્રમ્પ અને પુતિન ૧૫ ઑગસ્ટ, શુક્રવારે અલાસ્કા ખાતે મળવાના છે.

અગાઉ, ટ્રમ્પે રશિયાના નેતા પુતિન જો ઝેલેન્સ્કીને નહિ મળે,

(જુઓ પાનું ૨) ▸▸

### યુક્રેન યુદ્ધ અંત ભણી?: ૧૫મી ઑગસ્ટે ટ્રમ્પ અને પુતિન અલાસ્કામાં મળશે

વોશિંગ્ટન : આગામી દિવસોમાં વૈશ્વિક રાજકારણમાં મોટા ફેરફાર જોવા મળી શકે છે, દુનિયાની બે મહાસત્તા અમેરિકા અને રશિયાના રાષ્ટ્રપતિઓ વચ્ચે મહત્વપૂર્ણ બેઠક થવા જઈ રહી છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે પુષ્ટિ કરી હતી કે તેઓ આવતા અઠવાડિયે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે અલાસ્કામાં

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત પરની ટૅરિફ ટ્રમ્પ પર જ બૂમરૅન્ગ થશેઃ અમેરિકાના ભૂતપૂર્વ સુરક્ષા સલાહકાર

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર લાદેલી ટૅરિફ અમેરિકા માટે માઠાં પરિણામ લાવશે અને આને લીધે નવી દિલ્હીને રશિયા અને ચીનથી દૂર કરવાના દાયકાઓના પ્રયાસોને ફટકો પડશે, એમ અમેરિકાના ભૂતપૂર્વ સુરક્ષા સલાહકાર જોન બોલ્ટોને કહ્યું હતું.

જોને કહ્યું હતું કે આ હિલચાલ ઊંધે માથે પડી છે અને અમેરિકાના ચાવીરૂપ લક્ષ્યને નબળો પાડે છે. બોલ્ટોને કહ્યું હતું કે રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ભારત પર જંગી ટૅરિફ લાદવામાં આવ્યા છે. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે ટ્રમ્પ ભારતને બદલે ચીનની તરફેણ કરીને સંભવતઃ 'પ્રચંડ ભૂલ' કરી રહ્યા છે.

ટ્રમ્પે એપ્રિલમાં ચીન સાથે ટૂંકા ગાળાનું ટૅરિફવૉર છેડ્યું હતું. જોકે પછી તેમણે કૂણા પડીને ડીલ કરીને તંગદિલી ઘટાડી હતી. બીજી

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં બાળકોના ગ્રીન કાર્ડ માટેના નિયમોમાં ફરી ફેરફાર

વોશિંગ્ટન : ડોનલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા બાદથી અમેરિકાની ઈમિગ્રેશન પોલિસીમાં મોટા ફેરફાર કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં યુનાઇટેડ સ્ટેટ્સ સિટીઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીઝે ગ્રીન કાર્ડ મેળવવા માટેના કેટલાક નિયમોમાં ફેરફાર કર્યો છે, જેની અસર માતાપિતાની વિનંતી પર ગ્રીન કાર્ડ મેળવવા માટે અરજી કરતા બાળકો પર થશે.

અહેવાલ મુજબ સિટીઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીઝે ગ્રીન કાર્ડ માટે અરજી કરતા બિન-નાગરિક બાળકોની ઉંમર ગણતરી માટે એક નવો નિયમ જાહેર કર્યો છે. નવા

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતનું વિક્રમી સંરક્ષણ ઉત્પાદન દોઢ લાખ કરોડને પાર

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે જણાવ્યું હતું કે, ૨૦૨૪-૨૫માં ભારતનું વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન ૧,૫૦,૫૯૦ કરોડ રૂપિયા એ પહોંચ્યું છે જે દેશનું સૌથી વધુ ઉત્પાદન છે.

સિંહે જણાવ્યું હતું કે આ પાછલા નાણાકીય વર્ષના કુલ ૧.૨૭ લાખ કરોડ રૂપિયાના ઉત્પાદન કરતાં લગભગ ૧૮ ટકાનો વધારો દર્શાવે છે. વડા પ્રધાન નરેન્દ્ર

(જુઓ પાનું ૨) ▸▸

## તહેવારોમાં રેલવેમાં રિટર્ન ટિકિટ પણ બુક કરાવી તો ૨૦ ટકા ડિસ્કાઉન્ટ

નવી દિલ્હીઃ તહેવારોની સિઝન શરૂ થઇ ગઇ છે, એ પહેલા ભારતીય રેલવેએ મુસાફરોને ખુશખબરી આપી છે, રાઉન્ડ ટ્રિપ બૂક કરવવા પર રેલવેએ મોટા ડિસ્કાઉન્ટની જાહેરાત કરી છે. રેલવેની આ યોજનાને કારણે દિવાળીના તહેવારોમાં વતન જતા મુસાફરોને મોટો ફાયદો થશે. મુસાફરોને કન્ફર્મ ટિકિટ પણ મળશે અને આર્થિક ફાયદો પણ થશે.

રેલવેએ કરેલી જાહેરાત મુજબ જો કોઈ મુસાફર રાઉન્ડ ટ્રિપ એટલે કે જવા અને આવવાની ટિકિટ એક સાથે બુક કરાવે છે, તો તેને રિટર્ન ટિકિટ પર ૨૦ ટકા

(જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૦-૮-૨૦૨૫ થી તા. ૧૬-૮-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કન્યા રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ સપ્તાહના પ્રારંભે કર્ક રાશિમાં તા. ૧૧મીએ માર્ગી થાય છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર કુંભમાંથી તા. ૧૨મીએ મીનમાં, તા. ૧૪મીએ મેષમાં, તા. ૧૬મીએ વૃષભ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં વાયદાના વેપારમાં કામકાજ સફળ જણાશે. નોકરી માટે તા. ૧૧, ૧૫, ૧૬ શુભ જણાય છે. સપ્તાહમાં નાણાં વ્યવહાર સફળ બની રહેશે. અધિકારીના સહયોગ દ્વારા સરકારી કામકાજ સરળતાથી સંપન્ન થઈ શકશે. પ્રવાસ દ્વારા પરિવારના જવાબદારીના કામ પૂર્ણ કરવા માટે મહિલાઓ સફળતા અનુભવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થાય.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ થઈ શકે તેમ છે. તા. ૧૧, ૧૩, ૧૪ નોકરીની પ્રવૃત્તિઓ માટે શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ અનુભવશો. નાણાં વ્યવહાર સફળતાથી પૂર્ણ થશે. નાણાંનું આયોજન સરળતાથી પૂર્ણ થાય. સપ્તાહમાં મુસાફરી સફળ જણાશે. મહિલાઓને કુટુંબીજનોમાં યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસમાં અનુકૂળતા જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. ટ્રેડિંગથી લાભ થશે. નોકરીમાં પ્રગતિ જળવાશે. નોકરીની પ્રવૃત્તિઓમાં સફળતા અનુભવશો. કાર્યક્ષેત્રે વૈચારિક મતભેદોનો ઉકેલ આવશે. પ્રવાસની અપેક્ષાનુસાર સફળતા મેળવશો. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના પ્રસંગોમાં સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ધાર્યા મુજબના અભ્યાસમાં સફળતા જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં પરિવર્તનો છતાંય ઉત્સાહ અને સફળતા અનુભવશો. નોકરીના કામકાજમાં અનુકૂળતા જણાશે. તા. ૧૨, ૧૩, ૧૫ અપેક્ષા મુજબ સફળતા દર્શાવે છે. સાહસિકતાથી નિર્ણયોનો અમલ કરી શકશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓ કુટુંબ માટે ધાર્યા મુજબના નિર્ણયો લઈ શકશે. પ્રવાસ દ્વારા પરિવારના જવાબદારીના કામકાજ પણ પૂર્ણ કરી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અપેક્ષા મુજબ અભ્યાસની સફળતા પ્રાપ્ત થતી જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ થતાં જણાશે. નોકરીના મિત્રોમાં યશ મેળવશો. વેપાર વધશે. નાણાં આવક વધશે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. પ્રવાસ અનુકૂળ બની રહેશે. મહિલાઓને પરિવારજનોથી સુખદ અનુભવ થાય, વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વડીલો તરફથી સુખદ અનુભવ થશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય જણાય છે. નોકરીમાં તા. ૧૮, ૨૦, ૨૧ શુભ પુરવાર થશે. નોકરીના મિત્રોમાં ગેરસમજણ દૂર થશે. વેપારના કામકાજમાં સફળતા જણાશે. નાણાં આવકના નવા સાધનો મેળવશો તથા મિત્રો કાર્યક્ષેત્રે ઉપયોગી પણ થશે. મહિલાઓને નોકરીના ક્ષેત્રે સફળતા અનુભવશે. નોકરીના કામકાજ માટે અધિકારીનો સહયોગ મેળવશો. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓ સફળતા અનુભવશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર અનુકૂળ પુરવાર થશે. નોકરીમાં તા. ૧૨, ૧૩, ૧૫ શુભ પુરવાર થશે. નોકરીની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે આ સપ્તાહ શુભ પુરવાર થશે. નવા કારોબારનો પ્રારંભ થાય. નવીન કાર્યપદ્ધતિ, પરિવર્તનો અપનાવી શકશો. ગૃહિણીઓને સંતાનની જવાબદારીમાં યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયન માટે સફળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરી માટે પ્રવાસ શક્ય જણાય છે. નોકરીમાં તા. ૧૩, ૧૫, ૧૬ શુભ જણાય છે. ધાર્યા મુજબનો અધિકારી સાથેનો વ્યવહાર સફળ બનતો જણાશે. સંતાનના જવાબદારીના કામકાજમાં મહિલાઓને સફળતા જણાશે. પરિવાર માટે જરૂરી નિર્ણયો લઈ શકશો. વિદ્યાર્થીઓ વાંચન અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બનતો જણાશે. પ્રવાસ માટે ૧૦, ૧૧ શુભ જણાય છે. નોકરીમાં નવી જવાબદારીઓ, નવીન કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. વેપારના કામકાજમાં આર્થિક લાભ મેળવી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારજનોનો સહયોગ પ્રાપ્ત થાય. નિજી કારોબારમાં ધાર્યા મુજબની સફળતા મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ શક્ય છે. દૈનિક સાપ્તાહિક વેપાર સંપન્ન થઈ શકશે. નોકરી માટે તા. ૧૨, ૧૩, ૧૪ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ પ્રાપ્ત થાય. નવા કારોબારના પ્રારંભમાં સફળતા મેળવશો. ભાગીદાર ઉપયોગી થશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા વિષયના અભ્યાસની તક પ્રાપ્ત થતી જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય છે. દૈનિક સાપ્તાહિક વેપાર પણ અનુકૂળ બનતો જણાશે. નોકરીમાં પરિવર્તનો શકય જણાય છે. તા. ૧૪, ૧૫, ૧૬ના કામકાજ સફળ બની રહેશે. ભાગીદાર કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. ભાગીદાર સાથેના આર્થિક વ્યવહાર પણ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના નિર્ણયો સફળ બનતા જણાશે. જરૂરી અભ્યાસની સાધન સામગ્રી પણ મેળવશો.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર શુભ પુરવાર થશે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૧૩, ૧૪, ૧૫ના ધાર્યા મુજબના નોકરીના કામકાજ યશસ્વી પુરવાર થશે. કાર્યક્ષેત્રે નાણાં આવક જળવાઈ, પરંતુ અધિક નાણાં ખર્ચ ગોચરફળ દર્શાવે છે. મહિલાઓના પરિવાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. પ્રવાસ દ્વારા મહિલાઓને પરિવારની જવાબદારી પૂર્ણ કરવા માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસના સાધનો મેળવી શકશે.

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ પ્રારંભ

### રવિવાર, તા. ૧૦-૮-૨૦૨૫, આદિત્ય પૂજન, ગાયત્રી પુનઃશ્ચરણ પ્રારંભ

ભારતીય દિનાંક ૧૯, માહે શ્રાવણ, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૧

જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૧

પારસી શહેનશાહી ગાથા ૧ અહુનવદ, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭

મીસરી રોજ ૧૬મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭

નક્ષત્ર ઘનિષ્ઠા બપોરે ક. ૧૩-૫૨ સુધી, પછી શતભિષા

ચંદ્ર કુંભમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૫, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતીઃ બપોરે ક. ૧૨-૪૯, મધ્યરાત્રિ પછી ક. ૦૦-૫૦ (તા. ૧૧)

ઓટઃ સાંજે ક. ૧૮-૫૯,

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - પ્રતિપદા. ઈષ્ટિ, આદિત્ય પૂજન, ગાયત્રી પુનઃશ્ચરણ પ્રારંભ, હિંડોળા સમાપ્ત, પંચક. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા. વાહન ગદર્ભ.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી જાપ, અનુષ્ઠાન પ્રારંભ, હિંડોળા પર્વ સમાપ્તિ, મંગળ ગ્રહદેવતાનું પૂજન, વસુદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા, કળશ-પતાકા ચઢાવવી, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશગમનનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ, નવા વસ્રો, આભૂષણ, નોકરી, વાહન, સવારી, દુકાન-વેપાર, રત્નધારણ, વિદ્યારંભ, ધાન્ય ભરવું. ધાન્ય વેંચવું, બી વાવવું, ખેતીવાડી, હજામત, વૃક્ષ રોપવા, નિત્ય થતાં પશુ લેવડદેવડના કામકાજ.

આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ

ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૦-૮-૨૦૨૫ થી તા. ૧૬-૮-૨૦૨૫

રવિવાર, શ્રાવણ વદ-૧, વિ. સં. ૨૦૮૧, તા. ૧૦મી ઓગસ્ટ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર ઘનિષ્ઠા બપોરે ક. ૧૩-૫૨ સુધી, પછી શતભિષા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, આદિત્ય પૂજન, ગાયત્રી પુનઃશ્ચરણ પ્રારંભ, હિંડોળા સમાપ્ત, પંચક. શુભ દિવસ.

સોમવાર, શ્રાવણ વદ-૨, તા. ૧૧મી, નક્ષત્ર શતભિષા બપોરે ક. ૧૨-૫૯ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. શિવપૂજન, શિવમુષ્ટિ મગ, પંચક, બુધ માર્ગી બપોરે ક. ૧૩-૦૧. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧-૩૮. સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, શુભ દિવસ.

મંગળવાર, શ્રાવણ વદ-૩, તા. ૧૨મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૧૧-૫૧ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા. ચંદ્ર કુંભમાં સવારે ક. ૦૬-૦૯ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. મંગલાગૌરી પૂજન, સંકષ્ટ ચતુર્થી - અંગારકી, ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૧૭. બોળચોથ, બહુલા ચતુર્થી (મધ્ય પ્રદેશ), પારસી ગાથા ૩ ગહામ્બર, પંચક ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૪૦. સામાન્ય દિવસ.

બુધવાર, શ્રાવણ વદ-૪, તા. ૧૩મી નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા સવારે ક. ૧૦-૩૨ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. બુધ પૂજન, પંચમી ક્ષય તિથિ છે. નાગપંચમી, રક્ષાપંચમી (ઓરિસ્સા), પારસી ગાથા ૪ વોહુક્ષથ્ર, પંચક. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, શ્રાવણ વદ-૬, તા. ૧૪મી. નક્ષત્ર રેવતી સવારે ક. ૦૯-૦૫ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં સવારે ક. ૦૯-૦૫ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. બૃહસ્પતિ પૂજન, રાંધણ છઠ્ઠ, ચેહલમ (મુસ્લિમ), પારસી ગાથા ૫ વહિશ્તોઈશ્ત, પતેતી (પારસી), પંચક સમાપ્તિ સવારે ક. ૦૯-૦૫, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૭. સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, શુભ દિવસ.

શુક્રવાર, શ્રાવણ વદ-૭, તા. ૧૫મી ઓગસ્ટ, નક્ષત્ર અશ્વિની સવારે ક. ૦૭-૩૫ સુધી, પછી ભરણી મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૫ સુધી પછી કૃત્તિકા. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. જીવંતિકા પૂજન, શીતલા સપ્તમી, શ્રી કૃષ્ણ જયંતી ઉપવાસ, નિશિથકાલ બપોરે ક. ૧૪-૨૧ થી ૨૫-૦૬. ભારતીય સ્વાતંત્ર્ય દિન, પારસી ૧લો ફરવરદીન પ્રારંભ, પારસી સન ૧૩૯૫, પારસી નૂતન વર્ષારંભ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૨-૫૭. શુભ દિવસ.

શનિવાર, શ્રાવણ વદ-૮ , તા. ૧૬મી, નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૮ (તા. ૧૭મી) સુધી, રોહિણી. ચંદ્ર મેષમાં સવારે ક. ૧૧-૪૩ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. અશ્વત્થ મારુતિ પૂજન, કાલાષ્ટમી, ગોપાલકાલા, મન્વાદિ, સૂર્ય અને મઘા અને સિંહમાં બપોરે ક. ૨૫-૫૧, મું. ૩૦. સામ્યાર્ઘ. વાહન દેડકો સ્ત્રી-પુ. ચં. ચં. શનિ રોહિણી અમૃતસિદ્ધિયોગ (પ્રયાણે વર્જ્ય) મધ્યરાત્રિ પછી ૨૮-૩૯થી સૂર્યોદય. સામાન્ય દિવસ.

# કાશ્મીરમાં બે જવાન શહીદ, બે ઘાયલ

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરના કુલગામ જિલ્લામાં આતંકવાદીઓ સાથે રાતોરાત થયેલા ગોળીબારમાં બે જવાન શહીદ થયા હતા અને બે ઘાયલ થયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ખીણમાં શનિવારે નવમા દિવસે પણ ચાલુ રહેલી સૌથી લાંબી આતંકવાદ વિરોધી કાર્યવાહીમાંની આ એક છે. સેનાના શ્રીનગરસ્થિત ચિનાર કોર્પ્સે એક્સ પર એક પોસ્ટમાં એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી હતી અને કહ્યું કે ઓપરેશન હજુ પણ ચાલુ છે. દક્ષિણ કાશ્મીર જિલ્લાના અખાલ ખાતેના જંગલમાં આતંકવાદીઓની હાજરી અંગે ચોક્કસ ગુપ્ત માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ કોર્ડન અને સર્ચ ઓપરેશન શરૂ કર્યા પછી પહેલી ઑગસ્ટના રોજ શરૂ થયેલી અથડામણમાં બે આતંકવાદી માર્યા ગયા છે. માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ અને જૂથ જોડાણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. શનિવારે એક્સ પર એક પોસ્ટમાં, ચિનાર કોર્પ્સે જણાવ્યું હતું કે, ચિનાર કોર્પ્સ રાષ્ટ્ર માટે ફરજ બજાવતા બ્રેવહાર્ટ્સ, લેફ્ટનન્ટ નાર્ક પ્રિતપાલ સિંહ અને સિપાઈ હરમિંદર સિંહના સર્વોચ્ચ બલિદાનનું સન્માન કરે છે. તેમની હિંમત અને સમર્પણ હંમેશા આપણને પ્રેરણા આપશે. સેનાએ કહ્યું કે તે શોકગ્રસ્ત પરિવારો સાથે એકતામાં ઉભી છે. ઓપરેશન ચાલુ છે . અધિકારીઓએ જણાવ્યું હતું કે રાતોરાત થયેલા ગોળીબારમાં બે અન્ય સૈનિક ઘાયલ થયા છે, જેનાથી ઘાયલ સુરક્ષા દળોના કર્મચારીઓની સંખ્યા નવ થઈ ગઈ છે. ■

# ડોભાલ રશિયાના નાયબ વડા પ્રધાનને મળ્યા

મોસ્કોઃ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે રશિયાના પ્રથમ નાયબ વડા પ્રધાન ડેનિસ મન્તુરોવ (જેઓ સંરક્ષણ ઉદ્યોગ અને વેપારના પણ હવાલો સંભાળે છે)ની સાથે મુલાકાત કરી, અને દ્વિપક્ષી લશ્કરી-ટેક્નોલોજી સંબંધી સંબંધો અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સંયુક્ત પ્રોજેક્ટ્સના અમલીકરણ પર ચર્ચા કરી હતી. ડોભાલ દ્વિપક્ષી ઊર્જા અને સંરક્ષણ સંબંધો પર મહત્ત્વપૂર્ણ વાટાઘાટો કરવા અને આ વર્ષના અંતમાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત માટે તખ્તો તૈયાર કરવા માટે રશિયામાં હતા. મન્તુરોવ વિદેશ પ્રધાન એસ. જયશંકર સાથે ભારત-રશિયા સંયુક્ત આંતર-સરકારી વેપાર, આર્થિક અને સાંસ્કૃતિક સહકાર કમિશનના સહ-અધ્યક્ષ છે. તેઓ શુક્રવારે ડોભાલને મળ્યા હતા.

રશિયન સરકારી પ્રેસ સર્વિસે એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે બંને પક્ષોએ રશિયા અને ભારત વચ્ચે લશ્કરી-ટેક્નોલોજીકલ સહયોગ અને નાગરિક વિમાન, ધાતુશાસ્ત્ર અને રાસાયણિક ઉદ્યોગ સહિત અન્ય વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સંયુક્ત પ્રોજેક્ટ્સના અમલના સ્થાનિક મુદ્દાઓ પર ચર્ચા કરી. ભારતમાં રશિયાના દૂતાવાસના જણાવ્યા અનુસાર, આ વાટાઘાટોમાં રશિયાભારત લશ્કરી-ટેક્નોલોજિકલ સહયોગના વિષયના મુદ્દાઓ, તેમજ નાગરિક વિમાન ઉત્પાદન, ધાતુશાસ્ત્ર અને રાસાયણિક ઉદ્યોગ સહિત અન્ય વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સંયુક્ત પ્રોજેક્ટ્સના અમલનો સમાવેશ થયો હતો. ■

# જગદીપ ધનખડ કયાં ગુમ થઇ ગયા?: સિબ્બલને ચિંતા

નવી દિલ્હીઃ સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયાના એક દિવસ બાદ રાજ્યસભાના સભાપતિ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે અચાનક રાજીનામાની જાહેરાત કરી હતી. વિપક્ષે તેમના રાજીનામાને લઈને અનેક અટકળો વહેતી કરી હતી. જોકે, તેમણે સ્વાસ્થ્યના કારણોસર રાજીનામું આપ્યું હતું. પરંતુ જગદીપ ધનખડના રાજીનામાના બે અઠવાડિયા બાદ રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે કેટલાક સવાલો ઊઠાવ્યા છે.

વરિષ્ઠ વકીલ અને રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે તાજેતરમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું કે, પૂર્વ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, શું અમને જાણવા મળશે, તેઓ ક્યાં છે? તેઓ સલામત છે? તે કેમ સંપર્કવિહીન છે? અમિત શાહજીને જાણ હોવી જોઈએ! તેઓ આપણા ઉપરાષ્ટ્રપતિ હતા; દેશે ચિંતા કરવી જોઈએ! સોશ્યલ મીડિયા પોસ્ટ ઉપરાંત કપિલ સિબ્બલે મીડિયાને જણાવ્યું કે, મેં તેમના પીએને ફોન કર્યો તો તેણે જણાવ્યું કે, તેઓ આરામ કરી રહ્યા છે. ત્યારબાદ કોઈ વાતચીત થઈ નહીં. તેમના લોકેશનની પણ માહિતી નથી. કોઈ સત્તાવાર માહિતી પણ મળી નથી.

તેમણે આગળ જણાવ્યું હતું કે, હવે આપણે શું કરવું જોઈએ. શું આપણે હેબિયસ કોર્પસની અરજી દાખલ કરવી પડશે? ધનખડ મારા નજીકના મિત્ર છે, અમે ઘણા કેસ સાથે લડ્યા છીએ. જો અમને એફઆઈઆર દાખલ કરવો પડે, તો તે સારું લાગશે નહીં. ■

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતના રાજ્યપાલ

એનડીએના સાંસદોની બેઠકમાં એનડીએના પક્ષોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જેપી નડ્ડાને ઉમેદવાર પસંદ કરવાની સત્તા આપી છે. મોદીએ આ બેઠક મળી તેના બહુ પહેલાં જ આચાર્ય દેવવ્રતનું નામ નક્કી કરી નાખ્યું હોવાની પણ ચર્ચા છે.

દેવવ્રત નરેન્દ્ર મોદીની નજીક મનાય છે તેથી છેલ્લાં ૬ વર્ષથી મોદીના ગૃહ રાજ્ય ગુજરાતમાં રાજ્યપાલપદે છે. હાલમાં ગુજરાતના રાજ્યપાલ તરીકે સેવા આપી રહેલા આચાર્ય દેવવ્રત ૨૦૧૯માં ગુજરાતના રાજ્યપાલ બન્યા એ પહેલાં હિમાચલ પ્રદેશમાં રાજ્યપાલ પદ સંભાળી ચૂક્યા છે. આર્ય સમાજ સાથે સંકળાયેલા દેવવ્રત અગાઉ હરિયાણાના કુરુક્ષેત્રમાં 'ગુરુકુલ' (પરંપરાગત શાળા)ના આચાર્ય તરીકે સેવા આપી ચૂક્યા છે. આચાર્ય દેવવ્રત ગૌસેવા અને કુદરતી ખેતીના પ્રબળ સમર્થક હોવાથી હિંદુવાદીઓમાં પણ પ્રિય છે. હિન્દીમાં અનુસ્નાતક આચાર્ય દેવવ્રત શિક્ષણ અને વહીવટમાં ૩૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે અને અત્યંત સ્વચ્છ પ્રતિભા ધરાવે છે તેથી તેમની પસંદગી સામે કોઈ વાંધો ઉઠાવી શકે તેમ નથી.

હાલમાં રાજ્યસભાના નાયબ ચેરપર્સન હરિવંશ સિંહ, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી. કે. સક્સેના, જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાનાં નામ પણ ચર્ચામાં છે. આ પૈકી મનોજ સિંહા આચાર્ય દેવવ્રતને ટક્કર આપી શકે તેમ છે. રાજ્ય કક્ષાના રેલવેના મંત્રી રહી ચૂકેલા સિંહા ઉત્તર પ્રદેશના ભાજપના દિગ્ગજ નેતા હતા., સિંહાએ જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછીની સ્થિતિમાં સ્થિરતામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. સિંહા ૧૯૯૯માં પહેલી વાર લોકસભામાં ચૂંટાયા હતા. વિદ્યાર્થીકાળ દરમિયાન તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીના વિદ્યાર્થી સંઘના પ્રમુખ હતા.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ચૂંટણી પંચે ગુરૂવારે જાહેરનામું બહાર પાડ્યું હતું. ૨૧ જુલાઈના રોજ જગદીપ ધનખડના અચાનક રાજીનામા બાદ ઉપરાષ્ટ્રપતિ પદ ખાલી થયું હતું. રાષ્ટ્રપતિને લખેલા રાજીનામા પત્રમાં ધનખડે તેમના નિર્ણય માટે સ્વાસ્થ્યનાં કારણોનો ઉલ્લેખ કર્યો હતો. તેમનો કાર્યકાળ ઓગસ્ટ ૨૦૨૭માં પૂરો થવાનો હતો પણ બે વર્ષ પહેલાં જ ધનખડે રાજીનામું ધરી દીધું હતું. જાહેરનામા પ્રમાણે, ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૨૧ ઓગસ્ટ છે અને દસ્તાવેજોની ચકાસણી ૨૨ ઓગસ્ટે કરવામાં આવશે. ■

### યુક્રેન પોતાની

તો પણ પુતિનની સાથે બેઠક યોજવાની જાહેરાત કરી હતી.

બીજા વિશ્વયુદ્ધ પછી આ ખંડમાંનું સૌથી લાંબું યુદ્ધ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહ્યું છે.

ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે યુક્રેનની અખંડતાની સાથે કોઇ બાંધછોડ નહિ કરાય. કોઇ પણ શાંતિ મંત્રણામાં કિવનો સમાવેશ જરૂરી છે.

તેમણે જણાવ્યું હતું કે યુક્રેન દ્વારા રશિયાને તેના 'કૃત્ય' બદલ કોઇ 'પુરસ્કાર' નહિ આપે. યુક્રેનના લોકો પોતાની એક ઇંચ ભૂમિ પણ જતી નહિ કરે.

યુક્રેનના પ્રમુખે જણાવ્યું હતું કે પુતિન અને ટ્રમ્પ દ્વારા કિવ અને યુરોપના હિતની અવગણના કરીને સીધી મંત્રણા યોજવામાં આવી રહી છે. આ બેઠકમાં લેવાનારા કોઇ પણ નિર્ણયને યુક્રેન નહિ સ્વીકારે.

ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે હું ઝેલેન્સ્કીની સાથે કોઇ પણ મંત્રણા કરતા પહેલા પુતિનને મળીને આ યુદ્ધનો અંત લાવવા વાટાઘાટ કરીશ.ટ્રમ્પે અગાઉ રશિયાને યુક્રેન પર હુમલા કરવાનું બંધ કરવા શુક્રવારની મહેતલ આપી હતી અને જો તેમ નહિ કરાય, તો મોસ્કો પર પ્રતિબંધ લાવવાની ચીમકી આપી હતી. આ મહેતલના અંતિમ દિવસે જ પુતિન - ટ્રમ્પ વચ્ચે દ્વિપક્ષી મંત્રણા યોજાવાની છે.દરમિયાન, યુક્રેનના હવાઇદળે દાવો કર્યો હતો કે રશિયાએ ૪૭ ડ્રોનની મદદથી કરેલા હુમલામાંના ૧૬ ડ્રોનને આકાશમાં જ તોડી પાડવામાં સફળતા મળી હતી. (એજન્સી) ■

### મહારાષ્ટ્રમાં ૧૬૦

ઑફર પ્રત્યે સરખું ધ્યાન આપવાની જરૂર હતી, પરંતુ અમે તે પ્રત્યે ધ્યાન નહોતું આપ્યું. આ બે જણ મને દિલ્હીમાં મળ્યા હતા. મહારાષ્ટ્રમાં ૧૬૦ બેઠક જિતાડી આપવાની બાંયધરીની વાત સાંભળીને મને આશ્ચર્ય થયું હતું. મેં આ લોકોની ઑફરને ગંભીરતાથી નહોતી લીધી. રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ના વડાએ જણાવ્યું હતું કે મેં આ બે જણની બેઠક રાહુલ ગાંધીની સાથે ગોઠવી આપી હતી, પરંતુ મેં અને કૉંગ્રેસના નેતાએ તેઓની ઑફર પ્રત્યે સરખું ધ્યાન નહોતું આપ્યું. મેં અને રાહુલે ચૂંટણી પ્રામાણિકતાથી લડીને જીતવા પ્રયાસ કરવાનું નક્કી કર્યું હતું.વિપક્ષોની યુતિની દિલ્હીમાં તાજેતરમાં મળેલી બેઠકમાં ઉદ્ધવ ઠાકરેને પાછળની હરોળમાં બેસવા અપાયેલી જગ્યા અંગે પુછાયેલા સવાલના જવાબમાં પવારે જણાવ્યું હતું કે મૂવી જોવા જનારા ઘણાં લોકો આગળની હરોળમાં બેસવાનું ટાળે છે.ચૂંટણી પંચે રાહુલ ગાંધીને 'વૉટ-ચોરી'ના આક્ષેપના સંબંધમાં સોગંદનામું નોંધાવવા કરેલા સૂચનની સામે પવારે સવાલ ઉઠાવ્યો હતો.તેમણે જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ ઘણાં દસ્તાવેજોની સાથે 'વૉટ-ચોરી'નો આક્ષેપ કર્યો હતો. ચૂંટણી પંચે તેના સંબંધમાં વિગતવાર તપાસ કરાવવી જોઇએ. તેને લીધે 'દૂધનું દૂધ અને પાણીનું પાણી' ખબર પડી જશે એટલે કે આ આક્ષેપના સંબંધમાં શંકા દૂર થઇ જશે.અગાઉ, રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટેની મતદારયાદીમાંના એક કરોડ નવા મતદાર અંગે શંકા વ્યક્ત કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે આ નવા એક કરોડ મતદારે ભાજપને મત આપ્યો હતો અને તેને લીધે ભાજપ અને તેની યુતિએ રાજ્ય વિધાનસભાની ચૂંટણી જીતી હતી.મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૩૨ અને તેના સાથી પક્ષો - શિવસેનાએ ૫૭ તેમ જ એનસીપીએ ૪૧ બેઠક જીતી હતી.મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્ય વિધાનસભાની ચૂંટણીના સંબંધમાં રાહુલ ગાંધીના નિવેદનની કરેલી ટીકા અંગે શરદ પવારે જણાવ્યું હતું કે આ પ્રકરણમાં ભાજપ કે મુખ્ય પ્રધાને બોલવાની જરૂર શું છે?શરદ પવારે જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર, કર્ણાટકની મતદારયાદી અંગે શંકા વ્યક્ત કરી હતી. તેનો જવાબ આપવાની જવાબદારી અમિત શાહની છે. તેમણે જણાવ્યું હતું કે વિપક્ષો ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીના સંબંધમાં ટૂંક સમયમાં ચર્ચા કરશે. (એજન્સી) ■

### તહેવારોમાં રેલવેમાં

ડિસ્કાઉન્ટ મળશે. આ યોજના દેશની તમામ ટ્રેનો અને તમામ ક્લાસ માટે લાગુ રહેશે. મુસાફરો આ ડિસ્કાઉન્ટ ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે મેળવી શકે છે.આ સાથે રેલવે એ કેટલીક શરતો પણ મૂકી છે. બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં રેલવે મંત્રાલયે જણાવ્યું હતું કે ''ભીડ ટાળવા, મુશ્કેલી વગર બુકિંગ કન્ફર્મ કરવા તેમજ મુસાફરોને સુવિધા આપવા અને તહેવારોની સીઝન દરમિયાન લાંબી રેન્જની ટ્રેનોમાં ભીડ ઓછી કરવા અને ખાસ ટ્રેનો સહિત ટ્રેનોનો બંને બાજુ ઉપયોગ થાય એ સુનિશ્ચિત કરવા માટે, રાઉન્ડ ટ્રિપ પેકેજ નામની પ્રાયોગિક યોજના હેઠળ ડિસ્કાઉન્ટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.'' ■

### ભારતનું સંરક્ષણ

મોદીના નેતૃત્વમાં, ભારતનું સંરક્ષણ ઉત્પાદન રેકોર્ડ સ્તરે પહોંચ્યું છે. વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષમાં ૧,૫૦,૫૯૦ કરોડ રૂપિયાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું છે.આ આંકડાઓ પાછલા નાણાકીય વર્ષના ૧.૨૭ લાખ કરોડ રૂપિયાના ઉત્પાદન કરતાં ૧૮ ટકાનો મજબૂત વૃદ્ધિદર દર્શાવે છે, અને ૨૦૧૯-૨૦ પછી આ આંકડો ૭૯,૦૭૧ કરોડ રૂપિયા હતો ત્યારથી ૯૦ ટકાનો આશ્ચર્યજનક વધારો દર્શાવે છે, એમ તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું. એમણે સંરક્ષણ ઉત્પાદન વિભાગ અને તમામ હિસ્સેદારો, જેમાં સંરક્ષણ જાહેર ક્ષેત્રના એકમો અને ખાનગી ઉદ્યોગનો સમાવેશ થાય છે ના તેમણે સામૂહિક પ્રયાસોની પ્રશંસા કરી હતી, જેને તેમણે સીમાચિહ્નરૂપ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, આ ઉપરનો માર્ગ ભારતના મજબૂત સંરક્ષણ ઔદ્યોગિક આધારનો સ્પષ્ટ સૂચક છે. ■

### દિલ્હીમાં વરસાદે

પુરુષ, બે મહિલા અને બે બાળક એમ સાત જણનાં મોત થયાં હતાં. પોલીસે આપેલી માહિતી પ્રમાણે સાત વર્ષની બે બાળકી સહિત ૨૭ વર્ષના રવિ બુલ, ૨૫ વર્ષની રૂબિના, આસામના ૨૭ વર્ષના રહેવાસી સૈફીકલ, પશ્ચિમ બંગાળના ૫૦ વર્ષના રહેવાસી મુટુસ અને આસામની રહેવાસી ડોલીના મરણ થયાં હતા. આ દુર્ઘટનામાં ૨૫ વર્ષના હસિબુલને ઈજા થઈ હતી. ભારે વરસાદને લીધે જૂના મંદિરની નજીક્ની દીવાલ તૂટી પડવાથી તેની નજીકના ઝૂંપડામાં રહેતા આઠ લોકો સપડાઈ ગયા હતા. બચાવવમાં આવેલા લોકોને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસે પછી બીજા ઝૂંપડા ખાલી કરાવ્યાં હતાં. આમાંના મોટા ભાગના ભંગારનું કામ કરતા હતા. દિલ્હીમાં શનિવારે સવારના સાડાઆઠ વાગ્યા સુધીના ચોવીસ કલાકમાં દિલ્હીના સફદરગંજના પ્રાથમિક હવામાન કેન્દ્રે ૭૮.૭ મિલીમીટર વરસાદ નોંધ્યો હતો. પ્રગતિ મેદાનમાં ૧૦૦ મિલીમીટર , વોધી રોડમાં ૮૦ મિલીમીટર, પુસામાં ૬૯ મિલીમીટર અને પાલમમાં ૩૧.૮ મિલીમીટર વરસાદ નોંધાયો હતો. દિલ્હી-એનસીઆરમાં વરસાદ પડવાનું શુક્રવારે રાતના અગિયાર વાગ્યાથી ચાલુ થયું હતું. શનિવારે સવારે તાપમાન સામાન્ય કરતાં ૩.૨ ડિગ્રી એટલે કે ૨૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. મહત્તમ ઉષ્ણતામાન ૩૨ ડિગ્રી સેલ્સિયસ રહે એવી આગાહી છે. (એજન્સી) ■

### ટ્રમ્પના ભારત

બાજુ ટ્રમ્પે ભારત પર પચાસ ટકાથી વધારે ટૅરિફ લાદીને ભારતને મોટો માર માર્યો છે. આમાં રશિયાને યુક્રેન સામેના યુદ્ધ માટે ફંડ ભારત તેલ ખરીદીને પૂરું પાડે છે એવા આક્ષેપ સાથેનો સેકન્ડરી ટૅરિફ પણ છે.

બોલ્ટોને એક ચેનલને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે આ એક વક્રોક્તિ છે કે સેકન્ડરી ટૅરિફ ભારતને ચીન અને રશિયાની સમીપ મૂકશે અને આ ત્રણેય અમેરિકા સાથે સંયુક્ત રીતે મંત્રણા કરી શકે. ટ્રમ્પની ચીન સાથે ઉદારતા અને ભારત પર જંગી ટૅરિફ ભારતને ચીન અને રશિયાથી દૂર કરવાના અમેરિકાના દાયકાના પ્રયાસોને ઠેસ પહોંચાડશે. અમેરિકા ચીન સાથે ડીલ કરવાના ઉમંગમાં અમેરિકાના વ્યૂહાત્મક હિતને નુકસાન પહોંચાડશે. ટ્રમ્પના વધારાના ટૅરિફે ભારતને રશિયા પાસેથી તેલ ખરીદતા અટકાવી શક્યા નથી. ભારતે તેની આયાતનો ટૅરિફને ' અયોગ્ય અને ગેરવાજબી' ગણાવીને બચાવ કર્યો છે. મોસ્કોએ દિલ્હીને ટેકો આપ્યો છે અને અમેરિકા પર ગેરકાયદે વેપાર દબાણ લાવવાનો આક્ષેપ કર્યો છે. પુતિન ૧૫ ઑગસ્ટે ટ્રમ્પને મળશે ત્યારે આનો ઉપયોગ બૃહદ રણનીતિ તરીકે કરવાની તક આપશે, એમ બોલ્ટોને કહ્યું હતું. ■

### અમેરિકામાં

નિયમ મુજબ બાળકની ઉંમરની ગણતરી માટે અરજી દાખલ કરવાની તારીખને બદલે ફાઈનલ એક્શન ડેટને ધ્યાનમાં લેવામાં આવશે. મતલબ કે બાળકોને હવે વહેલા પુખ્ત ગણવામાં આવશે. નવો નિયમ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫થી લાગુ થશે. ફેમિલી-સ્પોન્સર્ડ, એમ્પ્લોયમેન્ટ-બેઝ્ડ, અથવા ડાઇવર્સિટી વિઝા માટે તેમના માતાપિતાની મંજૂર અરજીના આધારે અમેરિકામાં કાયદેસર કાયમી નિવાસી દરજ્જો મેળવવા માટે અપરિણીત વિદેશી બાળકની ઉંમર ૨૧ વર્ષથી ઓછી હોવી જોઈએ. જો તે ઇમિગ્રેશન પ્રક્રિયા દરમિયાન ૨૧ વર્ષનો થઇ જાય તો તેને પુખ્ત માનવામાં આવશે, તો તે સામાન્ય રીતે તેમના માતાપિતાની અરજીના આધારે ગ્રીન કરત મેળવવા લાયક રહેશે નહીં. ૧૫ ઓગસ્ટથી યુએસસીઆઇએસ વિઝા બુલેટિનમાં લાસ્ટ એક્શન ડેટના આધારે બાળકની ઉંમર નક્કી કરવામાં આવશે. અગાઉ, બાળકની ઉંમર અરજીની તારીખથી નક્કી કરવામાં આવતી હતી. હવે વધુ ઉમેદવારો તેમની અરજીઓ પર પ્રક્રિયા થાય તે પહેલાં ગેરલાયક ઠરશે. જેઓ લાંબા સમયથી ગ્રીન કાર્ડ માટે અરજી કરી રહ્યા છે. નવા નિયમ મુજબ અરજદારો પુખ્ત વયના થશે અને ગેરલાયક ઠરશે, તો તેને એક અલગ અરજી પર દાખલ કરવી પડશે. જેથી અરજી પર ફરીથી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેને કારણે ગ્રીન કાર્ડ મળવાનો સમય વધી શકે છે. દર વર્ષે ભારત મૂળના ઘણા લોકો ગ્રીન કાર્ડ માટે અરજી કરે છે, જેથી નવા નિયમોને કારને ગ્રીન કાર્ડ મેળવવા લાંબી રાહ જોવી પડશે. જો કે આ નિયમ ૧૫ ઓગસ્ટથી લાગુ થતો હોવાથી, એ પહેલા અરજી કરીને રાહત મેળવી શકાય છે. ■

### યુક્રેન યુદ્ધ અંત

બેઠક કરશે. બંને નેતાઓન મુલાકાત દરમિયાન યુક્રેનમાં યુદ્ધનો અંત લાવવા માટે રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધવિરામ કારારને અંતિમ રૂપ આપવામાં આવી શકે છે, જેમાં પ્રદેશોની અદલાબદલીનો સમાવેશ થઈ શકે છે.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટ કરીને લખ્યું, યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના પ્રમુખ તરીકે મારી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચેની મુલાકાત આગામી શુક્રવાર, ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ગ્રેટ સ્ટેટ ઓફ અલાસ્કામાં યોજાશે. યુક્રેન અને રશિયા બંનેના ભલા માટે કેટલાક પ્રદેશોની અદલાબદલી થશે.

છેલ્લા ઘણા દિવસોથી ચર્ચા હતી કે ટ્રમ્પ અને પુતિન વચ્ચે મુલાકાત થઇ શકે છે, પરંતુ સ્થળ અને તારીખ જાહેર કરવામાં આવ્યા ન હતાં. હવે ટ્રમ્પે પુતિન સાથે મુલાકાત અંગે માહિતી આપી છે. ત્યાર બાદ રશિયાએ પણ આ બેઠક અંગે પુષ્ટિ કરી છે. રશિયાએ અલાસ્કાને ખૂબ જ તાર્કિક ગણાવ્યું હતું.

રશિયન અધિકારીએ ટેલિગ્રામ પર પોસ્ટ કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિઓ યુક્રેનિયન ક્રાઈસીસના લાંબા ગાળાના શાંતિપૂર્ણ સમાધાન માટે વિકલ્પો અંગે ચર્ચા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# આઈટીઆઈમાં હવે મેનેજમેન્ટ કોર્સ ભણાવાશે

## એડમિશન પ્રક્રિયા ૧૫ સપ્ટેમ્બરથી શરૂ થશે

મુંબઈઃ આઈટીઆઈમાં ભણતા વિદ્યાર્થીઓ સક્ષમ ઉદ્યોગસાહસિક બને એ હેતુથી આઈટીઆઈ ઇન્સ્ટિટ્યૂશનમાં શોર્ટ ટર્મ મેનેજમેન્ટ કોર્સ શીખવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાની માહિતી કૌશલ્ય, રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને નવીનતા પ્રધાન મંગલ પ્રભાત લોઢાએ આપી હતી. આઈટીઆઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય વિદ્યાર્થીઓ પણ આ કોર્ષમાં પ્રવેશ લઈ શકશે. મેનેજમેન્ટ કોર્સ માટે પ્રવેશ પ્રક્રિયા ૧૫ સપ્ટેમ્બરથી શરૂ થશે.

આમાં મેનેજમેન્ટ કોર્સ સહિત ૨૦ નવા શોર્ટ ટર્મ કોર્ષ શરૂ કરવામાં આવશે જેમ કે બિઝનેસ એનાલિટિક્સ, માર્કેટિંગ મેનેજમેન્ટ, પ્રોડક્શન મેનેજમેન્ટ, ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ અને બિહેવિયરલ મેનેજમેન્ટ. આ કોર્સ આઈટીઆઈ વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક રહેશે.

આઈટીઆઈ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને વધુ સારી તાલીમ આપવા માટે, મેનેજમેન્ટના પાંચ અભ્યાસક્રમો સહિત ૨૦ નવા શોર્ટ ટર્મ કોર્સ શરૂ કરવામાં આવશે. આમાંથી સોફ્ટ સ્કિલના પાંચ અભ્યાસક્રમો, સર્વિસ સેક્ટરના પાંચ અને ન્યૂ એજના પાંચ નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે. આ બધા કોર્સ ૧૫ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવશે. ન્યૂ એજ અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા ૬ ઓગસ્ટથી શરૂ થઈ ગઈ છે. ન્યૂ એજ અભ્યાસક્રમની મેરિટ યાદી ૧૨ ઓગસ્ટે સાંજે ૫ વાગ્યે જાહેર કરવામાં આવશે. ઉપરાંત, સિલેક્શન યાદી ૧૩ ઓગસ્ટે સાંજે ૫ વાગ્યે જાહેર કરવામાં આવશે. સિલેક્શન યાદીમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓએ ૧૪ થી ૧૯ ઓગસ્ટ દરમિયાન સાંજે ૫ વાગ્યા સુધી કોલેજમાં જઈને પ્રવેશ લેવાનું રહેશે. ■

# સ્કૂલમાં પહેલા ધોરણથી એનસીસી જેવી તાલીમ આપવાની યોજના

મુંબઈઃ મહારાષ્ટ્ર શાળા શિક્ષણ વિભાગ દ્વારા પહેલા ધોરણથી શાળાના વિદ્યાર્થીઓ માટે એનસીસી જેવી (નેશનલ કેડેટ કોર્પ્સ જેવી) તાલીમ શરૂ કરવાનો વિચાર ચાલી રહ્યો છે. મંગળવારે મળેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં શાળા શિક્ષણ પ્રધાન દાદા ભુસેએ એનસીસીના વરિષ્ઠ અધિકારીઓ અને રાજ્યના શિક્ષણ અધિકારીઓ સાથે આ દરખાસ્ત અંગે ચર્ચા કરી હતી. આ બેઠક દરમિયાન ભુસેએ જણાવ્યું હતું કે નાનપણથી જ વિદ્યાર્થીઓમાં શિસ્ત અને દેશભક્તિના ગુણ વિકસે એ આશય સાથે પહેલા ધોરણથી જ વિદ્યાર્થીઓને આ પ્રકારની તાલીમ આપવાનો વિચાર છે. વિદ્યાર્થીઓ દેશનો આદર કરતા શીખે અને સારા મૂલ્યો સાથે તેમનો ઉછેર થાય એ એ જરૂરી છે. એનસીસી શૈલીની તાલીમ આ હાંસલ કરવામાં મદદ કરી શકે છે. અધિકારીઓએ ખાસ કરીને સ્વતંત્રતા દિવસ જેવા કાર્યક્રમો દરમિયાન લશ્કરી શૈલીની કવાયત અને દેશભક્તિના ગીતો શાળાની પ્રવૃત્તિઓમાં સામેલ કરવાની શક્યતા અંગે ચર્ચા કરી હતી.

ભુસેએ એમ પણ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના સમર્થનથી રાજ્યમાં એનસીસી તાલીમ કેન્દ્રોની સંખ્યા વધારવાના પ્રયત્નો કરવામાં આવશે. અત્યારે મહારાષ્ટ્રમાં ૧,૭૨૬ શાળાઓ અને કોલેજો એનસીસીની તાલીમ આપે છે, જેમાં ૧.૧૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. રાજ્યમાં સાત એનસીસી જૂથો અને ૬૩ એકમો છે. એનસીસીના અધિકારીઓએ જણાવ્યું હતું કે ટૂંક સમયમાં વધુ ૧૦ કેન્દ્ર ઉમેરવામાં આવશે. ■

પરદેશ પાર્સલ સેવા Sp. Festival Rates
CHIPS® LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER
UK 21+ 350/-
USA 21+ 550/-
M.76000 65632
M.76008 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

# સુધરાઈની ટાઉન હૉલ જીમખાના બનાવવાની યોજના અટવાઈ પડી

## પ્રોજેક્ટ બિડરોને આકર્ષવામાં નિષ્ફળ

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના મુખ્યાલયની સામે આવેલા મ્યુનિસિપલ સ્પોટર્સ કૉમ્પ્લેક્સને અત્યાધુનિક 'ટાઉન હોલ જીમખાના' તરીકે વિકસાવવાની યોજના બોલી મેળવવામાં નિષ્ફળ ગઈ છે. પાલિકાના આ પ્રસ્તાવ માટે કોઈ બિડર આગળ નહીં આવતા ફરી ટેન્ડર બહાર પાડવામાં આવવાના છે. નવી બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ પાંચ માળ હશે, જેમાં મ્યુનિસિપલ કાઉન્સિલ હોલની સાથે એક રેસ્ટોરાં પણ હશે. પર્યટકો અહીં ગ્લાસ કેપ્યુલ લિફ્ટમાંથી રુફટોપ વ્યુઈંગ ગેલેરીમાં પ્રવેશ કરી શકશે. નજીકના હેરિટેજ ઈમારતો અને બાંધકામને પર્યટકો જોઈ શકે તે માટે અહીં કાચનો મોટો ડૉમ પણ બાંધવામાં આવવાનો છે.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) અને સુધરાઈ મુખ્યાલય અને મધ્ય રેલવેના મુખ્યાલયનો વિસ્તાર મુંબઈનો સૌથી પ્રતિષ્ઠિત હેરિટેજ ઝોન ગણાય છે. અહીં મોટી સંખ્યામાં દેશ-વિદેશના પર્યટકો ફરવા માટે આવતા હોય છે. પાલિકાએ અહીં એક સેલ્ફી પોઈન્ટ પણ બનાવ્યો છે. જોકે અહીં પેનોરેમિક દશ્યો જોવાનો લ્હાવો આપનારી સુવિધાનો અભાવ હતો. તેથી પાલિકાએ તેની કસર પૂરી કરવા માટે પોતાના ટાઉન હૉલ જીમખાનાના ડેવલપમેન્ટની યોજના હાથ ધરી છે અને તે માટે એપ્રિલ, ૨૦૨૫માં ટેન્ડર પણ બહાર પાડયા હતા. જોકે મહિનાઓ સુધી કોઈએ આ પ્રોજેક્ટમાં રસ દર્શાવ્યો નહોવાનું પાલિકાના બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

પાલિકાએ ગુરુવારે આ પ્રસ્તાવને લગતો ટેન્ડર ફરી બહાર પાડયા હતા. બિડ સબમીટ કરવાની અંતિમ તારીખ ૨૮ ઑગસ્ટ છે અને પ્રી-બિડ મીટિંગ ૧૮ ઑગસ્ટના રોજ યોજાશે. આ આખો પ્લાન પાલિકાના આર્કિટેક્ચર ડિપાર્ટમેન્ટનો છે, જેમાં પ્રસ્તાવિત બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ પાંચ વધારાના માળા છે. બિલ્ડિંગમાં મ્યુનિસિપલ કાઉન્સિલ હૉલ અને રેસ્ટોરાં હશે. પર્યટકો ગ્લાસ કેપ્સ્યુલ લિફ્ટથી રુફટોપ પર આવેલી વ્યુઈંગ ગેલેરીમાં જઈ શકશે. ■

# શિરડીમાં 'નકશા' પ્રોજેક્ટમાં ડ્રોન દ્વારા સર્વેક્ષણ

મુંબઈઃ કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના ભૂ-સંસાધન વિભાગ દ્વારા દેશભરના ૧૫૨ શહેરોમાં ડ્રોન દ્વારા હવાઈ સર્વેક્ષણ કરીને મિલકતોના નકશા તૈયાર કરવાનો 'નકશા' પ્રોજેક્ટ પ્રાયોગિક ધોરણે અમલમાં મુકવામાં આવી રહ્યો છે. આ પહેલ મહારાષ્ટ્રની ૧૦ નગરપાલિકાઓમાં લાગુ કરવામાં આવી રહી છે. શિરડીનો આમાં સમાવેશ કરવામાં આવ્યો હોવાથી શિરડીમાં 'નકશા' પ્રોજેક્ટનો અમલ શરૂ કરવામાં આવ્યો છે.

શિરડી, પંઢરપુર, બારામતી, કુલગાંવ-બદલાપુર, વરણગાંવ, કન્નડ, બુલઢાણા, ખોપોલી અને મુત્તિજાપુર નગરપાલિકાઓમાં નકશા પ્રોજેક્ટનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ થઈ ગયો છે. શિરડી મ્યુનિસિપલ કાઉન્સિલ અને રાહતા લેન્ડ રેકોર્ડ વિભાગ દ્વારા શિરડીમાં આ પ્રોજેક્ટ સંયુક્ત રીતે લાગુ કરવામાં આવ્યો છે. શિરડીમાં ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને મિલકતોનો હવાઈ સર્વે કરીને સચોટ નકશા તૈયાર કરવામાં આવી રહ્યા છે. ત્યારબાદ સ્થળ પર જઈને મિલકતોની ચકાસણી કરવામાં આવશે. આ પ્રોજેક્ટ જમીન માલિકી વિશે સ્પષ્ટતા વધારશે, જમીન વિકાસ પ્રક્રિયામાં પારદર્શિતા લાવશે અને અનધિકૃત બાંધકામોને નિયંત્રિત કરશે. ઉપરાંત કર વસૂલાત વધુ સચોટ બનશે. ■

# આઈપીએસ અધિકારી કરંદીકરે પતિ પાસેથી મળેલા ૨.૬૪ કરોડ રૂપિયાની માહિતી ન આપીઃ પોલીસ

મુંબઈઃ આઈપીએસ અધિકારી રશ્મી કરંદીકરે તેના બૅન્ક એકાઉન્ટમાં અલગ થઈ ગયેલા પતિ પુરુષોત્તમ ચવાણ પાસેથી ૨.૬૪ કરોડ રૂપિયા મળ્યા હોવાની માહિતી આપી નથી, એવું જણાવીને આર્થિક ગુના શાખાના અધિકારીએ કહ્યું હતું કે ચવાણ ઈન્કમ ટૅક્સ રિફન્ડ અને છેતરપિંડીના કેસોમાં આરોપી છે.

આર્થિક ગુના શાખાને તપાસ દરમિયાન ચવાણ અને કરંદીકરના બૅન્ક ખાતાંમાં શંકાસ્પદ વ્યવહારો જોવા મળ્યા હતા.

આ બાબતે વધુ માહિતી મેળવવા આર્થિક ગુના શાખા દ્વારા ડિરેક્ટર જનરલ ઑફ પોલીસ (ડીજીપી)ને પત્ર લખીને વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે કરંદીકરે જાહેર કરેલી વાર્ષિક આવકની વિગતો માગવામાં આવી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ પોતાની સંપત્તિ જાહેર કરતી વખતે કરંદીકરે જે દસ્તાવેજો રજૂ કર્યા હતા તેનું વિશ્લેષણ આર્થિક ગુના શાખાના અધિકારીઓએ કર્યું હતું. દસ્તાવેજો પરથી એવું જાણવા મળ્યું હતું કે ચવાણે કરંદીકરના બૅન્ક ખાતામાં ૨.૬૪ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા, જે તેણે જાહેર કર્યા નહોતા.

કરંદીકરે ૨.૬૪ કરોડ રૂપિયાનું ઈન્ટ્રા-ડે શૅર ટ્રેડિંગમાં રોકાણ કર્યું હતું, પરંતુ તેને નુકસાન થયું હતું.

હાલમાં સિવિલ ડિફેન્સ અને હોમ ગાર્ડનાં એસપી/એડ્‌મિનિસ્ટ્રેશન તરીકે ફરજ બજાવતી કરંદીકરની પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે દાવો કર્યો હતો કે તેના બૅન્ક ખાતાંનો વહીવટ પતિ સંભાળે છે.

ચવાણ વિરુદ્ધ ૨૬૩ કરોડ રૂપિયાની ઈન્કમ ટૅક્સ રિફન્ડ ફ્રોડ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જેના મહિનાઓ પછી અનેક નાગરિકો સાથે ૩૨ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાના કેસમાં આર્થિક ગુના શાખાએ ચવાણની ધરપકડ કરી હતી. (પીટીઆઈ) ■

# મહાલક્ષ્મી રેસકોર્સની નીચે વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવાશે

મુંબઈઃ ૧૪૦ વર્ષ પહેલા શરૂ થયેલું મુંબઈનું મહાલક્ષ્મી રેસકોર્સ પહેલી વાર આધુનિક યુગને અનુકૂળ થઈ જશે. રેસકોર્સની સુપ્રસિદ્ધ હરિયાળીની નીચે એક ભૂગર્ભ, વિશ્વકક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તૈયાર કરવામાં આવશે.


આ સંકુલમાં ૪૦૦ મીટરનો રનિંગ ટ્રેક, ઓલિમ્પિક-કદનો સ્વિમિંગ પૂલ અને દરેક ઓલિમ્પિક રમત માટેની સુવિધાઓ હશે. એ સિવાય નીચેની બાજુએ ૫,૦૦૦ કાર માટે જગ્યા સાથે પાર્કિંગની સુવિધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મુંબઈ મહાનગરપાલિકા મુંબઈના અત્યંત વૈભવી વિસ્તારમાં આવેલી ૨૧૧ એકર રેસકોર્સ જમીનની માલિકી ધરાવે છે. પાલિકાએ જાણીતા આર્કિટેક્ટ હાફિઝ કોન્ટ્રાક્ટર સાથે મળીને આ મહત્ત્વાકાંક્ષી યોજના ઘડી કાઢી છે. પાલિકા હાલમાં તેની શક્યતા અને અસરનો અભ્યાસ કરી રહી છે.

રોયલ વેસ્ટર્ન ઇન્ડિયા ટર્ફ ક્લબ (આરડબ્લ્યુઆઇટીસી) પાલિકાએ ભાડાપટ્ટે આપેલી ૯૧ એકર જમીન પર રેસકોર્સ ચલાવવાનું ચાલુ રાખશે. જાન્યુઆરી ૨૦૨૪ માં હસ્તાક્ષર કરવામાં આવેલી નવી લીઝની શરતો મહાનગરપાલિકાને બાકીની ૧૨૦ એકર જમીનનો વિકાસ કરવાની મંજૂરી આપશે.

મ્યુનિસિપલ કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે 'રેસકોર્સને ખલેલ પહોંચાડ્યા વિના તેની આસપાસના વિસ્તારના વિકાસનું આયોજન કરવામાં આવ્યું છે. અમે રેસકોર્સની નીચે રમતગમત, મનોરંજન અને પાર્કિંગ સુવિધાઓ માટે બેઝમેન્ટની જગ્યાનો ઉપયોગ કરવાની સંભાવના શોધી રહ્યા છીએ. જો કે હાલમાં અમારી સ્ટોર્મ વોટર અને ગટરની લાઇનો આ વિસ્તારની નીચે ચાલે છે. અમે શક્ય વિકલ્પો શોધી રહ્યા છીએ.'

ભૂગર્ભ જગ્યા માટેની યોજનાઓમાં બે સ્તરનો વિકાસ કરવામાં આવશે. ૨૦ એકરમાં ફેલાયેલા પ્રથમ બેઝમેન્ટ લેવલમાં ઓલિમ્પિક સ્ટાન્ડર્ડની સમકક્ષ અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું આયોજન કરવામાં આવશે. આ સુવિધામાં ૪૦૦ મીટરનો રનિંગ ટ્રેક, ઓલિમ્પિક સાઇઝનો સ્વિમિંગ પૂલ અને ઇવેન્ટ્સ અને ટ્રેનિંગ સેશન માટે કન્વેન્શન સેન્ટર સામેલ હશે. ■



**અદ્‌ભુતઃ** મુંબઈમાં હાલમાં વિવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે ત્યારે અનેક જગ્યાએ બાંધકામ ચાલી રહ્યા છે. આ બાંધકામમાં અનેક મજૂરો કામ કરતાં હોય છે ત્યારે એક સાઈટ પર લોખંડની જાળીઓ વચ્ચેથી દેખાતા મજૂરો અદ્‌ભુત દશ્ય સર્જે છે. (અમય ખરાડે)

# અનામતનો મુદ્દો ઉકેલાતાની સાથે જ શિક્ષક ભરતી શરૂ થશેઃ શિક્ષણપ્રધાન

ચંદ્રપુરઃ રાજ્યભરની શાળાઓમાં શિક્ષકો સહિત અન્ય વિવિધ જગ્યાઓ ખાલી છે. આ સંદર્ભે રચાયેલી સમિતિએ તાજેતરમાં સરકારને એક અહેવાલ સુપરત કર્યો છે. આ અહેવાલ મુજબ, અનામતનો મુદ્દો ઉકેલવામાં આવનાર હોવાથી ભરતી પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થશે અને ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવામાં આવશે.

શાળા શિક્ષણ પ્રધાન દાદા ભૂસેએ માહિતી આપી હતી કે અનામત મુજબ ભરતીમાં રમતગમત, કલા અને અન્ય વિષયોના શિક્ષકોને પ્રાથમિકતા આપવામાં આવશે. 'શિક્ષણ વિભાગના અધિકારીઓએ ગ્રામ્ય સ્તરે શાળાઓની મુલાકાત લેવી જોઈએ. આનાથી સ્થાનિક સ્તરે નાની સમસ્યાઓ વિશે માહિતી મેળવવામાં મદદ મળશે અને સમસ્યાઓનું સરળતાથી નિરાકરણ કરવામાં મદદ મળશે. શાળાઓને વધુ ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે. સ્થાનિક સ્તરે સીએસઆર ફંડ, ખનિજ વિકાસ ભંડોળ અને અન્ય સ્રોતોમાંથી પણ ભંડોળ ઉપલબ્ધ કરાવી શકાય છે. ધોરણ ૪ અને ૭ માટે શિષ્યવૃત્તિ પરીક્ષા ફરી શરૂ કરવાની યોજના છે, એમ તેમણે કહ્યું હતું.

વધુમાં તેમણે નિર્દેશ આપ્યો હતો કે શૈક્ષણિક કાર્ય આ મહિનાના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવે. આ પ્રસંગે વિવિધ સંગઠનોએ શિક્ષણ પ્રધાન ભૂસેને મળીને નિવેદન આપ્યું હતું. ■

# તૈયાર થઈ જાવ, મુંબઈ!



શહેરનો સૌથી વધુ રાહ જોવાતો વૈભવી ફેશન અનુભવ અહીં જ છે. ડીઝાઈન લાઈબ્રેરી તમારી પાસે લાવે છે નવવધૂના વસ્ત્રોનો ઉત્કૃષ્ટ સંગ્રહ, ઉત્સવોની ફેશન, ડીઝાઈનર આભૂષણો, એસેસરીઝ અને વધુ- બધું એક સ્ટાયલીશ છત્ર નીચે.

મોસમના ટ્રેન્ડ સેટીંગ સંગ્રહને જુઓ, ટોચના ડીઝાઈનર્સને મળો અને મોર્ડન મ્યુઝ માટે બનાવેલા હસ્તકલાના લાલિત્યને અનુભવો.

- કલાત્મક વસ્ત્રોમાં ઝળહળો
- ઉત્સવની અને નવવધૂની સાજસજ્જા
- ફેશન જે તમારા પ્રસંગને વ્યકત કરે છે.

તમારા કબાટ માટે આ અનુરૂપ છે. અમારી સાથે જોડાઓ ફોર સીઝન્સ, વર્લી, મુંબઈ ખાતે, ૧૦મી અને ૧૧મી ઑગસ્ટે. ■

# પુણેને મળશે ત્રણ નવી નગરપાલિકા

પુણેઃ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે તાજેતરમાં મોટી જાહેરાત કરી કે પુણેમાં ચાકણ, હિંજેવાડી અને ઉરલી દેવાચી-ફુરસુંગી-મંજરીમાં ત્રણ નગરપાલિકાઓની રચના કરવામાં આવશે.

ચાકણ ઔદ્યોગિક વિસ્તારમાં શહેરી સમસ્યાઓનું નિરીક્ષણ કરતા તેમણે કહ્યું કે ચાકણમાં એક નગર પરિષદ હોવાથી આ સ્થળે વિકાસની મર્યાદાઓ છે. તેમ જ હિંજેવાડીમાં ઔદ્યોગિક વિસ્તારના વિકાસ પર પણ પ્રતિબંધો છે.

આ કારણે ચાકણ અને હિંજેવાડી માટે નવી નગરપાલિકાઓની રચના કરવામાં આવશે. તે જ સમયે ઉરલી દેવાચી-મંજરી-ફુરસુંગ માટે નવી નગરપાલિકાની રચના કરવામાં આવશે. કોઈને ગમે કે ન ગમે, આ નગરપાલિકાઓની રચના થવાની છે, તેમણે જણાવ્યું હતું.

હિંજેવાડી આઈટી પાર્ક, ચાકણ ઔદ્યોગિક વિસ્તાર શહેરી સમસ્યાઓ વારંવાર સામે આવી રહી છે. આ જગ્યાએ ટ્રાફિક જામની સમસ્યા દિવસેને દિવસે ગંભીર બની રહી છે. આ સમસ્યાઓના કારણે રાજ્ય સરકારની ટીકા થઈ રહી છે.

આ કારણે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ગયા મહિનાથી દર અઠવાડિયે આઈટી પાર્ક અને ચાકણ ઔદ્યોગિક વિસ્તારનું નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું છે. આ પ્રસંગે, તેમણે ઔદ્યોગિક વિસ્તારમાં ટ્રાફિક જામની સમસ્યાની સમીક્ષા કરી હતી. ■

# સમૃદ્ધિ હાઈવેના ભિવંડી વડપેથી કસારા રોડ પર એક કિમીના અંતરે સીસીટીવી

## બેદરકાર વાહનચાલકો પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ

કલ્યાણઃ સમૃદ્ધિ હાઇવેના ભિવંડી નજીક આવેલા વડપે ગામથી કસારા સુધીના લગભગ સવાસો કિલોમીટરના અંતરના રસ્તા પર સીસીટીવી કેમેરા લગાવવાનું કામ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમે શરૂ કર્યું છે. આ કેમેરા એક કિમીના અંતરે લગાવવામાં આવી રહ્યા છે. આ સીસીટીવી કેમેરા ૫૦૦ મીટરના વિસ્તાર પર નજર રાખશે.

એમએસઆરડીસીના એક અધિકારીએ જણાવ્યું હતું કે આનાથી ગતિ મર્યાદાનું ઉલ્લંઘન કરીને વાહન ચલાવતા બેફામ વાહન ચાલકો પર લગામ કસવાનો પ્રયાસ કરાશે.

હાઇ રિઝોલ્યુશનવાળા આ સીસીટીવી કેમેરા વાહનો પરની નંબર પ્લેટોને સચોટ રીતે કેદ કરવાની ક્ષમતા ધરાવે છે. આ સીસીટીવી કંટ્રોલ માટે થાણેમાં એક અલગ કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. આ સીસીટીવી કેમેરા સમૃદ્ધિ હાઇવે પર દોડતા દરેક વાહન પર નજર રાખશે. આપેલ ગતિ મર્યાદા તોડનાર વાહનચાલકને ઓનલાઈન ઇ-ચલણ મોકલવામાં આવશે. તેથી એમએસઆરડીસીએ વાહનચાલકોને સમૃદ્ધિ હાઇવે પર વાહન ચલાવતી વખતે ગતિ મર્યાદાનું પાલન કરવાની અપીલ કરી છે. ■





## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) લાલોરામ ગુપ્તા | ૭૨ | ૩,૦૦,૦૦૦ |
| ૨) બિનય ચ દાસ | ૬૦ | ૩૦,૦૦૦ |
| ૩) રાજીવ કુમાર સિંહ | ૫૩ | ૩૭,૦૦૦ |
| ૪) સ્વપના રોય | ૪૨ | ૧,૭૫,૦૦૦ |
| ૫) હિમાની રોય | ૫૬ | ૨૫,૦૦૦ |
| ૬) મોતી લાલ | ૬૦ | ૮૦,૦૦૦ |
| ૭) મિન્ટુ એસ કે | ૩૫ | ૨,૦૦,૦૦૦ |
| ૮) ફુલુ દેવી | ૩૯ | ૮૦,૦૦૦ |
| ૯) સૈદલ સરદાર | ૩૫ | ૮૦,૦૦૦ |
| ૧૦) સુર્યકાંતા બસક | ૫૨ | ૮૦,૦૦૦ |
| ૧૧) સંધ્યા ચટરજી | ૬૩ | ૪૦,૦૦૦ |
| ૧૨) ઘ મોહડ શાહ | ૬૪ | ૮૦,૦૦૦ |
| ૧૩) દર્પા દેવી | ૪૩ | ૪૦,૦૦૦ |
| ૧૪) સુજીત કુમાર ઠાકુર | ૪૦ | ૮૦,૦૦૦ |
| ૧૫) સંતોષ કુમાર | ૪૦ | ૫૦,૦૦૦ |
| ૧૬) સંધ્યા ભોવમિક | ૫૯ | ૪૪,૦૦૦ |
| ૧૭) એમ ડી સલાહુદ્દીન | ૧૭ | ૬,૦૦,૦૦૦ |
| ૧૮) સુબ્રતા કુમાર મંડળ | ૪૧ | ૬૦,૦૦૦ |
| ૧૯) આમિર હમઝા | ૨૦ | ૪૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૨૦) ઓલિયા સુનિલ પરેરા | ૧૦ | ૫૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# રોહિત પવારે 'વિવાદાસ્પદ' પ્રધાનો અને હિન્દુત્વ પર શાસક પક્ષોની ટીકા કરી

છત્રપતિ સંભાજીનગરઃ એનસીપી (એસપી)ના નેતા રોહિત પવારે ગુરુવારે મહારાષ્ટ્ર સરકારના કેટલાક પ્રધાનોની વિવાદોમાં સપડાવા બદલ ટીકા કરી હતી. તેમ જ પાર્ટીના કાર્યકરોને સંબોધતા, તેમણે હિન્દુત્વના મુદ્દે શાસક સરકારની ટીકા કરતાં એવો દાવો કર્યો હતો કે 'અમે જ હિન્દુ સંસ્કૃતિનું રક્ષણ કરી રહ્યા છીએ.'

'પ્રધાનો વિવાદોમાં ફસાઈ રહ્યા છે. સાંદીપન ભૂમરે દ્વારા દારૂના લાઇસન્સ ટ્રાન્સફર કરવાનું કામ છ કલાકમાં પૂર્ણ કરવામાં આવ્યું. તે કેવી રીતે થયું, મને ખબર નથી, પરંતુ તે જ સમયે, સામાન્ય નાગરિકોને નાની નાની વાતો માટે સરકારી કચેરીઓમાં વારંવાર જવું પડે છે,' એવો આરોપ રોહિત પવારે છત્રપતિ સંભાજીનગરમાં આયોજિત પક્ષના કાર્યક્રમમાં કર્યો હતો.

તેમણે ભૂમરેના ડ્રાઇવર સાથે સંકળાયેલા સાલારજંગ જમીન વિવાદનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, આ ડ્રાઇવરને ૧૬૦ કરોડ રૂપિયાની જમીન મળી. તે વિશ્વનો સૌથી ધનિક ડ્રાઇવર હોવો જોઈએ.બીજી તરફ ગુરવારે વહેલી સવારે, મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ પત્રકારોને જણાવ્યું હતું કે સાલારજંગ જમીન કેસની તપાસ કરવામાં આવશે.

શાસક સરકાર પર પ્રહાર કરતા પવારે એવો દાવો કર્યો કે એવી શક્યતા છે કે સમુદાયો એકબીજા સાથે લડી શકે છે.

તેઓ ૫૦-૬૦ વર્ષથી હિન્દુત્વ વિશે વાત કરે છે, પરંતુ અમે જ હિન્દુ સંસ્કૃતિનું રક્ષણ કરીએ છીએ, જે હજારો વર્ષ જૂની છે. હિન્દુ સંસ્કૃતિ આપણને માણસ બનવાનું શીખવે છે, એવો દાવો તેમણે કર્યો હતો.

મહારાષ્ટ્રમાં દરરોજ આઠ ખેડૂતો આત્મહત્યા કરે છે તે ભારપૂર્વક જણાવતા, પવારે એવો દાવો કર્યો હતો કે આમાંથી ઓછામાં ઓછા સાત હિન્દુ હશે.

શું અત્યાચારનો સામનો કરતી મોટાભાગની મહિલાઓ હિન્દુ નથી અને મોટા ભાગના બેરોજગાર યુવાનો હિન્દુ નથી, એવા આકરા સવાલ તેમણે કર્યા હતા.

શરદ પવારની આગેવાની હેઠળના એનસીપ (એસપી)ના કર્જત જામખેડના વિધાનસભ્ય રોહિત પવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે શાસક સરકારનું હિન્દુત્વ ફક્ત મત માટે છે.

# મરાઠી વિરોધી ટિપ્પણી બદલ મનસેના કાર્યકરોએ દુકાનદારને ધીબેડ્યો

થાણેઃ કલ્યાણમાં રાજ ઠાકરે અને મરાઠી લોકો માટે અપમાનજનક ટિપ્પણી કર્યાનો આક્ષેપ કરીને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કાર્યકરોએ દુકાનદારની મારપીટ કરી હતી. મારપીટનો વીડિયો વાયરલ થતાં પોલીસે તેની નોંધ લઈ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારે દુર્ગામાતા મંદિર ચોક ખાતેની એક હોટેલમાં બની હતી. વીડિયો ક્લિપમાં મનસેના કલ્યાણ પૂર્વના પદાધિકારી કુશ રાજપૂત અને અન્ય કાર્યકરો સાઉથ ઈન્ડિયન ફૂડનું આઉટલેટ ચલાવનારાને દમદાટી આપતા અને મારપીટ કરતા નજરે પડે છે. તેને માફી માગવાની ફરજ પાડવામાં આવે છે અને ભવિષ્યમાં આવી ટિપ્પણી ન કરવાની ખાતરી લેવામાં આવે છે. સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલો કલ્યાણની ઘટનાનો વીડિયોની ચકાસણી કરવામાં આવી રહી છે.

# સેના યુબીટી હવે કૉંગ્રેસના નેતૃત્વ હેઠળ ચાલે છેઃ સામંત

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના પ્રધાન ઉદય સામંતે ગુરુવારે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેની દિલ્હી મુલાકાત પર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે તેમનો પક્ષ હવે કોંગ્રેસના નેતૃત્વ હેઠળ કામ કરી રહ્યો છે.

એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના પ્રધાન જોડાયેલા સામંત છત્રપતિ સંભાજીનગરમાં પાર્ટીની બેઠકોમાં હાજરી આપ્યા બાદ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા.

એક તરફ તેઓ (ઉદ્ધવ) રાજ ઠાકરેના નેતૃત્વ હેઠળની મનસે સાથે હાથ મિલાવવાની વાત કરે છે. બીજી તરફ, તેઓ રાહુલ ગાંધીને મળે છે. મહારાષ્ટ્ર હવે આ રાજકારણને સમજે છે. તેઓ ગઈકાલે દિલ્હી કેમ ગયા? એ સ્પષ્ટ છે કે શિવસેના (યુબીટી) કોંગ્રેસના નેતૃત્વ હેઠળ ચાલે છે, તેમણે કહ્યું. ઉદ્ધવ ઠાકરે રાહુલ ગાંધી સાથે ચર્ચા કરી રહ્યા છે, જેમણે વિનાયક દામોદર સાવરકરનું અપમાન કર્યું હતું અને આવા નેતા મહારાષ્ટ્ર માટે કશું સારું કરી શકતા નથી, એમ સામંતે વધુમાં જણાવ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

## 'શિંદે કંઈ'

આવી હતી. શિંદેએ ભારપૂર્વક તાજેતરમાં જણાવ્યું હતું કે ભાજપ-શિવસેના-એનસીપી મહાયુતિ ગઠબંધન આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ સાથે મળીને લડશે અને વિજયી બનવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## મહેસૂલ વધારવા

એમએમએલની કિંમત ૧૮૦ એમએલ માટે ૧૪૮ રૂપિયા હશે અને એમાં આલ્કોહોલનું પ્રમાણ ૪૨.૮ ટકા હશે. આનો હેતુ દેશી દારૂ અને આઈએમએફએલ વચ્ચેની કિંમતના તફાવતને દૂર કરવાનો છે એમ આદેશમાં જણાવાયું છે.

આ બ્રાન્ડનું ઉત્પાદન અન્ય કોઈ રાજ્યમાં અથવા દેશી દારૂ, આઈએમએલ, બીયર અથવા વાઇન જેવી અન્ય દારૂની કેટેગરી હેઠળ કરી શકાતું નથી. એમએમએલનું ઉત્પાદન કરતા પીએલએલ લાઇસન્સધારકોની મહારાષ્ટ્રમાં હેડ ઓફિસ હોવી આવશ્યક છે.

રાજ્યમાં અનાજ આધારિત દારૂને પ્રોત્સાહન આપવાનો આ પહેલો પ્રયાસ નથી. ૨૦૦૭માં કોંગ્રેસ-એનસીપી સરકારે અનાજ આધારિત ડિસ્ટિલરી સ્થાપવાની યોજના શરૂ કરી હતી, પરંતુ કાર્યકરોના વાંધા અને ૨૦૧૦માં બોમ્બે હાઈકોર્ટે સ્ટે આપ્યા બાદ એ યોજના રદ કરવામાં આવી હતી. (પીટીઆઈ)

## ભિવંડી કોર્ટથી

દીપક ઈંગળે, વિકાસ ચાટે અને સંગીતા ચોકંડેનો સમાવેશ થાય છે. વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ પાંચ આરોપીને થાણે જેલમાંથી ભિવંડી કોર્ટ લઈ જવામાં આવ્યા હતા. કોર્ટ પરિસરમાં લોકોની ભીડનો લાભ ઉઠાવી આરોપી સલામત અલી અન્સારી (૩૨) ફરાર થઈ ગયો હતો. ભિવંડીની એક ચાલમાં રહેતી છ વર્ષની બાળકી સાથે ૨૦૨૩માં દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. પછી તેની હત્યા કરી મૃતદેહ નજીકની બંધ રૂમમાં બાદલીમાં ભરી રાખવામાં આવ્યો હતો. આ પ્રકરણે ભિવંડી શહેર પોલીસે ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ અન્સારીને બિહારમાં પકડી પાડ્યો હતો.

સસ્પેન્શન ઑર્ડરમાં નોંધવામાં આવ્યું હતું કે આરોપીની હિલચાલ પર બારીક નજર રાખવામાં પોલીસ કોન્સ્ટેબલો નિષ્ફળ ગયા હતા અને ફરજ દરમિયાન તે 'સતર્ક' ન હોવાનું જણાયું હતું. (પીટીઆઈ)

## ઓલા - ઉબેરની

ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનસીડીસી), એગ્રિકલ્ચરલ ફર્ટિલાઇઝર્સ ઓફ ઇન્ડિયા, લિ. ઇફકો, ગુજરાત કો-ઓપરેટિવ ડેરી ડેવલપમેન્ટ સોસાયટી સહિત આઠ સહકારી મંડળીઓની ભાગીદારીથી મલ્ટી સ્ટેટ કોઓપરેટિવ ટેક્સી સોસાયટીની નોંધણી કરવામાં આવી છે અને ૩૦૦ કરોડની મૂડી ઊભી કરવામાં આવી છે.

ભારતીય કૃષિ સહકારી સંસ્થા (કૃભકો), નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ), નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી) અને નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડ પણ કોઓપરેટિવ ટેક્સી સોસાયટીના શેરહોલ્ડર છે. આ તમામ સંસ્થાઓ સહકારી ધોરણે તબક્કાવાર રીતે દેશભરમાં આ ટેક્સી સેવા શરૂ કરશે.

પ્રથમ તબક્કામાં મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં ભારત ટેક્સી સેવા શરૂ કરવામાં આવશે, જેના માટે અત્યાર સુધીમાં ૨૦૦ ટેક્સી ડ્રાઇવરોનું રજિસ્ટ્રેશન થઈ ચૂક્યું છે. બેંગ્લોરની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઇઆઇએમ)ને આ યોજનાની વૈજ્ઞાનિક ડિઝાઇનની જવાબદારી સોંપવામાં આવી છે અને એપ્લિકેશન બનાવવા માટે એટલે કે ટેકનિકલ પાર્ટનર માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનસીબી)ના સૂત્રોએ જણાવ્યું હતું કે ઓલા અને ઉબેર જેવી કંપનીઓ દ્વારા ટેક્સી ડ્રાઇવરોની આર્થિક હેરાનગતિ અટકાવવાની સાથે સામાન્ય મુસાફરોને કિફાયતી દરે ટેક્સીની સુવિધા પૂરી પાડવા માટે આ યોજના રજૂ કરવામાં આવી રહી છે.

## મહારાષ્ટ્ર સરકારનું

૨૫ લાખ ઉમેરવા માગીએ છીએ. અમારું લક્ષ્ય મહારાષ્ટ્રમાં એક કરોડ લખપતિ દીદી બનાવવાનું છે. મુખ્ય પ્રધાન માઝી લાડકી બહિણ યોજના આ પહેલનો જ એક ભાગ છે. આ યોજના બંધ કરવામાં આવશે તેવો દાવો કરીને કેટલાક લોકોએ મૂંઝવણ ઊભી કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે અમે આ યોજના બંધ નથી કરવાના. અમે તો યોગ્ય સમયે સહાય વધારીશું.' કેટલીક શરતોનું પાલન કરતી મહિલાઓને લાડકી બહિણ યોજના હેઠળ દર મહિને ૧૫૦૦ રૂપિયાની સહાય મળે છે. 'કેટલાક લોકોએ આ યોજનાનો દુરુપયોગ કર્યો છે. ઉદાહરણ તરીકે પુરુષોએ લાભ મેળવવા પોર્ટલ પર મોટરબાઈકના ફોટા અપલોડ કર્યા હતા. અમે લાભાર્થીઓની યાદીમાંથી આવા નામ દૂર કરી રહ્યા છીએ' એમ ફડણવીસે ઉમેર્યું હતું. (પીટીઆઈ)

## નાના વિવાદોના

પણ મંજૂરી આપી છે. સરકારની નીતિ ન્યાયતંત્રને ખાસ કરીને ડિજિટલાઇઝેશન, આઇટી અને એઆઇના ક્ષેત્રોમાં જેની જરૂર હોય તે પૂરી પાડવાની છે. એના માટે પૂરતું ભંડોળ ફાળવવામાં આવ્યું છે. (પીટીઆઈ)

## સાત આરોપીને

ખરાત, સુનીલ નિકાળજે, ભરત ઝયભય અને વિક્રમ જાંબુરેનો સમાવેશ થાય છે.

હૉસ્પિટલમાં તપાસ દરમિયાન એવું જણાયું હતું કે સાતને બદલે પાંચ આરોપીની જ ગણતરી બતાવવામાં આવી હતી. એકને તો હાથકડી વગર છુટ્ટો મૂકવામાં આવ્યો હતો. એક પોલીસ અધિકારી ફરજ બજાવવાને બદલે મોબાઈલ ફોન પર વાતચીતમાં વ્યસ્ત હતો. કરણ દાભલિયા અને રાજેશ પંબર નામના બે ગુમ આરોપી વિશે ઉપરી અધિકારીઓએ જવાબ માગ્યો ત્યારે પોલીસ ટીમે ગેરમાર્ગે દોરતું નિવેદન આપ્યું હતું, એવું વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ ટીમે પહેલાં તો એવો દાવો કર્યો હતો કે બે આરોપી એક્સ-રે માટે ગયા હતા. જોકે એક્સ-રે વિભાગ અને આસપાસના પરિસરમાં તપાસ કરતાં બન્નેની કોઈ ભાળ મળી નહોતી. પછી ટીમે કહ્યું હતું કે આરોપીઓ વૉશરૂમમાં ગયા હતા, પરંતુ ત્યાં પણ તે મળ્યા નહોતા. ત્યાર બાદ બપોરે ૩.૫૦ વાગ્યે બન્ને જણ મળી આવ્યા હતા, એવું અધિકારીનું કહેવું છે. (પીટીઆઈ)

## પ્રેમભંગ

સંબંધનો વિરોધ કર્યો હતો. મુલાકાત અને વાતચીત બંધ થતાં ફરિયાદીની પુત્રી હતાશ થઈ ગઈ હતી. આ સમય દરમિયાન યુવતીને ઈન્સ્ટાગ્રામ પર સર્ચ કરતી વખતે 'ઈરફાન ખાનજી' નામના ઈન્સ્ટાપેજ પર અમુક પોસ્ટ દેખાઈ હતી. 'ગુમાવેલો પ્યાર ૨૪ કલાકમાં પાછો મળશે... લૉસ્ટ લવ બૅક... અધૂરાને પ્રેમને પૂર્ણપણે મેળવવાના માર્ગ...' આવા પ્રકારના દાવા પોસ્ટમાં કરાયા હતા. છેતરાયેલી યુવતીએ સંપર્ક માટે પોતાનો મોબાઈલ નંબર સંબંધિત ઈન્સ્ટાપેજ પર મોકલાવ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ આરોપીએ મૌલવીના સ્વાંગમાં યુવતીનો સંપર્ક સાધ્યો હતો. પ્રેમની આડે આવતાં વિઘ્નો દૂર કરવા માટે ખાસ પ્રકારની વિધિ કરવી પડશે. આ માટે ચાંદીનો કુંભ, સોનાનો દીવો, સોનાના ખીલા સહિતની વસ્તુઓની જરૂર પડશે, એવું કહીને આરોપીએ યુવતીને ઑનલાઈન ટ્રાન્ઝેક્શનથી નાણાં ટ્રાન્સફર કરવાની ફરજ પાડી હતી. એ સિવાય વિધિ માટે જરૂરી સામાનની ખરીદી માટે યુવતીએ ઘરમાંના સોનાના દાગીના આરોપીને આપ્યા હતા. દાગીના લેવા આરોપી મુંબઈ આવ્યો હતો.

ઑનલાઈન ટ્રાન્ઝેક્શનની વિગતોને આધારે આરોપી રાજસ્થાનમાં હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ રાજસ્થાન પહોંચી હતી અને સ્થાનિક પોલીસની મદદથી ગંગાનગરમાંથી બન્નેને તાબામાં લીધા હતા. તેમની પાસેથી ૧૩ લાખ રૂપિયાનું સોનું અને ૧૮ હજારની રોકડ જપ્ત કરવામાં આવી હતી. આરોપીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની તપાસ કરતાં હરિયાણા, દિલ્હી અને અન્ય રાજ્યોનાં યુવક-યુવતીને આ રીતે છેતરવામાં આવ્યાં હોવાનું જણાયું હતું, એવું અધિકારીનું કહેવું છે.

## રાહુલ ગાંધીને

ગાંધી ઘણા વર્ષોથી ઇવીએમ વિશે બોલી રહ્યા હતા, પણ તેમ છતાં શરદ પવાર ચૂપ રહ્યા હતા. હકીકતમાં, શરદ પવારે ઘણા પ્રસંગોએ સ્પષ્ટપણે વલણ અપનાવ્યું હતું કે ઇવીએમને દોષી ઠેરવવું ગેરવાજબી છે. હવે અચાનક શરદ પવારે જે બોલ્યા છે એમાં રાહુલ ગાંધી સાથેની મુલાકાતની અસર દેખાય છે.'

શનિવારે આયોજિત પત્રકાર પરિષદમાં શરદ પવારે જણાવ્યું હતું કે 'અમે લોકોને જરૂરી ધ્યાન ન આપ્યું, પણ મને યાદ છે કે વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થઈ તે પહેલાં દિલ્હીમાં મળવા આવેલી બે વ્યક્તિએ મને કહ્યું કે મહારાષ્ટ્રમાં વિધાનસભાની ૨૮૮ બેઠકો છે, જેમાંથી અમે તમને ૧૬૦ બેઠકો જીતવાની બાંયધરી આપીએ છીએ. મને બહુ નવાઈ લાગી. સ્પષ્ટ કહું તો, એ લોકો ગેરંટીની વાત કરતા હતા છતાં મને ચૂંટણી પંચ વિશે કોઈ શંકા નહોતી. પરંતુ આવા લોકો મળતા હોય છે, તેથી મેં તેમની અવગણના કરી.' શરદ પવારના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

સ્વ. ખેતબાઇ ખીમજી કતીરાના નાના પુત્ર. સ્વ. લક્ષ્મીદાસ ખીમજી ઠક્કર (કતિરા)ના ધર્મપત્ની ગં. સ્વ. લક્ષ્મીબેન (ઉં.વ. ૭૧) ગામ કોટડી મહાદેવપુરી હાલ બોરીવલી તા. ૬-૮-૨૫ બુધવારના રામશરણ પામ્યા છે. તે મનીષ, વિપુલ, કલ્પેશના માતુશ્રી. મનીષા, અશ્વિની અને સવિતાના સાસુજી. ધ્રુવીન, દ્રિશાનના દાદી. સ્વ. સાકરબેન નારાયણજી દૈયા (માસ્તર)ના સુપુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૦-૮-૨૫ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેર રોડ, મુલુંડ (પશ્ચિમ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બસીયા બ્રાહ્મણ**

અડપોદરા નિવાસી ગં. સ્વ. નંદુબેન જસવંતલાલ ગૌર (ઉં. વ.૮૬) હાલ બોરીવલી તા. ૮-૮-૨૫ના શ્રીજીશરણ થયેલ છે. તે ચેતનભાઇ, નયનાબેન જીતેન્દ્ર ઉપાધ્યાય, દિપીકા નિલેશકુમાર પંડયાના માતુશ્રી. બબીતાના સાસુ. ભરતભાઇ, ગં. સ્વ. દેવકીબેન, ગં. સ્વ. કંચનબેન, સ્વ. હિરાબેનના ભાભી. સરોજબેન ભરતભાઇના જેઠાણી. પલક કુવરના દાદી. કશ્યપ, પ્રિયંકા, મયુરી, આશિતાના મોટી બા. પિયર પક્ષે મોહનપુર ડો. દેવશંકર અંબારામ ભટ્ટના દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે. ઉત્તરક્રિયા અડપોદરા મુકામે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

અ. સૌ. કાનન શ્રીધર નાગનુર (ઉં. વ. ૫૧) તે ગામ મોટી વમોટીના સ્વ. સુરેન્દ્ર માવજી ઠક્કર (આઇયા) તથા સ્વાતીબેનની પુત્રી. તે શ્રેય તથા ચી. આરવની માતા. ચી. અસીમની બેન તા. ૨-૮-૨૫ના એટલાન્ટા (અમેરિકા) મધ્યે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**બાલાસિનોર દશાનિમા વણિક**

ગં. સ્વ. ઇન્દિરા રજનીકાંત કડકીયા (ઉં. વ. ૮૦) તે સ્વ. રજનીકાંત કાંતિલાલ કડકીયા (લટકારી)ના ધર્મપત્ની. તે મણીલાલ લલ્લુભાઇ કડકીયા (મરઘા)ના દીકરી. અન્વીના માતુશ્રી તથા પુરવ દડીઆના સાસુ. તે જશના નાની. તે સ્વ. બાબુલાલ, સ્વ. રજનીકાંત, સચીન અને સ્વ. સુભદ્રાબેનના બેન. તે સ્વ. સુર્યાબેન, ઇન્દિરાબેન અને નીનાબેનના નણંદ તા. ૭ ઓગસ્ટ ૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, તમામ લૌકિક પ્રથા બંધ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર સાઠા બ્રાહ્મણ**

ટીંટોઇ નિવાસી હાલ મીરા રોડ આશુતોષ નટવરલાલ ભટ્ટ (ઉં. વ. ૬૩) તે શુક્રવાર તા. ૮-૮-૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. વિજયાબેન નટવરલાલ પ્રહલાદજી ભટ્ટના પુત્ર. તે નયનાબેન પતિ. તે જીગર અને કૃપાના પિતા. નિરાલી અને હર્ષકુમાર શાહના સસરા. તે રાયગઢ નિવાસી સ્વ. ગોદાવરીબેન કમળાશંકર શુકલના જમાઇ. તે મનોજ-નેહા, પરિમલ-પ્રફુલા, હિતેશ-નીતા, દીપક-દીપા, શરદ-રેણુકા અને નીતા યશેશકુમાર જોશીના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૦-૮-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. બાપા સીતારામ મઢુલી, ઇન્દ્રપ્રસ્થ બિલ્ડિંગની સામે, અયપ્પા મંદિરની બાજુમાં, પૂનમ વિહાર, મીરા રોડ (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

શિહોર નિવાસી હાલ મીરારોડ સ્વ. અનસૂયાબેન મથુરાદાસ જયંતીલાલ મહેતાના પુત્ર પ્રશાંત (કનુભાઈ) (ઉં. વ. ૬૫) તે ૭/૮/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સંધ્યાના પતિ. મૃદુલા ભુપતરાય પારેખ, સ્વ. ઉષાકાંતભાઈ, સ્વ. દિલીપભાઈના ભાઈ. સાસરાપક્ષે સ્વ. દમયંતીબેન ઈશ્વરદાસ ગોરડીયાના જમાઈ. સુધાબેન હરેશભાઇ ગાંધી, સ્વ. અશોકભાઈ, ભરતભાઈ ના બનેવી. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

રાજુલાવાળા હાલ બાંદ્રા સ્વ. ગીરજાબેન અમૃતલાલ પારેખ ના પુત્ર પ્રીતમ (પ્રીતુ) (ઉં. વ. ૬૪) તે ૮/૮/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે રક્ષાબેન ના પતિ, રૂચિતા તથા અલીશાના પિતા. નટુભાઈ, સ્વ. કુંદનબેન પ્રવિણચંદ્ર પારેખ, સ્વ. જ્યોતિબેન નરેન્દ્રભાઈ ગાંધી, સ્વ. જયશ્રીબેન મધુસુદન મોદી, સ્વ. ડોલરબેન શશીકાંત મહેતા, પયું પરેશ દોશીના નાનાભાઈ. અમરેલીવાળા સ્વ. નિર્મળાબેન પરસોત્તમભાઈ કાણકિયાના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

શ્રીમતિ ભાનુમતી ઠાકરશી વેદ (ઉં. વ. ૮૪) મૂળ નિવાસી માંડવી હાલ બોરીવલી સ્વ. ઠાકરશી લક્ષ્મીદાસ વેદ (જેઠા શામજી)ના ધર્મપત્ની અને સ્વ. રણછોડદાસ પરસોત્તમ સુતરીયા અને સ્વ. દિવાળીબેન સુતરીયા ના સુપુત્રી તે જયશ્રી પ્રકાશ મટાણી, રાજેશ, ચેતન, મનીષ ના માતુશ્રી અ.સૌ. અર્ચના, પ્રીતી, તૃપ્તિ ના સાસુ તે ચિ.ભાવિન, કૃપાલી શુભમ મિતલ, દિવ્યા મેહુલ પટેલ, અક્ષય, સોમિલના દાદી. તા. ૮-૮-૨૫ નાં શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવારે તા. ૧૧-૮-૨૦૨૫ નાં સાંજે ૫ થી ૭ કલાકે લોહાણા મહાજન વાડી, ૨ જે માળે, એસ. વી.રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ માં રાખેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**ભંડારી**

કૈયા-દમણ નિવાસી હાલ મીરારોડ સ્થિત, નટવરલાલ નારણભાઇ પટેલ તા. ૪/૮/૨૫ના રોજ દેવલોક પામેલ છે, તે સ્વ.નંદા બેનના પતિ. ગીરીશભાઈ, વિનોદભાઈ, રક્ષાબેન દેવેન્દ્રભાઈ શાહના પિતા. માલતીબેન,વર્ષાબેનના સસરા. પિનાંક, બ્રિજેશ, જિમીતના દાદા તેમની પુષ્પાંજલિ તા.૧૪/૮/૨૫ના ૩.૦૦ વાગ્યે બી-૫૨, ૨૦૪, સેક્ટર-૧, મીરારોડ ખાતે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. કાનજીભાઈ કુંવરજીભાઈ કતીરાના પત્ની ગં.સ્વ.લીલાવતી કાનજીભાઈ કતીરા (ઉં. વ. ૮૯), કચ્છ ગામ સુથરી, હાલે મુંબઈ મુલુંડ નિવાસી, તે સ્વ. હેમંતભાઈ, સ્વ. મહેશભાઈ અને સ્વ. રમેશભાઈ ના માતુશ્રી. તે ગં. સ્વ. આશાબેન અને ગં સ્વ. રશ્મિબેનના સાસુજી. અંજલિ વિરલભાઈ કેસરિયા, આરતી પુનીતભાઈ ભાનુશાલી, જિનેશ અને જય ના દાદીમા. તે સ્વ. મુલજીભાઈ દેવકરણ કોઠારી ના સુપુત્રી. તે સ્વ. વિઠ્ઠલદાસભાઈ, સ્વ. પુરુષોત્તમ ભાઈ. સ્વ. મંગલભાઈ, સ્વ. રામજીભાઈ, સ્વ. સાકરબેન લક્ષ્મીદાસભાઈ દનાણી અને સ્વ. સીતાબેન સુરજીભાઈ પલણના બહેન, તે વિરલભાઈ, પુનીતભાઈ, ઝરણા તથા ધ્વનિના દાદી સાસુ અને જિયાનના પરદાદી શુક્રવાર તા.૦૮/૦૮/૨૦૨૫ ના શ્રીરામશરણ પામેલ છે. (સ્વર્ગસ્થ ની ઇચ્છા ને અનુરૂપ તેમની બંને પક્ષ ની પ્રાર્થના રાખી નથી. લૌકિક વ્યવહાર બંધ છે.)

**હાલાઈ લોહાણા**

ગામ સેગરસ સૌરાષ્ટ્ર હાલ ડોમ્બીવલી સ્વ શાંતાબેન મોહનલાલ સામાણીના પુત્રવધૂ. વિજયભાઈ ના ધર્મપત્ની કિશોરી (કામિની) (ઉં. વ. ૬૫) સ્વ. રાધાબેન કલ્યાણજીભાઈ કક્કડના સુપુત્રી. તેમજ વિશાલ, મિતેશના માતુશ્રી. તે અદિતિ, ધ્રુવના ભાભુ. તે રશ્મિબેન ભદ્રેશભાઈ ચંદારાણા, નીતિનભાઈના ભાભી. તેમજ ભારતીબેન, બીપીનભાઈના બેન. તે તા.૭/૮/૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થના સભા તા.૧૧/૮/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ ના સમયે ગિરિજા હોલ ગૌમાતંક હોટલની પાસે, તિલક રોડ, રોશન ઓટોમોબાઇલ ની સામે ડોમ્બીવલી ઇસ્ટ ખાતે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ.મંગલદાસ લાલજી સોતા તથા સ્વ.રૂક્ષ્મણી બેનના જ્યેષ્ઠ સુપુત્ર. ગામઃ જરુ, હાલે ડોમ્બિવલી શ્રી જયંતીભાઈ મંગલદાસ સોતા (ઉં. વ. ૭૫) ગુરુવાર તા. ૭ ઓગસ્ટ ૨૫ના રામશરણ પામેલ છે. તે કમળાબેનના પતિ. નિશા અરવિંદ દાવડા અને જયેશના પિતા. અરવિંદ તુલસીદાસ દાવડા અને પાયલના સસરા. સાક્ષી, ઈશાના દાદાજી, પુનિત અને સિદ્ધિના નાનાજી સ્વ.જયાબેન શંકરલાલ ગણાત્રા, ગં. સ્વ. વનિતાબેન જયરામ રૂડિયા,પ્રવિણા દિનેશ પારવાણી, લતા અરુણ સચદે, પ્રકાશભાઈ, ભરતભાઈ, શોભા ભુપેન્દ્ર ભીંડે ના ભાઈ, તે ચુન્નીલાલ કલ્યાણજી મીરાણી(રાજકોટ) ના જમાઈ. તેમની પ્રાર્થના સભા રવિવાર તા. ૧૦ ઓગસ્ટ ૨૦૨૫ સાંજે ૫:૩૦ થી ૭:૦૦, પવાણી હોલ, મહાજન વાડી, આર આર ટી રોડ,મુલુંડ વેસ્ટમાં રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

ગામ જામકાના (હાલ કાંદિવલી) કંચનબેન (કાશીબેન) હરિશંકર ઓઝા (ઉં. વ. ૭૮) તે હરિશંકર દેવરાજ ઓઝાનાં પત્ની. ઇલા, મમતા, વર્ષા, અલ્પા, દર્શના, કાજલ, વિધિ, નિશાંતનાં માતા. રળિયાતબેન ભાઈશંકર પાઠકનાં દીકરી. પુષ્પા શિવશંકર ઓઝાનાં ભાભી. પ્રભાશંકર, મહાશંકર, પ્રાણશંકર, પનાભાઈ પાઠકનાં બેન તા. ૭મીએ અક્ષરવાસી પામ્યાં છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૦-૮-૨૫એ સાંજે ચારથી છે. ઠે.: ઠક્કરાઈ ભાટિયા હોલ, નંબર-પાંચ, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ).

**કપોળ**

મોટા ખૂંટવડા વાળા હાલ કાંદીવલી (વેસ્ટ) સ્વ. મનહરલાલ જાદવજી કાણકીયા ના ધર્મ પત્ની મંજુલાબેન (મંછા બહેન) (ઉં. વ. ૯૦) તા.૯-૮-૨૫ ને શનિવારનાં શ્રીજીચરણ પામેલ છે.તે મહેન્દ્ર, અતુલ કેતન, પુષ્પા વિનોદભાઈ મોદી કળા હરેશભાઈ મહેતા, હર્ષા રમેશભાઈ મોદી,પારુલ રજનીકાંત મહેતા, વર્ષા ભદ્રેશ ભાઈ મહેતાના માતુશ્રી. દક્ષા, મનીષા, કવિતાના સાસુ. સ્વ. રમણીકલાલ. સ્વ. હર્ષદભાઈ, સ્વ. જેન્તીભાઇના ભાભી. હીમા ચિરાગ સંઘવી, ધૃતિ, ખુશી વંશીતા, રુષાંગ, ધરતીના દાદી ભાડ વાંકીયા વાળા સ્વ. મોહનલાલ ભીમજીભાઈ મોદી ના દીકરી. બંને પક્ષની પ્રાર્થના સભા.તા.૧૧/૮/૨૫ ને સોમવારે સાંજે ૫ થી ૭.. સ્થળઃ લોહાણા મહાજન વાડી શંકર મંદિર ની બાજુ માં એસ.વી. રોડ કાંદીવલી વેસ્ટ મુંબઈ -૪૦૦૦૬૭ મધ્યે રાખેલ છે.

# પારસી મરણ

માહાતાબ જીમી લામ તે મરહુમ જીમીના ધનીયાની. તે મરહુમો શેરબાનું શેરીયાર ઇરાનીના દીકરી. તે ફરાહના માતાજી. તે શૈલુના સાસુજી. તે દોલત, રુહાની, દીલબર તથા મરહુમો ખુશરુ, મેરવાન, નરીમાન, યહદી, સોહરાબ, જરથોસ, આબાન ને ખુશરુના બહેન. તે ઇશીકાના મમઇ. તે શીરીન ફરીદાના ભાભી. તે દોલીના કઝીન સિસ્ટર. (ઉં. વ. ૭૪) રે. ઠે. દેવલાલી કેમ્પ, અસપેન આબાદ સોસાયટી, ફલેટ નં.૧૩, સન્સારી લેન નં-૧, નાસીક, દેવલાલી, મહારાષ્ટ્ર-૪૨૨૨૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૧-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે બાટલીવાળા અગિયારીમાં.

મીનુ નવરોજી બીલ્લીમોરીયા તે મરહુમ આલુના ધની. તે મરહુમો દીનબઇ નવરોજી બીલ્લીમોરીયાના દીકરા. તે દીલનાવાઝના પપા. તે વીસતાસપરના સસરા. તે હોમી, હોસી ને મરહુમ નોશીરના ભઇ. તે ઝરીન ને કેતીના દેર. તે મની ના જેઠ. તે ફીરોઝ ને કેઝીનના મમાવાજી. તે ગુલશન, પરસી, વીસપી, વીરાફ, પરસીસ ને શીરીનના કાકા. (ઉં. વ. ૮૮) રે. ઠે.૬૯૧, ઓલબેસ બિલ્ડિંગ, ત્રીજે માળે, ફલેટ નં.૩૦૨, દીનશા માસ્ટર રોડ, દાદર, પારસી કોલોની, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તાઃ ૧૦-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં.

સેઝરીન નોઝર ફૂલવાડીવાલા તે નોઝરના ધણીયાની. તે બેટી ઝુબીના ને બેટા જેહાનના માતાજી. તે મરહુમ નરગીસ કેકી કેરમાનીના બેટી તથા કેકી ફરેદૂન કેરમાનીના બેટી. તે મરહુમ દોલી જહાંગીર ફૂલવાડીવાલાના વહુ. તે પરસી દીન્યરના ભાભી. તે અનાહીતા જગ્ગુ પટેલ તથા બેહરામ કેકી કેરમાનીના બહેન. તથા હવોવી બેહરામ કેરમાનીના નણંદ. તે જગ્ગુ (જહાંગીર) રૂસ્તમજી પટેલના સાલીજી. (ઉં. વ. ૫૭) રે. ઠે. દુબાશ બિલ્ડિંગ, બીજે માળે, રૂમ. નં. ૧૪, ૨૨ વાડીયા સ્ટ્રીટ, તારદેવ, મુંબઇઃ ૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૮-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, બેનેટ નં-૫માં ડુંગરવાડી પર.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મુંબઇ સ્વ. અંજવાળીબેન પ્રેમચંદ છગનલાલ શાહના સુપુત્ર ધનવંતરાય શાહ (ઉં. વ. ૮૪) તા. ૮-૮-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે રંજનબેનના પતિ. સ્વ. મનસુખભાઇ, સ્વ. મણીભાઇ, સ્વ. ભોગીભાઇ, સ્વ. કાંતિભાઇ, સ્વ. છોટુભાઇ, સ્વ. ધીરુભાઇ, સ્વ. ચંદુભાઇ, સ્વ. હર્ષદભાઇના ભાઇ. તે વિપુલભાઇ, દિપેશભાઇ, રેખાબેન, અલ્પાબેનના પિતાશ્રી. સ્વ. સમીરભાઇ, રાખીબેન, શ્વેતાબેન, રાજેશભાઇના સસરા. નિયતી, પ્રતિક, અતિત, ધ્રુવીના દાદા. નિરાલી, ઉર્વિલ, ટવીકલ, હર્ષ, દ્રિષ્ટિના નાના. તે શ્વસુર પક્ષે સ્વ. નાગરદાસ તારાચંદ શાહ સુરતના જમાઇ. લૌકિક વ્યહાર બંધ રાખેલ છે.

**પાલનપુર જૈન**

હોડા (પાલનપુર) નિવાસી નવીનચંદ્ર કેશવલાલ ઝવેરી (ઉં. વ. ૭૮) તે સ્વ. રેખાબેનના પતિ. નિરવ, પાયલના પિતા. જગદીશભાઇ, રમણિકભાઇ, ડો. જયંતીભાઇ, મંજુલાબેન, સુશિલાબેન, વિમળાબેન, નિરંજનાબેનના ભાઇ. શીતલ, પ્રતિકના સસરા. રિયા, રિશા, મેહાન, શયાનના દાદા. હસમુખભાઇ, મુકેશભાઇ, શૈલુબેન, બીનાબેનના બનેવી તા. ૮-૮-૨૫ના અવસાન પામ્યા છે. લૌકિક વ્યહાર બંધ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

મારફતિયા મહેતાના પાડાના સ્વ. કેસરીચંદ બાલુભાઇ શાહના ધર્મપત્ની પ્રિયલતાબેન (ઉં.વ. ૯૮) તે તરુણભાઇના માતુશ્રી. હંસાબેનના સાસુ. કવિશા તથા ભાવેનના દાદી. આશય તથા ચાહતના દાદી-સાસુ. પિયરપક્ષે સ્વ. મોહનલાલ લલ્લુભાઇ શાહના દીકરી શુક્રવાર તા. ૮-૮-૨૫ના મુંબઇ ખાતે અરિહંતશરણ પામેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર રજનીકાંત વ્રજલાલ શાહના ધર્મપત્ની અ. સૌ. ગિરીબાળા (ઉં.વ.૭૪) તા. ૮-૮-૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે હાર્દિકના માતુશ્રી. અ. સૌ. માનસીના સાસુ તથા રેયાન્સના દાદીમા. દામિની અશ્વિન શાહના દેરાણી. વીણા રાજેશ શાહના ભાભી. પિયરપક્ષે સ્વ. પ્રભાબેન ધીરજલાલ મહેતાના સુપુત્રી. નલીન, રોહિત, દીપકના બહેન. નયના, નીતા, સોનલના નણંદ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૦-૮-૨૫ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. લવંડર બો, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ) મુકામે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાણપુર (ભેંસાણ) નિવાસી હાલ સાયન, મુંબઇ સ્વ. કમળાબેન દેવચંદ કામાણીના પુત્ર. સ્વ. ચંદ્રિકાબેનના પતિ કિશોરભાઇ દેવચંદ કામાણી (ઉં.વ.૮૮) તા. ૮-૮-૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે ધર્મેન-અમી, રૂપા-રાજીવ શેઠના પિતા. તે શ્રેયા-નીલ, શિતાંશુ-વીકીના દાદા. તે મનુભાઇ, પ્રવીણભાઇ, ડો. હરસુખભાઇ, નરેનભાઇ અને ગુણવંતીબેનના ભાઇ. તે સ્વ. જશવંતરાય વનરાવનદાસ પારેખ, બોરીવલીના જમાઇ. પ્રાર્થનસભા તા.૧૦-૮-૨૫ રવિવારના સાંજે ૪થી ૬. ઠે. એસ.એન.ડી.ટી. કોલેજ હોલ, રફી અહમદ કીડવાઇ રોડ, માટુંગા (સે.રે.) ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણના ફોફલીયા વાડાના વખતજીની શેરીના હાલે મુંબઈ સ્વ. શાન્તાબહેન કાન્તિલાલ પ્રભુદાસ(રાજુલાવાળા)ના પુત્ર પ્રવિણભાઈ (ઉં. વ. ૮૪)નું તા. ૭/૮/૨૫ના અવસાન થયેલ છે. તે સ્વ. પ્રવિણાબહેનના પતિ મિતેશ તથા પ્રતિકના પિતા. અલ્પા તથા અપેક્ષાના સસરા. નિઓમી, ક્રીશી તથા કિહાનના દાદા. સ્વ.વિનોદભાઈ, ઊષાબહેન હરીશભાઈ, સ્વ. પ્રતિભા બહેન મહેન્દ્રભાઈ, વિલાસબહેન કીરણભાઈ સ્વ.જયશ્રીબહેન બીપીનભાઈ, ગીતાબહેન પંકજભાઈ ના ભાઈ, સ્વ. મધુબહેન ના દિયર કાન્તાબહેન ચંદુલાલના જમાઈ. નિવાસ સ્થાન ૭૮/૧૮, શ્રી પાટણ જૈન મંડળ નંબર ૩, મરીન ડ્રાઇવ, મુંબઈ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા જૈન**

મોટીવાવડી નિવાસી હાલ મલાડ સ્વ. અનોપચંદ અમીચંદ શાહના ધર્મપત્ની ગં. સ્વ. ધનલક્ષ્મીબેન (ઉં. વ. ૮૯) તે ૫/૮/૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે ચંદ્રેશ, રિટા, અરૂણા, ભાવના, ભારતી, ચારૂના માતુશ્રી. જયમાલા, યોગેશકુમાર, શૈલેષકુમાર, વિજયકુમાર, સ્વ. કમલકુમાર, જીતેન્દ્રકુમારના સાસુ. પિયરપક્ષે સ્વ. ડુંગરશી મોહનલાલ શેઠના દીકરી. નૈતિક, હેના, નીલોની, શ્રેણિકના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રીના જય શશીકાંત દેઢિયા (ઉં. વ. ૩૯) તા. ૮-૮-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મણીબેન હરશીના પૌત્ર. જયા શશીકાંતના પુત્ર. ધીરેન, મિતેશના નાના ભાઈ. ગઢશીશાના હાંસબાઇ પ્રેમજી ગડાના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ૧૨ નવકાર ગણવા. નિ. મિતેશ દેઢિયા, ૫-સી, ઇન્દ્રનીલ એપાર્ટમેન્ટ, નાનપુરા, સુરત ૩૯૫૦૦૧.

નવાવાસ (દુર્ગાપુર)ના અ.સૌ.કલ્પના હસમુખ ગડા (ઉં. વ.૬૧) તા.૮-૮-૨૫ ના અવસાન પામ્યા છે. કેસરબેન નાનજીના પુત્રવધૂ. હસમુખના પત્ની. ધૈર્ય, ધ્વનિ (જુલી) ના માતા. તારાબેન દેવજીના પુત્રી. અનિલ, મુકેશના બેન. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે), ટા. ૪ થી ૫.૩૦. નિ : હસમુખ ગડા, ૪-એ, લક્ષ્મીકુંજ, મંત્રીવાડી, અમરસી રોડ, લોકમાન્ય તિલક ચોક, મલાડ (વે), ૬૪.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ મુન્દ્રાના હાલ- વલસાડ નિવાસી કુમારભાઈ લક્ષ્મીચંદ શાહ (ઉં. વ. ૬૯) બુધવાર, તા.૬.૮.૨૫ના રોજ અરિહંત શરણ પામેલ છે. સદગતની પ્રાર્થનાસભા સોમવાર, તા.૧૧-૮-૨૫. ના રોજ બપોરે ૨:૦૦ થી ૩:૩૦ દરમિયાન શ્રી કરસન લઘુ નિસર હોલ,દાદર (વે) મુકામે રાખેલ છે. સ્વ. રંભાબેન લક્ષ્મીચંદ રાજપાર શાહના સુપુત્ર. સ્વ. માલાબેનના પતિ. સ્વ.જયંતિભાઈ, પ.પૂ.મુનિ શ્રી સમર્પણદર્શન વિજયજી (ગિરીશભાઈ- સંસારીપક્ષે) ગં.સ્વ.મંજુલાબેન ગુલાબચંદ સંઘવી (ભુજ), સ્વ.માનવંતીબેન જયંતિલાલ શાહ (મુન્દ્રા), ગં.સ્વ.ટીનાબેન કિરણભાઈ શાહ (વલસાડ), પંકજબેન(પારૂલબેન) રાજેશભાઈ મહેતા (મુંબઈ) ના ભાઈ. પ.પૂ સા.શ્રી સત્યદર્શના (સોનલબેન-સંસારીપક્ષે) ના જેઠ. સ્વ. ચંદ્રાબેન ચુનીલાલ મહેતા (કલીકટ)ના જમાઈ.

દિવ્યા તથા દેવાંગ ના પિતાશ્રી. ગૌરવભાઇ તથા ચાર્મી ના સસરા. સ્વ.પ્રેમિલાબેન જયંતિભાઈ શાહ ના દિયર. જીગ્નેશભાઈ. કલાબેન, જ્યોતિકાબેન ના કાકા. પ.પૂ.મુનિ શ્રીકમલદર્શન વિજયજી (કુણાલ - સંસારીપક્ષે) તથા જૈનમ ના મોટા બાપા નિવા તથા નિવાન ના દાદા, કર્તવ્ય ના નાના. ભરતભાઈ મણિલાલ ફોફળિયા(ભુજપુર), જીતુભાઇ કરમચંદ મહેતા(બિદડા) ના વેવાઈ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ભારતનાં શસ્ત્રોની નિકાસ બમણી થવાની આશા

## ‘ઑપરેશન સિંદૂર દેશ સંરક્ષણ ક્ષેત્રે સ્વાવલંબી બન્યો હોવાનું સાબિત કરે છે’

પુણેઃ ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ)ના અધ્યક્ષ સમીર કામતે શનિવારે જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂરની સફળતાને લીધે ભારતનાં શસ્ત્રો અને સંરક્ષણ ક્ષેત્રની અન્ય સાધનસામગ્રીની નિકાસ આગામી બેથી ત્રણ વર્ષમાં બમણી થવાની આશા છે. તેમણે જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર સાબિત કરે છે કે દેશ સંરક્ષણ ક્ષેત્રે સ્વાવલંબી બન્યો છે અને દેશ વ્યૂહાત્મક દીર્ઘદૃષ્ટિ તેમ જ સ્વદેશી ટૅક્નોલૉજીની મદદથી દુશ્મનોને હરાવવા સક્ષમ હોવાનું પુરવાર થયું છે. ડિફેન્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ ટૅક્નોલૉજીના અહીં યોજાયેલા ૧૪માં દીક્ષાંત સમારંભને સંબોધતા કામતે જણાવ્યું હતું કે પશ્ચિમ ભારતના સીમાડે ઑપરેશન સિંદૂર માત્ર સૈનિકોની બહાદુરી જ નહિ, પરંતુ જવાનોને સહાય કરનારી અત્યાધુનિક ટૅક્નોલૉજીની તાકાત પણ બતાવે છે.

ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશનના અધ્યક્ષે જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર એક મિશન કરતાં ઘણી મોટી લશ્કરી કામગીરી હતી. તેણે સ્વદેશી શસ્ત્રોની તાકાત દુનિયાને બતાવી દીધી હતી.

તેમણે દાવો કર્યો હતો કે ઑપરેશન સિંદૂરમાં સેન્સર્સ, અનમેન્ડ પ્લેટફોર્મ્સ અને સુરક્ષિત સંદેશવ્યવહાર, એઆઇ પર આધારિત નિર્ણય લેતી સિસ્ટમ્સ, ચોકસાઇથી હુમલા કરી શકે એવા શસ્ત્રો, સ્વદેશી પ્લેટફોર્મ્સ વગેરેએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ઑપરેશન સિંદૂર માટે ગોઠવાયેલી સિસ્ટમ્સમાં ભૂમિ પરથી આકાશમાં છોડવા માટેના આકાશ મિસાઇલ્સ, મધ્યમ રૅન્જના ભૂમિ પરથી આકાશમાં છોડવા માટેના મિસાઇલ્સ, બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ્સ, ડી-ફૉર એન્ટિ-ડ્રોન સિસ્ટમ, આકાશમાંના દુશ્મનોના વિમાનો કે મિસાઇલોને લગતી વહેલી ચેતવણી આપતી સિસ્ટમ અને આકાશતીર સિસ્ટમનો સમાવેશ થાય છે. (એજન્સી)■

# ન્યૂ યોર્કના ટાઇમ્સ સ્કેવરમાં ગોળીબાર

ન્યૂ યોર્કઃ અમેરિકાના ન્યૂ યોર્ક શહેરના પ્રતિષ્ઠિત ટાઇમ્સ સ્કવેર ખાતે ગોળીબારની ઘટના બની હતી. જેમાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. આ માહિતી ન્યૂ યોર્ક પોલીસ વિભાગે શનિવારે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર ગોળીબારના સંબંધમાં એક વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. હજુ સુધી કોઇ આરોપ દાખલ કરવામાં આવ્યો નથી. સોશ્યિલ મીડિયા પર વીડિયોમાં લોકો ઘટનાસ્થળેથી ભાગી રહ્યા છે, પોલીસે એક વાહનને ઘેરી લીધું છે તથા જમીન પર પડેલા ઘાયલોની સારવાર થતી હોવાનું નજરે પડે છે. પોલીસે જણાવ્યું કે ઘણા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જો કે તેમની ઇજાઓ જીવલેણ ન હતી. ગોળીબારની ઘટના રાત્રે ૧-૨૦ વાગ્યે બની હતી. આ બનવાની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. ■

સૉલ ઓફ ટૂર

# આ દિવાળીએ, એક્સપ્લોર કરીએ વિયેટનામના હિડન જેમ-ફુ ક્કોકને



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

**ગયા અંકમાં મિની યુરોપ-જ્યોર્જિયાની ટૂર કરાવ્યા બાદ આ અંકમાં ઑરોરા ટૂર્સનાં મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલા વિયેટનામના એક ખજાના જેવા સ્થળ વિશે જણાવશે.**

★ **પ્રશ્નઃ ધવલભાઈ, દિવાળીની રજાઓ નજીક આવી રહી છે, શું ઔરોરા ટ્રાવેલ્સ આ વર્ષે પ્રવાસીઓ માટે કોઈ નવું સ્થળ લોન્ચ કરી રહ્યું છે?**

*ધવલભાઈ* - હા! આ તહેવારોની મોસમમાં, અમે અમારા વિયેટનામ પ્રસ્થાનોમાં એક તાજગીભર્યો ઉમેરો કર્યો છે જેની માટે અમે ખૂબ રોમાંચિત છીએ અને એ છે ફુ ક્કોકનો સુંદર ટાપુ. ક્રિસ્ટલ ક્લિયર પાણી, સફેદ રેતાળ દરિયાકિનારા અને અવિસ્મરણીય સૂર્યાસ્ત માટે જાણીતું, ફુ ક્કોક અમારા પહેલાથી જ ફેવરેટ એવા વિયેટનામના પ્રવાસમાં એક સુંદર અને આરામદાયક સ્પર્શ ઉમેરે છે. જો તમે વિયેટનામ પ્રવાસનું આયોજન કરી રહ્યા હો, તો ફુ ક્કોક એવું સ્થળ છે જે તમારે જરાએ ચૂકવું ન જોઈએ. હાનોઈ, હાલોંગ ખાડી અને હો ચી મિન્હ સિટીના સાંસ્કૃતિક અને ઐતિહાસિક ખજાના એક્સપ્લોર કર્યા બાદ આ ટાપુ એક કમ્પલિટ ટ્રોપિકલ રિટ્રીટ છે.

★ **પ્રશ્નઃ ફુ ક્કોક અત્યાર સુધી ઔરોરાના ગ્રૂપ પ્રવાસનો ભાગ કેમ નહતો?**

*ધવલભાઈ* - સરસ પ્રશ્ન! હમણાં સુધી, ફુ ક્કોક સંપૂર્ણપણે વિકસિત થયો ન હતો. થોડાં વર્ષો પહેલા, અહીં મર્યાદિત માળખાકીય સુવિધાઓ હતી વધુ હૉટેલ્સ અને રેસ્ટૉરન્ટ અથવા પ્રવાસીઓ માટે તૈયાર આકર્ષણો નહોતા, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં, ફુ ક્કોક અદ્ભુત રિસોર્ટ્સ, આધુનિક સુવિધાઓ અને ફેમિલી-ફ્રેન્ડલી આકર્ષણો સાથે એક વિશ્વ-સ્તરીય પર્યટન સ્થળમાં સંપૂર્ણપણે રૂપાંતરિત થઈ ગયું છે અને માટે જ અમને થયું કે તેને અમારી ટૂર્સમાં લાવવાનો આ યોગ્ય સમય છે.





★ **પ્રશ્નઃ તમે હવે ફુ ક્કોકનો સમાવેશ કરવાનું કેમ નક્કી કર્યું?**

*ધવલભાઈ* - આ બધું અમારા ટ્રાવેલર્સને વધુ મૂલ્યવાન અને યાદગાર અનુભવો આપવા માટે છે. વિયેટનામના ફરવાલાયક સ્થળો અને શહેરીજીવન પછી, ફુ ક્કોક નૈસર્ગિક દરિયાકિનારા પર આરામ કરવા, ટાપુ જીવનનો આનંદ માણવા અને પ્રકૃતિ અને મનોરંજનને એક સાથે જોવા માટે સંપૂર્ણ સેટિંગ પ્રદાન કરે છે જે તમને બીજે ક્યાંય મળતું નથી. ઉપરાંત આ સ્થળ પ્રવાસમાં વિવિધતા પણ ઉમેરે છે - ઇતિહાસ અને સંસ્કૃતિથી લઈને પ્રકૃતિ અને આરામ સુધી.

Experience Phu Quoc

★ **પ્રશ્નઃ ફુ ક્કોકમાં પ્રવાસીઓ જોવા અને કરવા માટે શું અપેક્ષા રાખી શકે છે?**

*ધવલભાઈ* - ઓહ, અહીં જોવા માટે ઘણું બધું છે! ચાલો હું તમને કેટલાક મસ્ટ વિઝિટ સ્થળો અને આકર્ષણો વિશે જણાવું.

વિનવન્ડર્સ ફુ ક્કોક - એશિયાના સૌથી મોટા થીમ પાર્કમાંનું એક જેમાં રોમાંચક રાઇડ્સ, વોટર પાર્ક અને એન્ટરટેઈનમેન્ટ ઝોન છે જે પરિવારો અને તમામ વય જૂથો માટે યોગ્ય છે.

સનસેટ ટાઉન અને કિસ બ્રિજ - આ એક રોમેન્ટિક સ્થાન છે જેનું સ્થાપત્ય જોવા જેવું છે. અહીં તમે મેજિકલ કિસ ઑફ ધ સી શો જોઈ શકો છો - દરરોજ સાંજે લાઇટ્સ, સંગીત, પાણી અને ફટાકડાનો ભવ્ય નજારો.

ફુ ક્કોક કેબલ કાર - વિશ્વની સૌથી લાંબી સમુદ્ર પાર કરતી કેબલ કાર, જે સમુદ્રનાં વાદળી પાણી અને નીચેના નાના ટાપુઓના આકર્ષક દૃશ્યો પ્રદાન કરે છે.

સાઓ બીચ અને લોંગ બીચ સનબેથિંગ, સ્વિમિંગ કે પછી ફક્ત શાંતિપૂર્ણ વાતાવરણનો આનંદ માણવો હોય તો સ્થળ પરફેક્ટ છે.

★ **પ્રશ્નઃ શું આવા ટાપુ પર શાકાહારી અથવા જૈન ફૂડ ન મળવાની સમસ્યા થઈ શકે?**

*ધવલભાઈ* - બિલકુલ નહીં. આ જ એ બાબત છે, જ્યાં ઔરોરા ટ્રાવેલ્સ ખરેખર અલગ પડે છે. હંમેશની જેમ, અમારા પ્રવાસો અનુભવી રાજસ્થાની મહારાજ (ભારતીય રસોઇયા) સાથેનાં હોય છે જે જરૂરિયાત મુજબ શુદ્ધ શાકાહારી અને જૈન ભોજન તૈયાર કરે છે.

★ **પ્રશ્નઃ શું ફુ ક્કોક વરિષ્ઠ નાગરિકો અને બાળકોવાળા પરિવારો માટે યોગ્ય છે?**

*ધવલભાઈ* - ચોક્કસ. અમારા પ્રવાસો બધા વયજૂથોને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવ્યા છે. ફુ ક્કોક શાંતિપૂર્ણ, સલામત છે અને આરામ અને હળવી પ્રવૃત્તિઓ બંને આપે છે. કેબલ કાર સવારી અને બીચ પર ફરવાથી લઈને શો અને બજારો સુધી, દરેક માટે કંઈક છે. ઉપરાંત, ભારતીય ગ્રૂપ સાથે મુસાફરી કરવી, ફાઈવ-સ્ટાર હૉટેલમાં રહેવું અને પરિચિત ભોજનની સુવિધાથી વરિષ્ઠ પ્રવાસીઓ અને પરિવારો માટે મહત્તમ આરામ સુનિશ્ચિત થાય છે.

★ **પ્રશ્નઃ આ વિયેટનામ + ફુ ક્કોક પ્રવાસ માટે પ્રવાસીઓએ ઔરોરા ટ્રાવેલ્સની પસંદગી શા માટે કરવી જોઈએ?**

★ **પ્રશ્નઃ કારણ કે અમે ફક્ત વેકેશન જ નહીં, પણ ચિંતામુક્ત મુસાફરીનો અનુભવ પણ આપીએ છીએ. અમારા** પ્રવાસોમાં જે ખાસ બાબતોનો સમાવેશ થાય છે એ છે -

- જૈન/શાકાહારી ભોજન માટે ભારતીય મહારાજ
- સમગ્ર પ્રવાસ દરમિયાન ફાઈવ-સ્ટાર હૉટેલ
- સિનિયર સિટિઝન અને ફેમિલી ફ્રેન્ડલી પ્રવાસ કાર્યક્રમ
- સહાય માટે ભારતીય ટૂર મેનેજર્સ
- આરામ અને નવરાશ સાથે કાળજીપૂર્વક તૈયાર કરેલા સ્થળોની મુલાકાત
- હૂંફ અને હાસ્યથી ભરેલું ગુજરાતી ગ્રૂપનું વાતાવરણ.

**પ્રશ્નઃ આ દિવાળીએ પર્યટકો માટે તમારો સંદેશ શું છે?**

*ધવલભાઈ* - જો તમે ભારતીય સુવિધાઓ સાથે ઈન્ટરનેશનલ સ્થળ પર જવાનું સ્વપ્ન જોઈ રહ્યા છો, તો આ તમારી માટે બેસ્ટ પળ છે. આ દિવાળીએ, તમારા પરિવારને વિયેતનામ અને ફુ ક્કોકની મનોહર સુંદરતામાં યાદો, હાસ્ય અને એકતાની ભેટ આપો અને બાકીનું આયોજન અને વિગતોનું ધ્યાન ઔરોરા ટ્રાવેલ્સને રાખવા દો - તમારે ફક્ત ફેસ્ટિવ સ્પિરીટ અને ફરવા માટેનો પ્રેમ સાથે લઇને આવવાનું છે.

તમારી સીટ બુક કરવા માટે આજે જ અમને કોલ કરો - ડિપાર્ચર્સ ઝડપથી ભરાઈ રહ્યા છે!

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com




# કોલકાતા રેપ અને હત્યા કેસનો ભોગ બનેલી મહિલાની માતાને ‘માર મરાયો’

## પુણ્યતિથિ નિમિત્તે શહેરભરમાં દેખાવ-વિરોધ

કોલકાતાઃ અહીં આર. જી. કર મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલની મહિલા ડૉક્ટર પરના બળાત્કાર અને હત્યાના કેસની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે શનિવારે પશ્ચિમ બંગાળના સચિવાલય ભણી યોજાયેલી કૂચ અને દેખાવ-પ્રદર્શન દરમિયાન પીડિતાની માતાને મહિલા પોલીસે ‘માર માર્યો’ હોવાનો તેમ જ તેમની બંગડીઓ તોડવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો હતો.

સચિવાલય ભણી કૂચ કરતી વખતે વિદ્યાસાગર સેતુની તરફ કૂચ કરી રહેલા ટોળાં પર કોલકાતા પોલીસે પાર્ક સ્ટ્રીટ ખાતે લાઠીમાર કર્યો હતો. પીડિતાની માતાએ આક્ષેપ કર્યો હતો કે ચારથી પાંચ પોલીસે મને ધક્કે ચઢાવી હતી અને જમીન પર પાડી દીધી હતી. તેઓએ મારી બંગડી તોડી હતી. મને કપાળમાં ઇજા થઇ હતી.

દરમિયાન, પોલીસે પીડિતાનાં માતા-પિતા પર બળનો ઉપયોગ કરાયો હોવાનો ઇનકાર કર્યો હતો. ■





# ભોપાલની કોન્વેન્ટ સ્કૂલમાં કાબા અને મસ્જિદ સાથેનો ઍલ્ફાબેટ ચાર્ટ અપાતા વિવાદ

ભોપાલ : બેબી કોનવેન્ટ સ્કૂલના પ્રિન્સિપાલે હિન્દી મૂળાક્ષરોના જે ચાર્ટ આપ્યા હતા એમાં ‘ક’ કાબાનો, ‘મ’ મસ્જિદનો અને ‘ન’ નમાઝનો એવા લખાણ હતા. મધ્ય પ્રદેશની એક કોન્વેન્ટ સ્કૂલે ઈસ્લામિક ઉલ્લેખવાળા ઍલ્ફબેટ ચાર્ટ વિદ્યાર્થીને આપતાં વિવાદમાં આવી ગઈ હતી. આ ચાર્ટ કોનવેન્ટ સ્કૂલનાં મહિલા પ્રિન્સિપાલ આઈ. એ. કુરેશીએ બાળકોને આપ્યાં હતાં. આને લીધે વિરોધ પ્રદર્શન થયા હતા અને શિક્ષણ ખાતાએ ઔપચારિક તપાસનો આદેશ આપ્યો હતો. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે શુક્રવારે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને કુરેશીનો ઘેરાવ કર્યો હતો. આ મટિરીયલ મદરેસા શાળા વાપરે છે એ પ્રકારનું છે અને આથી સ્થાનિક હિન્દુ જૂથનું એના પર ધ્યાન ગયું હતું. (એજન્સી) ■



# ઝારખંડમાં બે માલગાડી ખડી પડતાં ટ્રેન વ્યવહાર ખોરવાયો

જમશેદપુર/કોલકાતાઃ દક્ષિણપૂર્વ રેલવેના આદ્રા ડિવિઝન હેઠળ આવતા ઝારખંડના સરાયકેલા-ખારસ્વાન જિલ્લામાં શનિવારે બે માલગાડી પાટા પરથી ખડી પડી હતી. જેના કારણે કેટલીક એક્સપ્રેસ ટ્રેનો રદ કરવાની ફરજ પડી હતી. આ માહિતી એક અધિકારીએ આપી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર ઝારખંડના ચંડિલ અને નિમદિહ સ્ટેશનો વચ્ચે બે માલગાડી વિરુદ્ધ દિશામાં એકબીજાને ક્રોસ કરી રહી હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કોઇ જાનહાનિના અહેવાલ ન હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે પ્રારંભિક અહેવાલો અનુસાર બે માલગાડીમાંથી એકના કેટલાક ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા અને ડબલ લાઇન સેક્શન પર વિરુદ્ધ દિશામાં જતી ટ્રેનના મધ્ય ભાગ સાથે અથડાયા હતા, જેના કારણે તેના કેટલાક ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા.

એસઇઆરના અધિકારીએ જણાવ્યું કે શનિવારે વહેલી સવારે સર્જાયેલા આ અકસ્માતને કારણે આદ્રા ડિવિઝનના ચંડિલ-ગુંડા બિહાર સેક્શનમાં ટ્રેનોની અવરજવરને ભારે અસર થઇ હતી.

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર(આદ્રા ડિવિઝન) વિકાસ કુમારે જણાવ્યું કે માલગાડીઓ પાટા પરથી ખડી પડવાને કારણે ચંડિલથી અપ અને ડાઉન બંને ટ્રેક પર ટ્રેન સેવાઓ પ્રભાવિત થઇ હતી. એસઇઆર અધિકારીએ જણાવ્યું કે આ સેક્શન પર શક્ય તેટલી વહેલી તકે ટ્રેન અવરજવર પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો ચાલુ છે. તેમણે કહ્યું કે ઘણી અન્ય એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોના રૂટ પણ બદલવામાં આવ્યા છે કાં તો તેને અધવચ્ચે જ રોકી દેવાઇ છે. ■



# એટલાન્ટાની યુનિવર્સિટીમાં શૂટઆઉટઃ એક પોલીસ અને હુમલાખોરનાં મોત

એટલાન્ટાઃ અમેરિકાના એટલાન્ટામાં એમોરી યુનિવર્સિટીમાં ગોળીબારની ઘટના ઘટી હતી. જેમાં એક પોલીસ અધિકારી અને હુમલાખોરના મોત નીપજ્યા હતા. આ ગોળીબારની ઘટના એમોરી યુનિવર્સિટી અને યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન(સીડીસી)ના કેમ્પસ નજીક બની હતી.

એમોરી યુનિવર્સિટીના એટલાન્ટા કેમ્પસ નજીક થયેલા આ હુમલાને પગલે અમેરિકાના સૌથી સુરક્ષિત અને અગ્રણી જાહેર આરોગ્ય કેન્દ્રો પૈકીના એકમાં ભારે પોલીસ બળ તહેનાત કરવામાં આવ્યું હતું. આ હુમલામાં સીડીસીના અન્ય કોઇ સ્ટાફ કે નાગરિકો ઘાયલ થયા ન હોવાની અધિકારીઓએ પુષ્ટિ કરી હતી. ડિરેક્ટર સુસાન મોનારેઝે એક્સ પર જણાવ્યું કે સીડીસીની ઓછામાં ઓછી ચાર ઇમારતોને નિશાન બનાવવામાં આવી હતી. કર્મચારીઓ દ્વારા શેર કરવામાં આવેલી તસ્વીરોમાં એજન્સીની ઘણી ઇમારતોની બારીઓમાં ગોળીઓના નિશાન જોવા મળ્યા હતા. જ્યાં હજારો વૈજ્ઞાનિકો અને કર્મચારીઓ ગંભીર રોગો પર સંશોધન કરે છે. ■

# ૭ વર્ષથી એકેય ચૂંટણી ન લડનાર ૩૩૪ રાજકીય પક્ષની માન્યતા રદ

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે ૩૩૪ નોંધાયેલા બિન-માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને યાદીમાંથી દૂર કર્યા છે. આ પક્ષો ૨૦૧૯થી છ વર્ષ સુધી એક પણ ચૂંટણી લડવાની જરૂરી શરત પૂરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ જાણકારી ચૂંટણી પંચે શનિવારે આપી હતી.

આ પક્ષોના કાર્યાલયો પણ ભૌતિક રીતે ક્યાંય સ્થિત ન હતા. ચૂંટણી પંચે જણાવ્યું કે આ ૩૩૪ નોંધાયેલા બિન-માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો(આરયુપીપી) દેશભરના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી છે.

કુલ ૨,૮૫૪ નોંધાયેલા બિન-માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોમાંથી આ અભિયાન બાદ ફક્ત ૨,૫૨૦ જ બાકી રહ્યા છે. હાલમાં છ રાષ્ટ્રીય પક્ષો અને ૬૭ રાજ્ય કક્ષાના પક્ષો છે. આ વર્ષે જૂનમાં ચૂંટણી પંચે આવા ૩૪૫ પક્ષો સામે કાર્યવાહી શરૂ કરી હતી અને આખરે ૩૩૪ પક્ષોને યાદીમાંથી હટાવી દીધા હતા. અધિકારીઓએ જણાવ્યું કે ચૂંટણી પંચે ૨૦૦૧થી નિષ્ક્રિય આરયુપીપીને ત્રણથી ચાર વખત દૂર કર્યા છે. અગાઉ સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને રાજકીય પક્ષોની માન્યતા રદ કરવાથી રોક્યું હતું. કોર્ટે તે કાયદા હેઠળ નિર્ધારિત ન હોવાનું નોંધ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે આ કવાયત રાજકીય વ્યવસ્થાની સફાઇ કરવા અને એવા પક્ષોને યાદીમાંથી હટાવવાના ઉદ્દેશ્ય સાથે હાથ ધરવામાં આવી છે કે જે ૨૦૧૯થી કોઇ પણ લોકસભા કે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાઓ કે પેટાચૂંટણીઓ લડ્યા નથી અને જેમને ભૌતિક રીતે શોધી શકાયા નથી. આ તાજેતરનું પગલું બિહાર ચૂંટણી પહેલા લેવામાં આવ્યું છે. યાદીમાંથી દૂર કરાયેલા પક્ષો ચૂંટણી લડવા માટે તેમના ઉમેદવારોને મેદાનમાં ઉતારી શકે નહીં. ■



# ઉત્તરકાશીમાં બચાવ કામગીરીમાં હવે ચાર હેલિકોપ્ટર તહેનાત કરાયાં

ઉત્તરકાશીઃ આ અઠવાડિયાની શરૂઆતમાં ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં અચાનક પૂર અને ભૂસ્ખલન પછી ફસાયેલા લોકોને એરલિફ્ટ કરવા માટે ચાર હેલિકોપ્ટર સેવામાં મૂકવામાં આવ્યા છે.

ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન સત્તામંડળના ચાર હેલિકોપ્ટર જિલ્લાના વિવિધ સ્થળોએ આશ્રય લઈ રહેલા લોકોને બચાવવા માટે ઉડાન ભરી રહ્યા છે.

ઉત્તરાખંડ પોલીસે જણાવ્યું હતું કે શનિવારે બચાવ કામગીરીના પાંચમા દિવસે, ૧૭૦ લોકોને આઇટીબીપીના માટલી હેલિપેડ અને ૧૦૭ લોકોને ચિન્યાલિસૌર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

સત્તાવાર માહિતી અનુસાર, મંગળવારે ભૂસ્ખલન અને અચાનક પૂરને કારણે હજુ પણ આપત્તિગ્રસ્ત ધારાલી વિસ્તારના કેટલાક ભાગોમાંથી અત્યાર સુધીમાં ૧,૦૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

જિલ્લા વહીવટીતંત્રે આપત્તિ બાદ ચાર લોકોના મોત અને ૪૯ લોકો ગુમ થયાની પુષ્ટિ કરી છે.

ધારાલી અને આસપાસના વિસ્તારોમાં વીજળી પુરવઠો ભારે પ્રભાવિત થયો હોવાથી ભારતીય વાયુસેનાનું ચિનૂક હેલિકોપ્ટર શનિવારે સવારે જોલીગ્રાન્ટ એરપોર્ટ પરથી રાહત શિબિરમાં જનરેટર સેટ લઈ ગયું હતું.

અસરગ્રસ્ત વિસ્તારો સાથે રોડ કનેક્ટિવિટી સુધારવા માટે ગંગનાની નજીક લિમચીગઢ ખાતે યુદ્ધના ધોરણે બેલી બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. તેનું બાંધકામ પર રાતોરાત કામ ચાલુ રહ્યું જેથી તે આગામી ૨૪ કલાકમાં તૈયાર થઈ જાય.

ગંગોત્રી હાઇવે અનેક સ્થળોએ અવરોધિત છે અથવા તૂટી ગયો છે જેના કારણે પૂરગ્રસ્ત સ્થળ પર પડેલા ટનબંધ કાટમાળમાંથી ગુમ થયેલા લોકોને શોધવા માટે જરૂરી અદ્યતન સાધનોના પરિવહનના પ્રયાસોમાં અવરોધ આવે છે. ■



# સૅમસનને શું સૂર્યવંશીને કારણે રાજસ્થાનની ટીમ છોડવી છે?

જયપુર: વિકેટકીપર-બૅટ્સમૅન સંજુ સૅમસનને રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ની ટીમે ૨૦૨૫ની આઇપીએલમાં ૧૮ કરોડ રૂપિયા આપ્યા એમ છતાં તે આ ટીમ છોડવા માગે છે એવા અહેવાલો વચ્ચે કહેવાય છે કે તે ૧૪ વર્ષના ઓપનર વૈભવ સૂર્યવંશીને કારણે આ ટીમ છોડી રહ્યો છે. સૅમસન ઈજાને કારણે અમુક મૅચ નહોતો રમી શક્યો ત્યારે સૂર્યવંશી તેના સ્થાને ઓપનિંગમાં રમ્યો હતો અને ૩૫ બૉલમાં સેન્ચુરી ફટકારીને આઇપીએલના યંગેસ્ટ સેન્ચુરિયન બનવા સહિતના વિક્રમો કર્યા હતા. એવું પણ કહેવાય છે કે સૅમસન હવે સીએસકેમાં જતો રહેવા માગે છે. ■

# રાધા યાદવના સુકાનમાં ભારતીય ટીમ સિરીઝ હારી

સિડની: ઑસ્ટ્રેલિયામાં ભારતની મહિલા ક્રિકેટરોની ઇન્ડિયા ‘એ’ ટીમ સ્પિનર રાધા યાદવના સુકાનમાં ટી-૨૦ સિરીઝ રમી રહી છે જેમાં ભારતીય ટીમનો શનિવારે સતત બીજી મૅચમાં પરાજય થતાં ઑસ્ટ્રેલિયા ‘એ’ ટીમે સિરીઝમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી છે. ભારતીય ટીમમાં શેફાલી વર્મા, ટિટાસ સાધુ, મિન્નુ મની, સજીવન સજના અને વિકેટકીપર ઉમા ચેટ્રી જેવી જાણીતી ખેલાડીઓ છે એમ છતાં ભારતીય ટીમ પરાજિત થઈ છે. શનિવારે ઑસ્ટ્રેલિયન ટીમના ૪/૧૮૭ના સ્કોર સામે ભારતીય ટીમ ૭૩ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ■

# પાકિસ્તાની ક્રિકેટરોના એજન્ટનું ફિક્સિંગ, પાંચ વર્ષનો પ્રતિબંધ

લંડન: ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટમાં પાકિસ્તાની ક્રિકેટરોનું પ્રતિનિધિત્વ કરતા મોગહીસ અહમદ નામના એજન્ટે પોતાની પસંદગીના ખેલાડીઓને કાઉન્ટીની ટીમમાં સમાવવા કોચને કમિશન ઑફર કરીને ફિક્સિંગનો પ્રયત્ન કર્યો એ બદલ અહમદ પર ઇંગ્લૅન્ડમાં ક્રિકેટને લગતી કોઈ પણ પ્રવૃત્તિમાં ભાગ લેવા પર પાંચ વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ■

# અમદાવાદના મોદી સ્ટેડિયમ પછી હવે બેંગલૂરુને મળશે દેશનું બીજું મોટું સ્ટેડિયમ

## ૧,૬૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે અને ૮૦,૦૦૦ પ્રેક્ષકો બેસી શકશેઃ સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સમાં અનેક સુવિધાઓ



બેંગલૂરુનું એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ જેની નજીક ચોથી જૂને ધક્કામુક્કીની ઘટનામાં ૧૧ જણનાં જીવ ગયા હતા અને ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

બેંગલૂરુ: ૧,૩૨,૦૦૦ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ ધરાવતું અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ક્રિકેટ જગતનું સૌથી મોટું સ્ટેડિયમ છે અને હવે ભારતને દેશનું બીજા નંબરનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ થોડા જ સમયમાં મળશે. વાત એવી છે કે બેંગલૂરુમાં ચોથી જૂને એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની નજીક નાસભાગની જે જીવલેણ ઘટના બની (જેમાં ૧૧ જણના જીવ ગયા હતા અને ૫૦થી વધુ લોકોને ઈજા પહોંચી હતી) એને પગલે કર્ણાટક રાજ્ય સરકારે જાહેરાત કરી છે કે બેંગલૂરુમાં સૂર્યા સિટીમાં નવું ક્રિકેટ સ્ટેડિયમ બનશે જેમાં ૮૦,૦૦૦ પ્રેક્ષકો બેસી શકશે. કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ૬૮,૦૦૦ પ્રેક્ષકો બેસી શકે એટલી બેઠક છે.

રાજ્યના મુખ્ય પ્રધાન સિદ્ધારામૈયાએ જાહેરાત કરી છે કે બેંગલૂરુ શહેરની ભાગોળે સૂર્યા સિટીમાં ૧,૬૫૦ કરોડ રૂપિયાના ખર્ચે આ સ્ટેડિયમ બનશે અને એ સાથે બેંગલૂરુમાં ક્રિકેટ ક્ષેત્રે નવો ઇતિહાસ રચાશે. બેંગલૂરુ શહેરે ક્રિકેટ જગતને રાહુલ દ્રવિડ, અનિલ કુંબલે તથા કે. એલ. રાહુલ સહિત અનેક નામાંકિત ક્રિકેટર આપ્યા છે.

બેંગલૂરુમાં બનનારું સ્ટેડિયમ ભારતમાં બીજા નંબરનું મોટું સ્ટેડિયમ ગણાશે. વાસ્તવમાં બેંગલૂરુમાં આ ક્રિકેટ સ્ટેડિયમ વિશાળ સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સનો એક હિસ્સો હશે.

ત્રીજી જૂને અમદાવાદમાં આઇપીએલની ફાઇનલમાં પંજાબ કિંગ્સ (પીબીકેએસ) સામે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ વિજય મેળવ્યો એને પગલે બેંગલૂરુમાં બીજા દિવસે (ચોથી જૂને) અસંખ્ય ક્રિકેટપ્રેમીઓએ વિરાટ કોહલી સહિતના આરસીબીના ચૅમ્પિયનોને જોવાની તૈયારી કરી લીધી હતી અને સોશિયલ મીડિયા પરની જાહેરાત વાંચ્યા પછી લાખો લોકો એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ નજીક ધસી આવ્યા હતા અને ગેરવ્યવસ્થાને કારણે ધક્કામુક્કી થઈ હતી. એ ઘટનાને પગલે બેંગલૂરુને નવું વિશાળ સ્ટેડિયમ આપવાનો નિર્ણય લેવાઈ રહ્યો છે. ૧,૬૫૦ કરોડ રૂપિયાનો સમગ્ર ખર્ચ કર્ણાટક હાઉસિંગ બોર્ડ (કેએચબી) દ્વારા ઉપાડવામાં આવશે.

નાસભાગની ઘટનાને પગલે બેંગલૂરુની પ્રતિષ્ઠિત મહારાજા ટ્રોફી ટૂર્નામેન્ટને થોડા દિવસ પહેલાં મૈસૂરુમાં ખસેડવામાં આવી હતી. આ વર્ષે મહિલાઓનો વર્લ્ડ કપ ભારતમાં યોજાશે અને એની બેંગલૂરુની પાંચ મૅચ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમને નહીં મળે એવી સંભાવના છે. ૨૦૨૬ની આઇપીએલની મૅચો પણ આ સ્ટેડિયમમાં નહીં રમાય એવી શક્યતા છે.

બેંગલૂરુના નવા સ્ટેડિયમ સહિતના ખેલકૂદ સંકુલમાં આ પ્રકારની સગવડો હશે: (૧) ૮૦,૦૦૦ પ્રેક્ષકો બેસી શકે એટલી ક્ષમતાવાળું વિશાળ ક્રિકેટ સ્ટેડિયમ, (૨) આઠ ઇન્ડોર અને આઠ આઉટડોર સ્પોર્ટ્સ અરીના, (૩) અદ્યતન જિમ્નેશિયમ તથા તાલીમ-પ્રૅક્ટિસ માટેની સુવિધાઓ, (૪) ઑલિમ્પિક્સમાં હોય એવા સ્વિમિંગ-પૂલ, (૫) ગેસ્ટ હાઉસ, હૉસ્ટેલ તેમ જ હોટેલ અને રેસ્ટોરાં, (૬) આંતરરાષ્ટ્રીય ઇવેન્ટ માટે કન્વેન્શન હૉલ. ■

# ડુરેન્ડ કપમાં મોહન બગાનનો ૫-૧થી વિજય



કોલકાતામાં શનિવારે ડુરેન્ડ કપ ફૂટબૉલ સ્પર્ધામાં મોહન બગાનની ટીમે ડાયમંડ હાર્બર ફૂટબૉલ ક્લબની ટીમને ૫-૧થી હરાવીને ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ‘બી’ ગ્રૂપની આ મહત્ત્વની મૅચમાં અનિરુદ્ધ થાપાએ પ્રથમ ગોલ કર્યા બાદ લુકા માસેને પણ ગોલ કરીને સ્કોર ૧-૧ની બરાબરીમાં લાવી દીધો હતો. ત્યાર બાદ લિસ્ટન કૉલેકો, સહલ અબ્દુલ સમદ અને જેસન કમિંગ્સે ગોલ કરીને મોહન બગાનની ટીમને ગ્રૂપના વિજેતા બનાવીને ક્વૉર્ટરમાં પ્રવેશ અપાવ્યો હતો. ડાયમંડ હાર્બરની ટીમે હવે લાસ્ટ-એઇટમાં પહોંચવા અન્ય ટીમોના પરિણામો પર નિર્ભર રહેવું પડશે.

અન્ય એક મૅચમાં બૉડોલૅન્ડ એફસીએ પંજાબ એફસી ટીમને ૧-૦થી હરાવીને ડુરેન્ડ કપ સ્પર્ધાની બહાર કરી દીધી હતી. ■

# પાકિસ્તાનને બે નવા ખેલાડીએ પ્રથમ વન-ડેમાં વેસ્ટ ઇન્ડિઝ સામે વિજય અપાવ્યો

ટૅરૌબા (ટ્રિનિદાદ): અહીં વેસ્ટ ઇન્ડિઝે પાકિસ્તાન સામે સિરીઝની પ્રથમ વન-ડેમાં એવા બે ખેલાડીઓ સામે ઝૂકવું પડ્યું જેમને કૅરિબિયનો સરખા ઓળખતા પણ નહોતા, કારણકે એ બેમાંથી એક ખેલાડી સાવ નવો હતો અને બીજા પ્લેયરની આ બીજી જ વન-ડે હતી. પાકિસ્તાને શ્રેણીના આ પ્રથમ મુકાબલામાં સાત બૉલ બાકી રાખીને પાંચ વિકેટે વિજય મેળવ્યો હતો.

કરીઅરની પ્રથમ વન-ડે રમી રહેલા હસન નવાઝ (૬૩ અણનમ, ૫૪ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) અને હુસૈન તલત (૪૧ અણનમ, ૩૭ બૉલ, એક સિક્સર, ચાર ફોર) વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૧૦૪ રનની અતૂટ ભાગીદારી થઈ હતી જે કૅરિબિયન ટીમને ભારે પડી હતી.

વિકેટકીપર શાઇ હોપની કૅપ્ટન્સીમાં વેસ્ટ ઇન્ડિઝે બૅટિંગ મળ્યા બાદ ૪૯ ઓવરમાં ૨૮૦ રન કર્યા હતા જેમાં એવિન લુઇસ (૬૦ રન), શાઈ હોપ (૫૫ રન) તથા રૉસ્ટન ચેઝ (૫૩ રન)ના મોટા યોગદાન હતા. શાહીન આફ્રિદીએ ચાર અને નસીમ શાહે ત્રણ વિકેટ લીધી હતી.


પાકિસ્તાને ૪૮.૫ ઓવરમાં પાંચ વિકેટે ૨૮૪ રન કરીને વિજય મેળવ્યો હતો અને સિરીઝમાં ૧-૦ની સરસાઈ લીધી હતી.

ઉલ્લેખનીય છે કે બરાબર એક મહિના પછી યુએઇમાં ટી-૨૦નો એશિયા કપ શરૂ થશે જેમાં પાકિસ્તાની ક્રિકેટરોએ એક કે બે નહીં, પણ કદાચ ત્રણ વખત ભારત સામે ટકરાવું પડશે. ■

# સર્બિયાના જૉકોવિચને સ્પેનની મહાનગરપાલિકાએ દંડ ફટકાર્યો

## ટેનિસના બેતાજ બાદશાહે પ્રોપર્ટીમાં ગેરકાયદે બાંધકામ કર્યું હતું





મૅડ્રિડ (સ્પેન): સર્બિયાનો ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ખેલાડી નોવાક જૉકોવિચ પુરુષોની ટેનિસમાં સૌથી વધુ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂક્યો છે, પરંતુ પચીસમા ટાઇટલ માટે તે ઝઝૂમી રહ્યો છે અને આગામી યુએસ ઓપનમાં એ અપ્રતિમ સિદ્ધિ હાંસલ કરવા તે નસીબ અજમાવશે, પણ એ પહેલાં તેણે એક અંગત બાબતમાં આંચકો સહન કરવો પડ્યો છે.

સ્પેનના દક્ષિણ ભાગમાં માર્બેલા મહાનગર પાલિકા વિસ્તારમાં તેણે જે પોતાની પ્રોપર્ટી છે એમાં ગેરકાનૂની બાંધકામ કર્યું એ બદલ તેને ૧૫,૦૦૦ યુરો (આશરે ૧૬ લાખ રૂપિયા)નો દંડ ફટકારવામાં આવ્યો છે.

માર્બેલા મ્યુનિસિપલ કૉર્પોરેશને જૉકોવિચ અને તેની પત્ની યેલેના બન્નેને આ ગેરકાયદેસર બાંધકામ માટે જવાબદાર ગણાવ્યા છે.

જૉકોવિચને આ બાંધકામને કાયદેસરનું બનાવવા જરૂરી દસ્તાવેજો સાથેની પ્રક્રિયા પૂરી કરવા જણાવાયું હતું, પરંતુ તેને જે સમય આપવામાં આવ્યો હતો એ પૂરો થઈ ગયા પછી તેણે દસ્તાવેજો આપ્યા એટલે તેને દંડ કરવામાં આવ્યો છે.

જૉકોવિચ હાલમાં પરિવાર સાથે હૉલિડે મૂડમાં છે અને યુએસ ઓપન માટેની તૈયારી કરવા માગતો હોય એવું હમણાં તો કંઈ જ નથી લાગતું.

જૉકોવિચ પચીસમા ગ્રૅન્ડ સ્લૅમ સાથે નિવૃત્તિ લેશે એવું મનાય છે, પરંતુ સ્પેનનો કાર્લોસ અલ્કારાઝ અને તાજેતરની વિમ્બલ્ડનનો વિજેતા યાનિક સિનર તેના માટે અવરોધ બને એવી સંભાવના છે. ■





**ક્રિકેટરોએ ઉજવ્યો રક્ષા બંધનનો તહેવાર:** ગઈ કાલે રક્ષા બંધન નિમિત્તે મોટી બહેન રેણુ પાસે રાખડી બંધાવી રહેલો ભૂતપૂર્વ ક્રિકેટર સુરેશ રૈના (ડાબે). સુરેશ અને રેણુ આ પ્રસંગે નાનપણની મીઠી યાદોંની આપ-લે કરવાનું ક્યારેય નથી ચૂકતાં. મોહમ્મદ સિરાજ દર વર્ષે મશહૂર પાર્શ્વગાયિકા આશા ભોંસલેની પૌત્રી ઝનાઈ ભોંસલે પાસે રાખડી બંધાવે છે અને ગઈ કાલે પણ તેમણે એ અવસર માણ્યો હતો.

# સિરાજના ઘરની દીવાલ પર વિરાટ કોહલીની છેલ્લી ટેસ્ટવાળું ટી-શર્ટ!




હૈદરાબાદ: મોહમ્મદ સિરાજ બૅટિંગ લેજન્ડ વિરાટ કોહલીનો નજીકનો મિત્ર છે તથા સિરાજ તેને પ્રેરક પણ માને છે એ સૌ કોઈ જાણે છે અને એનો પુરાવો સિરાજે તેના ઘરની એક દીવાલ પર તેના સુપરહીરો કોહલીનું જે ટી-શર્ટ ટિંગાળ્યું છે એના પરથી મળે છે.

સિરાજને કારકિર્દીના ઉતાર-ચઢાવમાં ૩૬ વર્ષીય કોહલીનો ઘણો સાથ મળ્યો છે. રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) વતી રમનાર સિરાજને આઇપીએલ દરમ્યાન પણ કોહલીનો બહુ સારો સપોર્ટ હતો.સિરાજે ભૂતકાળમાં આઇપીએલના પર્ફોર્મન્સ થકી જ ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચેની બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ડેબ્યૂ કર્યું હતું અને ત્યાર પછી સિરાજે પાછળ વળીને નથી જોયું. છેક ત્યાં સુધી કે તાજેતરમાં ઇંગ્લૅન્ડમાં તેણે જસપ્રીત બુમરાહની ખોટ બે ટેસ્ટમાં નહોતી વર્તાવા દીધી. બુમરાહ બ્રિટિશરો સામેની જે બે ટેસ્ટમાં નહોતો રમ્યો એમાં સિરાજ તેમ જ આકાશ દીપ અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ ઇંગ્લૅન્ડના બૅટ્સમેનોની ખબર લઈ નાખી હતી અને ભારતને એ બે ટેસ્ટમાં જીત અપાવી હતી.

આ વર્ષની શરૂઆતમાં કોહલીએ ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધી ત્યારે સિરાજ ભાવુક થઈ ગયો હતો અને ઇન્સ્ટાગ્રામ પરની પોસ્ટમાં કોહલીને પોતાનો સુપરહીરો ગણાવીને તેના પ્રત્યેનો બંધુ-પ્રેમ વ્યક્ત કર્યો હતો. કોહલીએ છેલ્લાં થોડાં વર્ષોમાં સિરાજને જે નૈતિક ટેકો આપ્યો એનું પરિણામ સોમવારે લંડનના ઓવલ મેદાન પર જોવા મળ્યું હતું. એ દિવસે સિરાજ ભારતને વિજય અપાવીને રહ્યો હતો.

સિરાજે પોતાના ઘરની દીવાલ પર કોહલીનું ટી-શર્ટ ફ્રેમમાં સજાવીને ટિંગાળ્યું છે. કોહલી આ વર્ષની શરૂઆતમાં (જાન્યુઆરીમાં) સિડનીમાં ઑસ્ટ્રેલિયા સામેની જે ટેસ્ટમાં રમ્યો હતો એ તેની કરીઅરની અંતિમ ટેસ્ટ હતી.

# ન્યૂ ઝીલૅન્ડનો વિક્રમજનક વિજય, ઝિમ્બાબ્વેની સૌથી મોટી નાલેશી

## એક દાવમાં ત્રણ બૅટ્સમેનના ૧૫૦ રન, ૩૯ વર્ષે પ્રથમ બનાવ




બુલવૅયો (ઝિમ્બાબ્વે): ૧૯૫૫માં ન્યૂ ઝીલૅન્ડ ટેસ્ટ-ક્રિકેટના સૌથી નીચા ૨૬ રનના ટોટલમાં (ઑકલૅન્ડમાં ઇંગ્લૅન્ડ સામે) ઑલઆઉટ થઈ ગયું એ ખરાબ વિક્રમ હજી ૭૦ વર્ષે પણ નથી તૂટ્યો એટલે કિવીઓ એ બાબતમાં હજી પણ નિરાશ હશે, પરંતુ શનિવારે ઝિમ્બાબ્વે સામેની ટેસ્ટના ત્રીજા જ દિવસે મિચલ સૅન્ટનરના નેતૃત્વમાં ન્યૂ ઝીલૅન્ડે જે સિદ્ધિ મેળવી એનાથી અસંખ્ય કિવી ક્રિકેટપ્રેમીઓ આનંદિત હશે. કારણ એ છે કે શનિવારે ન્યૂ ઝીલૅન્ડે ઝિમ્બાબ્વે સામેની ટેસ્ટ એક દાવ અને ૩૫૯ રનના માર્જિનથી જીતીને પોતાનો નવો વિક્રમ રચ્યો હતો. ટેસ્ટ-ક્રિકેટમાં ન્યૂ ઝીલૅન્ડની આ સૌથી ઊંચા માર્જિનવાળી જીત છે. એણે બીજી બાજુ, ઝિમ્બાબ્વેએ ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી મોટા માર્જિનવાળો પરાજય જોવો પડ્યો છે.

ન્યૂ ઝીલૅન્ડે પોતાનો ૧૩ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો છે. ૨૦૧૨માં ઝિમ્બાબ્વે સામે નૅપિયરમાં કિવીઓએ એક ઇનિંગ્સ અને ૩૦૧ રનથી જીત મેળવી હતી અને શનિવાર પહેલાં એની આ સૌથી મોટી જીત હતી. જોકે ૨૩ વર્ષની ઉંમરના ઝૅકારી ફૉક્સે કરીઅરની પહેલી જ ટેસ્ટમાં કુલ નવ વિકેટ લઈને ન્યૂ ઝીલૅન્ડને વિક્રમજનક જીત અપાવી હતી. તેણે પ્રથમ દાવમાં ચાર અને બીજા દાવમાં પાંચ વિકેટ ઝડપી હતી.

ઝિમ્બાબ્વેએ પહેલા દાવમાં માત્ર ૧૨૫ રન કર્યા હતા જેના જવાબમાં ન્યૂ ઝીલૅન્ડે ૩/૬૦૧ના સ્કોર પર દાવ ડિક્લેર કરીને ૪૭૬ રનની તોતિંગ સરસાઈ લીધી હતી. બીજા દાવમાં ઝિમ્બાબ્વેનો ૧૧૭ રન પર રકાસ થઈ ગયો અને ન્યૂ ઝીલૅન્ડે એક ઇનિંગ્સ અને ૩૫૯ રનના રેકૉર્ડ-બ્રેક માર્જિનથી વિજય મેળવી લીધો હતો.

કિવીઓના પ્રથમ દાવમાં ત્રણ બૅટ્સમેને ૧૫૦ કે એનાથી વધુ રન કર્યા હતા: ડેવૉન કૉન્વે (૧૫૩ રન, ૨૪૫ બૉલ, ૩૩૭ મિનિટ, ૧૮ ફોર), હેન્રી નિકૉલ્સ (૧૫૦ અણનમ, ૨૪૫ બૉલ, ૩૦૫ મિનિટ, ૧૫ ફોર) અને રચિન રવીન્દ્ર (૧૬૫ અણનમ, ૧૩૯ બૉલ, ૧૯૭ મિનિટ, બે સિક્સર, ૨૧ ફોર).

કોઈ એક ટીમના એક જ દાવમાં ત્રણ બૅટ્સમેને ૧૫૦ કે એનાથી વધુ રન કર્યા હોય એવું ૩૯ વર્ષે ફરી એક વાર અને ટેસ્ટ-ક્રિકેટમાં કુલ ત્રીજી વખત બન્યું છે. આ પહેલાં, ૧૯૮૬માં કાનપુર ટેસ્ટમાં શ્રીલંકા સામે ભારતના પ્રથમ દાવમાં ત્રણ બૅટ્સમેનના ૧૫૦-પ્લસ રન હતા: મોહમ્મદ અઝહરુદ્દીન ૧૯૯ રન, સુનીલ ગાવસકર ૧૭૬ રન અને કૅપ્ટન કપિલ દેવ ૧૬૩ રન. એ મૅચમાં અઝહરુદ્દીને ૧૯૯ રનના પોતાના સ્કોર પર રવિ રત્નાયકેના બૉલમાં એલબીડબ્લ્યૂમાં વિકેટ ગુમાવી હતી.

ઝિમ્બાબ્વે છેલ્લી તમામ છ ટેસ્ટ હાર્યું છે અને ન્યૂ ઝીલૅન્ડ સામેની આ સિરીઝના ચારેય દાવમાં તેઓ ૧૭૦થી ઓછા સ્કોરમાં ઑલઆઉટ થઈ ગયા. ન્યૂ ઝીલૅન્ડે ઝિમ્બાબ્વેનો પ્રવાસ અપરાજિત રહીને પૂરો કર્યો. ટ્રાયેન્ગ્યૂલરમાં ન્યૂ ઝીલૅન્ડ તમામ મૅચો જીતીને છેવટે ફાઇનલ પણ જીત્યું અને પછી ઝિમ્બાબ્વે સામેની ટેસ્ટ-સિરીઝમાં ૨-૦થી ક્લીન સ્વીપ કરી છે. ■

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર
તા. ૧૦-૮-૨૦૨૫

કવર સ્ટોરી
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

## ટ્રમ્પના ઈન્ડિયન ઈકોનોમી વિશેના તિકડમ

# ભારત સામે ટ્રમ્પનું 'વિશેષ' ટૅરિફ યુદ્ધ: શું આ મેડનેસમાં કોઈ મેથડ છે?

**યુએસ પ્રેસિડન્ટ તરીકે સત્તા પર આવ્યા ત્યારથી ડોનલ્ડ ટ્રમ્પે ટૅરિફના નામે જે દેકારો મચાવ્યો છે એમાં એમણે ભારત પર તાકેલું ખાસ નિશાન વધુ વિવાદાસ્પદ બન્યું છે. એમના ટૅરિફના આદેશ બંધારણીય છે કે કેમ તેવા સવાલ પણ ઊભા થયા છે. એમની ડબલ ટૅરિફની ધમકી લાગુ થવા માટે હજી થોડા દિવસ બાકી છે... અત્યારે તો ટ્રમ્પસાહેબના લેટેસ્ટ તિકડમ અને તેના વિશે ચાલી રહેલી ચર્ચા વિશે જાણવા જેવું છે.**




ડોનલ્ડ ટ્રમ્પે રોજ-રોજ નવાં નિવેદન કરતા રહી બહુ આકરી રીતે ભારત સામે ટૅરિફ યુદ્ધ શરૂ કરી દીધું છે. તેના અહંકારને પહોંચેલી ઠેસને પરિણામે તે ગિન્નાયા છે અને ભારત પર ટૅરિફ ડબલ કરી રહ્યા છે, વધુ પેનલ્ટીની ધમકી સાથે હજી પણ ઘણાં આકરાં પગલાં લેવાશે એવા સંકેત આપી રહ્યા છે. રશિયા પાસેથી ભારતે ક્રૂડ ઓઈલ અને ડિફેન્સ સાધનો ખરીદવા કે વેપાર કરવા સામે તેનો આક્રોશ છે. જોકે યુરોપિયન યુનિયન સહિત અમેરિકા પોતે રશિયા સાથે વેપાર કરે છે. તેમનો વાંધો ભારત સામે જ શા માટે છે એ સવાલ સો મણનો છે.

બીજીબાજુ અમેરિકાની સુપ્રીમ કોર્ટ ટ્રમ્પના ટૅરિફ સંબંધી પગલાંને ગેરબંધારણીય ગણી રહી છે, જેને પગલે તમામ ટૅરિફ રદ થવાની શકયતા પણ ઊભી થઈ છે. અમેરિકાના સલાહકારો પણ ટ્રમ્પ ભારત સાથે અન્યાયી કે ગેરવ્યવહાર કરી રહ્યા હોવાના મત વ્યકત કરી રહયા છે.

નોંધપાત્ર વાત એ છે કે હવે તો યુએસ મીડિયા પણ ટ્રમ્પનાં નિવેદનો અને નિર્ણયો અંગે ટિપ્પણી કરતા કહે છે કે અગાઉના સમયમાં અમેરિકા ચીનને કાઉન્ટર કરવા માટે ભારત સાથે સારા સંબંધો જાળવતું રહ્યું હતું, હવે અમેરિકાનાં નવાં પગલાં આ જૂની મિત્રતાને જ બગાડી રહ્યું છે. વધુમાં ભારતના વડા પ્રધાન ચીનની મુલાકાતે જઈ રહયા છે ત્યારે ચીન અને ભારત બેઉ જણાં મળીને શું ચર્ચા કરશે કે નિર્ણયો લેશે તે જોવાનું મહત્ત્વ રહેશે. ટ્રમ્પને આ પણ ખુંચતુ હોય તો નવાઇ નહીં.

**'ડેડ ઈકોનોમી' વિશે અન્ય શું કહે છે?**

ભારતની નિકાસ આઈટમ્સ પર ૨૫% ટૅરિફ લાદવાની જાહેરાત કરતી વખતે ટ્રમ્પે ભારતની ઈકોનોમીને 'ડેડ ઈકોનોમી' ગણાવીને ભારતની વધતી જતી આર્થિક તાકાતને ઊતારી પાડવાની ચેષ્ટા કરી છે. ત્યારથી એ નિવેદન વિશે ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન બધું થઈને એમણે ભારત પર કુલ ૫૦% ટૅરિફ ફટકાર્યો છે. રશિયા સાથે ભારતના સંબંધ વધુ દૃઢ થઈ રહ્યા છે એ પણ ટ્રમ્પને કઠે છે.

ટ્રમ્પ ભારતની ઈકોનોમીને 'ડેડ' ગણાવી રહ્યા છે ત્યારે એ વિશે AI -આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ચેટજીપીટી, ગ્રોક, જેમિનિ, મેટા અને કોપિલોટ જેવા વિવિધ મંચોને પૂછવામાં આવ્યું કે 'શું ભારતની ઈકોનોમી ડેડ છે?' ત્યારે એ બધાએ એક સરખો જવાબ આપ્યો કે 'ના... કભી નહીં.!'

'ચેટજીપીટી'એ કહ્યું કે 'ભારતીય ઈકોનોમી ડેડ હોવાની વાત બાજુએ રહી, એ તો ડાયનેમિક અને એમ્બિશિયસ (મહત્ત્વાકાંક્ષી) ઈકોનોમી છે'.......'ગ્રોકે' કહ્યું, : 'ડેડ નહીં, ભારતીય અર્થતંત્ર વિશ્વમાં સૌથી ઝડપી દરે વિકસતું (ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકોનોમી) અર્થતંત્ર છે....' 'જેમિનિ' ના મતે ભારતીય ઈકોનોમી વિકાસલક્ષી છે. 'મેટા' એ પણ આ જ શબ્દોમાં સૂર પુરાવતા કહ્યું કે ઈન્ડિયન ઈકોનોમી ડેડ નહીં, ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ છે. 'કેપિલોટે' પણ આવો જ જવાબ આપ્યોં.!

**વિદેશી રોકાણકારો પણ ભારતીય બજાર માટે આશાવાદી**


આશિષ કુમાર ચૌહાણ

AIની સાથે ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર લાદેલી ભારે જકાત વિશે પોતાની પ્રતિક્રિયા વ્યકત કરતા **'નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)' ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) આશિષ કુમાર ચૌહાણ** કહે છે કે ઊંચા ટૅરિફ છતાં ભારતના બજાર માટે વિદેશી રોકાણકારો આશાવાદી છે. માર્ચ-એપ્રિલમાં ટૅરિફની જાહેરાત બાદ વિદેશી ભંડોળના પ્રવાહને બહુ નકારાત્મક અસર થઈ નથી એનાથી તો અમને પણ આશ્ચર્ય થયું છે.'

આશિષ કુમાર ચૌહાણ ઉમેરે છે કે 'કોવિડના સર્વ પ્રથમ વાર સમાચાર આવ્યા ત્યારે બજારો ૪૦% ઘટ્યાં હતાં, પરંતુ પછી ક્રમશઃ બધુ રાબેતા મુજબનું થઈ ગયું. આ જ રીતે ટ્રમ્પે જાન્યુઆરીના અંતમાં સત્તા સંભાળી ત્યારે એમનાં નિવેદનોને શરૂઆતમાં બજારોએ ઘણી પ્રતિક્રિયા આપી, પરંતુ પછી તો બજાર ટ્રમ્પનાં નિવેદનોને પચાવી ગઈ...! બીજું, આપણે અસરગ્રસ્ત પક્ષકાર છીએ એટલે એમ લાગે છે કે ટ્રમ્પ ભારત સાથે આમ કરી રહ્યા છે...એવું નથી એ યુરોપિયન યુનિયન કે જપાન કે કોરિયા જેવાં એમના મિત્ર રાષ્ટ્રો સાથે પણ 'અભી બોલા ...અભી ફોક!' જેવું વર્તન કરી રહ્યા છે!'

ટૂંકમાં જિદ્દી ટ્રમ્પ પોતાની વાત મનાવા જ આવા ખેલ કરી રહ્યા છે...

આમ ભારતની ઈકોનોમી માત્ર વિભિન્ન AI ને જ નહીં, આર્થિક નિષ્ણાતોથી લઈને સામાન્ય માનવીને પણ મજબુત લાગે છે. હા, માત્ર બે વ્યક્તિને એ ડેડ લાગે છે...એમાં એક છે 'મિસ્ટર ટ્રમ્પ' ને બીજા છે રાહુલ ગાંધી !

**બેફામ - બેજવાબદાર નિવેદનોની ભરમાર**

વાસ્તવમાં ટ્રમ્પને દુખે છે પેટમાં ને કુટે છે માથું. રશિયા સાથેના ભારતના સંબંધો એમને માફક આવતા નથી. ચીન સાથે પણ ફાવતું નથી અને આમેય ચીન સામે એમનું બહુ ચાલતું પણ નથી, કારણ કે ચીન ટ્રમ્પની બહુ પરવા પણ કરતું નથી.

બીજી બાજુ, ટ્રમ્પને ખબર નથી કે આ નવું ભારત ને મજબુત ભારત છે. આ દેશની ઈકોનોમી પણ સક્ષમ છે અને પ્રજા પણ.

યુએસ પ્રેસિડન્ટ ટ્રમ્પના શબ્દો જોઈએ તો, 'હું ભારત રશિયા સાથે શું કરે છે તેની પરવા કરતો નથી, એ બંને સાથે મળીને તેમની ડેડ ઈકોનોમીને હજુ નીચે લઈ જઈ શકે છે... ભારત સાથે બહુ ઓછો બિઝનેસ કરીએ છીએ, કારણ કે તેના ટૅરિફ વિશ્વમાં સૌથી વધુ ઊંચા છે...'

હવે આ જ અકળાયેલા ટ્રમ્પ ટૅરિફ માર્ગે ભારત પર ચોક્કસ પ્રેશર લાવવાની નીતિ દ્વારા રાજકારણ વધુ અજમાવી રહ્યા છે.

બીજીબાજુ, ભારત વિશ્વની ત્રીજી સૌથી વિશાળ ઈકોનોમી બનવા તરફ આગળ વધી રહ્યું છે. અલબત્ત, ભારતે વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે સજાગતા અને સલામતીનો અભિગમ રાખવો જરૂરી છે એવું નિવેદન તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું છે, વડા પ્રધાને દેશના ખેડુતો, નાના કદના ઉદ્યોગો, યુવાનોની રોજગારી વગેરે સમાન મુદ્દા સૌથી મોટી અગ્રતા (પ્રાયોરિટી) ને મામલે યુએસ સાથે કોઈ સમાધાન કરવા તૈયાર નથી એવું સ્પષ્ટ કહી દીધું છે. ભારત સરકારે ટ્રમ્પના તાજેતરના પગલાંને ગેરવાજબી અને અન્યાયી ગણાવ્યા છે.

હવે ભારત તેની નિકાસ વધારવા અન્ય દેશો સાથે વેપાર સંબંધો માટે નવેસરથી વાટાઘાટને ગતિ આપી રહ્યું છે. આ દેશોમાં યુરોપિયન યુનિયન, પેરુ અને ચીલી જેવા દેશનો સમાવેશ થાય છે. નિકાસના માલો પર હવે ૫૦ ટકા ડયૂટી લાગુ થઈ રહી હોવાથી અમેરિકન આયાતકારો માટે આ આયાત મોંઘી બનશે. જોકે ભારત માટે અન્ય દેશો તરફ નિકાસ વાળવાનું કાર્ય પણ સરળ નથી, એના માટે નોંધપાત્ર સમય લાગી શકે છે.

આ સંજોગોમાં આશ્વાસનની બાબત એ છે કે ભારત માટે તેની સ્પર્ધાત્મક લેબર માર્કેટ અને ભૌગોલિક સ્થિતી ફેવરેબલ છે. ભારતની યુએસમાં થતી નિકાસ એટલી અસાધારણ ઊંચી નથી કે તેના પર ટૅરિફ વધી જતા ભારતનું અર્થતંત્ર કટોકટીમાં મુકાઈ જાય. આનો ખરો ભાર તો અમેરિકન કંપનીઓને લાગવાનો છે. અર્થશાસ્ત્રીઓ માને છે કે યુએસના આ પગલાંથી ભારતને ટૂંકા ગાળામાં ક્યાંક અસર થઈ શકે, પરંતુ લાંબે ગાળે ભારત આ અસરથી મુકત થવા સક્ષમ છે, કારણ કે ભારત વિશ્વની અન્ય બજારો તરફ વળવાનો વિકલ્પ ધરાવે છે.

આજના આવા માહોલ વચ્ચે ભારતની રાજકીય સ્થિરતા, મજબૂત મેનપાવર, ઊંચો વપરાશ દર, ખરીદશક્તિ, પ્રવાહિતા, એકંદરે ફુગાવાનો નીચો દર, ઝડપી ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ, સરકારના આર્થિક સુધારાના સાતત્યપૂર્ણ અને પ્રોત્સાહક પગલાં, વગેરે પોઝિટિવ પરિબળો કહી શકાય.

હા, યુએસ ટૅરિફના આ પગલાંઓની ભારતીય ઈકોનોમી પર અસર ચોક્કસ થશે, પરંતુ તે કેટલી ગંભીર બનશે એ વિશે હાલ કહેવું વહેલું ગણાશે. એ નક્કી છે કે ભારત-અમેરિકાના સંબંધો નવું સ્વરૂપ ધારણ કરી ચુકયા છે. ભારત સામે હાલ તો આ મુદો પડકાર બનીને ઊભો રહી ગયો છે. અલબત્ત, ભારત તેનો સામનો કરવા સક્રિય અને સક્ષમ બની રહ્યું હોવાની આશા જરૂર રાખવા જેવી ખરી.

### ટ્રમ્પનો ક્રોધ-અહંકાર આસમાને... ભારત સાથે વાટાઘાટનો પણ કર્યો ઈનકાર!

આ લખાઈ રહ્યું છે ત્યારે આવેલા અહેવાલ મુજબ ટ્રમ્પે જયાં સુધી ટૅરિફનો મામલો ઉકેલાય નહી ત્યાં સુધી ભારત સાથે કોઈ પણ પ્રકારની વેપાર વાટાઘાટ કરવાનો પણ ઈન્કાર કરી દીધો છે... હકીકતમાં આ મહિનાના અંતમાં અમેરિકન ટીમની ભારત આવવાની વાત હતી, પણ હવે ...

જાણકારો કહે છે કે ભારતે ટ્રમ્પની અત્યાર સુધીની તમામ જાહેરાતો-ધમકીઓનો કોઈ પ્રતિભાવ ન આપતા રહસ્યમય મૌન સાધી લીધું. એ ઉપરાંત આપણે રશિયા સાથે વેપાર ચાલુ રાખતા તેમ જ કૃષિ અને ડેરી સેકટરના વિષયમાં યુએસ સાથે કોઈપણ પ્રકારના સમાધાન કરવાની તૈયારી નહીં બતાવતા ટ્રમ્પના અહંકારને વધુ ઠેસ પહોંચી છે તેથી એ ભારત પર દબાણ વધારવા આ નવું શસ્ત્ર અજમાવી રહ્યા છે. ■


---



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# ઓશન પૂલ્સ શું છે?

**અમુક વાર સ્થળ તેનો સંપૂર્ણ આત્મા ઉજાગર કરતો નથી, પરંતુ શાંત વાર્તા અને અણધાર્યા વળાંકો સાથે ધીમે ધીમે ઉજાગર કરે છે.**



મેં એકથી વધુ વખત સિડનીની મુલાકાત લીધી છે અને દરેક વાર કાંઈક નવું મેળવ્યું છે. પ્રથમ નજરે સિડની એ ઓપેરા હાઉસના સઢ જેવા વળાંકો, હાર્બર બ્રિજ જેવી લોખંડની કમાન અને વર્તુળાકાર ખાડીમાંથી સેર કરતી ફેરીઓ જેવાં પ્રતીકોનું શહેર છે. જોકે મુકામ થોડો વધુ વધારશોતો તેના દરિયાકાંઠા પરથી વોક કરો અને શહેર તેની ભીતરની બાજુ આપોઆપ ઉજાગર કરશે.

કારણ કે પ્રવાસ એ ફક્ત તમે જુઓ તે નથી, પરંતુ આપણે ધીમા પડીએ અને તેને બોલવા દઈએ ત્યારે તે સ્થળ આપણને શું કહે છે તે વિશે છે. સિડની તે જ બોલે છે. આજે હું મારી જોડે રહેનારી, મને આશ્ચર્યમાં ગરકાવ કરનારી અને મને ફરી ફરી જોવડાવનારી આવી જ ચાર વાર્તાઓ વિશે તમને જણાવવા માગું છું. આ વાર્તાઓએ સિદ્ધ કર્યું છે કે સિડની ફક્ત નકશા પરનું સ્ટોપ નથી, પરંતુ તે સતત લંબાતું રહેતું શહેર છે.

**સિડનીના ઓશન પૂલ**

મેં પહેલી વાર સિડનીમાં ઓશન પૂલ જોયો ત્યારે સહેજ મૂંઝાયો, કારણ કે તે સ્વિમિંગ પૂલ જેવો દેખાતો હતો, પરંતુ જિમ અથવા હોટેલની પાછળ નહોતો, પરંતુ તે દરિયાકાંઠાના ખડકની ધાર પર, સમુદ્રના પાણીથી ભરેલો અને અથડાતી લહેરોથી થોડા મીટર જ દૂર હતો.

અહીં કોઈ પ્રવેશ ફી નહીં. કોઈ ધામધૂમ નહીં. ફક્ત સ્થાનિકો સ્થાનિકો તેમાં તરતા જોવા મળે છે, જે દુનિયામાં સૌથી સાધારણ બાબત જેવું લાગે છે. તે સમયે મને ભાન થયું કે સિડનીની આ જ તો ખૂબી છે.

તો, આ ઓશન પૂલ શું છે? સરળ શબ્દોમાં કહું તો આ દરિયાકાંઠામાં અને સમુદ્રના નૈસર્ગિક પાણીથી ભરેલો માનવસર્જિત પૂલ છે.ક્લોરિન અને ટાઈલ્સને બદલે તમને ખડકની દીવાલો, નૈસર્ગિક મીઠાનાં પાણી અને મહાસાગરનો એકધાર્યો ઘુઘવાટ સાંભળવા મળે છે.

અમુક સીડીઓ ધરાવે છે, અન્યો ખડકથી કંડારવામાં આવેલાં પગથિયાં ધરાવે છે, પરંતુ બધા જ અણધાર્યાં મોજાં અથવા સમુદ્રિજીવન વિનાનો મહાસાગર પ્રદાન કરે છે. સિડની આસપાસ ક્લિફ્ફ્સ ઓફ બ્રોન્ટેથી બોંડી અને કૂજી સુધી આવા 30 પૂલ છે.

ઘણા બધા 20મી સદી પૂર્વેના છે, જે સર્ફની સ્થિતિઓ મુશ્કેલ બને ત્યારે સ્વિમિંગ માટે સુરક્ષિત વિકલ્પો તરીકે નિર્માણ કરાયા હતા.સમયાંતરે તે સિડનીની ઓળખનો હિસ્સો બની ગયા છે.

સ્થાનિકો વહેલી સવારે સ્વિમિંગ માટે જાય છે, પર્યટકો દરિયાકાંઠે વોક પર જાય છે અને ફોટોગ્રાફરો પૂલ, સમુદ્ર અને આકાશનેચમત્કારી ફ્રેમમાં મઢી લેવા માટે સૂર્યાસ્ત સમયે પહોંચી જાય છે.

રૂફટોપ ઈન્ફિનિટી પૂલ્સનું ઘેલું ધરાવતી આ દુનિયામાં સિડનીના ઓશન પૂલ અલગ કારણોસર ચમકે છે,જે નમ્ર, કાર્યશીલ અને ઊંડાણથી નિસર્ગ સાથે જોડાયેલા છે.

**પ્રતીક જે લગભગ સર્જાયું જ નહોતું**

જો તમે મારી પ્રવાસની વાર્તાઓ વાંચતા હોય અથવા પોડકાસ્ટ ટ્રાવેલ, એક્સપ્લોર, સેલિબ્રેટ લાઈફ સાંભળતા હોય તો તમે જાણી ગયા હશો કે મને પ્રતીકાત્મક સ્થળો પાછળની વાર્તાઓ ગમે છે. અમુક સિડની ઓપેરા હાઉસની વાર્તા જેવી જ નાટકીય હોય છે.

દુનિયાની આ સૌથી પ્રસિદ્ધ ઈમારતમાંથી એક છે. તેના શિલ્પરૂપી સઢ સપનાની જેમ બંદર પરથી ઊગે છે. જોકે 1957માં તેનું ભાગ્ય અનિશ્ચિત હતું.

તે વર્ષે નવી સાઉથ વેલ્સ સરકારે પરફોર્મિંગ આર્ટસ સેન્ટર માટે આંતરરાષ્ટ્રીય ડિઝાઈન સ્પર્ધા રજૂ કરી. 230 એન્ટ્રીમાં અત્યંત અજ્ઞાત ડેનિશ આર્કિટેક્ટ જોર્ન ઉત્સુઝોની ડિઝાઈન પણ તેમાં હતી. તેની ડિઝાઈન બોલ્ડ, સંકલ્પનાત્મક અને અધૂરી હતી. આથી તે નકારી કાઢવામાં આવી.

આ પછી ભાગ્યનો પ્રવેશ થયો. નિર્ણાયકમાંથી એક ફિનિશ - અમેરિકન આર્કિટેક્ટ એરો સારિનેન મોડેથી આવ્યા.ત્યાં સુધી પસંદ કરાયેલી ડિઝાઈનથી નાખુશ થઈને તેણે સર્વ નકારી કાઢી, પરંતુ ઉત્ઝોનની ડિઝાઈને તેનું ધ્યાન ખેંચ્યું.સારિનેને પેનલને તેની પર પુન:વિચાર કરવા કહ્યું અને આ રીતે ઈતિહાસ બદલાઈ ગયો.

નિર્માણ જોકે આસાન નહોતું. ટેક્નિકલ, રાજકીય પડકારો અને ખર્ચે પ્રોજેક્ટને ગ્રહણ લગાડી દીધું. ઉત્ઝોને આખરે ઓસ્ટ્રેલિયા છોડી દીધુંઅને પૂર્ણ કરાયેલું ઓપેરા હાઉસ જોવા માટે પાછો આવ્યો નહીં કે તે તરફ જોયું પણ નહીં.

આખરે 1973માં તે ખોલવામાં આવ્યું ત્યારે તે સીમાચિહન જ નહીં પરંતુ બોલ્ડ વિઝન અને જોખમી સપનાંનું પ્રતીક બની ગયું.2003માં ઉત્ઝોનને મરણોત્તર આર્કિટેક્ચરનો સર્વોચ્ચ પુરસ્કાર પુલિત્ઝર ઈનામ એનાયત કરાયો. ઓપેરા હાઉસને વિધિસર રીતે20મી સદીની સૌથી ઉત્તમ ઈમારતમાંથી એક તરીકે માન્યતા મળી.

આજે ઓપેરા હાઉસમાં બેલે, થિયેટર, ઓપેરા અને સામુદાયિક કાર્યક્રમો યોજાય છે, જ્યાં દર વર્ષે 10 મિલિયનથી વધુ મુલાકાતીઓ આવે છે.તે ઓસ્ટ્રેલિયાના ક્રિયાત્મક જોશનું ગૌરવશાળી પ્રતીક તરીકે ઊભું છે.

**પહાડીઓ બ્લુ કઈ રીતે હોઈ શકે?**

સિડનીની પશ્ચિમે જૂજ કલાકે ઓસ્ટ્રેલિયાનું સૌથી પ્રતીકાત્મક નિસર્ગસૌંદર્ય વસેલું છે - બ્લુ માઉન્ટન્સ.રેતીના પથ્થરોના ખડકો, ઊંડી ખીણ અને નિરંતર નજારા સાથે તેણે દાયકાઓથી પ્રવાસીઓ અને ફોટોગ્રાફરોને આકર્ષિત કર્યા છે. જોકે ઘણા બધા પહેલી વારના પર્યટકો સમાન પ્રશ્ન પૂછે છે - તે આટલા બ્લુ કઈ રીતે દેખાય છે?

ઉત્તર વિજ્ઞાનમાં રહેલો છે. બ્લુ માઉન્ટન્સ નીલગિરિનાં જંગલોમાં ઢંકાયેલા છે. ગરમ દિવસોમાં આ ઝાડ હવામાં તેલનાં ઝીણાં ટીપાં છોડે છે.આ કણો સૂર્યપ્રકાશ અને ધૂળ સાથે મિશ્રિત થતાં ટૂંકી લહેરી કિરણો તરીકે વિખેરાય છે, જે મોટે ભાગે બ્લુ હોય છે.

આ જ રીતે આકાશ બ્લુ દેખાય છે. અહીં જ તે આખી પર્વતમાળા ધુમ્મસિયા રંગોમાં રંગે છે. વહેલા યુરોપિયન વસાહતીઓને તેઓ તેનું કારણ સમજ્યા તેના પણ બહુ અગાઉ રંગ દેખાયો હતો.

1800માં બ્લુ માઉન્ટન્સ સુંદર સાથે અભૂતપૂર્વ નૈસર્ગિક દીવાલ જેવા દેખાતા હતા, જે આંતરિક વિસ્તરણને અવરોધતા હતા. 1813 પછી જ શોધકો બ્લેક્સલેન્ડ, લૉસન અને વેન્ટવર્થે આ માર્ગ શોધી કાઢ્યો હતો.

આ અવસર ઓસ્ટ્રેલિયાના વસાહતી ઈતિહાસમાં ટર્નિંગ પોઈન્ટ બની ગયો, જેણે આંતરિક વસાહતીઓ માટે માર્ગ બનાવી આપ્યોઅને આખરે રેલવે લાઈન બની જે આજે પણ શિખરો પર ચઢે છે.

આજે બ્લુ માઉન્ટન્સ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે અને સિડનીવાસીઓ માટે વહાલું ફરવાનું સ્થળ છે. તમે ઈકો પોઈન્ટ પરઊભા રહીને થ્રી સિસ્ટર્સ અથવા સીનિક રેલવે જેમિસન ખીણમાં નીચે ઊતરતી જોતા હોય, તેનું નૈસર્ગિક સૌંદર્ય તમને ક્યારેય નિરાશ નહીં કરશે.

**નવા વર્ષની પૂર્વસંધ્યાએ આતશબાજી**

નવી વર્ષની પૂર્વસંધ્યાની આતશબાજી અને સિડની એકબીજા સાથે જોડાયેલા છે.

દર વર્ષે 31મી ડિસેમ્બરની રાત નજીક આવતાં સિડની આકર્ષણનું કેન્દ્ર બની જાય છે. નવા વર્ષને આવકારતાં દુનિયામાં પ્રથમ શહેરમાંથી તે એક છે અને તે આ મંત્રમુગ્ધ શૈલીમાં કરે છે.

હાર્બર બ્રિજની ઉપર આતશબાજી થાય છે, જે ઓપેરા હાઉસને ઝળહળાટ કરાવી દે છે અને પાણીમાં તેનું પ્રતિબિંબ પડે છે,જે ફિલ્મી છે અને મંત્રમુગ્ધ કરી દે છે. જોકે આ આતશબાજી પૂરતું સીમિત નથી, તે અચૂકતા, ભાવના અને ઉજવણી વિશે છે.

લાખ્ખો લોકો હાર્બર આસપાસ ભેગા થાય છે, ઘણા બધા તો ઉત્તમ નજારો જોવા માટે કલાકો અગાઉથી પહોંચી જાય છે.અને લાખ્ખો વધુ લોકો આ નજારો જોવા માટે દુનિયાભરમાંથી આવે છે.

આ આખા દિવસની ઉજવણી તેને વધુ વિશેષ બનાવે છે. એર શો, ઘરેલુ સમારંભો, રોશનાઈનું પ્રદર્શન અને પરિવારો માટેવિશેષ 9 પીએમ શો મધરાત્રે ભવ્ય ફિનાલેમાં લઈ જાય છે. મોટે ભાગે સંગીત અને વાર્તાકથન સાથે સમન્વય સાધતાંતે ઓસ્ટ્રેલિયન સંસ્કૃતિ અને ક્રિયાત્મકતા પ્રદર્શિત કરે છે.

હોટેલો મહિનાઓ અગાઉથી ઊભરાઈ જાય છે. હાર્બર ક્રુઝ ઝડપથી બુક થઈ જાય છે. અને લોકો તે રાત્રે સિડનીમાં રહેવા માટે જ સંપૂર્ણ ટ્રિપનું નિયોજન કરે છે અને નિખાલસતાથી કહું તો તે મૂલ્યવાન બની જાય છે.

**આખરી વિચાર**

તમે મુલાકાત લો છો તે સિડની ફક્ત શહેર નથી, પરંતુ તે તમારી સાથે રહેતું શહેર છે. ખડકોમાં કંડારેલો ઓશન પૂલ હોય,લગભગ અસ્તિત્વમાં નહીં હોય તેવી ઈમારત હોય, બ્લુ દેખાવ ધારણ કરતી પહાડીઓ હોય કે દુનિયાને ઝળહળાવી મૂકતી આતશબાજી હોય,સિડની તમારી યાદીમાં ઘૂમરાયા કરવાની રીત શોધી કાઢે છે.

જો તમને આ વાર્તાઓ વાંચવાનું ગમતું હોય તો મારા નો ધ અનનોન અને ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફ પોડકાસ્ટ જરૂર જુઓ.

ત્યાં સુધી જીવનની ઉજવણી કરતા રહો.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

ઑસ્ટ્રેલિયા એટલે વીણા વર્લ્ડની ખાસિયત! હજારો પર્યટકો એ અનુભવી પણલીધું છે. તો હવે તમારું વારોકેમ નહીં?

| ઓલ ઈન્કલુસિવ ગ્રુપ ટૂર્સ | | | | |
|---|---|---|---|---|
| બેસ્ટ ઑફ ઑસ્ટ્રેલિયા (9D) Oct 26, Nov 9 358000 | સ્પ્લેન્ડર્સ ઑફ ઑસ્ટ્રેલિયા 10 Days - Nov 3 365000 | વન્ડર્સ ઑફ ઑસ્ટ્રેલિયા 11 Days - Oct 4 375000 | જ્વેલ્સ ઑફ ઑસ્ટ્રેલિયા 13 Days - Feb 26 440000 | ઑલ ઑફ ઑસ્ટ્રેલિયા (15D) Oct 13, Nov 7 515000 |
| **પ્રાયવેટ કસ્ટમાઈઝ્ડ હોલિડેઝ** | | | | |
| ગો બિયોન્ડ મેલબોર્ન - સેલ્ફ ડ્રાઇવ - 7 Days 105000 | સિડની એન્ડ બ્લૂ માઉન્ટન્સ - 6 Days 115000 | ગોલ્ડ કોસ્ટ એન્ડ કેર્ન્સ વિથ ગ્રેટ બેરિયર રીફ 6 Days - 115000 | પર્થ વિથ પિંક લેક એન્ડ માર્ગરેટ રિવર સેલ્ફ ડ્રાઇવ 9 Days - 160000 | સિડની વિથ પોર્ટ સ્ટીફન્સ એન્ડ હન્ટર વેલી 7 Days - 175000 |

*T&C Apply

Email: travel@veenaworld.com veenaworld.com | Toll-Free: 1800 313 5555 | 1800 22 7979

હાઇલાઇટ્સ ઑફ ઑસ્ટ્રેલિયા @₹200000 7 દિવસ - 27 સપ્ટેમ્બર ઓલ ઇન્ક્લૂસિવ મુંબઈ થી મુંબઈ

Book Online 365 days 24x7 Visit veenaworld.com

વીણા વર્લ્ડ ઑસ્ટ્રેલિયા ચાલો, બૅગ ભરો, નીકળી પડો!

VEENA WORLD Travel. Explore. Celebrate Life.

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ખૈરાત ચાલે છે



આપણે જેને સાવ અક્કલમઠા, અસ્થિર મગજના અને ઐયાશીબાજ ગણી લઈએ કદાચ એવા એક ‘જય ગુરુદેવ’નો એટલો સુંદર મેસેજ મારી આંખને જોવા મળ્યો કે આંખ લગભગ પાવન થવા પર પહોંચી ગઈ. ‘તું તારી માને ઘરડાઘર કેમ લાવ્યો છે?’ ના ‘ગુરુ’ના સવાલના જવાબરૂપે પરિણીત પામર બોલે છે કે નબળી સ્થિતિ હોવાથી અને પત્ની અને માને ૩૬નો આંકડો હોવાથી... આના જવાબમાં છેલછોગાળો ‘ધર્મ’જન સિક્સર ફટકારે છે કે તો પત્નીને વૃદ્ધાશ્રમ મોકલી આપ, કહીદે કે તું જા ઘરડાઘર, હું તો મારી મા સાથે રહીશ, જે માએ તને ગર્ભથી બહાર મૂકી મોટો કર્યો, યોગ્ય બનાવ્યો, માલિશ કર્યાં, ધબકારા ગણ્યા અને ગણતી જ રહી એ માને તું ઘરડાઘર દેખાડે છે? આ તો તારા પુત્રનાં વ્યક્તિત્વની આગળ ‘કુ’ લગાડવાની વાત આવી પહોંચી. ‘પુત્ર’ વદે છે કે નાણાકીય અને શારીરિક અશક્તિને લીધે મને સહારો મળે એવો માણસ હું રાખી શકું એમ નથી... અહીં છેલછોગાળો ખરેખર સાધુ બનીને બોલે છે કે પત્ની તો છે ને? પત્ની, પતિ અને સાસુ બન્નેને ના સંભાળી શકે? આ એ જ મા ને? કે જેણે તને આંગળી ઝાલીને ચાલતા શિખવાડ્યું, ભણાવ્યો, શું શું ન કર્યું... સમજાવી નહીં તેં તારી પત્નીને? ‘સમજાવી...’ ‘નહીં સમજી?’ ‘ના...’ અને પછી મારે છે મહારાજ એક મૂંગો ફટકો કાળજા પરઃ ‘અહીં બેઠેલી અને આ જોતી દરેક સ્ત્રીને હું એટલું કહું કે દરેક સ્ત્રીને દુઃખ દેવા પુરુષ સમર્થ જ નથી, સ્ત્રીને સ્ત્રી જ દુઃખ આપી શકે અને આપે છે.’

હું તો ઘા ખાઈ ગયો. સાવ કમર્શિયલ થઈ ગયેલા, અબજ રૂપિયાનું ટર્નઓવર ધરાવતા ‘ધર્મ’ના સ્ટેજ પરથી આવો અર્ક!!! અને એ પણ કેવા છોગાળા વ્યક્તિ તરફથી!!!

*કરો પહેલાં જરા મંથનની પ્રક્રિયા તો સંભવ છે*
*ધુમાડામાં ને ધુમ્મસમાંથીયે રત્નો મળી આવે*

**-મનોજ ખંડેરિયા**

આજે આ વિષય તમારી સાથે જે છેડ્યો છે એનો આજનો વિલાસ તો અન્ડરહેન્ડ બોલિંગનો છે. બહુ ભારેખમ વિષય પર આવતા પહેલાં તમને થોડા routine રમાડી લઉં.

તમને ખબર છે જે સૌથી વધુ નિશ્ચિત છે જન્મ્યા પછી-મોત, એનાથી આખી દુનિયા સૌથી વધુ ડરે છે. આવો અદ્‌ભુત સૂર્યોદય દરરોજ થાય છે, આવો સુંદર દિવસ રોજ ઊગે છે, આવા કેસરિયા બાલમના દર્શન રોજના છે, પંખીઓના ચહેકાટ-કબૂતરોનું ગુટરગૂં-ચકલીનું ચીંચીં-મોર પરિવારની ટહેલ રોજ સવારે છે જેટલું નિશ્ચિત એટલો જ નિશ્ચિત છે સૂર્યાસ્ત, એ હજીય ઘણાં સમજે છે પણ આવનારા અને અત્યારના જીવનના વિરામ તરીકેના મોતથી બધા ગભરાય જ છે. રોજ સવારે જાતને એમ કહીને જાગવું કે આજે એક વધુ દિવસ જીવવા મળ્યો, એક વધુ વાર સૂર્યદેવને ઘણી ખમ્મા... અને પછી જો તું જાદુ... અને સાંજ પડે ને બે પાંચ ક્ષણ પૂરતું જો અસુખ જેવું કદાચ લાગે તો તરત જ બોલી દેવું કે હે જગત નિયંતા! આજનો આવો સુંદર દિવસ દેખાડવા બદલ તારો આભાર મારી ભાષામાં માનુંઃ થેન્ક યુ! અને પછી જુઓ ચમત્કાર... મનમાંથી આઠ દસ સુગંધો આખા અસ્તિત્વમાં ફેલાવા ના માંડે તો મારું ગળું પકડજો... દસ બાર અંધારી કે અર્ધઅંધારી રાત પછીની ચાંદનીને ફક્ત જોયા કરવાને બદલે એ રાતને આમ સંબોધો તો કેવું!!!

*અજબની દેણ ઈશ્વરની અને સોગાત ચાલે છે*
*મુલાયમ ચાંદનીમાં રાતની રળિયાત ચાલે છે*

*અસલની ખાનદાની હોય છે એ જાત ચાલે છે*
*પટોળે જે પડી એવી ને એવી ભાત ચાલે છે*

*પ્રથમ થોડો વખત વાદળ વરસતાં હોય છે, એ બાદ*
*ધરા લીલીને જોતાં ઈશનો અશ્રુપાત ચાલે છે*

*સ્વીકારે છે કયા ભવની હૂંડી? અદૃશ્ય રહીને કોણ?*
*બધાં ખાલી છે કોઠારો, છતાં ખૈરાત ચાલે છે.*

**કેટલી બધી મુંઝવણ છે ! ચારે બાજુ સતત પુરવાર કરવા મથતા (૮૦૦ કરોડ લોકોમાંથી)૯૦ % ક્લિપ-રીલ-પોસ્ટ-ઓડિયો મૂક્યે જાય છે, નેતાઓ સતત તણાવમાં છે કે દેશ ચલાવવો? કે ચૂંટણી જીતવી? કે લાંચ લેવી? બાવા-સાધુ-પીર-સ્વામી-બાપુ-મુલ્લા-પાદરી કુળ સતત ચિંતામાં છે કે ધર્મનો ‘ધંધો’ કેમ રે પહોળો કરવો. ભાષાનો શૃંગાર એવાં સાહિત્યના ખેડુઓ અવનવા ઇનામ અકરામ કેમ પાળેલાઓને હસ્તગત કરાવવા અને અન્યોને, ખાસ કરીને માર્ગદર્શનવાંછુઓને કેમ પછાડવા એ વાતે મુગ્ધ છે અને આ બધા વચ્ચે ભિખારણોના ભટુરિયાં બહુ લહેરથી બપોરની સહેજ સુમસામ સડક પર, નાકથી સતત વહેતો ચહેરાનો શણગાર યથાવત્ રાખી પ્રત્યેક ક્ષણનું એક કરોડ રૂપિયાનું હસી રહ્યાં છે. હું તો આ અબજો રૂપિયાનો અરક્ષિત પડેલો હકાર લૂંટવા આ ચાલ્યો... આવવું છે તારે?!**

આજે આટલું જ... ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા**

કોરોનાના ભયથી થરથર ધ્રૂજતા પગે ડ્રોઇંગ રૂમમાં આંટા મારી રહેલા કેશુકાકાને એમ્બ્યુલન્સનો કર્કશ અવાજ સંભળાયો....એ ફફડી ઉઠ્યા....પલંગની કોર પકડીને બેસી ગયા. એમને નિર્મલને લઇ જતી એમ્બ્યુલેન્સ દેખાવા લાગી. નિર્મલનું શું થયું હશે? એને કઇ હોસ્પિટલમાં લઇ ગ્યા હશે? હુંય મૂરખનો સરદાર....પ્લેનમાં આટલો વખત હારે હતા, પણ ફોન નંબર નો લીધો. કેશુકાકાને આ વાતનો મોટો ખટકો રહી ગયો હતો. કઇ હાસ્પિટલ હશે કદાચ કિસનને ખબર હશે. એનો પોતાનો હેલ્થવેલ્થ મેડીકલ સ્ટોર છે. એટલે એને હોસ્પિટલની જાણ હોય જ. એટલામાં કાશ્મીરા કિલ્લોલને લઇને રૂમમાં દાખલ થઇ. કેશુકાકાએ પૂછ્યુંઃ ‘કિસન ક્યાં છે?’

‘એ તો દુકાને ગયા. આજકાલ આઠ વાગ્યામાં મેડીકલ સ્ટોર ખોલે છે.’

‘કોરોનાના દરદીઓને કઇ હોસ્પિટલમાં લઇ જાય છે તને એની કાંઇ ખબર છે?’

કાશ્મીરા એકદમ વિચારમાં પડી ગઇ. એને થયું....શું પપ્પાને પોતાને કોરોના થયો હોવાની શંકા હશે?

‘ના, મને ખબર નથી...તમારે કેમ જાણવું છે?’

‘ના રે ના, ઇતો અમથો પૂછું છું.’ કાશ્મીરાને એમનો જવાબ ગળે ન ઉતર્યો.

એણે વાત કઢાવવાના પ્રયાસમાં કહ્યુંઃ ‘અરજન્ટ હોય તો આપણે ફોન કરીને જાણી લઇએ. એને તો આવી બધી ખબર જ હોય.’

‘અરે ના બાપલા ના, એવી કોઇ ઉતાવળ નથી....આ તો એમ જ વિસાર આયવો... કિસન આવે પછી વાયત.’ એવું કહીને તેઓ કિલ્લોલને દૂરથી રમાડવા લાગ્યા. એમને કિલ્લોલને દૂરથી રમાડતા જોઇને કાશ્મીરાને કોરોનાની ગંધ આવી...ઓ બાપરે શું પપ્પાજીને કોરોના....એ કિલ્લોલને લઇને ઝડપથી અંદર જતી રહી.

****************

સવારની શિફ્ટમાં જયમાલાની જગ્યાએ હાજર થયેલી નર્સ જ્યોતિએ ડો. શાહની કેબિનનો દરવાજો અડધો ખોલીને બહાર ઊભા ઊભા કહ્યુંઃ ‘સર, પુણે લેબ સે રિપોર્ટસ આ ગયે હૈ.’ નર્સે એમના ટેબલ પર રિપોર્ટસના પ્રિન્ટઆઉટની કોપીઓ મૂકી. એમની સામે બેઠેલો સોલંકી ઊભો થઇ ગયો. નર્સ બહાર નીકળી ગઇ. ડો. શાહ રિપોર્ટસ પર નજર કરવા માંડ્યા.

આ દરમિયાન કોમન બાથરૂમમાંથી બહાર નીકળેલા ઇલિયાસે નર્સની વાત સાંભળી લીધી. એના દિલના ધબકારા તેજ થઇ ગયા. એ વોર્ડમાં જઇને બેડ પર બેસી ગયો. અન્ય દરદીઓની જેમ એ પણ પોતાના રિપોર્ટની રાહ જોતો હતો. આ દુનિયામાં સૌથી કપરું કામ રાહ જોવાનું છે. એમાં ય આતો જિંદગી અને મોત નક્કી કરનારા રિપોર્ટની રાહ જોવાની હતી!

‘મારો રિપોર્ટ પણ હશે આમાં? શું હશે નેગેટિવ કે પોઝિટિવ? રિપોર્ટ નેગેટિવ આવે તો ઘરે જવાની રજામંદી અને પોઝિટિવ આવે તો ચૌદ દિવસની કેદ. આ ચૌદ દિવસ નક્કી કરશે કે તમે ઘરે જશો કે ખુદાને ઘરે!’

‘અબ્બુ હંમેશાં કહેતે હૈ...જબ કોઇ બાત સમઝ સે બાહર હો તો ખુદા કો યાદ કર લેના. ઇલિયાસ ઊભો થયો. ચાદરની ચટ્ટાઇ બનાવી બે પલંગની વચ્ચે બિછાવીને નમાઝ અદા કરવા લાગ્યો.

**************

ડો. શાહે રિપોર્ટસ વાંચીને સોલંકીની સામે જોઇને કહ્યુંઃ ‘દસ પોઝિટિવ, બે નેગેટિવ. બીજા હજી પ્રોસેસમાં છે.’

‘મને ડર હતો એ થઇ રહ્યું છે. કેસ વધી રહ્યા છે.’ ડો. શાહે ખુરસીની પાછળ માથું નાખી દીધું.

સોલંકી બહુ વિચારવા માગતો નહતોઃ ‘સાહેબ, પહેલાં તો આ દસેય પોઝિટિવને જનરલમાંથી ઉપરના વોર્ડમાં દાખલ કરવા પડહે, અબ્બી હાલ.’

‘સોલંકી, હજી આંકડા વધશે, રોજેરોજ વધશે.’ ડો. શાહ ચિંતિત હતા.

‘સાહેબ, આંકડાની હાથે આપણી હામેના પડકારો પણ વધવાના.’ સોલંકીએ બોલતા બોલતા દરવાજો ખોલ્યો અને અધખુલ્લા દરવાજા પાસે ઊભા રહીને બોલ્યોઃ ’બે નેગેટિવને સૌથી પહેલા ઘરે મોકલવાનું કરું. બિચારા ઘરનાઓના મોઢા જોતા થાય.’

લોબીમાં જ ડો. ત્રિવેદી મળ્યા. ‘હું ડો. શાહની કેબિનમાં જ આવતો હતો.’ તેઓ બોલ્યા, પણ સોલંકીને ઉતાવળે જતા જોઇને તેમને ઇમર્જન્સી લાગી. તેઓ પણ સોલંકી સાથે ઝડપથી ચાલવા માંડ્યા.

‘ડો. ત્રિવેદી, દસ પોઝિટિવ કેસને ઉપરના વોર્ડમાં ખસેડવાની તૈયારી કરી દો. હું બે નેગેટિવ કેસના સગાઓને ફોન કરીને અબ્બી હાલ આયવો.’ ડો. ત્રિવેદી ત્યાંથી સીધા ઉપરના વોર્ડમાં જતા રહ્યા.

***************

નર્સ જ્યોતિ અને સોલંકી વોર્ડમાં પહોંચ્યા ત્યારે ઇલિયાસ ચાદર સંકેલતો હતો. નિર્મલ હજી ઊંઘતો હતો. નર્સ એક પછી એક દસેય નામ બોલતી હતી ત્યારે ઇલિયાસ ધબકારા ગણતો હતો. જેમના નામ બોલાયા અને જેમના નામ ન બોલાયા એ તમામની વેદના એક સરખી હતી. ઇલિયાસનું નામ પોઝિટિવ કેસોમાં ન હતું, પણ એના ચહેરા પર માયુસી હતી. નિર્મલ ગાઢ નીંદરમાં હતો.

***************

પવિત્રા ક્યારથી હોસ્પિટલમાં ફોન લગાડવાની કોશિશ કરતી હતી, પણ અકળાવનારા એન્ગેજ ટોનથી એનું મન ઉકળતું હતું. ‘બબ્બે ફોન છે, પણ બેય એન્ગેજ રાખીને બેઠા છે. આપણું તંત્ર ક્યારેય સુધરવાનું નથી. દર્દીના સગાઓનો વિચાર કરવાનો કે નહીં?’

મમ્મીએ બહાર આવતા કહ્યુંઃ ‘હું પણ એજ કહું છું કે બીજાનો વિચાર પણ કરવાનો કે નહીં. બેટા, હોસ્પિટલમાં નિર્મલ એક જ નથી, આપણી જેમ બીજા સગાઓ પણ ફોન કરતા હશે.!’

‘મમ્મી, એકવાર, એકવાર મારે નિર્મલનો અવાજ સાંભળવો છે. એના મોઢેથી સાંભળવું છે કે એ કેમ છે.’ પવિત્રાએ પોતાની અકળામણ, લાચારી, વિવશતા, મજબૂરી, રોષ બધું ઠાલવી દીધું.

‘તારે હજી ઘણું સંભાળવાનું છે. આપણે સ્ત્રીઓએ આમ ભાંગી પડવું પાલવે નહીં. એકદમ સ્વસ્થ થઇ જા, એકદમ સ્વસ્થ.’ પવિત્રાએ આંખ મીંચીને ઊંડો શ્વાસ લીધો.

‘બસ, હવે ફરી ફોન લગાડ.’

પવિત્રાએ ફોન જોડ્યો. રિંગ વાગી. ક્યાંય સુધી રિંગ વાગતી રહી. પવિત્રાએ મોબાઇલ બતાવતા મોટો નિઃસાસો નાખ્યો.

‘શ્રદ્ધા અને પોઝિટિવીટી માણસને બળ આપે છે. નિરાશ થયા વિના ફરી ફોન લગાડ.’

‘ક્યાં સુધી આમ શ્રદ્ધાથી ફોન લગાડયા કરવાનો? આ છવ્વીસમી વાર ફોન કર્યો. ફોન લાગ્યો તો હવે કોઇએ ઉપાડ્યો નહીં. સરકારી તંત્રોનું આવું રેઢિયાળ ખાતું જ રહેવાનું. આવી હોસ્પિટલો નિર્મલની શું ખાખ સારસંભાળ રાખવાના.’ એ બોલવા ગઇ, પણ થયું કે મમ્મીજીની માનસિક પરિસ્થિતિ કદાચ મારા કરતાંય વધુ ખરાબ હશે... નિર્મલ મારો પતિ છે, પણ એનો તો પુત્ર છે. એણે મમ્મીજીની સામે જોયું. એની આંખમાં ઝળઝળિયાં હતાં. પવિત્રાએ ફરી એકવાર ફોન જોડ્યો. રિંગ વાગી કે તરત જ કોઇએ ફોન ઉપાડ્યો.

**‘શ્રદ્ધા અને પોઝિટિવિટી જ માણસને જીવાડે છે.’**

‘હેલ્લો, હેલ્લો.. મૈં મિસિસ નિર્મલ પરીખ....’

‘બોલો, બોલો બેન, હું સોલંકી બોલુ બેન..’

પવિત્રાએ ફરી પોતાની ઓળખ આપી તો સોલંકી બોલ્યોઃ ‘ઓળખી ગિયો બેન...એવું છે કે નિર્મલભાઇ હાલ ઊંઘતા છે. અમેરિકા અને અહીંના ટાઇમિંગમાં ફરક ખરોને...એટલે કદાચ પૂરતી ઊંઘ ની થઇ હોય...’

‘એમના રિપોર્ટસ આવી ગયા?’ પવિત્રાને બીજી કોઇ વાતમાં રસ નહતો.

‘ના બેન, કાલ પરમ આવહે...જે કંઇ પણ ઓહે એ હું તમને ફોન કરીને જાણ કરા.... ચિંતા ની કરો હોં બેન.’ ફોન મુકાઇ ગયો.

નિર્મલનો અવાજ સાંભળવા નહીં મળ્યો એનો અફસોસ રહ્યો....રિપોર્ટસ નથી આવ્યા એની મૂંઝવણ અકબંધ રહી, પણ સોલંકીનો જવાબ પવિત્રાને થોડો સ્વસ્થ કરી ગયો. સોલંકીની વાતમાં કોઇ આપ્તજન જેવી આત્મીયતા હતી જે પવિત્રાના હૃદયને સ્પર્શી ગઇ. પવિત્રા ક્ષણભર સરકારી તંત્રની લાપરવાહી અને ઉદાસીનતા ભૂલી ગઇ. એના ચહેરા પરના બદલાયેલા હાવભાવ જોઇને મમ્મીજી બોલ્યાંઃ ‘શ્રદ્ધા અને પોઝિટિવીટી જ માણસને જીવાડે છે.’

*************

ઇલિયાસ હોસ્પિટલમાં દાખલ થયો ત્યારથી એની અમ્મી ઝુબૈદાની આંખના આંસુ સુકાયાં નહતાં. એના અબ્બુ જાફરભાઇ દિલ પર પથ્થર રાખીને બેઠા હતા. ઝુબૈદાના રડવાનો અવાજ કાને પડતાં જ તેમણે કુરાન બંધ કર્યું, કુરાન આંખોને અડાડીને ઊભા થયા. ઝુબૈદા પાસે ગયા.

‘મુઝે કૈસે ભી કર કે મેરે બેટે કે પાસ લે ચલો.’ ઝુબૈદા કરગરી.

ઝુબૈદાને કઇ રીતે સમજાવવી એ વાત ખુદ જાફરભાઇની સમજની બહાર હતી. પોતાના એકના એક દીકરાના દુઃખને દિલમાં ધરબીને બેઠેલા જાફરભાઈએ ઝુબૈદાની પીઠ પર હાથ ફેરવ્યો.

‘આજ દો દિન હો ગયે...કોઇ ખબર નહીં...ફોન પે જવાબ નહીં મિલતા.’ માની કકળતી આંતરડી બોલી રહી હતી અને પિતાની આંખોમાં લાચારી ચૂપ હતી. તેઓ જાણતા હતા કે ઝુબૈદાને હોસ્પિટલમાં લઇ જવાનું કે એને મિલાવવાનું શક્ય નથી. જાફરભાઇએ ઝુબૈદાના આંસુ લૂછતાં કહ્યુંઃ ‘ઇલિયાસને કોઇ ગુન્હા કિયા હોતા ના મૈં ઉસે પોલીસ સ્ટેશન સે છૂડવા કે લાતા...લેકિન આજ કે હાલાત ઠીક નહીં હૈ.’

ઝુબૈદા જાફરભાઇનો હાથ ઝટકાવીને ઊભી થઇ...એના મોં પર આક્રોશ અને ઝનૂન હતાઃ ‘કલ મૈં જાઉંગી હોસ્પિટલ ઔર ઇલિયાસ કો બહાર લાઉંગી દેખના.’

‘યહ જો તૂં સોચ રહી હૈના, વો ઇતના આસાન નહીં હૈ.’ જાફરભાઇ વિવશતામાં કડક અવાજ ભળ્યો.

‘કૂછ નહીં હોતા, કિતને લોગ હોસ્પિટલ સે ભાગ નીકલે હૈ.’ ઝુબૈદાએ ટેલિવિઝનના સમાચારોનો હવાલો આપતાં કહ્યું.

‘જો લોગ કોરોના કે ડર સે ભાગ નીકલે હૈ, પોલીસ ઉસે ઢુંઢ કર... પકડ કર, વાપિસ લાતી હૈ... ટેલિવિઝનવાલે યે નહીં બતાતે.’ ઝુબૈદાએ જાફરભાઇની વાત પર ધ્યાન ન આપ્યું.

‘એકબાર મેરા બેટા ઘર આ જાયે..ફિર મૈં ઉસે કહીં નહીં જાને દુંગી.’ ઝુબૈદાની વાતમાં એક માની લાચાર મમતા અને સ્ત્રીસહજ હઠ હતી.

‘ઔર અગર ઉસે કોરોના હોગા તો તૂમ ભી મરોગી, મૈં ભી મરુંગા ઔર સારા મહોલ્લા મરેગા...તૂમ ઇતની સીધીસાદી બાત ક્યોં નહીં સમજતી?’

‘મેરે બેટે કો જો કૂછ ભી હોગા મેરે સામને તો હોગા. મુઝે મરના મંઝુર હૈ.....લેકિન મેરે ઇલિયાસ કે સામને.’ ઝુબૈદા જાફરભાઇને વળગી પડી. એ ક્યાંય સુધી રડતી રહી. એના આંસુ જાફરભાઇનો ખભો ભીંજવતા રહ્યા.

‘હોસ્પિટલ કે કિસી સોલંકી સે મેરી બાત હુઇ હૈ. રિપોર્ટસ એક દો દિન મેં આ જાયેંગે...ઉસ સે પહેલે મૈં સોલંકી સે કહે કર ઇલિયાસ સે તુમ્હારી બાત કરાને કી કોશિશ કરતા હું.’ ઝુબૈદાએ માથું ઊંચું કરીને જાફરભાઇની સામે જોયું. જાફરભાઇએ પોતાની આંખમાં આવેલા આંસુ ઝુબૈદા જોઇ ન લે એ રીતે મોં ફેરવી લીધું. જાફરભાઇ ઝળઝળિયાળી આંખ અને દુઆ માગતા આંસુ સાથે ક્યાંય સુધી સામેની દીવાલ પરની મક્કા મદીનાની તસવીરને જોઇ રહ્યા. એમની એક આંખમાં શ્રદ્ધા અને બીજીમાં સબૂરી હતી....ને બાજુની મસ્જિદમાંથી ઉઠેલો આઝાનનો અવાજ આખા ઘરમાં ગૂંજી ઉઠ્યો.

(ક્રમશઃ)■

ફોકસ

સારિમ અન્ના
feedback@bombaysamachar.com

# નવી ટૅક્નોલૉજી રમતગમત માટે કેટલી જરૂરી?

**રમતગમત** હવે માત્ર મહેનત, હિંમત અને પ્રતિભા સુધી જ સીમિત નથી રહી, પરંતુ રમતગમતમાં સફળતા પામવા માટે હવે વિજ્ઞાન, ટેકનોલોજી, ડેટા વિશ્લેષણ અને ઉચ્ચતમ તાલીમના સંસાધનોનું પણ મહત્ત્વપૂર્ણ યોગદાન છે. જોકે આ પ્રકારની બધી જ સુવિધાઓ હજી ગ્રામીણ વિસ્તારમાં ઉપલબ્ધ નથી તેથી જ આજના રમતગમતના ક્ષેત્રમાં ગ્રામીણ ક્ષેત્રોની ભૂમિકા પર સતત સવાલ ઉઠાવવામાં આવે છે. આ જ કારણ છે કે આપણા વડા પ્રધાન ભારતને રમતગમતમાં ઉત્તીર્ણ બનાવવા માટે અગ્રેસરના પ્રયત્નો કરી રહ્યા છે. જો જલદીથી આ લક્ષ્યને ધ્યાનમાં રાખી ગ્રામીણ ભારતને ડેટા, ઉચ્ચસ્તરની ટેક્નોલોજી નહીં પ્રદાન કરવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્ર ખેલકૂદમાંથી બાકાત ન થઈ જાય.

આજે ખેલાડીની સ્પીડ, સ્ટ્રેન્થ, હાર્ટ રેટ, ડાઅેટ, રિકવરી ટાઈમ, અને માનસિક તણાવનો સ્તર, આ બધું જ મશીનો દ્વારા મૉનિટર કરવામાં આવે છે. રમત વિશ્લેષણ સૉફ્ટવેર જેવા ડાટાફિસ, કેટાપુલ જીપીએસ, સ્માર્ટ રેકેટ અને એઆઈ વીડિયો રિવ્યૂ વગેરેએ જે હિસાબે કસોટીઓ નિર્મિત કરી છે, તેને માટે પારંપારિક પ્રતિભાથી કામ નહીં ચાલે. આજે આઈપીએલ જેવી ક્રિકેટ સ્પર્ધામાં પણ હૉક હાઈ ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે.

મેચનું વિશ્લેષણ AI ને આધારે થઈ ગયું છે અને ફિટનેસ ટ્રેકર્સનો ઉપયોગ કરવામાં આવે છે. ઓલમ્પિક સ્તરે બાયોમેકેનિક્સ લેબમાં ખેલાડીઓની દરેક હરકતોનું વિશ્લેષણ થાય છે. પેરિસ ઓલમ્પિક ૨૦૨૪માં આપણી મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટનું માત્ર ૧૫૦ ગ્રામ વજન વધારે હોવાને કારણે અમેરિકાની કુસ્તીબાજ સારા સાથેના મુકાબલામાંથી તેને કાઢી નાખવામાં આવી હતી.

આવામાં આવનારા દિવસોમાં ગ્રામીણ વિભાગના ખેલાડીઓ પોતાને કઈ રીતે પુરવાર કરશે એ ખૂબ જ મોટો સવાલ છે. આજની તારીખમાં દેશનાં મહાનગરોની તમામ મોટી શાળા પોતાની શાળામાં રમત ગમતમાં એઆઈ ટ્રેનિંગની વ્યવસ્થા કરી ચુક્યા છે. સવાલ એ છે કે, ગામમાં ખેલાડીઓ પાસે ન તો આધુનિક સ્તર પર કોચિંગ સેન્ટર છે, ન તો બાયોમેટ્રીકની લેબ છે, ન તો મોંઘા હેલ્થ કલબ છે. કોઈ હાઈ ફાઈ જિમ પણ નથી, ન સ્પોર્ટ્સ એકસપર્ટ અને ન તો કોઈ ડિજિટલ ઉપકરણ છે. આવામાં શહેરી સુવિધાવાળા



ખેલાડીઓની સામે ગ્રામીણ ખેલાડીઓ ક્યાં ટકવાના, અને આંતરરાષ્ટ્રિય સ્તર પર જવાની વાત જ ખૂબ દૂર છે.

અત્યાર સુધી ભલે હરિયાણાના ગામથી નીકળેલા પહેલવાન પોતાની મહેનતના જોરે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઘણા મેડલો મેળવ્યા હોય, પરંતુ હવે જયારે ઓલમ્પિક સ્તરની કુસ્તીમાં ‘મેટ સૈંસ’, ‘વીડિયો રિપ્લે સ્ટડી’ અને ‘એઆઈ ડેટા એનાલિટિક્સ’નો પ્રયોગ થઈ રહ્યો છે, એવામાં માત્ર માટીના અખાડામાં લેવાયેલી ટ્રેનિંગમાં ટકી રહેવુ કઈ રીતે સંભવ થશે. ગ્રામીણ વિસ્તારોમાં ન તો સુશિક્ષિત કોચ છે અને નથી ટેક્નોલોજીની જાણકારી.

ગ્રામીણ ખેલાડીઓની દેશ અને વિદેશમાં ખેલ કૂદમાં ભાગીદારી નિશ્ચિત કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ મળીને ટેક્નિકલ સાધનોને ગામ ગામ સુધી પહોંચાડવાં જોઈએ. દેશના દરેક જિલ્લામાં એક સ્પોર્ટસ સાઈઝનું મિની હબ બનાવવુ જોઈએ જ્યાં ઓછી કિંમતમાં ખેલાડીઓ પોતાની ફીટનેસ, ડાયેટ, માનસિક સ્વાસ્થ્ય વગેરેની તપાસ કરાવી શકે અને તેમના પર્ફોર્મન્સનો વીડિયો એનાલિસિસ પણ થવુ સંભવ હોય ત્યારે જ દેશના દરેક જિલ્લામાંથી હોનહાર ખેલાડીઓ ઊભરીને આગળ આવી જશે.

ગામોમાં મોબાઈલ સ્પોર્ટસ લેબની વ્યવસ્થા કરવી પડશે, જે ગામ ગામ પહોંચી ખેલાડીઓની વચ્ચે પહોંચી નિશ્ચિત ટેસ્ટિંગ અને ટ્રેનિંગની જરૂરિયાતને પૂરી કરી શકે.

જો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિસ્પર્ધામાં દેશનાં ૮૦ ટકાથી પણ વધુ શહેરો અને તેમાં પણ મહાનગરોમાં રહેવાવાળા ખેલાડીઓ જ કામયાબ થઈ રહ્યા છે, તો તેનું એક જ કારણ છે કે, ખેલાડીઓને મળેલી ઉચ્ચસ્તરની તાલીમ. પ્રશિક્ષણ માત્ર શારીરિક મહેનત અને વ્યક્તિગત જુનૂન સુધી જ સીમિત નથી રહ્યું.

આ બધી આધુનિક ટેક્નિક અને કુશળ ટેક્નિક આપણી કુશળતાના વિશ્લેષણ પર આધારિત છે અને આ સાધનોનો ગ્રામીણ, કસ્બાઈ અથવા નાનાં શહેરોની ખેલની દુનિયામાં સંપૂર્ણ અભાવ છે. તેથી જ આ ચિંતા સ્વાભાવિક છે કે જો રમતમાં ટેક્નિક ડેટા અને આધુનિક સુવિધાવાળા સંસાધનોની ઊણપ રહેશે તો ગ્રામીણ ક્ષેત્રના ખેલાડી કેવી રીતે દેશ અને દુનિયામાં પ્રતિસ્પર્ધા કરી શકશે? આના પર રાજ્યો અને કેન્દ્રની સરકારે જેટલું જલદી થઈ શકે ગંભીરતાથી ધ્યાન દેવુ જોઈએ. ગ્રામીણ ભારતને રમતગમતમાં મહત્ત્વપૂર્ણ બનાવી રાખવા માટે દર વર્ષે ઓછામાં ઓછા ૫૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવા પડશે અને ત્યારે આપણે રમતગમતની દુનિયામાં એક મહાશક્તિ બની શકશું. ■

વિશેષ
વિજય વ્યાસ
feedback@
bombaysamachar.com

## સુપ્રીમ કોર્ટના વારંવાર ફટકાર છતાં...

# યે 'ઈડી' હૈ કે માનતા નહીં...!

**કેન્દ્ર સરકારની એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) પર હમણાં સુપ્રીમ કોર્ટ બરાબરની બગડી છે. વાર-તહેવારે એની વાહિયાત કામગીરીથી તંગ સર્વોચ્ચ અદાલત 'ઈડી'ને ફટકારતી રહે છે...થોડાં વર્ષ પહેલાં તપાસ એજન્સી CBIને 'સરકારી પોપટ'ની ઉપમા મળી પછી લાગે છે કે સરકારી પિંજરામાં આ 'ઈડી' નામક નવો પોપટ પણ પ્રવેશી ગયો છે!**

દર ત્રીજા દિવસે સુપ્રીમ કોર્ટ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ 'ઈડી'ને ઝાટકી નાખે છે. કેન્દ્ર સરકારની આ એજન્સીની કામ કરવાની પધ્ધતિથી માંડીને 'ઈડી' દ્વારા કરાતા કેસોમાં સજાના દર સહિતના સંખ્યાબંધ મુદ્દે ખફા છે. આ ખફગી એટલી બધી છે કે, સુપ્રીમ કોર્ટે 'ઈડી' તો 'ગુંડાગીરી' કરી રહી હોવાની જલદ ટીકા પણ કરી છે.

સુપ્રીમ કોર્ટની જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ ઉજ્જલ ભુઈયા અને જસ્ટિસ એન. કોટીશ્વર સિંહની બેન્ચે 'ઈડી'ની ઝાટકણી કાઢતાં કહ્યું છે કે, 'ઈડી' ગુંડાની જેમ કામ કરી શકે નહીં..એને કાયદાની મર્યાદામાં રહીને જ કામ કરવું પડશે.

સુપ્રીમ કોર્ટે 'ઈડી'ની ઈમેજ પણ લુખ્ખાગીરી કરી ખાતી એજન્સીની હોવાની ટીકા કરીને સજાના દર અંગે સવાલ કર્યો છે. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી છે કે, છેલ્લાં પાંચ વર્ષમાં 'ઈડી'એ લગભગ ૫ હજાર કેસ નોંધ્યા છે, પણ સજાનો દર ૧૦ ટકા કરતાં પણ ઓછો છે!

સુપ્રીમ કોર્ટ દ્વારા ઈડીની આવી જલદ અને કટાક્ષમય ટીકાએ ચકચાર જગાવી છે, પણ તેમાં નવી વાત નથી. લાંબા સમયથી સુપ્રીમ કોર્ટ 'ઈડી'ને તતડાવ્યા જ કરે છે. છેલ્લાં એક વર્ષમાં જ ઓછામાં ઓછી ૧૦ વાર સુપ્રીમ કોર્ટે એને ખુલ્લેઆમ આ રીતે ખખડાવી હશે.


'ઈડી'નો ઉપયોગ રાજકીય હિસાબ સરભર કરવા થઈ રહ્યો છે ત્યાંથી માંડીને 'ઈડી' રાજ્ય સરકારની તપાસ એજન્સીઓની કામગીરીમાં પણ ટાંગ અડાવે છે ત્યાં સુધીની ટીકાઓ સુપ્રીમ કોર્ટે કરી છે. 'ઈડી' કેન્દ્ર સરકાર વતી રાજકીય લડાઈઓ લડે છે એવી ગંભીર ટીકા પણ સુપ્રીમ કોર્ટે કરી છે.

આ સૌથી વડી અદાલતે ત્યાં સુધી કહ્યું છે કે, 'ઈડી' કોઈ પણ નક્કર પુરાવા વિના ફક્ત આરોપો લગાવે છે અને એણે નોંધેલી સંખ્યાબંધ ફરિયાદો જોયા પછી લાગે છે કેસ આ એક પેટર્ન બની ગઈ છે, જેમાં ફક્ત આરોપ મૂકવાના, પુરાવા નહીં લાવવાના...

બે મહિના પહેલાં તમિળનાડુમાં દારૂની દુકાનના લાઇસન્સ કેસમાં તમિળનાડુ સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશન (TASMAC) દ્વારા અરજી કરવામાં આવી ત્યારે સુપ્રીમ કોર્ટે કહેલું કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ બધી હદો વટાવી દીધી છે. રાજ્ય સરકારની તપાસ એજન્સી આ કેસમાં કાર્યવાહી કરી રહી છે ત્યારે 'ઈડી'એ દખલ કરવાની કોઈ જરૂર નથી, પણ 'ઈડી' રાજકીય કારણોસર કડછો મારી રહી છે.

'ઈડી' પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ (PMLA) હેઠળ આરોપીને પકડીને જેલમાં ઠૂંસી દે છે ને પછી કોઈ કામ જ નથી કરતી તેની પણ સુપ્રીમ કોર્ટે જબરી ઝાટકણી કાઢી છે. 'આમ આદમી' પાર્ટીના અરવિંદ કેજરીવાલને કહેવાતા લિકર સ્કેમના કેસમાં અંદર ધકેલી દીધા ત્યારે સુપ્રીમ કોર્ટે આ જ મુદ્દે 'ઈડી'ને તતડાવી હતી.

છત્તીસગઢ લિકર સ્કેમના કેસમાં પણ આરોપી અરૂણપતિ ત્રિપાઠીની અરજી પરની સુનાવણી દરમિયાન પણ સુપ્રીમ કોર્ટે 'ઈડી'ને તતડાવીને આ જ વાત કરેલી અન્ય એક સરલા ગુપ્તા વિરુદ્ધ 'ઈડી' ના કેસમાં તપાસ દરમિયાન જપ્ત કરેલા દસ્તાવેજો આરોપીઓને




પાછા નહોતી આપતી તેને તો સુપ્રીમ કોર્ટે જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન ગણાવેલું.

આવા તો સંખ્યાબંધ કેસ છે, જેમાં સુપ્રીમ કોર્ટે 'ઈડી'ની ઢોકળી ધોઈ નાંખી હોય, પણ કમનસીબે પણ 'ઈડી'ના અધિકારીઓ એ હદે જાડી ચામડીના અને નિંભર છે કે એમને કોઈ અસર જ થતી નથી કે નથી 'ઈડી'ની કામ કરવાની પધ્ધતિમાં કોઈ ફેરફાર થતો કે નથી 'ઈડી'ના કન્વિક્શન રેટ-સજાના દરમાં કોઈ ફેરફાર થતો. 'ઈડી' દ્વારા મોટા ભાગના કેસોમાં શાસક પક્ષના વિરોધીઓને પાડી દેવાનો એજન્ડા જ હોય એવું સ્પષ્ટ દેખાય છે. તેના કારણે ઈડીની કેન્દ્ર સરકારના ઈશારે ગુંડાગીરી અને લુખ્ખાગીરી કરતી એજન્સી તરીકેની છાપ વધારે ને વધારે મજબૂત થતી જાય છે.

આ બધા વચ્ચે મજાની વાત એ છે કે, કેન્દ્ર સરકાર પોતે કબૂલે છે કે, 'ઈડી'ની કામગીરીમાં કોઈ દમ નથી ને 'ઈડી' એકદમ નિષ્ફળ એજન્સી છે, છતાં કેન્દ્ર સરકાર ખુદ તેની કામગીરીમાં સુધારો કરવા કશું કરતી નથી. કેન્દ્રની સરકારને 'ઈડી'નો રાજકીય વિરોધીઓને પરેશાન કરીને રાજકીય ફાયદો મેળવવામાં વધુ રસ છે. ભૂતકાળમાં કોંગ્રેસની સરકાર જે ગંદો ધંધો CBI પાસે કરાવતી હતી એ જ ગંદો ધંધો આજે શાસક પક્ષ 'ઈડી' પાસે કરાવે છે.

કેન્દ્ર સરકારે પોતે સંસદમાં આપેલા ડેટા-આંકડા પર નજર નાખશો તો આ વાત સમજાશે. કેન્દ્ર સરકાર ભ્રષ્ટાચાર સામેની ઝુંબેશના ભાગરૂપે આ કાર્યવાહી કરાવતી હોવાના દાવા કરે છે, પણ આ દાવો લોકોને ઉલ્લુ બનાવવા માટે કરવામાં આવે છે.

કેન્દ્ર સરકારે ગયા વરસે સંસદમાં માહિતી આપી હતી કે 'ઈડી' એ છેલ્લાં ૧૦ વર્ષમાં રાજકીય નેતાઓ સામે ૧૯૩ કેસ નોંધ્યા છે અને તેમાંથી ફક્ત બે કેસમાં જ આરોપીને દોષિત ઠેરવવામાં આવ્યા છે. તેનો અર્થ એ થયો કે, નેતાઓ સામેના કેસોમાં સજાનો દર એક ટકાની આસપાસ છે, જે કોઈ પણ એજન્સી માટે શરમજનક કહેવાય.

બીજું એ કે, રાજકારણીઓ સામે નોંધાયેલા ૧૯૩ કેસમાંથી ૧૩૮ કેસ ૨૦૧૯ પછી દાખલ કરવામાં આવ્યા છે અને ૩૨ કેસ તો એપ્રિલ ૨૦૨૨થી માર્ચ ૨૦૨૩ દરમિયાન કરવામાં આવ્યા હતા. મતલબ કે, ૭૦ ટકા કેસ તો મોદી સરકારે પોતાના કાર્યકાળનાં પહેલાં ૫ વર્ષ પૂરાં કરી લીધાં એ પછી થયા છે. સવાલ એ છે કે, 'ઈડી' ૫ વર્ષ સુધી શું કરતી હતી અને તેને ભ્રષ્ટાચાર કેમ નહોતો દેખાતો? 'ઈડી'ને ૨૦૧૯ પછી અચાનક જ ભ્રષ્ટાચારી નેતાઓને સજા કરાવવાની ચાનક કેમ ચડી ગઈ ?

જોકે, 'ઈડી'ને આ બધા આંકડાથી કોઈ ફરક પડતો નથી. એક જમાનામાં CBI ની આ રીતે ઝાટકણી કાઢીને તેને 'સરકારનો પોપટ' ગણાવવામાં આવી હતી. 'ઈડી' તો તેનાથી પણ બદતર છે પણ 'ઈડી'ના અધિકારીઓમાં સ્વાભિમાન અને દેશદાઝ નથી તેથી દેશ માટે કામ કરવાના બદલે સરકારમાં બેઠેલા લોકોના પાલતુ બનીને કામ કરવામાં ગર્વ અનુભવે છે ! ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@
bombaysamachar.com

## લિયોનાર્ડો દા વિન્સીઃ

# પરંપરાગત દુનિયામાં મિસફિટ હતો એટલે જ એનું સર્જન અનન્ય છે...

તાજેતરમાં દિલ્હીવાસીઓને ઇટાલીના મહાન ચિત્રકાર લિયોનાર્ડો દા વિન્સીની સર્જનાત્મક દુનિયાનો પહેલીવાર 'પ્રત્યક્ષ' પરિચય થયો. 'ધ લેજેન્ડ ઈમર્સિવ સિનેમા' અને 'ડીએલએફ મોલ્સ'ના સહકારમાં AI - આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના સહારે ફ્લોર -ફર્શથી શરૂ કરીને સિલિંગ -છત સુધી વિન્સીની કળાત્મક દુનિયાને જીવંત કરવામાં આવી હતી.

લોકો ચાર હજાર ચોરસ ફૂટના એક ડોમમાં હરતાં-ફરતાં ૫૦૦ વર્ષ પહેલાં થઇ ગયેલા આ કમાલના કલાકારના દિમાગમાં ડોકિયું કરી શક્યા...


દુનિયામાં બે શખ્સિયતોનાં મગજ વૈજ્ઞાનિક અભ્યાસનો વિષય રહ્યાં છે : એક આલ્બર્ટ આઇન્સ્ટાઇન અને બીજા લિયોનાર્ડો દા વિન્સી. આઇન્સ્ટાઇનનું નામ આપણે ત્યાં સ્કૂલ સમયથી જ પરિચિત છે, પણ વિન્સી કલાકારોના વર્ગ સુધી સીમિત રહ્યો છે.

ઇટાલીના આ મહાન કલાકાર લિયોનાર્ડો દા વિન્સીને દુનિયા એના મોનાલિસાના ચિત્ર માટે ઓળખે છે. નવી પેઢીના લોકો એને થોડાં વર્ષો પહેલાં આવેલી ટોમ હેન્ક્સની ફિલ્મ 'ધ વિન્સી (કે વિન્ચી)કોડ'થી પણ જાણે છે. ચિત્રકળામાં ઊંડો રસ ધરાવતા લોકો વિન્સીની પ્રતિભા માટે અન્ય કેટલાંક ચિત્રોની પણ ગવાહી પૂરે છે, જેમ કે- ધ એનન્સિયેશન, ધ બાપ્ટિઝમ ઓફ ક્રાઇસ્ટ, મેડોના ઓફ ધ કાર્નેશન અને ધ એડોરેશન ઓફ ધ મેગી.

ટૂંકમાં, વિન્સીની જગવિખ્યાતી એક પેઈન્ટર તરીકેની છે, પરંતુ આ એનો સીમિત પરિચય છે. વિન્સી એક ચિત્રકાર ઉપરાંત મૂર્તિકાર, વાસ્તુશિલ્પી, સંગીતજ્ઞ, કુશળ યાંત્રિક, એન્જિનિયર અને વૈજ્ઞાનિક પણ હતો. એણે ઘણી શોધખોળોનું પ્રારંભિક દિશાસૂચન કર્યું હતું, જેમ કે માનવ શરીરની રચના, ઉડતા મશીન, સશસ્ત્ર વાહનો, સૌર ઊર્જાનો ઉપયોગ અંગે એણે ચિત્રો મારફતે વિચારો વ્યક્ત કર્યા હતા. કાતરની શોધ પણ એણે કરી હતી તેવું કહેવાય છે.

વિન્સી પહેલો માણસ એવો હતો, જેણે આકાશનો રંગ ભૂરો કેમ છે તેની શોધ કરી હતી. તેનું કારણ સૂરજમાંથી આવતી રોશનીનું હવાના કારણે ફેલાઈ જવાનું હતું અને બીજા રંગોની સરખામણીમાં ભૂરો રંગ વધુ ફેલાય છે. વિન્સી એક જ સમયે એક હાથથી લખતો હતો અને બીજા હાથથી ચિત્રો દોરી શકતો હતો. એ બહુ આસાનીથી ઊલટા ક્રમમાં શબ્દો લખતો હતો. સૌથી પહેલાં એણે જ પેરાશૂટ, હેલિકૉપ્ટર અને એરોપ્લેનના સ્કેચ બનાવ્યા હતા. ઝુલતા પૂલ અને પેડલવાળી બોટની પણ કલ્પના એણે કરી હતી.

લિયોનાર્ડોએ હોસ્પિટલોમાં જઈને મૃતદેહોનો અભ્યાસ કર્યો અને તેના પરથી ૨૪૦ રેખાચિત્રો બનાવ્યાં હતાં. માનવ શરીરની આંતરિક રચનાનાં આ ચિત્રો અને ૧૩,૦૦૦ શબ્દોનો દસ્તાવેજ શરીર વિજ્ઞાનની પ્રગતિમાં પાયાનો પથ્થોર સમાન છે. આશ્ચર્યની



વાત એ છે કે વિન્સી સ્કૂલ પણ ગયો નહોતો, તેમ છતાં પ્રકૃતિદત્ત અસાધારણ પ્રતિભાના જોરે એણે સ્થાપત્ય, જીવવિજ્ઞાન અને શરીર રચના વિજ્ઞાનનું ઘણું જ્ઞાન મેળવ્યું હતું. વિન્સીનો જન્મ ૧૫ એપ્રિલ, ૧૪૫૨ના રોજ ઈટાલીના ફ્લોરેન્સ પ્રાંતના વિન્સી ગામમાં થયો હતો. એ અવૈદ્ય સંતાન હતો. દેખાવે ખૂબસૂરત અને સ્ફૂર્તિવાન વિન્સીમાં સ્વભાવની મોહકતા, વ્યવહારકુશળતા અને બૌદ્ધિક નિપુણતા હતી.

કળા, વિજ્ઞાન, માનવતા અને ટેક્નોલોજી જેવી વિભિન્ન વિદ્યાઓનો સંગમ એક વ્યક્તિમાં કેવી રીતે થયો તે કુતૂહલનો વિષય છે. 'એપલ'ના સંસ્થાપક સ્ટીવ જોબ્સે એકવાર કહ્યું હતું કે, 'વિન્સી કળા અને એન્જિનિયરિંગ બંનેમાં સૌન્દર્ય જોઈ શકતા હતા અને બંને વચ્ચે જોડાણ કરવાની એની ક્ષમતા એને જીનિયસ બનાવે છે.

સ્ટીવ જોબ્સ, આઇન્સ્ટાઇન અને ઈલોન મસ્ક જેવા લોકોનાં બેસ્ટસેલર જીવનચરિત્રો લખનારા અમેરિકન લેખક વોલ્ટર આઈઝેક્સને વિન્સીનું પણ એક સુંદર ચરિત્ર્ય લખ્યું છે. તેમાં એ લખે છે :

'લિયોનાર્ડો પાસે નહીં બરાબર શિક્ષણ હતું. તેને ન તો લેટિન વાંચતાં આવડતું હતું કે ન તો ગુણાકાર-ભાગાકાર આવડતા હતા, પણ તેનામાં એવી પ્રતિભા હતી, જેમાંથી આપણે કશુંક શીખી શકીએ. એનામાં જિજ્ઞાસા અને તીવ્ર નિરીક્ષણ વૃત્તિની કળા હતી. કલ્પનાશક્તિ એટલી જબરદસ્ત હતી કે તે આપણને તરંગી લાગે, પણ એ જ એક એવી વસ્તુ હતી, જે આપણે આપણાં બાળકોમાં જોવા ઇચ્છતા હોઈએ છીએ.'

અમેરિકામાં લિયોનાર્ડો શ્લાઇન નામના એક સર્જન થઇ ગયા. એ ૨૦૦૯માં અવસાન પામ્યા. વ્યવસાયે તે ડોક્ટર હતા, પરંતુ એમને મેડિકલ સિવાયનું લખવા-વાંચવામાંનો બહુ શોખ હતો. એમણે અમુક જે નોંધપાત્ર પુસ્તકો લખ્યાં હતાં, તેમાં એક પુસ્તક વિન્સી પર હતું. નામ હતું : 'લિયોનાર્ડો'ઝ બ્રેનઃ અન્ડરસ્ટેન્ડિંગ દા વિન્સી'ઝ ક્રિયેટિવ બ્રેન' આ નામ પરથી જ સ્પષ્ટ છે કે શ્લાઇનને વિન્સીના અસાધારણ રીતે સર્જનાત્મક દિમાગનો અભ્યાસ કરવામાં રસ હતો. શ્લાઇને એમને ચોથા સ્ટેજનું બ્રેન કેન્સર હતું ત્યારે આ પુસ્તક લખ્યું હતું, જે એમના અવસાન પછી પરિવારજનોએ પ્રગટ કર્યું હતું. શ્લાઇને આ પુસ્તકને 'મરણોત્તર બ્રેન સ્કેન' ગણાવ્યું હતું. આ પુસ્તકમાં એમણે કહ્યું હતું કે વિન્સી બાકી તમામ માણસોથી શારીરિક રીતે ભિન્ન હતા. આપણે જાણીએ છીએ તેમ આપણામાં બે મગજ હોય છે : જમણું અને ડાબું. દરેક વ્યક્તિમાં બેમાંથી કોઈ એક મગજ વધુ સક્રિય અથવા હાવી હોય છે.

વિન્સી એક માત્ર એવો માણસ હતો જેનામાં બંને મગજ વચ્ચે સટીક સંતુલન હતું. એની ખોપડીની રચનાની એક પ્રકારની ખામી હતી. વિન્સી પરંપરાગત વિચારો અને સર્જનશીલતાની દુનિયામાં મિસફિટ હતો. તે બીજા કરતાં જુદી રીતે વિચારતો હતો. જુદી રીતે મહેસૂસ કરતો હતો. જુદી રીતે વર્તન કરતો હતો. એ જુદી રીતે કપડાં પહેરતો હતો અને બોલતો હતો. લોકો એની સામે અસ્વસ્થ થઈ જતા... શ્લાઇન લખે છેઃ 'વિન્સીનું ડાબું અને જમણું મગજ અસાધારણ રીતે એકબીજા સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલાં હતાં. બંને મગજને જોડતું 'કોર્પસ કલોસમ' (તંત્રિકા પીંડ) બંને મગજ સાથે સતત સંવાદ કરતું હતું. એક મગજને બરાબર ખબર હતી કે બીજું મગજ શું કરી રહ્યું છે. તેના કારણે વિન્સીને અભૂતપૂર્વ અને અનિયંત્રિત રીતે નિરીક્ષણ કરવાની, સમજવાની અને સર્જન કરવાની સ્વતંત્રતા મળી હતી.' ૨૧મી સદીના વિજ્ઞાન સામે હજુ પણ એક મોટું રહસ્ય યથાવત છે અને તે છે માનવીય દિમાગ. વિજ્ઞાને મગજની શારીરિક રચના વિશે ઘણું જ્ઞાન હાંસલ કર્યું છે, પરંતુ તેમાં ચેતના (કોન્સિયસનેસ) અને સ્મૃતિ (મેમેરી) કેવી રીતે કામ કરે છે હજુ પણ એટલી સ્પષ્ટતા નથી.

વૈજ્ઞાનિકોને એ પણ ખબર છે કે ડાબું મગજ અને જમણું મગજ કેવી રીતે કામ કરે છે, પરંતુ વિન્સી જેવા લોકો તે જ્ઞાન સામે પણ પડકાર ફેંકતા હોય છે. એના મગજે એને ઊંધેથી લખવાની અનન્ય ક્ષમતા આપી હતી. અર્થાત તમારે વિન્સીના લખાણને ઉકેલવા માટે અરીસાની જરૂર પડે. આવી અજીબ ક્ષમતાના કારણે જ વિન્સી જેવું વિચારી શકતો હતો અને કલ્પના કરી શકતો હતો તે ઈતિહાસમાં અનન્ય હતું.

લિયોનાર્ડો દા વિન્સીની વિરાસત માનવ મગજની અસીમ ક્ષમતા, સર્જનશીલતા અને જિજ્ઞાસાની સ્થાયી શક્તિના પ્રમાણ તરીકે ઈતિહાસમાં કાયમ છે. ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@
bombaysamachar.com

# ૬૦૦ વર્ષથી વરસાદ વગરનું શહેર લીમા!

અહીં નથી પૂર આવતા, નથી ગટર છલકાતી, નથી ભરાયેલા પાણીથી વાહન વ્યવહાર થંભી જતો, નથી રેઈનકોટ વપરાતો કે નથી છત્રી ખરીદાતી. હા, આ લીમા શહેરની વાત છે. વરસાદ વગરના શહેરની કલ્પના જ કેટલી અશક્ય લાગે ને?

લીમા એટલે પેરૂનું પાટનગર. વિશ્વભરમાં લીમા 'રેઈનલેસ સિટી' એટલે વરસાદ વિહોણા શહેર તરીકે ઓળખાય છે. અલબત્ત, અહીં વરસાદ સદંતર નથી પડતો એવું સાવ નથી. અહીં વરસે માંડ દસથી પંદર મિલીમીટર વરસાદ પડે, જે વિશ્વના સૌથી સુકા પ્રદેશ ગણાતા સહરાના રણમાં પડતા સરેરાશ વરસાદથી ય ઓછો છે.

એટલું જ નહિં, લીમામાં ન વાવાઝોડું આવે, ન બરફ પડે કે આકરા તોફાન આવે. આવું બે-પાંચ કે ૪૦-૫૦ વર્ષથી નહિ પણ ૬૦૦ વર્ષથી ચાલે છે. ખુદ લીમાવાસીઓ જ હળવાશમાં પોતાના શહેરને 'રેઈનલેસ' ગણાવે છે. એટલે જ ઘણા ઘર પર છત સુધ્ધાં બનાવાતી નથી.

પરંતુ દાયકાઓથી વરસાદ વિહોણા હોવાથી લીમાવાસીઓ અહીં કેમ રહે છે? ખૂબ સુખેથી ને આનંદમાં રહે છે. કોઈને ક્યારેય લીમા છોડવાનો વિચાર સુધ્ધાં આવતો નથી. એવું શા માટે?

કારણ કે ૬૦૦ વર્ષના વરસાદના અભાવ એટલે કે દાયકાઓના દુકાળ છતાં લીમામાં કોઈ તકલીફ નથી. વાપરવાનું અને પીવાનું પાણી પૂરતું મળી રહે છે. શહેર એકદમ લીલુંછમ છે. અનાજની ખેતી થાય છે. ઉદ્યોગો છે. ભવ્ય ઐતિહાસિક વારસો એટલો સમૃદ્ધ છે કે વિશ્વભરમાં પર્યટકોના ધાડેધાડા ઊતરી આવે છે.

આ બધું કંઈ રીતે શક્ય છે ભલા? થોડું વિગતવાર સમજીએ. દક્ષિણ આફ્રિકાની સૌથી




ઊંચી પર્વતમાળા એન્ડીઝ પર્વતોના પૂર્વીય ઢોળાવ પર લીમા વસેલું છે. અહીં હવા નીચે ઊતરે છે. મુખ્ય પવન સમુદ્રની સપાટીને સમાંતર ફૂંકાય છે. સમુદ્રતટની હવા ઠંડા પાણી સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરે છે. આના ફળસ્વરૂપે ઠંડા હવાના પ્રવાહો વાદળો ઘટ્ટ થવાથી વરસાદને અટકાવે છે. આથી વરસાદ વરસી શકતો નથી. માત્ર ધુમ્મસ અને ભેજ બને છે. આને લીધે લીમાનું હવામાન શુષ્ક નથી બલકે ખૂબ ભેજવાળું રહે છે. આથી અહીં જ્યારે - ત્યારે નજીવો વરસાદ પડે એ પણ પાણીના ટીપાંને બદલે ધુમ્મસના જાડા સ્તર તરીકે આવે છે. એ શહેરને ઘેરી લે છે અને ભીની જમીન પર ઘટ્ટ થઈ જાય છે.

આ કારણોસર વરસાદની સદંતર અને સતત ગેરહાજરી છતાં લીમાનું હવામાન આખું વર્ષ ઠંડું રહે છે. અહીં વધુમાં વધુ તાપમાન ૨૩ ડિગ્રી અને ઓછામાં ઓછું ૧૬ ડિગ્રી સેલ્સિયસ હોય છે. આથી અહીં કાયમ વસંત ઋતુ જેવો નજારો રહે છે.

હવે રહ્યો પીવાના પાણીનો સવાલ. લીમાવાસીઓની તરસ છિપાવે છે અપ્રિખ નદી. એન્ડીઝ પર્વતમાંથી પીગળતા બરફથી આ નદીને પાણી મળે છે. વધુમાં સમુદ્ર અને રિમાર્ક નદી હોવાથી સંખ્યાબંધ ભૂગર્ભજળ છે. આને લીધે પાણી માટે મારામારીની નોબત આવતી નથી કે દુકાળનો ભય રહેતો નથી.

આ શહેરમાં અનેક બગીચા છે, લીલોતરી છે. સ્પેનિશ સંસ્કૃતિથી છલોછલ લીમા સાઉથ આફ્રિકાના સ્વીટ્ઝર્લેન્ડ તરીકે ય ઓળખાય છે. એનો સમાવેશ રહેવા માટેના વિશ્વમાં શ્રેષ્ઠ શહેરોની યાદીમાં થાય છે. શેરીએ શેરીએ ફુલો અને વૃક્ષોની હારમાળા સ્વાગત કરે. શહેરભરમાં ૨૦૦થી વધુ બગીચા છે.

સદંતર વરસાદ વગર પણ લીમા વિશ્વના અન્નભંડાર તરીકે ઓળખાય છે. એનાથી મોટી સિદ્ધિ કઈ હોઈ શકે? અહીં અનાજ ઉપરાંત રોકડિયા પાક લેવાય છે. પશુપાલનનો વ્યવસાય ફુલ્યો ફાલ્યો છે. સ્થાનિકોની આકરી મહેનતથી લીમા બની ગયું છે પેરૂનું ઔદ્યોગિક કેન્દ્ર. લીમાથી વિદેશમાં અનેક ઉત્પાદનોની નિકાસ પણ થાય છે.

અહીંના પ્રાચીન ચર્ચ વિશ્વ - વિખ્યાત વારસો છે. ૧૮૩૦માં બંધાયેલા ચર્ચની જાળવણીમાં ઘણું શીખવા જેવું છે. પ્રાચીન બાંધકામના રાખરખાવ અને સમારકામમાં ભરપૂર ગંભીરતા, નિષ્ઠા અને કલાત્મકતા ઊડીને આંખે વળગે - ટૂંકમાં લીમા એટલે લીમા. ■

સ્પોર્ટ્સ વુમન
શાહિદ એ. ચૌધરી
feedback@bombaysamachar.com

# દિવ્યા દેશમુખઃ ભારતીય મહિલા ચેસને મળી નવી દિવ્ય દૃષ્ટિ

## ૧૯ વર્ષની ઉંમરે સૌથી યુવા વર્લ્ડ કપ વિજેતા બનેલી નાગપુરની શતરંજની સરતાજે ભારતની મહિલા ચેસને નવી દિશા આપી છે

**નાગપુરની** ૧૯ વર્ષીય ઇન્ટરનૅશનલ માસ્ટર (આઇએમ) દિવ્યા દેશમુખે ગ્રૅન્ડમાસ્ટર (જીએમ) બનવા માટે ઘણા સપનાં જોયા હતા અને એ માટે જરૂરી ત્રણમાંથી એકાદ નૉર્મ (પૉઇન્ટ) મેળવવાના આશયથી તાજેતરમાં જ્યોર્જિયાના ફિડે વર્લ્ડ કપમાં રમવા ભારતથી ગઈ હતી, પરંતુ પરિણામ એ આવ્યું કે તે સડસડાટ એક પછી એક ગેમ જીતીને વિશ્વ કપની ફાઇનલમાં ભારતની જ પીઢ ખેલાડી ૩૮ વર્ષીય કૉનેરુ હમ્પી સામે રમી હતી અને એમાં પણ જીતીને ચેસ વિશ્વની યંગેસ્ટ ચૅમ્પિયન તો બની જ ગઈ, તેને આપોઆપ ગ્રૅન્ડમાસ્ટરનું ટાઇટલ પણ મળી ગયું. ભારતીય મહિલા ચેસમાં નવા યુગનો આરંભ થયો છે.

૨૦૧૩માં દિવ્યા ૧૩ વર્ષની ઉંમરે વુમન ફિડે માસ્ટર (ડબ્લ્યૂએફએમ) બની હતી અને હવે માત્ર ૧૯ વર્ષની ઉંમરે વિશ્વની મહિલાઓમાં ૪૪મી તથા ભારતની ચોથી મહિલા જીએમ બની ગઈ છે. ભારતની કુલ ૮૮મી જીએમ બનવા ઉપરાંત તેને આ વર્ષની ધ કૅન્ડિડેટ્સ સ્પર્ધામાં રમવા માટેની એન્ટ્રી પણ આપોઆપ મળી ગઈ છે.

પુરુષોમાં ચેન્નઈનો વિશ્વનાથન આનંદ ૨૦૦૦ની સાલમાં પ્રથમ ભારતીય વિશ્વવિજેતા બન્યો ત્યાર બાદ ગયા વર્ષે ડિસેમ્બરમાં ચેન્નઈનો ડી. ગુકેશ ૧૯ વર્ષની સૌથી યુવાન વયે ચેસનો વર્લ્ડ ચૅમ્પિયન બન્યો અને હવે મહિલાઓમાં પણ ભારતની જ ૧૯ વર્ષીય દિવ્યા વિશ્વ વિજેતા બની એના પરથી ભારતમાં શતરંજની લોકપ્રિયતા કેટલી બધી વધી ગઈ છે. આના પરથી બીજી એક વાત પણ સાબિત થઈ કે ભારતમાં ચેસનું કેન્દ્ર હવે માત્ર ચેન્નઈ જ નથી, નાગપુર પણ છે.

ચેસમાં ગ્રૅન્ડમાસ્ટરનું ટાઇટલ મેળવવું ખૂબ કઠિન મનાય છે. એમાં ખેલાડીએ ફિડેના ત્રણ નૉર્મ ઉપરાંત ૨,૫૦૦ ઇલો રેટિંગ પણ પાર કરવા પડે છે. દિવ્યાએ વિશ્વ કપ રમવા માટે ક્વૉલિફાય કર્યું ત્યારે તેને જીએમ બનવા માટેનું પ્રથમ નૉર્મ મળી ગયું હતું. જોકે તેણે વિશ્વ કપ જીતી લીધો એટલે તે બધા વિઘ્નો પાર કરીને આપોઆપ જીએમ પણ બની ગઈ.

દિવ્યાએ નિશ્ચિતપણે ઇતિહાસ રચ્યો છે. ફાઇનલમાં તેણે પોતાનાથી બમણી ઉંમરની હમ્પીને ૨.૫-૧.૫થી હરાવીને મહિલા વિશ્વ કપ જીતનારી પ્રથમ ભારતીય તરીકેની ઉપલબ્ધિ તો મેળવી જ હતી, તે સૌથી ઓછી ઉંમરે ચેસનો વિશ્વ ખિતાબ જીતનારી મહિલા પણ બની છે. દિવ્યા અને હમ્પીની અગાઉ ભારતની કોઈ મહિલા ખેલાડી વર્લ્ડ કપની ફાઇનલમાં પણ નહોતી પહોંચી, જ્યારે દિવ્યાએ પહેલી જ વખત ફાઇનલમાં એન્ટ્રી કરીને અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી.

ચેસ વર્લ્ડ કપની ફાઇનલમાં બન્ને ભારતીય ખેલાડી વચ્ચે ટક્કર થઈ હોય એવું પણ પ્રથમ વાર બન્યું હતું અને એમાં દિવ્યા મેદાન મારી ગઈ. દિવ્યા અને હમ્પી વચ્ચેની પહેલી બે ગેમ ૧-૧થી ડ્રૉમાં ગઈ ત્યાર બાદ ટાઇબ્રેકરમાં પ્રથમ ત્રણ મુકાબલામાં તેઓ બરાબરીમાં રહી હતી, પરંતુ ચોથા મુકાબલામાં દિવ્યાએ સમય પર અંકુશ મેળવી લીધો હતો અને વિશ્વ રૅપિડ



ચૅમ્પિયન હમ્પીને રૅપિડ ફૉર્મેટમાં હરાવીને સર્વત્ર આશ્ચર્ય ફેલાવી દીધું હતું.

ઉલ્લેખનીય છે કે દિવ્યા દેશમુખ વિમેન્સ ચેસ વર્લ્ડ કપની વિજેતા છે, જ્યારે ચીનની જૂ વેનજુન વિમેન્સ વર્લ્ડ ચેસ ચૅમ્પિયનશિપની વિજેતા છે અને આ વર્ષની ધ કૅન્ડિડેટ્સ સ્પર્ધામાં તેઓ સામસામે ટકરાશે.

ફરી દિવ્યાની વાત પર આવીએ તો તેણે ૪૧ વખત આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે અને ૨૪ ગોલ્ડ મેડલ જીતી છે. ચેસ બોર્ડના ૬૪ ખાનાંની ૧૪ વર્ષની સફરમાં ડૉ. જિતેન્દ્ર દેશમુખ અને નમ્રતા દેશમુખની દીકરી દિવ્યાએ ચાર પ્રકારની વિશ્વ સ્પર્ધા જીતી છે. તે ૨૦૧૪માં અન્ડર-૧૦ વિશ્વ સ્પર્ધામાં ચૅમ્પિયન બની હતી. ૨૦૧૭માં તે અન્ડર-૧૨ વર્લ્ડ ચૅમ્પિયન બની હતી. ૨૦૨૪માં તે જુનિયર વર્લ્ડ ચૅમ્પિયન બની હતી અને હવે વર્લ્ડ કપ જીતી છે.

ચેસમાં ક્લાસિક ફૉર્મેટની મહારથી દિવ્યા દેશમુખના કોચ શ્રીનાથ નારાયણનનું કહેવું છે કે 'દિવ્યા આક્રમક ખેલાડી છે. જોકે સમય બદલાતાં દિવ્યા ઑલરાઉન્ડ ખેલાડી અને બહુમુખી ખેલાડી પણ બની ગઈ છે. મારા મતે તે ક્લાસિકલ, રૅપિડ અને બ્લિટ્ઝ ત્રણેયમાં સારું પર્ફોર્મ કરી જાણે છે. તે બહુ મહેનતથી દરેક સ્પર્ધા માટેની તૈયારી કરતી હોય છે. તે પોતાની સફળતાનો શ્રેય અથાક પરિશ્રમને આપે છે.'

ખુદ દિવ્યાએ ગયા મહિને વર્લ્ડ કપ જીત્યા પછી કહ્યું, 'મેં તૈયારી તો ઘણી સારી કરી હતી, પરંતુ હું ફાઇનલ સુધી પહોંચીશ એવી પણ મને આશા નહોતી. હું ક્રમાંકિત ખેલાડીઓમાં નીચલા હાફમાં હતી એટલે મારે મારાથી ઘણી કાબેલ ખેલાડીઓ સામે રમવું પડ્યું હતું. એ જોતાં મારે દરેક મુકાબલા માટે સારી તૈયારી કરવી પડી હતી. મેં ટ્રેઇનિંગમાં કલાકો આપ્યા હતા. હું તો આ સિદ્ધિને માત્ર મારી એક શરૂઆત ગણું છું.'

મહિલા ચેસની ટૉપ-ટેનમાં અડધાથી વધુ ખેલાડીઓ ચીનની છે અને એમાં એકમાત્ર ભારતીય છે કૉનેરુ હમ્પી. જોકે હવે તો વર્લ્ડ કપ વિજેતા દિવ્યાએ મહિલા શતરંજમાં સનસનાટી મચાવી દીધી છે.

એક સમય હતો જ્યારે એવું મનાતું હતું કે મહિલાઓની માનસિકતા શતરંજ રમવાને લાયક નથી. એ માટે મહિલાઓની પ્રકૃતિને તેમ જ તેમનો જે નિયંત્રણો વચ્ચે ઉછેર થતો હોય છે એવા પરિબળોને જવાબદાર ગણાવવામાં આવ્યા હતા. એવું પણ કહેવાતું હતું કે સામાન્ય રીતે મહિલાઓ જોખમ નથી લેતી હોતી, સાહસ નથી ખેડતી હોતી એટલે તેઓ શતરંજની રમતને લાયક નથી અને તેઓ ચેસના બોર્ડ પર સારી ખેલાડી બની પણ ન શકે. ગૅરી કાસ્પારોવ જેવા મહાન ખેલાડી પણ આ વિચારના સમર્થક હતા.

જોકે ૨૦૦૨ની સાલમાં દૃષ્ટિકોણ બદલાઈ ગયો હતો. હંગેરીની મહાન ખેલાડી જુડિત પૉલ્ગરે જ્યારે ગૅરી કાસ્પારોવને હરાવ્યા અને તે રૅપિડ ગેમમાં વિશ્વના તત્કાલીન નંબર-વન ખેલાડીને હરાવનારી પહેલી મહિલા ખેલાડી બની ત્યારથી મહિલાઓ પ્રત્યેનો અભિગમ ચેસની બાબતમાં બદલાઈ ગયો હતો. પૉલ્ગરનું તો ત્યાં સુધી કહેવું હતું કે શતરંજમાં પુરુષો અને મહિલાઓની અલગ અલગ સ્પર્ધા હોવી જ ન જોઈએ. આવું થશે તો મહિલા ચેસમાં સુધારો જોવા મળશે.

સ્વીકારવી પડે એવી એક હકીકત એ પણ છે કે શતરંજની તાલીમ ખૂબ મોંઘી હોય છે. રૂઢિચુસ્ત પરિવારોના મોટા ભાગના પૅરેન્ટ્સ આ રમતમાં અને ખાસ કરીને છોકરીઓ માટે પૈસા ખર્ચ કરવામાં સંકોચ રાખતા હોય છે. આને ભારતીય મહિલાની સૌથી મોટી સમસ્યા કહો કે ખામી, આ વાસ્તવિકતા છે જ. જોકે ફિડે વર્લ્ડ કપની ફાઇનલમાં બન્ને ભારતીય મહિલાઓ પહોંચી અને એમાંથી ૧૯ વર્ષની નવયુવાન ખેલાડી દિવ્યા દેશમુખ ફિડે વર્લ્ડ ચૅમ્પિયન બની એટલે ભારતમાં મહિલા ચેસ પ્રત્યે પૅરેન્ટ્સનો અભિગમ જરૂર બદલાશે. દિવ્યા ૪૩ લાખ રૂપિયા અને હમ્પી ૩૫ લાખ રૂપિયા જીતી છે. જોકે બન્નેને સ્પૉન્સરશિપમાં હજી બીજા લાખો રૂપિયા મળશે. એ જોતાં પૅરેન્ટ્સ એ પણ વિચારશે આ રમતમાં પૈસા તો કમાઈ જ શકાય છે. ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# કાતિલ ઓગસ્ટ...અળખામણો ઓગસ્ટ...!

ઓગસ્ટ એટલે રજાઓનો મહિનો. ખુશીઓનો મહિનો. તહેવારોના ઢગલા.... જૂનમાં નવું શૈક્ષણિક વર્ષ ચાલુ થાય પછી દિવાળી પહેલાનું પ્રથમ મીની-માઈક્રો વેકેશનનો મહિનો. આનંદી ઓગસ્ટ, પણ દુનિયા માટે જબરદસ્ત હલચલ મચાવનાર મહિનો એટલે ઓગસ્ટ...

આ મહિનાના સમાચારો ઉપર એક નજર ફેરવો. વિશ્ર્વ આખામાં એક કરતાં વધુ દેશમાં હિંસા ભભૂકી રહી છે. સિઝનલ માંદગી તેની ટોચ પર છે. રશિયા-યુક્રેઇન બોર્ડર હોય કે ઇઝરાયલ-ગાઝા કે બાંગ્લાદેશની આંતરિક સ્થિતિ ... બધે જ વધુને વધુ ભીષણ સંજોગો આકાર લઇ રહ્યા છે. અરબ દેશોથી લઈને ચાઈના સુધી બધે ઊથલપાથલ મચી રહી છે. અમેરિકાના ટ્રમ્પે શરૂ કરેલા 'ટૅરિફ પે ટૅરિફ'ની આ પરાકાષ્ઠાનો મહિનો છે ઓગસ્ટ. ઓગસ્ટ છે માટે જ વિશ્ર્વમાં શાંતિ નહિ રહેવાની.

કોઈ મહાન આદમીએ કહ્યું છે કે કોઈ પણ દેશની પ્રગતિનું અનુમાન કરવું હોય તો તે દેશ કેટલું સલ્ફ્યુરિક એસિડ-H2SO4 વાપરે છે તે તપાસો. ઓગસ્ટ મહિનાની તવારીખ પર એક નજર કરીએ તો કહેવું પડે કે કોઈ પણ દેશ કેટલો ખમતીધર અને તાકાતવર છે તે જોવું હોય તો તે દેશના પાછળના ઓગસ્ટ મહિનાઓનો ઈતિહાસ તપાસો.

ઓગસ્ટ મહિનો લોહિયાળ છે. યુદ્ધ હોય કે કુદરતી આપત્તિ. વ્યક્તિગત જીવન હોય કે રોગચાળો. ઓગસ્ટ આવે અને વૈશ્ર્વિક સ્થિરતાના પાયા હચમચાવીને ચાલ્યો જાય.

ભલે સત્તાવાર રીતે જુલાઈમાં શરૂ થયેલું પ્રથમ વિશ્ર્વયુદ્ધે પણ આ જ- ઓગસ્ટ મહિનામાં 'વિશ્ર્વયુદ્ધ' કહી શકાય એવો રંગ પકડ્યો અને બીજા વિશ્ર્વયુદ્ધના અંત સમાન બે ભસ્માસુર અણુબોમ્બ પણ જાપાન ઉપર આ જ માસમાં મરણતોલ રીતે પટકાયાં.

અત્યારે આખા એશિયા ખંડ પર પોતાની આણ ફેલાવી રહેલા ચાઈનાની રાજધાની બેઇજીંગ (ત્યારનું પેકિંગ) ઉપર ૧૯૦૦માં અમેરિકા, રશિયા, જાપાન, ઇટાલી, ફ્રાન્સ, બ્રિટન જેવા આઠ દેશના સૈનિકોએ સાથે મળીને ચાઈનાની આપખુદી સામે હલ્લો કરી એને પાઠ ભણાવેલો તો આ જ મહિનામાં સૌથી પહેલી વાર, ઈમર્જન્સીમાંથી જીવ બચાવવા માટેનો મેસેજ SOS-Save Our Soul બ્રોડકાસ્ટ થયેલો! ૧૧ ઓગસ્ટે જગતના કોઈ ખૂણેથી SOS નો સંદેશો પ્રસારિત થાય છે તો એના એક્ઝેટ ૬ દિવસ પછી ૧૭ તારીખે આપણે ક્રાંતિકારી મદનલાલ ઢીંગરાની જાન બચાવી શકતા નથી. એમને પારકા દેશ લંડનમાં ફાંસી અપાય છે અને આપણે જોતા જ રહીએ છીએ.

૧૯૧૦માં પાંચ ઓગસ્ટે જાપાનના ટોક્યોમાં પૂર આવે છે તો વર્ષો પછી ૧૯૭૯માં આપણા મોરબીમાં જ ૧૧ તારીખે હૃદયદ્રાવક જળહોનારત થાય છે જેના પડઘા વિશ્ર્વ આખામાં પડે છે. આ જ મહિનામાં ૧૯૧૦માં રશિયાવ્યાપી કોલેરાનો રોગચાળો હજારો લોકોનો ભોગ લે છે તો બરાબર એક વર્ષ પછી આ જ મહિનામાં દરેક વિશ્ર્વનાગરિકની અસ્મિતા સમાન પ્રિય કૃતિ દ વિન્સી ભાઈની 'મોનાલિસા'ની ચોરી થાય છે!

બીજી તરફ, કરોડો લોકોને હસાવનાર ચાર્લી ચેપ્લિન માટે પણ ઓગસ્ટ મહિનો 'આંસુ




વહેવડાવનારો' બને છે. ડિવોર્સ થાય છે એ અવ્વલ કલાકારના.૧૯૨૭ના જમાનામાં પણ એમણે કુલ મળીને ૮,૨૫,૦૦૦ ડૉલર્સમાં સેટલમેન્ટ કરવું પડે છે....

બાપુ, ચાર્લી ચેપ્લિનનો ય વારો ઓગસ્ટ કાઢે તો આપણા પ્યારા બાપુ બાકી રહે આ મહિનાના ક્રોધથી? ગાંધીબાપુને જવું પડ્યું પહેલા સાબરમતી અને પછી યરવડા જેલમાં. અહિંસાના પૂજારી એવા ૧ ઓગસ્ટ ૧૯૩૩ના રોજ જેલમાં જાય છે અને એના ૧૧ દિવસ પછી બારમી તારીખે, આપણા પ્રિય અને આ બંદાના અતિપ્રિય એવા મહાત્માને 'અર્ધનગ્ન ફકીર' કહેનારા એવા વિન્સ્ટન ચર્ચીલે પહેલી વખત જાહેરમાં જર્મનીની શસ્ત્રજમાવૃત્તિ વિશે વોર્નિંગ આપીને બીજા વિશ્ર્વયુદ્ધનો અણસાર આપી દીધેલો.

૧૯૩૩માં ગાંધીજી અરેસ્ટ થયા તો એ જ ગાંધીને અનુસરનારા લીજેન્ડ નેલ્સન મંડેલા વર્ષો પછી ૧૯૬૨માં આ જ મહિનામાં સાઉથ આફ્રિકામાં અરેસ્ટ થાય છે અને મંડેલાની ધરપકડ થઇ એ જ દિવસે વિશ્ર્વસુંદરી- સૌન્દર્યસામ્રાજ્ઞી મેરેલીન મનરો દવાઓનો ઓવરડોઝ લેવાના કારણે જગતને અલવિદા કરી જાય છે...

ભારતને આઝાદી મળી એના અનેક પરિબળોમાંનું એક મજબૂત પરિબળ 'ભારત છોડો આંદોલન' અને ગાંધીજીનું 'કરો ય મરો' સૂત્ર ૧૯૪૨ના ઓગસ્ટમાં જ બહાર આવેલું. એના પછી ધીમે-ધીમે ભારત આઝાદ થશે તેવી આશા બંધાવા લાગી હતી...

જોકે, ભારત આઝાદ થાય ન થાય એ પહેલાં ૧૯૪૬માં સાયન્સ ફિક્શનના પિતામહ એવા મહાન સાહિત્યકાર એચ.જી.વેલ્સ ૧૩ ઓગસ્ટે અવસાન પામે છે. એના મૃત્યુના ત્રણ દિવસ બાદ કલકત્તામાં કોમી તોફાનો ફાટી નીકળે છે અને પૂરા દસ હજાર લોકો કમોતે મરે છે.

ભારત આઝાદ થાય છે. (ના, ભારત આઝાદ થાય છે એ કઈ દુખદ ઘટના નથી, પણ દુખદ ઘટના જે એ જ દિવસે બની એ આ કૌંસના તરત પછી બહાર વાંચો.) આઝાદીના સમયે દિલ્હીમાં જેની હાજરી આવશ્યક નહિં પણ અનિવાર્ય ગણાય એવા આપણા રાષ્ટ્રપિતા કલકત્તામાં ભગ્નહૃદયે સૂઈ જાય છે. જે વ્યક્તિએ આઝાદી માટે પોતાની આખી જિંદગી આપી અને સૌથી વધુ લોકોને પ્રભાવિત કર્યા એ જ વ્યક્તિ ભારતની ભાગલાસભર આઝાદી વખતે દુઃખી હતી- એ જરૂર એક દુખદ ઘટના જ છે, અને એ દુખદ ઘટનાનો મહિનો? એ જ અણીયાળો ઓગસ્ટ.!

ભારત-ચીનનું યુદ્ધ ભલે ૬૨માં થયું પણ એનો પાયો ૧૯૫૯માં ચીનના અટકચાળાથી મંડાયો હતો. અને મહિનો હતો ઓગસ્ટ. ૧૯૭૫માં આપણા સ્વાતંત્ર્ય દિને જ બાંગ્લાદેશના સ્થાપક શેખ મુજીબર રહેમાનની હત્યા થઇ. અત્યાર સુધી હિન્દુસ્તાનના જેટલા પણ વડા પ્રધાન આવ્યા છે એમાંથી નેહરુ પછી એક પણ વડા પ્રધાન ઓગસ્ટ મહિનામાં સત્તા પર નથી આવ્યા. બધા જ વડા પ્રધાનોમાંથી ઓગસ્ટમાં જન્મેલા એકમાત્ર વડા પ્રધાન સૌથી યુવાન રાજીવ ગાંધીની હત્યા થાય છે એ પણ એક કડવો જોગાનુજોગ છે ...

જમૈકા, પાકિસ્તાન, ભારત, ઇન્ડોનેશિયા, સ્વીત્ઝરલેન્ડ, અફઘાનિસ્તાન, બન્ને કોરિયા, સિંગાપોર જેવા ૨૩ દેશોને આ જ મહિનામાં આઝાદી મળી તો આ જ મહિનો દુનિયામાં ઊથલપાથલ માટે નામચીન છે, પણ સામાજિક રીતે ધાર્મિક રીતે આપણે સારું છે : રક્ષાબંધન, સાતમ-આઠમ અને હવે પર્યુષણ.... રજાઓ, તહેવારો, ખુશીઓ, આનંદ જ આનંદ.

આવતા વર્ષના ઓગસ્ટને 'વેલકમ' કહેવું કે નહિ એ તો હમણાં ખબર નથી, પણ તમને આ અળવીતરો ઓગસ્ટ ગમ્યો કે નહીં? સાચું કહેજો! ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# રક્ષાબંધનના અવસરે તમારી બ્રાન્ડની સુરક્ષા કરો...

ગઈકાલે ભારતભરમાં અને જ્યાં પણ ભારતીયો છે ત્યાં પવિત્ર રક્ષાબંધનનો ઉત્સવ ઉજવાઈ ગયો. ભાઈ - બહેનનો નિસ્વાર્થ પ્રેમ, સ્ત્રી તરફ જોવાની પવિત્ર દૃષ્ટિ અને રક્ષા માટેની બાંયધરી આપતો આ ઉત્સવ આ સંબંધને વધુ ગાઢ બનાવે છે. સમય સમયે મુશ્કેલીઓના પ્રકાર બદલાતા જાય અને તે પ્રમાણે એની રક્ષા કરવાના વિવિધ આયામ પણ ગોતવા પડે. આજની તારીખે જો ભાઈ તેમ કહે કે કંઈપણ થાય તારું ભરણ પોષણ આખી જિંદગી હું કરીશ કે તને કોઈપણ આર્થિક મુશ્કેલી નહિં આવવા દઉં તો બહેન કહેશે આના માટે હું સક્ષમ છું.

બહેન કહેશે કે જો તારે મારી રક્ષા જ કરવી હોય તો મને અને મારા વિચારોને બાંધ નહિં, મને જીવનમાં આગળ વધવામાં મદદ કર અને તેમાં આવતા અવરોધ સામે મારી સાથે રહે...

સમય સાથે સંબંધ અને વેપારના આયામ પણ બદલાયા છે- સ્પર્ધાઓ વધી રહી છે આવા સમયે બ્રાન્ડને પણ રક્ષાની જરૂર છે, જેથી તેને આગળ વધવામાં આસાની રહે. આની જરૂરત ત્યારે વર્તાય છે જ્યારે તમારી બ્રાન્ડ સફળ થાય છે અને લોકો તેની નકલ કરવા માંડે છે. આથી પહેલેથી તકેદારી લેવી અથવા બીજા શબ્દોમાં કહેવું હોય તો પાણી પહેલા પાળ બાંધવી.

હવે પ્રશ્ન થશે કે બ્રાન્ડની પણ કઈ રક્ષા થતી હશે? હા, જે કિંમતી હોય તેની સુરક્ષા જરૂરી છે. બ્રાન્ડ કિંમતી છે અને આથી તેની સુરક્ષા થવી જોઈએ.

સૌપ્રથમ કાયદેસર રીતે તમારા બ્રાન્ડનાં નામ, ઉત્પાદનનાં નામ, કન્ટેન્ટ, કોઈ ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી, પેટેન્ટ જેવી બ્રાન્ડને લગતી વળગતી વાતોને યોગ્ય કોપીરાઇટ અને ટ્રેડમાર્ક્સ દ્વારા સુરક્ષિત કરો. આમ કરવાથી સ્પર્ધક તમારી બ્રાન્ડને લગતી વળગતી વાતો પર પોતાની હોવાનો દાવો નહિં કરી શકે.

આજ રીતે આપણે જાણીયે છીએ કે આપણે ફક્ત એક જ ડોમેનનો ઉપયોગ કરી શકીયે છીએ વેબસાઈટ માટે. આવા સમયે તમારા બ્રાન્ડેડ ડોમેનના બીજા વર્ઝન, જેમ કે, com .org .in .net ખરીદી તમારી પાસે રાખી મૂકો. આનાં બે કારણ છે એક, બીજું કોઈ પણ આમાંથી એક વર્ઝન લઇ પોતાનો માલ તમારા નામે વેચવા લાગશે અને

બીજું, કોઈ આમાંથી એક વર્ઝન ખરીદી તમને ભવિષ્યમાં ઊંચા ભાવે વેચશે. આથી




પહેલેથી બધા વર્ઝન ખરીદી લો. આ ઉપરાંત બધા સંબંધિત સોશ્યલ મીડિયા હેન્ડલ્સ, સર્ચ એન્જિન પર કીવર્ડ્સને પણ આ રીતે સુરક્ષિત કરો.

આ તો થઇ કાયદેસર કઈ રીતે બ્રાન્ડને સુરક્ષિત કરી શકાય તેની પદ્ધતિ. બ્રાન્ડને વ્યૂહાત્મક રીતે સુરક્ષિત કરવાની રીત અથવા કઈ રીતે તેની માલિકીનો દાવો કરી શકીયે તે જોઈએ.

બ્રાન્ડનું નામ અને લોગો એવા રાખો જેની નકલ કરવી મુશ્કેલ હોય. જયારે નામ અને લોગો બનાવો કે તરત તેની માહિતી માર્કેટમાં અને કન્ઝ્યુમરની સમક્ષ એડ કેમ્પેઇન દ્વારા આપો. આનાથી તમારી માલિકી તમે સિદ્ધ કરી શકો.

આ ઉપરાંત જ્યારે તમે લોગો બનાવી તૈયાર છો ત્યારે બ્રાન્ડની ગાઇડલાઇન બનાવો, જેને બ્રાન્ડ મેન્યુઅલ પણ કહે છે. આ બ્રાન્ડને સ્ટાન્ડર્ડાઇઝેશન પ્રદાન કરે છે. આમાં બ્રાન્ડના કલર, લોગોની સાઈઝ, લોગોનું પ્લેસમેન્ટ વગેરે બાબતનો સમાવેશ થાય છે. આના સહારે બ્રાન્ડનું કોમ્યૂનિકેશન બને છે જેને જોતા લોકોને ખબર પડે છે કે આ જે-તે બ્રાન્ડનું કોમ્યૂનિકેશન છે. તમારી બ્રાન્ડ જો રિટેલમાં છે તો તેના સ્ટોર પણ સમાન દેખાવ અને ડિઝાઇન વાળા હશે. તમારો જો મેસકોટ હશે તો તે પણ અમુક રીતે ડિસ્પ્લે થશે.

આપણી સ્મક્ષ આનું ઉત્તમ ઉદાહરણ એટલે, 'શોપર્સ સ્ટોપ'ના કેમ્પેઇન, જે તમને હંમેશાં બ્લેક અને વાઇટમાં જોવા મળશે. આથી જો તમે લોગો પણ નહિ જોવો તો તમે જાણી જશો કે કઈ બ્રાન્ડનું આ કેમ્પેઇન છે. આમ બ્રાન્ડ મેન્યુઅલ અને ગાઈડલાઈન દ્વારા પણ તમે બ્રાન્ડને સમાનતા પ્રદાન કરી સુરક્ષિત કરી શકો છો, જેથી કોઈ તેની નકલ ના કરે.

આથી આગળ, બ્રાન્ડનું પોઝિશનિંગ જેના પર આપણે વારંવાર ભાર આપીયે છીએ. પોઝિશનિંગ તમને અલગતા તો આપશે પણ સુરક્ષા પણ આપશે. આનું કારણ, કોઈ પણ બીજી બ્રાન્ડ વપરાઈ ગયેલું પોઝિશનિંગ નહિં વાપરે, કારણ કે એ તેને નુકસાનકર્તા હશે. આથી બ્રાન્ડનું પોઝિશનિંગ જયારે નિશ્ચિત કરો ત્યારે તેને સતત ઉપયોગમાં લઇ તેની પણ માલિકીનો દાવો કરી લો, જેથી લોકો તેનો ઉપયોગ ના કરી શકે.

પોઝિશનિંગના સહારે તમારી ટેગલાઈન બને છે, તેને પણ જોઈએ તો રજિસ્ટર કરી તેને તમારી એસેટ બનાવો.

બ્રાન્ડની સુરક્ષા શા માટે જરૂરી છે? તમારી બ્રાન્ડ સ્પર્ધાત્મક બજારમાં તમારી ઓળખ, મૂલ્યો અને પ્રતિષ્ઠાનું પ્રતિનિધિત્વ કરે છે. તમારી બ્રાન્ડનું રક્ષણ કરીને, તમે ગ્રાહકોમાં વિશ્ર્વાસ અને ઓળખ સ્થાપિત કરો છો, રિપીટ પરચેઝને- પુન : વેચાણને પ્રોત્સાહન આપો છો. વધુમાં, બ્રાન્ડની સુરક્ષા ગેરકાયદે ઉપયોગને અટકાવે છે, જેથી તમારું સેલ ટકી રહે અને તમારા કન્ઝ્યુમર તમારી સાથે રહે.

તમારી બ્રાન્ડની વિશ્ર્વસનીયતાને મજબૂત બનાવે છે અને સૌથી મહત્ત્વનું તમને સ્પર્ધકોથી અલગ પાડે છે. આખરે બ્રાન્ડની સુરક્ષા તમારા વેપારના પાયાને મજબૂત બનાવે છે- વેપારની વૃદ્ધિને વેગ આપે છે, ગ્રાહકનો વિશ્ર્વાસ અકબંધ રાખે છે અને સૌથી મહત્ત્વનું આજની તારીખે ઈ-કોમર્સની ગતિશીલ દુનિયામાં લાંબા ગાળાની સફળતાને સક્ષમ બનાવે છે. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગઝલમાં કલંદરના નારા જગાવનાર મનુભાઈ ત્રિવેદી

**સમજવી છે સહેલી સાવ તંબૂરતારની સીમા**
**પરંતુ સાવ સમજણ પાર છે ઝંકારની સીમા.**



વીસમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતી ગઝલ સોળે કળાએ ખીલી હતી. માંગરોળથી લઈને મુંબઈ સુધીમાં ગઝલ પોતાનો ચેતોવિસ્તાર અને શબ્દવિસ્તાર સુપેરે પ્રસરાવી શકી હતી. દરેક નગર, કસ્બાઓ અને શહેરોમાં ગઝલના થાણાં નંખાય ચૂક્યાં હતાં, માંડવડા રોપાઈ ગયા હતા. ગઝલની આન બાન અને શાન રાજમહેલોનો કબજો લઈને બેઠી હતી. આવા સમયે ગઝલના રંગરાગમાં કબીર, સૂરદાસ, નરસિંહ અને મીરાંના સૂર ભક્તિરસમાં તરબોળ થઈને આવતા હતા. આવા ગઝલ સાધકોમાં મકરંદ દવે, કપિલરાય ઠક્કર અને મનુભાઈ ત્રિવેદી મોખરાના કવિઓ ગણાવી શકાય. આજે આપણે મનુભાઈ ત્રિવેદીની વાત કરવી જેમની ગતિ બન્ને પ્રકારમાં સ્વંયપ્રકાશિત હતી.

'ગાફિલ' ઉપનામથી ગઝલ લખતા અને 'સરોદ' ઉપનામથી ભજનો અને રચનાઓનું સર્જન કરતા. એમનો જન્મ ૨૭ જુલાઈ ૧૯૧૪ના રોજ માણાવદરમાં થયો હતો. એમના પિતાશ્રી રાયબહાદુર ત્રિભુવનદાસ ત્રિવેદી માણાવદર સ્ટેટના નવાબના દીવાન હતા. માતા પ્રેમકુંવરના ધર્મપરાયણ સંસ્કારો એમના ભજનોમાં ઉતર્યા હોય એમ લાગે છે. કવિની સર્જકશક્તિ કોલેજકાળથી ખીલી હતી. શરૂઆતમાં એમણે ગીતો, છંદોબદ્ધ કાવ્યો અને સરસ સૉનેટો લખ્યાં હતાં. ત્યાર પછી ગઝલ અને ભજન જેવા પરસ્પર નિરાળા કાવ્યપ્રકારોમાં સરખી ગતિ રાખીને જે કાંઈ આપ્યું છે એ ગુજરાતી કવિતા સાહિત્યની મોટી મિરાંત છે. એમના કહેવા પ્રમાણે સર્જનની સરવાણીના પાયામાં 'મીર' છે તો મીરાં પણ છેઃ

ન ગાઉં કેમ હું ભજનોની સાથે ગઝલો પણ ગાફિલ
અહીં ખેંચે છે મીરાંબાઈ તો ત્યાં મીર ખેંચે છે
***

કવિશ્રી મકરંદ દવેએ 'કલંદરના ઈશારા' શિર્ષક નીચે મનુભાઈના ગઝલ-ભજન સર્જનનાં તમામ પાસાંઓની તલસ્પર્શી સમીક્ષામાં કહ્યું છે કે 'મનુભાઈ માટે મીરનું ખેંચાણ માત્ર ગઝલમાં સ્વરૂપ પૂરતું કે મીરના કલામ પૂરતું મર્યાદિત નથી પણ મીરના દિમાગમાં જે કલંદરી છે તે મનુભાઈને ગઝલો લલકારતી કરી દે છે.' આ કલંદરીની ઝાંખી જરૂરી છેઃ

**ખુશ રહા, જબ તલક રહા જીતા**
**મીર માલૂમ હૈ, કલંદર થા**
***

મીરનો અલગારી ઈશ્કે-હકીકીનો મિજાજ મનુભાઈની ગઝલમાં હાથમાં હાથ પરોવીને ચાલ્યો આવે છે જેમ કેઃ

**જગતને કરી દે ગમે ત્યારે જાગૃત**
**કલંદરના નારા છે મારી ગઝલમાં**
***

મનુભાઈ ત્રિવેદીએ એડવોકેટ તરીકે પ્રેક્ટિસ ચાલુ કરી. એ જે પક્ષે હોય પણ મનથી હંમેશાં ન્યાયપક્ષે હતા તેથી એમણે સાચા-ખોટા કરવાને બદલે ન્યાયાધીશ બનવાનું મુનાસિબ માન્યું અને કાયદાની દેવીનાં બન્ને પલ્લાંઓ સરખાં રાખીને આખી જિંદગી ન્યાય તોળ્યો. આવી જ રીતે સર્જક તરીકે ભજન અને ગઝલના બન્ને ત્રાજવાને સમતોલ રાખીને જે કંઈ આવ્યું તે આમદ તરીકે લખ્યું.

ગઝલના પાયાનો રંગ-તગઝ્ઝુલ-એમની ગઝલમાં છે. પ્રેમની ભાવના અને વિભાવના સ્પંદનો ઝીલાયા છે. આમ ઈશ્કે-મિજાજી તો છે પણ સાથે ભગવા રંગનું આકાશ છે એટલે ઈશ્કે-હકીકી છે, જેમાં પરમતત્ત્વ સાથેનું અનુસંધાન સમર્પણ અને સ્વીકારના ભાવ સાથે સતત નજરે પડે છે. જેમની સુરતા હરિ સાથે હોય એવા સર્જક પાસે સર્વસમર્પણનો ભાવ જરૂર હોવાનો. મનુભાઈની ગઝલમાં પ્રણય, વિરહ અને સામાજિક નિસ્બત છે. બાહ્ય વિરહની સાથે સાથે ઈશ્વર સાથેનો વિરહ ઉફરું સ્થાન લે છે. આના કારણે ક્યારેક ગઝલ ભજનનુંમાં બનતી લાગે છે. ગઝલમાં આમ બનવું સ્વાભાવિક છે કારણ કે અંતે તો ગઝલ પણ પરમ-પ્રિયતમ પરમેશ્વરની પૂજા જ છે. મકરંદભાઈ જેવા મરમીની સોબતથી અને અમૃત ઘાયલ જેવા શબ્દસ્વામી સાથેની મૈત્રીથી ગઝલના બાહ્ય સ્વરૂપ અને આંતરસત્ત્વની હિફાજત, શિસ્ત અને અદબ એમની ગઝલોમાં જોવા મળે છે. પહેલા બાહ્ય રંગ દર્શી શેરોની તરતપાસ કરીએઃ

**મલકતું મ્હો અને ચમકી જતી આંખો કહી દે છે**
**ભલે છૂપી એ રાખો વાત, છાનો રંગ લાગ્યો છે**
***

**ગઝલ કંઈ ન બીજું, પ્રણયની પ્રસાદી**
**કુસુમ જેમ કોઈ ઉદયની પ્રસાદી**
**ઢળેલાં નયનમાં નિહાળી લો ઓજસ**
**વિવેકે ભરી છે વિનયની પ્રસાદી**
***

**નવાઈ શી અગર હું એમના જેવો જ લાગું છું**
**અરીસો આયખાનો રૂપની તસ્વીર ખેંચે છે**
***

**પજવણી નથી આંખડીનીય ઓછી**
**કદી સુદ કરે છે, કદી વદ કરે છે**
**હું સંદેશ એને કહાવું શી રીતે?**
**રજૂઆત ખોટી જ કાસદ કરે છે**
***

મનુભાઈની 'ઓવારણાં' શિર્ષકની છ શેરની નાની બહરની ગઝલમાં પ્રણયનો ભાવ ક્યારેક ઈશ્કે-મિજાજીમાંથી ઈશ્કે-હકીકીમાં પરિવર્તિત થતો જણાય છે. ગઝલના ચંદ શેર છેઃ

**મળ્યા સામા મને એ બારણામાં**
**જિતાઈ દિલ ગયું ઓવારણામાં**
**હતો કેવો, ગયું એ વીસરાઈ,**
**હતાં કેવાં, રહ્યું સંભારણામાં**
**સમાધિ સ્હેજમાં લાગી જવાની**
**ઊભો છું ઉંબરા પર ધારણામાં**
**અહો ગાફિલ, તમારું ભાગ્ય કેવું?**
**તમે છો એમની વિચારણામાં.**

આખરી અવસ્થામાં ચિંતન મોક્ષ, માયાના બંધન અને છેલ્લે મૃત્યુના ભણકારાની અગોતરી જાણ વિશે વધારે થતું હોય છે. કવિ આર્ષદ્રષ્ટા હોય છે એટલે પડછાયા, પડઘા અને પ્રતિબિંબના ઓળાઓ ઘણું બધું કહી જતા હોય છે. કવિ આ પડઘાને પામી ગયા છે એટલે પ્રશ્ન ગઝલમાં મૃત્યુના ભણકારાની વાત આ રીતે કરે છેઃ

**ઊઠતી બજારે હાટ હવે કેટલો વખત?**
**વહેવારના ઉચાટ હવે કેટલો વખત?**
**પગરણ થઈ ચૂક્યા છે હવે પાનખર તણાં**
**ફૂલડાંઓ ફાટ ફાટ હવે કેટલો વખત?**
**જ્યારે હવેલી સાવ ધરાશાયી થઈ રહી**
**ત્યારે ખટુકશે ખાટ હવે કેટલો વખત?**
**ગાફિલ તમારો ઘાટ ઘડાવાની છે ઘડી**
**ઘડશો ઘણેરા ઘાટ હવે કેટલો વખત?**

આપણા અગ્રગણ્ય ગઝલકાર ડૉ. લલિત ત્રિવેદીએ નોંધ્યું છે કે 'કાવા દાવા કૂડ કપટથી ભરેલા કોર્ટના પરિસરને મનુભાઈએ માનસર કરી જાણ્યું. જેને અંદરબહાર 'સાચા શબ્દ' હોય એમને ન્યાયાલય શું કે મંદિર શું કવિ એક ભજનમાં કહે છે.'

**આપ કરી લે ઓળખાણ**
**એ સાચા શબદના પરમાણ**

મનુભાઈના ઘરે સાંજે પડે ને સંતો, કવિ-મિત્રો-અંતરંગની બેઠક હોય જ. મકરંદ દવે, અમૃત ઘાયલ, તખ્તસિંહજી પરમાર, પાજોદ દરબાર રૂસ્વા સાહેબ અને અન્ય કવિઓ વારાફરતી આવતા રહે અને સબદનો ધૂણો ધખતો રહે. સબદ નિષ્પન્ન અને કરણીની કમાઈ એમ બન્નેની વાત કરતા 'સરોદ' એક ભજનમાં કહે છે.

**જેદી કરણીની હોય કમાઈ**
**મેરે ભાઈ**
**હેડો સબદ નીસરે ધાઈ, હોજી!**
**આ 'હેડો સબદ,' સબદ-સાધના**
**મનુભાઈના સમગ્ર જીવનનો પર્યાય!**

ટાઉન હોલ, અમદાવાદમાં યોજાયેલ મુશાયરામાં શ્રોતા તરીકે ગયેલા, પરંતુ મિત્ર અમૃત ઘાયલ વગેરેના આગ્રહથી મંચ પરથી ગઝલ રજૂ કરી, અને પોતાની જગ્યાએ બેસવા ગયા ત્યાં જ ઢળી પડ્યા, બેભાન થઈ ગયા અને તા. ૯-૪-૭૨ના રોજ નિધન પામ્યા.

મકરંદભાઈ આ ઘટના વિશે લખે છે- કવિ સંમેલનમાં પોતાની ગઝલ સંભળાવીને મિત્રોની વિદાય લેવી એ તો ચમત્કાર જ ગણાય.

કવિના કુલ ચાર સંગ્રહો પ્રગટ થયા-બે ભજન સંગ્રહો (૧) રામરસ અને (૨) સુરતા. ૧૯૭૩માં બંદગી ગઝલ સંગ્રહ અને પવન પગથિયાં (ગુ.સા.અ. દ્વારા પ્રકાશિત અને ચંદ્રકાંત ટોપીવાળા સંપાદિત), જેમાં કવિતા, છાંદસ કાવ્યો, ભજનો, ગઝલો, બાળકાવ્યો વ.નો સમાવેશ થાય છે.

કવિનો પ્રથમ પ્રેમ 'રામરસ' હતો. મૃદુ અને ઋજુ હૈયું ધરાવતા આ કરુણામૂર્તિ કવિના સ્પંદનો શબ્દનું રૂપ ધરીને અંતરમાંથી આફુડા અલખના ઉદ્ગાર ઊઠતા હતા. એમની વાણીમાંથી તંબુરતારનો સુરતાનાદ વહેતો હતો. એમણે એટલે તો કહ્યું છે કેઃ

સમજવી છે સહેલી સાવ તંબૂરતારની સીમા
પરંતુ સાવ સમજણ પાર છે ઝંકારની સીમા.

ગઝલ હો કે ભજન હો ક્યાંય આક્રોશ નથી, સર્વત્ર સ્વીકારની અને સમર્પણની ભાવના નજરે પડે છે. કેટલાક મનનીય અશ્આર અને ભજન પંકિતઓથી સમાપન કરીએ. અમદાવાદના મુશાયરામાં રજૂ કરેલી છેલ્લી ગઝલ વિચારવા અને સમજવા જેવી છે.

**જુદી જિંદગી છે મિજાજે મિજાજે**
**જુદી બંદગી છે નમાજે નમાજે.**

**છે એક જ સમંદર, થયું એટલે શું?**
**જુદા છે મુસાફર જહાજે જહાજે**

**જીવન જેમ જુદાં છે કાયામાં જુદી**
**છે મૃત્યુય જુદાં જનાજે જનાજે**

**હટી જાય ઘૂંઘટ, ઢળી જાય ઘૂંઘટ,**
**જુદી પ્રીત જાગે મલાજે મલાજે**
***

**હશે વીત્યુ શું એના પર, તે એ જાણે, ખુદા જાણે**
**અમસ્તુ તો ગમે ના દિલને પાષાણી બની જાવું**
***

**જીવનનો સાથ સ્વીકારું કે પાલવ મોતનો પકડું?**
**નથી સમજાતું એના એક અણસારાએ ક્યાં જાવું?**
***

**સાતેય રંગ શ્વેત કિરણમાં જઈ ભળ્યા**
**રોનક હતી જહાની, સુભગ સાદગી થઈ.**
***

**મને ગાફિલને ઠેકાણાનું પૂછો છો તમે શાણા**
**રુદનથી માંડી ખુશહાલી તલક છે મારું ઠેકાણું**
***

**અંતરમાંથી આવે આફૂડા**
**અલખના ઉદ્ગાર**
**ઝીલો ન ઝીલો ભાઈ ભેરું સહુયને**
**ઝાઝા કરીને જુહાર**
**રે એવો વાણીનો વહેવાર જી.** ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# સંબંધમાં નફો કે નુકસાન ન જોવાય...

હમણાં એક મિત્રએ વોટ્સ એપ પર એક સરસ વીડિયો મોકલાવ્યો હતો. એ વીડિયો કોણે બનાવ્યો એ વિશે એમાં કશી માહિતી નહોતી (આજના સમયમાં આ એક મોટું દૂષણ છે. વીડિયો બનાવનારી કે કોઈ સરસ મેસેજ લખનારી મૂળ વ્યક્તિનું નામ મોટે ભાગે મેસેજ સાથે મોકલવામાં આવતું નથી). જોકે એ વીડિયોમાં જે વાત હતી એ મારા હૃદયને સ્પર્શી ગઈ એટલે વાચકમિત્રો સાથે શેર કરવાનું વિચાર્યું.

આગળના શબ્દો જે વ્યક્તિએ વીડિયો બનાવ્યો છે તેના છે. ભાષાશુદ્ધિ માટે થોડા ફેરફારો કર્યા છે, પણ મૂળ વાત વીડિયો બનાવનારી વ્યક્તિની જ છે. વાંચો....

અમે હાઈ-વે પર કારમાં એક શહેરમાંથી બીજા શહેરમાં જઈ રહ્યા હતા. એક નદી પરનો પુલ પાર કર્યો એ સાથે એક છોકરી નજરે પડી. એ રસ્તાને કિનારે ઊભી રહીને તરબૂચ વેચી રહી હતી.

એ વખતે અમારી સાથે એક કુટુંબ હતું. એમાંના બાળકે જીદ કરી કે મારે તરબૂચ ખાવું છે એટલે કાર પેલી છોકરી પાસે ઊભી રાખીને કારનો કાચ નીચે કરીને મારા મિત્રની પત્નીએ પૂછ્યું કે 'શું ભાવ છે તરબૂચનો?'

તે છોકરીએ કહ્યુંઃ 'પચાસ રૂપિયાનું એક લઈ લો.'

- તો અમારા મેડમ ભાવતાલ કરવા લાગ્યા કે 'ત્રીસ રૂપિયા આપીશ. એથી વધુ નહીં.'

પેલી છોકરી કહેવા લાગી કે 'ગજબ છો તમે તો...પચાસ રૂપિયાના તરબૂચના ત્રીસ રૂપિયા કહી દીધા!'


અમારા મેડમે કહ્યું, 'ઠીક છે. ચાલીસ રૂપિયામાં આપી દઈશ?'

છોકરીએ કહ્યુંઃ 'ચાલીસ રૂપિયાનું તો અમને પડ્યું છે. હું પિસ્તાળીસ રૂપિયામાં આપી શકીશ.'

અમારી સાથેના મેડમના પતિ હસી રહ્યા હતા. એમણે પત્નીને કહ્યું કે 'શું મગજમારી કરે છે આટલી નાની વાતમાં.' પણ મેડમ તો ભાવતાલમાં લાગેલાં હતાં. પેલી છોકરી તરબૂચ લઈને કારની નજીક આવી. અમારી સાથે જે બાળક હતું એ બારીમાંથી બહાર જોઈ રહ્યું હતું. તો મેડમ એક ઈમોશનલ દાવ રમ્યા કે 'આ તારા નાના ભાઈ માટે આપી દે ને ચાલીસ રૂપિયામાં?'

છોકરી બોલી ઊઠી : 'અરે વાહ! કેટલું સરસ બાળક છે તમારું... શું નામ છે?'

બાળકે કહ્યું, 'મારું નામ ગોલુ છે.'




છોકરીએ હસીને કહ્યુંઃ 'સાચે જ તું ગોળમટોળ છે.'

છોકરી તરબૂચ તે બાળકના હાથમાં રાખવા ગઈ તો બાળકથી એ પકડાયું નહીં અને નીચે પડી ગયું. પાંચ કિલોની આસપાસનું તરબૂચ હશે. એના ત્રણ-ચાર ટૂકડા થઈ ગયા. બાળક રડવા લાગ્યું કે 'મારુ તરબૂચ પડી ગયું.'

તે છોકરી બોલીઃ 'અરે, મારા ભાઈ, નારાજ કેમ થાય છે હું બીજું લઈને આવું છું.'

એ ફટાફટ બીજું તરબૂચ લઈને આવી. અમારી સાથેના મેડમને લાગ્યું કે હવે આ બે તરબૂચના પૈસા લેશે. તે ચોખવટ કરવા લાગ્યા કે તરબૂચ તારાથી તૂટ્યું છે. એમણે છોકરીને કહ્યું કે 'અમે તૂટેલા તરબૂચના પૈસા નહીં આપીએ અને આના પણ ચાલીસ રૂપિયા જ આપીશું.'

એ છોકરીએ કહ્યુંઃ 'આન્ટીજી, મારે કશું જોઈતું નથી. તૂટ્યું એનું પણ નહીં અને આનું પણ નહીં. આ તરબૂચ તો હું મારા નાના ભાઈ માટે લઈને આવી છું. આ મારા તરફથી ભેટ એના માટે! '

મેડમ બોલી પડ્યાં : 'નહીં, નહીં. તું પૈસા તો લઈ જ લે.'

મેડમના પતિ પણ કહેવા લાગ્યા કે 'તું સો રૂપિયા લઈ લે બે તરબૂચના.'

તે છોકરીએ કહ્યું, 'નહીં, નહીં. હવે હું પૈસા નહીં લઉં. તમે કહ્યું ને કે આ તારો ભાઈ છે. હવે હું ભાઈ પાસેથી થોડા પૈસા લઈશ?!'

તો અમારી સાથે મેડમ હતા એમણે કહ્યુંઃ 'અરે! મેં તો એમ જ કહ્યું હતું કે આ તારો નાનો ભાઈ છે...તું પૈસા લઈ લે.'

એ વખતે તે નાની છોકરીએ જીવનનો સાર કહ્યો. એણે કહ્યુંઃ 'મારી મા કહે છે કે સંબંધમાં નફો કે નુકસાન નથી જોવામાં આવતા. પહેલું તૂટી ગયું, વાંધો નહીં. આ બીજું મારા તરફથી ભેટરૂપે તમે લઈ જાઓ.'

જ્યારે એણે એ વાત કહી તો અમારી સાથેના મેડમે પૂછ્યુંઃ 'તારા પરિવારમાં કોણ કોણ છે? તારો કોઈ ભાઈ છે?'

એ છોકરીએ કહ્યું 'મારો ભાઈ તો'

બોલતા બોલતા એ રડવા લાગી. પછી રડતાં રડતાં કહેવા લાગી કે મારો ભાઈ થોડા સમય પહેલાં મરી ગયો. એ બીમાર થઈ ગયો હતો. એને હોસ્પિટલ લઈ ગયા ત્યાં સુધીમાં એ મૃત્યુ પામ્યો. માત્ર બે વર્ષનો હતો તે. મને આમાં મારો ભાઈ દેખાયો. તમે આ તરબૂચ લઈ જાઓ. હું પૈસા નહીં લઉં.'

અમારી સાથે જે મેડમ હતા એ પોતાના ઘરેથી આવી રહ્યા હતા અને બીજા શહેરમાં જઈ રહ્યા હતા. એમણે ત્યાં કોઈ સંબંધીને ત્યાં જવાનું હતું અને બંગડી ગિફ્ટ આપવાની હતી. તે બંગડી કોઈને આપવા માટે જઈ રહ્યા હતા, પણ જરા ય વિલંબ કર્યા વિના એમણે પોતાના પર્સમાંથી મોંઘી બંગડીઓ કાઢી અને તે છોકરીના હાથમાં મૂકી દીધી :

'બેટા, આ મારા તરફથી તારા માટે!.

છોકરી બોલી ઊઠી : 'અરે! તરબૂચના બદલામાં આટલું બધું!'

મેડમે કહ્યુંઃ 'હા, બેટા, સંબંધમાં નફા-નુકસાન નથી જોતા. તેં આ ગોલુને તારો ભાઈ માન્યો તો હું તારી મા થઈ. મારા તરફથી તારા માટે. તારું ધ્યાન રાખજે અને બધાનું ધ્યાન રાખજે.'

એવું કહીને એમણે ગાડી આગળ ચલાવવા કહ્યું. એમના પતિ હસતા હતા :

કેવી છે મારી પત્ની! થોડી વાર પહેલા દસ-દસ રૂપિયા માટે ભાવતાલ કરી રહી હતી અને હવે આટલી મોંઘી બંગડીઓ એમ જ આપી દીધી! લાગણી પણ શું ચીજ છે.

-અને ત્યારે એમને યાદ આવ્યું કે પેલી છોકરીએ કહ્યું હતું કે સંબંધોમાં નફો કે નુકસાન નથી જોવામાં આવતા. એમણે વિલંબ કર્યા વિના પોતાના મોટાભાઈને કોલ લગાવ્યો અને કહ્યુંઃ 'અરે ભાઈ! પેલો પ્લોટ તમે રાખી લો, બજારની દુકાન પણ તમે રાખી લો મને નથી જોતી. મેં કોર્ટમાં જે કેસ કર્યો છે એ હું પાછો ખેંચી લઈશ.'

મોટાભાઈ પૂછવા લાગ્યા : 'તને શું થઈ ગયું આ અચાનક.?'

તો એણે કહ્યુંઃ 'ભાઈ મેં સાંભળ્યું છે અને યાદ રાખ્યું છે કે સંબંધોમાં નફો કે નુકસાન નથી જોવામાં આવતા.'

મોટાભાઈ પણ ઈમોશનલ થઈ ગયા અને કહ્યું કે 'અરે! તું આટલા પ્રેમથી પહેલા વાત કરત તો વાત આગળ વધત જ નહીં. આવી જા ઘરે. ચા પીએ અને બધું સોલ્વ કરી લઈએ.'

વીડિયોની વાત અહીં પૂરી થાય છે, પણ દરેક વ્યક્તિ માત્ર આટલી વાત યાદ રાખે કે સંબંધમાં નફો કે નુકસાન ન જોવા જોઈએ તો દુનિયામાં કેટલા ઝઘડાઓ અને કેટલા કેસકબાડાઓ બંધ થઈ જાય! ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ડહાપણની ડિક્શનરીમાં શાણપણના શબ્દ...

***ટાઇટલ્સઃ આંખોથી વંચાય-મનથી સમજાય. (છેલવાણી)***

ઓશો કે ભગવાન બન્યા પહેલાં જુવાન રજનીશજી જબલપુરનાં 'જયહિંદ' છાપામાં પાર્ટ-ટાઇમ પત્રકાર હતા. એકવાર તંત્રી શ્યામસુંદર શર્માએ એમને થોડા સુવિચારો ભેગાં કરવાનું કહ્યું.

રજનીશજીએ રાતોરાત સુવિચારો શોધી આપ્યાં, પણ નીચે લેખકો કે વિચારકોનાં નામ નહોતાં લખ્યા. તંત્રીએ નીચે નામ લખવા કહ્યું. રજનીશજીએ તરત સુવિચારોની નીચે પોતાનું નામ લખી નાખ્યું.

આ જોઇને તંત્રી હસી પડ્યાં ને કહ્યું, 'તારા સુવિચારો તો અદ્ભુત છે પણ અખબારમાં તો જાણીતા વિચારકોના જ સુવિચાર છપાય. તારા જેવાનાં ના ચાલે.'

એ તંત્રીજીને ત્યારે કલ્પના પણ નહીં હોય કે એક દિવસ એ રજનીશજી ખુદના મૌલિક વિચારો કે સુવાક્યોથી ફિલોસોફીની દુનિયામાં ધમાલ મચાવી મૂકશે?


હમણાં અચાનક એક જૂની કિતાબ 'વર્ક્સ ઑફ વિઝડમ' મળી આવી. જૂની કિતાબને સ્પર્શવાનો એને સૂંઘવાનો આનંદ જ અલગ હોય છે. જાણે એક ટાઇમ-મશીનમાં પ્રવેશ કરતા હોઇએ એવું લાગે.

એ પુસ્તકમાં અનેક નામી-અનામી લેખકોનાં માત્ર વિઝડમ અર્થાત્ ડહાપણનાં સુવાકયો જોવા મળ્યાં.

જીવનમાં જેણે ખૂબ વાંચ્યું હોય, પચાવ્યું હોય અને ઉપરથી ખુદનાં અનુભવથી જે પ્રગટ્યું હોય એ શાણપણના શબ્દો.

જેમ કે......

* પરિકથામાં પ્રશ્નો ન પુછાય.
* માણસને ઓળખવો હોય તો એના દુશ્મનો તરફ નજર કરજો.
* જેમ મિત્રને પસંદ કરો એમ તમારા લેખકને પસંદ કરો.
* જુગાર માટે અંગ્રેજી કહેવત છે કે પાસા ફેંકવાની ઉત્તમ કળા એ પાસાને દૂર ફેંકી દેવાની છે.
* તમને સફળતા મળે તો તાળીઓ મળશે, પણ તાળીઓને માણજો, એને માનતા નહીં.




* કુદરતનું આંધળું અનુકરણ કરશો તો ઈશ્વરના કાર્યમાં હસ્તક્ષેપ કર્યો ગણાશે. કુદરતનું અર્થઘટન કરશો તો કલાકાર બનશો.
* મિત્રો માટે એમના મરણ બાદ શ્રધ્ધાંજલિમાં લખવાની કે કહેવાની સારી સારી વાત એ લોકો જીવતા હોય ત્યારે જ કહી નાખવી જોઈએ.
* અખબારની કોલમ એ હલકા અને અધકચરા અભિપ્રાય ઓકવા માટેનું વોશ-બેઝિન નથી.
* તમારા પતિ કે પત્ની કદરૂપા હોય ત્યારે બીજાના સૌંદર્યની ઈર્ષા ન કરો.
* પોતાને માટે જે વધુ પડતું માને માણસ વિશે વધુ પડતું વિચારવું નહીં.
* લાદી થઈને જડાઈ જવા કરતાં કાચ થઈને ભાંગવું એ વધારે સારું.
* માથું હંમેશાં ઊંચું રાખજો, પણ નાક તો દોસ્તીનાં સ્તર પર જ રાખજો.
* વ્યાજ આપવા માટે જેને પૈસા લેવા પડે એને કદી પૈસા ન આપો.
* જે ગાંઠ ઉકેલી શકાય એને કાપવી નહીં.
* ખુશામતિયાઓ તમારા કાન પર જ નભે છે.
* રસ્તામાં ભટકી જવું એના કરતાં પાછા વળવું વધારે સારું.
* મિત્રોને કુટુંબની જેમ રાખો અને કુટુંબને મિત્રોની જેમ.
* જ્યાં તમે રોપાયા છો ત્યાં જ મહેકો.
* જે માણસ તમને તરતાં શીખવે એને ડૂબાડશો નહીં.
* બકરીની આગળ, ઘોડાની પાછળ ને માણસની ચારેબાજુ ક્યાંય પણ ઊભા રહેતાં ડરો.
* તમે તમારી જાતને ગમે એટલી ઊંચી માનો, એનાથી બીજા નીચા નથી થઈ જતાં.
* સત્તાધીશના હાથ ગમે એટલા લાંબા હોય, પણ કમનસીબીના હાથ એના કરતાં વધારે લાંબા છે. કોઈએ પોતાના વિશે એવું ન માનવું કે એ કોઈની પણ પહોંચની બહાર છે.
* મિત્ર ગુમાવવાનો હોય કે મજાક ગુમાવવાની હોય તો, મજાકને ગુમાવો.
* બધું વેંચવું પડે તો પણ વેંચીને તમારી સ્વતંત્રતા ખરીદી લો.

***ઇન્ટરવલઃ***
***એકને કહી, દૂજેને માની,***
***નાનક કહે, દોનોં જ્ઞાની***

આ ક્વોટેશનો ધ્રૂવના તારા જેવા છે, જે ભલે આપણી આંગળી ઝાલીને ચાલે નહીં પણ દૂર દૂરથી યે રસ્તો દેખાડે. કદાચ તમને અઘરા જીવનમાં ઝબકારો દેખાડી દિમાગમાં બત્તી જરૂર કરી શકે.

* પરાજય એ પણ એક જાતની કલાનું સ્વરૂપ છે.
* જ્યારે જ્યારે પડો ત્યારે ઊઠતી વખતે કશુંક ઉપાડી લો.
* મેઘધનુષ જોઇતું હોય તો વરસાદને સ્વીકારવો પડે.
* કોઈને દોષ દઈએ એ પહેલાં જોવું જોઈએ કે આપણે એને માફ કરી શકીએ એમ છીએ કે નહીં.
* જુવાન ખભા પર વૃદ્ધ મસ્તિષ્કની આશા ન રખાય.
* વાવાઝોડું આવે ત્યારે શાણી વ્યક્તિ સલામતી માટે ઈશ્વરની પ્રાર્થના નથી કરતો, ભયમુક્તિ માટે કરે છે.
* ઘૂંટણિયે પડીને જીવવા કરતાં પોતાના પગ પર ઊભા રહીને મરવું સારું.
* તમારા ઘરમાં તમે દેખાવા જોઈએ, તમારો ઇન્ટિરિયર ડેકોરેટર નહીં.
* 'હું પ્રેમ કરું છું' એ વાતને 'મારે લગ્ન કરવા છે' એ વાત સાથે ગૂંચવો નહીં.
* સ્ત્રી પાસે વાતોડિયો પતિ હોવો જોઈએ, પણ પ્રિયતમ તો કાવ્યમય પુરુષ હોવો જોઈએ.
* પથારી ગમે એટલી સુંવાળી કે હૂંફાળી હોય, આખરે એમાંથી ઊઠવાનું તો છે જ.
* તમારી બૂકશેલ્ફ એ પણ તમારો બગીચો જ છે.
* હૃદયમાં લીલું વૃક્ષ રાખ્યું હોય તો પંખીઓ આપમેળે ગાતાં આવે.
* ઈશ્વરમાં ભલે શ્રદ્ધા હોય, પણ તમારા ઊંટને તો બાંધી જ રાખો...
* છાપાનાં માણસો પાસે સામાન્ય બુદ્ધિ અને માનવતા માટેની નિસબત અનિવાર્ય છે.
* વણાટકામ શરૂ કરો તો ઈશ્વર દોરો પોતાની મેળે આપશે.
* જમીન પરથી જહાજ નક્કી ન કરાય.
* 'આપણી આસપાસના ધુમ્મસને વીખેરવાનો પુરુષાર્થ એ ઉત્તમ પુરુષાર્થ.

અંતે ચોખવટ- આ સુંદર વિચારો, ભલે બીજાનાં હોય પણ જિંદગી તમારી છે એટલે એને અનુસરવામાં, 'ડહાપણના ડોઝ'ને બદલે ક્યાંક 'ઓવર ડોઝ'ના થઇ જાય એ જોજો !

***એન્ડટાઇટલ્સઃ***
***આદમઃ એક સુંદર વાક્ય કહું?***
***ઇવઃ ના. પહેલાં સમજ... નાસમજ!*** ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

## બરડા વન્યજીવ અભ્યારણ્યઃ
# ગૂંજે છે સાવજની ગર્જના!

'नाभिषेको न संस्कारः सिंहस्य क्रियते मृगैः।
विक्रमार्जितराज्यस्य स्वयमेव मृगेंद्रता ।।'

વેદ - ઉપનિષદથી લઈને સાહિત્ય સુધી ભીમ બેટકાની ગુફાઓથી લઈને આધુનિક ચિત્ર શૈલીઓ સુધી ઐતિહાસિક સ્થાપત્ય શિલ્પોથી લઈને સિંહ દ્વાર સુધી સારનાથનાં અશોક સ્તંભથી લઈને દેશનાં રાષ્ટ્રીય પ્રતીક સુધી ભગવદ્દ ગીતાથી લઈને ગુજરાતી સાહિત્ય અને લોકવાર્તાઓ સુધી ફેલાયેલ સિંહ આજે દરેક જનોમાં સંસ્કાર બનીને વહે છે

ઇતિહાસ, પ્રકૃતિ અને માનવતાનો અનોખો સંગમ એટલે સિંહ અને એના સંવર્ધન તરફ ભરાયેલ દરેક પગલું સિંહ એ માત્ર જાનવર નહીં આપણા જીવનમાં વણાયેલો એક સભ્ય છે, સિંહ એ આપણી સંસ્કૃતિ છે.







નીડર, સર્વશક્તિમાન અને સમસ્ત જંગલ પર રાજ કરનાર ગીરનાં મહારાજ કેસરીની સૌમ્યતા અને શાલીનતા એને કોઈ રાજ્યાભિષેક વિના જ રાજા બનાવે છે. ઝાડ પાન, પશુ પંખી સમેત આખાય ગીરની રૈયત સાવજની અમાન્યા જાળવે છે. હાવજનો રુઆબ જ એવો કે એને જોઈને ભલભલા વીરતાની કે શૌર્યની કવિતાઓ લખતા થઇ જાય એને હૂંકતો સાંભળીને ભલભલાનાં કાન સરવા થઇ જાય. સિંહણ પણ જંગલની સામ્રાજ્ઞી છે. રાજાની જેમ જ સિંહ બાળને ઉછેરે છે, એટલે જ તો સિંહ બાળની કરતબોમાં પણ એ જ શૌર્યની ઝલક જોઈ શકાય છે. જિજ્ઞાસુ સિંહબાળ જન્મથી જ સિંહનાં સામાજિક જીવનને જોઈને રાજાનાં ગુણો કેળવે છે. આ રાજાનાં ગુણોને પ્રજા પોતાનાં જીવનમાં વણી લે છે એટલે જ રોજબરોજની બોલીમાં બહાદુરી દર્શાવવા માટે માટે સિંહની છાતી, ગૌરવ દર્શાવવા માટે હકથી હાવજનાં છોરું તો વળી સર્વ શ્રેષ્ઠ આસનને સિંહાસન તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે ૬.૫ થી ૯ ફીટનાં ખડતલ બાંધામાં જોવા મળતો સિંહ ૧૬૦ થી ૧૯૦ કિલોનું વજન ધરાવે છે અને સિંહણ ૪.૫ થી ૫.૭ ફૂટના બાંધા સાથે ૧૧૦ થી ૧૨૦ કિલોનાં વજન સાથે આકર્ષક દેખાવ ધરાવે છે.

ગુજરાત જ નહિં સમગ્ર દેશનું ગૌરવ સિંહ ગીરના રાજા તરીકે જાણીતો છે પણ હવે એનું સામ્રાજ્ય ગુજરાતનાં ૧૧ જિલ્લાઓનાં સીમાડા વટાવી ચૂક્યું છે. હાવજની ડણક માધવપુરના દરિયાના ઘૂઘવાટને ઝાંખો પાડીને પોરબંદરના બરડા વન્યજીવ અભ્યારણ્યમાં ગૂંજતી થઇ છે. ૧૪૪ વર્ષ પહેલા બરડા અભ્યારણ્યમાં છેલ્લો સિંહ જોવા મળ્યો હતો, એ પછી સિંહોનાં પગલાં અહીંની માટીમાંથી હંમેશાં માટે ભૂંસાઈ ગયા. કુદરત પોતાનાં મૂળને ક્યારેય નથી ભૂલતી. ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થતિમાં સંઘર્ષ કરીને પણ પોતાનું અસ્તિત્વ ટકાવી જ રાખે છે. પ્રતિકૂળ સંજોગો અને રાજાશાહી વખતે શિકાર પ્રવૃત્તિથી અહીં સાવજનું અસ્તિત્વ જોખમાયું અને અહીંથી સાવજ લુપ્ત થઇ ગયા. ૧૪૪ વર્ષનાં લાંબા અંતરાલ પછી ૨૦૨૩માં આખરે સાવજની ડણક અહીંયા ફરી ગુંજી અને બરડાને, પોતાનાં જ ઘરને સાવજે ફરી અપનાવ્યું અને આખરે બરડાને મૃગેન્દ્ર રાજા મળ્યો. આજે અહીંની માટીમાં હાવજનાં હગડ એટલે કે પગેરું જોઈને સહુ કોઈ હરખાય છે. આજે ગુજરાત વનવિભાગે સાવજનાં સંરક્ષણના પ્રયત્નોમાં અથાગ મહેનત કરી, સાવજની ડણક સદીઓ પહેલાની જેમાં જ અહીં હંમેશાં ગુંજતી રહે અને આવનારા વર્ષોમાં ગીર સિવાય સિંહનું બીજું એક ઘર કુદરતી માહોલમાં સર્જાય એ દિશામાં પ્રયત્નો આદર્યા. અહીં પાંચ જેટલી માદા સિંહણને ગીરમાંથી સ્થળાંતર કરવામાં આવી. સિંહ પ્રાઈડમાં રહેનાર જાનવર છે એટલે અહીં આવેલા નર સિંહે સરળતાથી આ માદાઓ સાથે પોતાનો પરિવાર બનાવ્યો. પરિણામ સ્વરૂપે આજે બરડાનાં કોતરાળ પહાડોમાં પાંચ મન મોહિની એવી માદા સિંહણ, એક નર, આશરે ૮ જેટલાં નાનાં બચ્ચાંઓ અને ૪ પાઠડાઓ સહિત ૧૭ સિંહોનો વિશાળ સિંહ પરિવાર અહીંના જંગલને જીવંત બનાવે છે.

૨૦૨૫ની સિંહ વસતી ગણતરી મુજબ ગુજરાતમાં હાલમાં ૮૯૧ એશિયાઈ સિંહો મુક્તપણે વિહરી રહ્યા છે, જે ૨૦૨૦ના ૬૭૪ની સંખ્યા કરતાં ૩૨% જેટલો વધારો ધરાવે છે. આ વધારામાં બરડા વન્યજીવ અભ્યારણ્યનો પણ નાનકડો એવો છતાં ખૂબ જ મહત્ત્વનો ફાળો છે. બરડાના પર્વતોની વચ્ચે ૧૪૪ વર્ષ પછી આજે ફરીથી જંગલ એ જીવંત પડકાર સ્વીકાર્યો છે. સદીઓથી ધરબાયેલા ઇતિહાસની ગાથા ગાતું આ જંગલ ફરી આશાની કિરણ લઈને આવ્યું, અને આજે સજ્જ છે મૃગેન્દ્રને પોંખવા માટે. અહીં હવે માત્ર સિંહ જ નહીં, પરંતુ એક નવી જ ઇકોસિસ્ટમની શરૂઆત થઈ છે જ્યાં દરેક વૃક્ષ, પંખી સમેત દરેક જીવ જીવનનાં રાગ સરગમ ભરી રહ્યા છે. બરડા અભ્યારણ્યમાં આશરે ૬૫૦ થી ૭૦૦ જેટલી વિવિધ પ્રજાતિનાં છોડ અને વનસ્પતિઓ, ૨૬૯ પ્રજાતિનાં વિવિધ પંખીઓ અને કેટલાંયે સસ્તન પ્રાણીઓ, સરીસૃપ પ્રજાતિઓ અહીંના સિંહ પરિવારને એક આખા નૈર્સગિક પરિવારનો માહોલ આપીને આવકારી રહ્યા છે. સંરક્ષણ અને સંવર્ધનનાં ભાગ રૂપે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં વિઝન ૨૦૪૭ ને અનુલક્ષીને વન વિભાગ અથાગ પ્રયત્નો કરી રહ્યું છે. ૧૯૨ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા બરડા વન્યજીવ અભ્યારણ્યમાં સિંહોનાં પ્રાકૃતિક નિવાસ સ્થાન જેવી જ સંપદા વિકસાવવાની દિશામાં પ્રયત્નો આદર્યા છે. સિંહ સમેત બરડાની રૈયતને પાણી અને ખોરાક મળી રહે એ માટેનાં વિકલ્પો ઊભા કરવામાં આવ્યા છે. કુદરતી આહારકડી જળવાઈ રહે એ હેતુથી અહીં ચિત્તલ અને સાંભરનું બ્રીડિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. અહીં સાંભર અને ચિત્તલની વસતીમાં વધારો થાય અને આ જંગલ ફરી સદીઓ પહેલાંના પોતાનાં એ જ અસ્તિત્વ અને હરિયાળીને ફરીથી મેળવી શકે એવા પ્રયત્નો કરવામાં આવે છે. સાંભર અને ચિત્તલને પૂરતો ખોરાક મળી રહે એ માટે અહીં પરંપરાગત પ્રજાતિનાં વિશાળ ઘાસનાં મેદાનો વિકસાવવામાં આવી રહ્યા છે અને ઘાસનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. ભૂતકાળમાં પ્રકૃતિ પ્રત્યેનાં ઉદાસીન વલણને આજે સંરક્ષણની દિશામાં લઇ જઈને કુદરતને ફરીથી ખીલવા તરફનાં અભિગમને અપનાવવામાં આવ્યો છે. માવતરની માફક વન વિભાગનાં ટ્રેકર્સ અને કર્મચારીઓ સિંહ સંવર્ધનનાં સાક્ષી બનીને સિંહનાં નવા ઘરની સુવર્ણગાથાનો નવો અધ્યાય લખી રહ્યા છે.

સિંહ સંરક્ષણનાં ભાગ રૂપે દર વર્ષે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે જેમાં સિંહ પ્રત્યે જાગૃતિ અને સંવેદનાનો સંચાર થાય એવા પ્રયત્નો કરવામાં આવે છે. આ પ્રકારની ઉજવણી બાળકોમાં સિંહ અને પ્રકૃતિ પ્રત્યે શ્રદ્ધા અને સંવેદના જગાવે છે. સિંહનાં ખૂબ જ મહત્ત્વના ઘર એવા બરડા અભ્યારણ્યમાં આ વર્ષે ૧૦ ઑગષ્ટ વિશ્વ સિંહ દિવસ ૨૦૨૫ની ઉજવણી થનાર છે. સિંહનાં સંરક્ષણમાં સ્થાનિકો અને વન વિભાગને બિરદાવવા, સિંહ પરિવારની મુલાકાત લેવા ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ બરડા વન્યજીવ અભ્યારણ્યનું મુલાકાત લઈને સિંહની મહેમાનગતિ માણશે. ગુજરાતનાં ગૌરવ સમા બરડાનાં જંગલમાં આ પ્રભાવક જીવની ગર્જનાને સદીઓ સુધી ડણકતી રાખવા માટે આવો સિંહ સંરક્ષણનો સંકલ્પ લઇ આપણે સહુ સિંહોના સંવર્ધનની સુવર્ણસફરના ભાગીદાર બનીએ અને વનરાજને એના જ ઘરમાં ફરી ગર્જના કરતા સાંભળીએ.

*સૂર્ય ફરી ઊગે છે આશાની નવી જ્યોત લઈને*
*અને એની સાથે બરડો પણ ગર્વથી ગૂંજે છે*
*આપણા સહુનાં પ્રયત્નો થકી જ*
*સિંહની ગર્જના આખી દુનિયાને સંદેશ આપશે*
*કે જ્યાં સંરક્ષણ છે, ત્યાં જીવન છે.*
*અને જ્યાં જીવન છે, ત્યાં આશા છે.* ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

## હાઈડ્રોફાર્મિંગ ટેક્નોલોજીઃ
# ટનલની નીચે થઈ રહી છે અફલાતૂન ખેતી!





**ભારત** એક કૃષિપ્રધાન દેશ છે. કૃષિક્ષેત્રનું સશક્તીકરણ અનેક એવા પાસાઓમાં પ્રત્યક્ષ- પરોક્ષ રીતે અસર કરે છે. પ્રાકૃતિક એટલે કે ઓર્ગેનિક ફાર્મિંગથી અસાધારણ સફળતા ખેતીના સેક્ટરમાં પ્રાપ્ત થઈ છે. ઓછી જગ્યામાં મોટી ઉપજ અને કેમિકલ ફ્રી ફાર્મિંગથી લાખો ખેડૂતો સધ્ધર થઈ રહ્યા છે. કૃષિક્ષેત્રે ડ્રોનથી દવા છંટકાવ સુધીની અદ્યતન ટેક્નોલોજીથી નોંધનીંય કહી શકાય એવું પરિવર્તન આવ્યું છે.

હવે માટી વગર અને જમીન વગર પણ ખેતી થાય એવું કોઈ કહે તો આશ્ચર્ય અવશ્ય થાય. ખેતીની પદ્ધતિઓમાં ઘણીખરી રીત ઈઝરાયલની અનુસરવામાં આવે છે. બીજી તરફ, જાપાન કૃષિક્ષેત્રે ટેક્નોલોજીમાં માઈલસ્ટોન ઊભા કરી રહ્યો છે. માટી વગર અને જમીન વગર, હવામાં માત્ર એક ટેકાથી છોડવા અને રોપા ઉછેરીને ખેતી કરે છે. સૂર્યપ્રકાશની હાજરી ખેતી માટે અનિવાર્ય છે. એવું માનવામાં આવે તો આ વાત જાપાને ખોટી પાડી છે. માત્ર જરૂરી તાપમાન અને યોગ્ય લાઈટ તૈયાર હોય એટલે શાકભાજીથી લઈને ફળ પકવવા માટે બીજી કોઈ જરૂર નથી...!

જાપાનનું ફાર્મિંગ સેક્ટર એને હાઈડ્રોફાર્મિંગ કહે છે. વર્ટિકલ ફાર્મિંગની પારંપરિક ટેક્નિકની તુલનામાં તે વધુ ઊપજ, ઓછી જમીન પર શક્ય અને રૂફટોપ નીચે પણ શક્ય છે. આવનારા ત્રણ દાયકા સુધી જાપાન કૃષિક્ષેત્રે અવ્વલ રહી શકે એવી ટેક્નોલોજી વિકસાવીને ખેતી કરી રહ્યું છે. જમીનના ઘાસ સહિત આખું લેયર-સ્તર ઉખાડીને બીજે રોપી શકાય એ પ્રકારના મશીન, ફુવારાઓ, સોલાર પેનલ આધારિત લાઈટિંગ અને વોટર સપ્લાયમાં અક્કલ કામ ન કરે એવી વસ્તુઓથી ખેતીમાં સદ્ધરતા પ્રાપ્ત કરે છે.

જાપાનને ભૂકંપનો દેશ કહેવામાં આવે છે એટલે સામાન્ય રીતે જે ખેતીને યોગ્ય જમીને જોઈએ એટલી ત્યાં નથી ઉપરાંત, કેટલાંક શહેરો જેમકે ઈબારાકી, ટોકાચી, ઓકીનાવામાં જમીનની ક્ષમતા અને ફળદ્રુપતા એક સરખી નથી. ત્યાંનો આસપાસનો પહાડી પ્રદેશ ખેતીમાં એકરસતા માટે વિઘ્નરૂપ છે. ભૌગોલિક વિષમતા વચ્ચે જે ખેતી થાય છે એમાં સૌથી વધુ સ્વીકૃત પદ્ધતિ છે હાઈડ્રોફાર્મિંગ.

નવા રસ્તા બનાવતા પહેલા એના ડાઈવર્ઝન તૈયાર કરવા પડે. એ રસ્તાની હાલત કેવી હોય એ સૌ જાણે છે, પણ જાપાનમાં ડાઈવર્ઝન વ્યવસ્થિત ન હોય તો નવા રસ્તા માટેના કામ માટે મંજૂરી જ નથી મળતી તો પછી એ રસ્તાનું પછી શું થાય? એ રસ્તા પર સાઈકલિંગ ટ્રેક બને છે. રસ્તામાં કોઈ ટનલ આવતી હોય તો રૂટ ડાઈવર્ટ કરી એ ટનલમાં ખેતી થાય છે. આ ટેક્નિકની ખાસ વાત એ છે કે, એને વિશાળ જમીનની જરૂર નથી. માટીની વધારે પડતી જરૂર નથી. ટેરેસથી લઈને ટનલ સુધી ચોક્કસ પાક સરળતાથી લઈ શકાય છે. આ પદ્ધતિમાં કોઈ એક બીજનું રિસર્ચ થાય પછી એનો રિપોર્ટ બને છે. કેટલું ખાતર, માટી કેટલી, પાણી કેટલું, પવન કેટલો અને સૂર્યપ્રકાશ કેટલો અને ક્યાં સુધી...આના રિપોર્ટનો અભ્યાસ કર્યા બાદ શરૂ થાય છે ખેતી. ટનલને વ્યવસ્થિત રીતે સાફ-સફાઈ કરી એમાં ઉપરની તરફ નાના-નાના કુંડા આકારના પોટ મૂકીને એમાં માટી ભરીને ખેતી કરવામાં આવે છે. આવું કરવાથી પાકે શું? ટામેટા, મરચા, લીંબુ, ઈત્યાદિનું ઓછા સમયમાં મબલખ ઉત્પાદન લણી શકાય. આને ડોમ ફાર્મિંગ અથવા ટનલ ખેતી કહે છે.

હવે ટનલનો રસ્તો જ બિનઉપયોગી હોય તો એને તોડવાના બદલે ખેતીમાં ઉપયોગમાં લેવાય છે. જમીન પર ખેતી અને ઉપરની તરફ આ પ્રકારની ઊપજને પકવવામાં આવે છે. ટોકિયો સિટીની ઊંચી ઊંચી ઈમારતમાં જ્યાં પાર્કિંગ પ્લોટ અંડરગ્રાઉન્ડ છે ત્યાં બધી જ જગ્યા નથી વપરાતી. આવી જગ્યામાં થાય છે ટનલ ફાર્મિંગ. મોલ કે માર્ટના વેપારીઓ પણ આ માટે સહમત થઈને ખેતીને પ્રાધાન્ય આપે છે. આ ઊપજને મોટા નફા સાથે વેચવા કરતાં ક્યારેક વહેંચી લે છે તો ક્યારેક એ ઊપજ કમાવી આપે છે.

શહેરીકરણમાં ગીચતા એક તરફ સમસ્યા ઊભી કરે છે એવામાં આ પ્રકારના અભિગમ ખેતીને સાચવીને કંઈક નવું કરી ઉપજ કેન્દ્રી બનાવવામાં જાપાનનો વિકલ્પ જડે એમ નથી. પાવડો, કુહાડી, તગારૂ જેવી વસ્તુ ખેતીમાં પાયાની છે. જાપાનમાં બોક્સ, રૂટ કટર, ફ્રીઝ બોક્સ (જે આપણે ત્યાં થર્મોકોલનું મળે એ ત્યાં બેટરીવાળું મળે), જેવી વસ્તુ ખેતીના દૈનિક વપરાશમાં લેવાય છે. ઓર્ગેનિક ફાર્મિંગથી ખેતીક્ષેત્રે ઉપયોગમાં લેવાતી વીજળીમાં ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, સોલાર પાવર સપ્લાયથી ઈન્ડોર ફાર્મિંગને ફાયદો થયો છે.

હાઈડ્રોપોનિક્સ ટેક્નિકમાં ૯૦ ટકા પાણીની બચત થાય છે. આ પાછળનું કારણ એ છે કે, રિપોર્ટ કાર્ડમાં લખ્યું હોય એટલું જ પાણી આપવાનું થાય છે. ફુકુઓમાં સિટીમાં એક બિનઉપયોગી અંડરગ્રાઉન્ડ પાર્કિંગમાં ખાસ આયુર્વેદિક પ્લાન્ટને ઉછેરીને તબીબી ક્ષેત્રે સીધા ઉપયોગમાં લઈ શકાય એ વ્યવસ્થા કરવામાં આવી છે. ટનલની નીચે જ્યાં માણસનું જવું શક્ય નથી ત્યાં જાપાન પાસે પોતાનું દેશી ઉત્પાદન રોબોટ તો છે જ. મોટા મોટા ખેતરમાં રોબોટ જમીનની ઊલટસુલટ કરવામાં મદદ કરે છે. પથ્થર દૂર કરવામાં ઉપયોગી થાય છે. ખેતરમાં લગાવેલા AI સેન્સર વાતાવરણની મોબાઈલ પર એવી અપડેટ આપે છે કે, ખેતરમાં પાણી ભરાય એ પહેલા જ કેટલાક પાકને બચાવવામાં સફળતા મળે. વાહ જાપાન...! ■

### આઉટ ઓફ બોક્સ

જાપાનના મોટાભાગના રાજ્યમાં કેમિકલ ફ્રી ખેતી થાય છે. જ્યાં જરૂર હોય જંતુનાશકની અને ખેતીને ઉપયોગી એવા કેમિકલ્સની એને શહેરી વિસ્તારથી દૂર રાખવામાં આવે છે. આવા ફાર્મિંગ માટે ત્યાં સરકારની મંજૂરી ફરજિયાત છે.

મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# દમદાર અભિનેત્રી શ્રીયા પિલગાંવકર

### અભિનયના અનેકવિધ રંગ સાથે મરાઠી - બોલિવૂડની ફિલ્મો અને ઓટીટી પર છવાઈ ગઈ છે આ યુવા કલાકાર



અત્યારે ઓટીટી પર ધૂમ મચાવી રહેલી નવી સિરીઝ 'મંડલા મર્ડર્સ'માં વાણી કપૂર, સુરવીન ચાવલા સહિત અનેક કલાકારોએ ધ્યાન ખેંચ્યું છે, પણ એ બધાની વચ્ચે 'રુક્મિણી દેવી'ના પાત્રને લોકો વખાણી રહ્યા છે અને આ પાત્ર અદા કરતી શ્રીયા પિલગાંવકરના અભિનયને પણ લોકો માણી-વખાણી રહ્યા છે.

શ્રીયાનો જન્મ ૧૯૮૯માં મુંબઈમાં થયો છે. બોલિવૂડ અને મરાઠી ફિલ્મોના જાણીતા અભિનેતા- નિર્માતા- દિગ્દર્શક- ગાયક સચિન પિલગાંવકર અને મરાઠી ફિલ્મો તેમજ ટીવી સ્ક્રીનની એટલી જ જાણીતી અભિનેત્રી સુપ્રિયાની પુત્રી શ્રીયાએ બાળ કલાકાર તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. માત્ર પાંચ વર્ષની ઉંમરે એણે હિન્દીની ખૂબ જ જાણીતી સિરિયલ 'તૂ તૂ મૈં મૈં'માં અભિનય કર્યો હતો. ત્યાર પછી મરાઠી ફિલ્મ 'એકૂલતી એક'માં મુખ્ય અભિનેત્રી તરીકે ચમકી. આ ફિલ્મનું દિગ્દર્શન એના પિતા સચિન પિલગાંવકરે જ કર્યું હતું.

ત્યાર પછી, શ્રીયાએ અનેક નાટકોમાં અભિનય કર્યો. શાહરૂખ ખાનની 'ડબલ રોલ'વાળી ફ્લોપ હિન્દી ફિલ્મ 'ફેન'થી શ્રીયાએ બોલિવૂડમાં એન્ટ્રી લીધી. આ ફિલ્મ ૨૦૧૬માં આવી હતી, પણ એક અભિનેત્રી તરીકે શ્રીયાને ખરી ઓળખ ઓટીટીની સિરીઝ 'મિર્ઝાપુર' અને 'ગિલ્ટી માઈન્ડ્સ'થી મળી.

આજે ૩૬ વર્ષની ઉંમરે શ્રીયા એક અભિનેત્રી તરીકે આ ક્ષેત્રમાં જમાવટ કરીને જામી ગઈ છે. એણે 'બ્રોકન ન્યૂઝ', 'તાજા ખબર' જેવી સિરીઝમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. જોકે, નાનપણમાં શ્રીયાને અભિનય ઉપરાંત પણ અનેક ચીજોમાં રસ હતો. એણે એક સ્વિમર તરીકે પણ સારી એવી નામના મેળવી હતી. સોશિયોલોજી (સમાજશાસ્ત્ર)માં એ સ્નાતક થઈ. ત્યાર બાદ જ એણે અભિનય અને ફિલ્મસર્જનમાં કારકિર્દી બનાવવાનો નિર્ણય કર્યો હતો. હિન્દી, મરાઠી, અંગ્રેજી ઉપરાંત એ જાપાની ભાષા પણ સારી રીતે જાણે છે.

શ્રીયાને શરૂઆતથી જ એવોર્ડ પણ મળવા લાગ્યા છે. પહેલી જ મરાઠી ફિલ્મ 'એકૂલતી એક'માં એને મહારાષ્ટ્ર રાજ્ય સરકાર તરફથી 'સર્વોત્કૃષ્ટ અભિનેત્રી'નો એવોર્ડ મળ્યો હતો. ૨૦૨૩માં ઈન્ડિયન ટેલિવિઝન એકેડેમી એવોર્ડસ તરફથી 'તાજા ખબર'ની ભૂમિકા માટનો એવોર્ડસ મળ્યો છે.

OTTનું હોટસ્પોટ

## ૧૧ ઑગસ્ટથી ૧૬ ઑગસ્ટ દરમિયાન શું જોશો...

આ અઠવાડિયામાં તમારા દીવાનખંડમાં અમિતાભ બચ્ચન- સની દેઓલ થી પ્રતીક ગાંધી સુધીના કલાકારો 'આંટો' મારશે...

૧૫મી ઑગસ્ટે દેશભક્તિનો જુવાળ જોવા મળશે. ઓટીટીની અનેક ચેનલો પર દેશભક્તિની વાર્તા ધરાવનારી અનેક ફિલ્મો રજૂ થશે. દેશભક્તિની કથા ધરાવનારી ફિલ્મો સાથે જ દેશભક્તિ પર આધારિત સિરીઝ પણ આપને જોવા મળશે. નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઈમ, જિયો હોટસ્ટાર, ઝી-ફાઈવ અને સોની લીવ ઉપરાંત અનેક ચેનલો પર ઘણા નવા શો પણ ચાલુ થઈ રહ્યા છે.




કૌન બનેગા કરોડપતિઃ અમિતાભ બચ્ચનના સંચાલન હેઠળના રિયાલિટી શો 'કેબીસી'ની ૧૭મી સિઝન ૧૧ ઑગસ્ટથી સોની ટીવી અને ઓટીટી પ્લેટફોર્મ સોની લીવ પર શરૂ થઈ રહી છે.

સારે જહાં સે અચ્છાઃ ૧૫ ઑગસ્ટ સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને પ્રતીક ગાંધી અને સની હિન્દુજા અભિનિત વેબ સિરીઝ નેટફ્લિક્સ પર ૧૩ ઑગસ્ટે રજૂ થશે.

જાટઃ સની દેઓલ, રણદીપ હુડા, સૈયામી ખેર અભિનિત ફિલ્મ 'જાટ' નેટફ્લિક્સ પર ૧૫ ઑગસ્ટે જોઈ શકાશે.

૧૧મી ઑગસ્ટથી ઝી-ફાઈવ પર સિરીઝ 'લવેન્ચર', જિયો હોટસ્ટાર પર 'મનપસંદ કી શાદી', ૧૩ ઑગસ્ટે એમેઝોન પ્રાઈમ પર 'બટરફલાયની પહેલી સિઝન', ઝી-ફાઈવ પર ૧૪ ઓગસ્ટ 'તહેરાન', એમેઝોન પ્રાઈમ પર સિરીઝ 'અંધેરા' આવી રહી છે...એન્જોય ! ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# રળે રામપર ને ખાય ખોડુ



ઈતિહાસનો વિશિષ્ટ સંદર્ભ ધરાવતી આ કહેવત સમજવા ગુજરાત રાજ્યની થોડી ભૂગોળ સમજવી જરૂરી છે. આમ પણ શાળામાં ઈતિહાસ - ભૂગોળના પિરિયડ અલગ અલગ રહેતા પણ પરીક્ષા તો સાથે જ આપવી પડતી એ બધાને યાદ હશે. આમ પણ ઈતિહાસ - ભૂગોળ એકબીજા સાથે સંકળાયેલા છે. ભૂગોળ ઐતિહાસિક ઘટનાઓ માટે સ્થાનિક સંદર્ભ પૂરો પાડે છે, જ્યારે ઇતિહાસ ભૌગોલિક વિસ્તારનો ભૌતિક વિકાસ દર્શાવે છે. હવે **રળે રામપર ને ખાય ખોડુ** કહેવત પર આવીએ. હાલ રામપર અને ખોડુ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં છે. અગાઉ વઢવાણ રજવાડું હતું અને એના શાસકો રાજપૂત કુળના હતા. અગાઉ વર્ધમાનપુરી તરીકે જાણીતું હતું. આ નામ જૈન તીર્થંકર, ભગવાન વર્ધમાન પરથી ઊતરી આવ્યું હતું. આ બંનેમાંથી રામપર આર્થિક રીતે સમૃદ્ધ અને સાધનસંપન્ન ગામ હતું જ્યારે ખોડુ ગામના લોકો આર્થિક ગરીબી ભોગવતા હતા. બીજી એક નોંધવાની વાત એ પણ છે કે રાજાશાહી દરમિયાન લશ્કરનો વસવાટ ખોડુ ગામમાં કરવામાં આવતો હતો. સ્વાભાવિક છે કે એની જાળવણી માટેનો ખર્ચ નિર્ધન ગામ ખોડુ કરી શકે એમ નહોતું. એટલે એ આર્થિક બોજો રામપર ગામે વેંઢારવો પડતો હતો. એકંદરે બનતું એવું કે રામપર ગામની ઊપજ અને આવકની અમુક માત્રા ખોડુ માટે ખર્ચાઈ જતી હતી. રળવું એટલે કમાણી કરવી અને **રળે રામપર ને ખાય ખોડુ** કહેવતમાં રામપરની આવકનો લાભ ખોડુ ગામને થતો એ દર્શાવવામાં આવ્યું છે. કોઈની કમાણી કોઈ ખાય કે વાપરે એવી પરિસ્થિતિમાં પ્રસ્તુત કહેવતનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે, ત્રણેક વર્ષ પહેલાં ખોડુ ગામે કૃષિ ક્રાંતિ કરી રળે રામપર ને ખાય ખોડુ કહેવત ખોટી સાબિત કરી હતી એ આનંદ આપનારી વાત છે.

આવો જ ભાવાર્થ ધરાવતી અનિલ જોશીની એક કવિતાની પંક્તિ છે કે **પુલ ઉપર તકતીમાં નામ કોઈ બીજાનું, હું તો છુંદણા નામ લખી બેઠી, કામ કરે કોઠી ને જશ ખાય જેઠી.** એવો જ ભાવાર્થ ધરાવતી અન્ય ગુજરાતી કહેવત છે **ખોદે ઉંદર અને ભોગવે ભોરિંગ.** ઉંદર મહેનત કરી દર તૈયાર કરે પણ એમાં રહેવા જતો રહે ભોરિંગ એટલે કે સાપ. ટૂંકમાં કામ કોઈ કરે અને ફળ બીજા કોઈને મળે. આવા જ ભાવાર્થની અન્ય કહેવતો છે **કીડી સીંચે અને તેતર ખાય અને પોપટી પ્રસવે સૂત ને હુલાવે હોલી.** અહીં પારકી આશ સદા નિરાશ કહેવત ખોટી પડતી હોય એવું નથી લાગતું?

રાષ્ટ્ર ભાષા

## हौंक दिया जाएगा

ઉત્તર પ્રદેશનું કાનપુર શહેર 'મેન્ચેસ્ટર ઓફ ઈસ્ટ' તરીકે પ્રખ્યાત છે. અહીં કેમિકલ, ટેક્સટાઈલ અને લેધર ઈન્ડસ્ટ્રીનો ખાસ્સો વિકાસ થયો છે. કાનપુર એના ટિપિકલ ભાષા પ્રયોગ માટે પણ જાણીતું છે. ૩૦મી મેના દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી કાનપુર ગયા હતા ત્યારે એક જાહેર સભામાં કહ્યું હતું કે **अगर मैं सीधे-सीधे कानपुरिया में कहूं तो दुश्मन कहीं भी हो, हौंक दिया जाएगा.** ભાષણ તો લોકો ભૂલી ગયા, પણ હૌંક દિયા જાએગા પ્રયોગ વાયરલ થઈ ગયો. એ સાથે કાનપુર સાથે જોડાયેલા વિશિષ્ટ શબ્દ પ્રયોગોનો ઉલ્લેખ થવા લાગ્યો. **हौंक देंगे... इस शब्द का इस्तेमाल मारने, वार करने के लिए किया जाता है. पीएम मोदी ने कहा दुश्मन कहीं भी हो हौंक दिया जाएगा. मतलब दुश्मन कहीं भी हो, वार किया जाएगा.** હૌંક દેંગે મતલબ આક્રમણ કરવું, હુમલો કરવો. પીએમના કહેવાનો અર્થ એ હતો કે દુશ્મન ક્યાંય પણ હશે, એને ખતમ કરી દેવામાં આવશે. કાનપુરની ભાષામાં એક રુઆબ છે, એક પ્રકારનો નિર્ભય છે અને એટલે એ સીધી હૃદય સોંસરવી ઊતરી જાય છે.

**ज्यादा बकैती न करो... ज्यादा मत बोलो-आम तौर पर बातचीत में जब कोई किसी बात को बहुत बढा-चढा कर बोलता है तो उसे कानपुर स्टाइल में कहते है-ज्यादा बकैती न करो.** કેટલાક લોકોને વાતમાં મીઠું મરચું ભભરાવી બઢાવી - ચઢાવી બોલવાની આદત હોય છે. આવા લોકોને જ્યાદા બકૈતી ન કરો એવું રોકડું પરખાવી દેવામાં આવે છે. ગુજરાતીમાં આપણે નથી કહેતા કે 'બેસ બેસ હવે, બહુ શેખી કરવી રહેવા દે.' એવી જ વાત છે.

ENગ્લિશ વિંGLISH

## A to Z

'મુંબઈ સમાચાર'ના વાચકોનો અખબાર પ્રત્યેનો તેમજ માતૃભાષા માટે લગાવ જાણીતો છે. એટલે જ અખબારના તંત્રી દ્વારા આયોજિત પુસ્તકમેળો તેમજ ગુજરાતી ભાષા સંબંધિત કાર્યક્રમોમાં ઉમળકાભેર હાજરી આપી એને માણતા જોવા મળે છે. આવા જ એક ઉત્સાહી વાચકે અંગ્રેજી ભાષા સંબંધિત સરસ માહિતી મોકલી છે જે અન્ય વાચકમિત્રો માટે પ્રસ્તુત છે. આ રજૂઆતમાં અંગ્રેજી આલ્ફાબેટ એ ટુ ઝેડ સુધીના દરેક અક્ષરને ક્રમવાર સાંકળી અર્થપૂર્ણ વાક્યો બનાવ્યા છે. એ વાંચવામાં તો મજેદાર લાગે જ છે, પણ એમાં રહેલી ભાવના પણ હૃદયને સ્પર્શી જાય છે. Always Be Cool. કાયમ શાંતિપૂર્ણ સ્વભાવ રાખો. Don't have Ego with Friends and Family. મિત્રો અને પરિવાર સાથેના સંબંધમાં અભિમાન આડે આવવા ન દેવું. Give up Hurting Individuals. અંગત કે અન્ય કોઈ વ્યક્તિને ઠેસ પહોંચાડવાનું છોડી દ્યો. Just Keep Loving Mankind. માનવજાત સાથે સ્નેહના સંબંધ રાખો. Never Omit Prayers. પ્રાર્થના કરવાનું ક્યારેય ભૂલશો નહીં. Quietly Remember God. શાંતિથી ભગવાનનું સ્મરણ કરો. Speak Truth. સત્ય વાણી બોલો. Use Valid Words. ઉચિત શબ્દોનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખો. Xpress Your Zeal. ઉત્સાહ અને ઉમંગ વ્યક્ત કરો.




અંગ્રેજી ભાષાની લિજ્જત દર્શાવતું સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલું એક ઉદાહરણ પણ જાણીએ અને મોજ લઈએ. આ રજૂઆત કમ્પ્યુટર અને એનું ઉત્પાદન કરતી એક અમેરિકન કંપની સંબંધિત છે. The oldest Computer was owned by Adam and Eve. It was an Apple with very limited memory. Just 1 byte and everything crashed. અહીં પૃથ્વી પરના માનવામાં આવતા પહેલા બે માનવ સ્ત્રી અને પુરુષ આદમ અને ઈવની વાત કરવામાં આવી છે. એમની પાસે સફરજન હોય છે જે ખાવા પર પ્રતિબંધ હોય છે. એનું એક બટકું ભરવાથી માનવજાતને પાપ - પુણ્યનો કે સારા - નરસાનો ખ્યાલ આવે છે અને પૃથ્વી પરના જીવનમાં સુખ - દુ:ખની શરૂઆત થાય છે. અહીં એપલ શબ્દ પર રમત કરી અમેરિકન કંપનીના કમ્પ્યુટર તરફ ઈશારો કરવામાં આવ્યો છે અને જેને ફળનું બટકું ભરવા સાથે પણ સંબંધ છે અને કમ્પ્યુટરની મેમરી સાથે પણ નિસ્બત છે એ બાઈટ (Bite - Byte) શબ્દ સાથે રમત કરવામાં આવી છે. સફરજનનું એક બટકું ભરવાથી જીવન સદંતર બદલાઈ ગયું એમ મેમરી બહુ ઓછી હોવાથી દુનિયાનું પહેલું કમ્પ્યુટર ક્રેશ થઈ ગયું એવી રજૂઆત કરવામાં આવી છે.

આવી જ એક શબ્દ રમત AGRI - AGREE સંબંધે કરવામાં આવી છે. Every Husband is a Farmer by default. His survival solely depends on 'agrre'culture and 'agrre'culture increases GDP (Gross Domestic Peace). દરેક પતિમાં એક ખેડૂતનો વાસ હોય છે. એ કેટલું ટકશે એનો આધાર એગ્રીકલ્ચર પર આધારિત છે. અલબત્ત અહીં Agri-culture - ખેતીવાડીને બદલે Agreeculture - કાયમ (પત્ની સાથે) સહમત થવું એની વાત કરવામાં આવી છે. આમ કરવાથી GDP: Gross Domestic Peace - ઘરમાં શાંતિ જળવાઈ રહેશે એની તરફ ઈશારો કરવામાં આવ્યો છે. અલબત્ત આ બધું હળવાશમાં લેવાનું, તલવાર તાણીને ઊભા નહીં થઈ જવાનું.

સગ્ગી બહિણ


## पुणेरी भाषा

પુણે મહારાષ્ટ્રનું મહત્ત્વનું શહેર છે અને અનેક લાક્ષણિકતા ધરાવે છે. આ શહેરમાં બોલાતી ભાષા પણ વૈશિષ્ટ્યપૂર્ણ છે. **मी काय पौडावरुन आलो का?** એ પ્રયોગ બહુ જાણીતો છે. **पौड हे पुण्याजवळच गाव आहे, फक्त कोणी वेड्यात काढत असेल तरत्याला 'भी काय दुधखुळा वाटलो का याऐवजी पुणेकर भी काय पौडावरुन आलो का असा प्रश्न विचारतात आणि आपणाही कमी जसल्याचे दाखून देतात.** પૌડા પુણે નજીક આવેલું ગામ છે. જોકે, સામી વ્યક્તિ આપણને મૂરખમાં ખપાવવાની કોશિશ કરતી હોય ત્યારે શું મને દૂધ પીતું બચ્ચું સમજો છો એવું મોટેભાગે મરાઠીમાં કહેવાતું હોય છે. જોકે, પુણેવાસી 'શું હું પૌડા ગામથી આવ્યો છું એવું તને લાગે છે?' એવો સવાલ કરી પોતે સ્માર્ટ છે એ સુણાવી દેતા હોય છે. મુંબઈની વ્યક્તિ પણ જો કોઈ ભોળવવાના કે ઉલ્લુ બનાવવાના પ્રયત્નો કરે તો 'શું હું અલીબાગથી આવ્યો છું એવું તને લાગે છે?' એવો સવાલ કરતા હોય છે. આડકતરી રીતે પૌડા અને અલીબાગમાં જાણે કે મૂર્ખાઓ વસતા હોય એવું આભાસી ચિત્ર ઉપસાવવામાં આવ્યું છે. **भारीच किंवा लई भारी** શબ્દપ્રયોગ વાંચી તમને રિતેશ દેશમુખની પહેલી મરાઠી ફિલ્મ યાદ આવી ગઈ હશે. જોકે, આ ફિલ્મ આવી એના અનેક વર્ષો પહેલા પુણેમાં લઈ ભારી શબ્દપ્રયોગ પ્રચલિત થયો હતો. કદાચ એના પરથી જ ફિલ્મના નામની પ્રેરણા મળી હશે. સાથે સાથે ભારીચ શબ્દ પણ વપરાય છે. બહુ જ સરસ કે સુંદર એવી દાદ આપવાની હોય ત્યારે એનો ઉપયોગ કરવામાં આવે છે. મજાની વાત તો એ છે કે **लय भारी या चित्रपटाचं कौतुक करताना लई भारी अस सांगण्यात आलं होतं** લય ભારી ફિલ્મની પ્રશંસા લઈ ભારી શબ્દોથી કરવામાં આવી હતી.

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# રાજુ રદીને બર્થ-ડે પર કેક કેવી રીતે કાપવી છે?



'ગિરધરભાઇ, જન્મ દિવસની ઉજવણી કરવી જોઇએ કે ન કરવી જોઇએ?' રાજુ મને આર્ટિફિશ્યલ ડફોળ માને છે. રાજુ રદીના ગાંડાઘેલા મનમાં સવાલોનું વલોણું વલોવાય અને સવાલોનું નવનીત નીકળે એ મને ધરે છે. રાજુએ મારા ઘરમાં ઘૂસી જઇ સોફામાં દોઢસો રતલની કાયા ઝીંકી. નાજુક નમણી નાર સમો સોફા હચમચીને ચિત્કારી ઊઠયો.

'રાજુ, કોના જન્મ દિવસની ઉજવણી કરવાની છે?' મેં રાજુને સામો પ્રશ્ન પૂછ્યો.

'ઓફ કોર્સ મારો જન્મ દિવસ 'રાજુએ સીનો તાણીને જવાબ આપ્યો.

'રાજુ, તારા જન્મમાં તારું કોઇ યોગદાન ખરું? આપણે જન્મ લઇએ ત્યારે કોના ઘરે, કયા દેશમાં, કંઇ નાતમાં, રાત્રે કે દિવસે જન્મ લઇશું એને લઈને આપણી સંમતિ કયાં લેવામાં આવે છે.?'

'ગિરધરભાઇ, જન્મદિવસ દરેક માટે મહત્ત્વનો હોય છે. લોકો અલગ રીતે જન્મદિવસની ઉજવણી કરે છે. આવો જ એક જન્મદિવસ હાલમાં સોશ્યલ મીડિયા પર ભારે ચર્ચામાં છે. આ રામુ કિંગ નામની ભેંસનો જન્મદિવસ છે. કેક પર રામુ કિંગના ફોટો સાથે ફટાકડા ફોડ્યા અને આખા ગામે તેના બર્થ-ડેમાં ભાગ લીધો હતો. અનેક લોકો પાલતુ પ્રાણીઓનો જન્મદિવસ પણ ઊજવે છે. અમદાવાદમાં એક પરિવારે કૂતરાના જન્મની ઉજવણી માટે એક મોટી પાર્ટીનું આયોજન કર્યું. આ સમારોહમાં પરિવારે લગભગ ૭ લાખ રૂપિયા ખર્ચ્યા હતા.' રાજુએ જન્મદિવસ અવનવી ઉજવણીની રીત જણાવી.

'રાજુ, પહેલાના જમાનામાં જન્મદિવસે દૂધથી સ્નાન કરવામાં આવતું. મંદિરે જઇને દેવદર્શન પૂજા કરવામાં આવતી હતી. વડીલોને પગે લાગી આશાર્વાદ લેવાતાં. બપોરે બધાને ભાવતા ભોજન ખવરાવતા ત્યારે બર્થ ડે કેક કે હેપી બર્થ ડેના રાગોડા કે કોરસગાન ન હતા...'

'ગિરધરલાલ, તમે રાધારાણીભાભીને જન્મ દિવસ પર કેવી અને કેટલી ભેટસોગાદ આપો છો?' રાજુએ મારી દુખતી નસ પર પગ મૂકી દીધો.

'રાજુભાઇ, તમે ભેટની ક્યાં માંડો છો? તમારા દોસ્તારને તો મારો જન્મદિવસ કે લગ્નતિથિ યાદ રહેતી નથી. લગ્નતિથિને તો શહીદદિવસ માનીને તમારા ભાઈબંધને તાજિયા કાઢવા હોય છે.' રાધારાણીએ ટિપોઇ પર ચાના કપ પછાડ્યા.

'રાજુ, મોટા માણસો જન્મ દિવસ પર જે ભેટ આપે છે. તે આપણા માટે આફત બની રહે છે. પાકિસ્તાનના યુટયુબરે તેની પત્નીને બર્થ ડે પર ગધેડાની ગિફ્ટ આપેલી. પેલી બેગમને ગધેડીને બકી કરે કે બચકા ભરવા તેની જ સમજ પડતી ન હતી.! થોડાં વર્ષ પહેલાં મુકેશ અંબાણીએ નીતુ ભાભીને જન્મ દિવસ પર 'માત્ર' અઢીસો કરોડ રૂપિયાની લકઝરી યાટ ભેટ આપેલી. આ સમાચાર વાંચીને તારી રાધારાણી પર મારા પર જે ભડકી છે કે વાત જ ન પૂછો...'

'ગિરધરભાઇ. આપણે જગજીતસિંહની કાગજ કી કસ્તી વો બારીશ કા પાની ગણગણી શકીએ અને આપણે બાળપણમાં વરસાદ આવે એટલે કાગળની હોડી પાણીમાં તરતી મૂકી શકીએ. બીજું શું?' રાજુએ કહ્યું.

'રાજુ, હવે બર્થ ડેની ઉજવણી વિકૃત અને હિંસક થતી જાય છે. જન્મદિવસની પૂર્વ રાત્રિ એટલે કે બાર વાગ્યે મિત્રો બર્થ ડે બોય પાસે કેક કપાવે છે. પછી બર્થ ડે બોયની મિત્રો જ ધોલાઇ કરે છે. કેટલાક કિસ્સામાં મરણતોલ મારથી બર્થ ડે બોયનો બર્થ ડે જ ડેથ ડે બની જાય છે. મેં રાજુને સાંપ્રત પ્રવાહ જણાવ્યો.

'ગિરધરલાલ, બર્થ ડે કેક કેવી રીતે કાપવાની હોય?'

'રાજુ, બર્થ ડે કેક સોય, કટર, બ્લેડ, કટારી,ખંજર, ગુપ્તી, ચમચી, કાંટા, ચપ્પુ, કાતર, કરવત,આરી,છરીથી કાપી શકાય.' મેં રાજુને કેક કાપવા માટેના એકથી એક ચડિયાતા વિકલ્પ જણાવ્યા.

'ગિરધરલાલ, કેક તલવારથી કાપવા પર કોઇ કાનૂની પ્રતિબંધ કે મનાઇ છે?' રાજુએ મનની વાત મને પૂછી.

'રાજુ,તલવારથી કેક કાપવા પર કોઇ પ્રતિબંધ હોઇ શકે નહીં. જન્મદિવસ તમારો, કેક તમારી, તલવાર તમારી તો પોલીસે પારકા મામલામાં પંડિત કે કાજી શું કામ બનવું જોઇએ?' મેં દૂબળા કાજી જેવો ધરખમ પ્રશ્ન પૂછ્યો.

'ગિરધરભાઇ, લશ્કરમાં કોઇ મેજર કે કર્નલ સાથે ઓળખાણ ખરી?' રાજુએ સવાલ પૂછ્યો.

'હા. કેમ? શું કામ છે?'


'ગિરધરભાઇ, આગલા મહિને મારો જન્મદિવસ છે. મારે મારી બર્થ ડે કેક મિસાઇલથી કાપવી છે. એટલે મિસાઇલનો વેંત કરવો છે. તમારાથી મિસાઇલની વ્યવસ્થા થઇ શકશે?' રાજુએ મહેચ્છા વ્યક્ત કરી. રાજુ દિવાળીમાં ફોડવા લવિંગિયા કે ટેટા લાવવાના હોય એ ટોનમાં મને સવાલ કરતો હતો.

રાજુને શું જવાબ આપું? રાજુએ મારા પર પર મિસાઇલ દાગી હોય તેમ હું હક્કોબક્કો રહી ગયો.

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# પખે કે ચડણું નાંઈઃ કચ્છની ધરતી સાથે બંધાયેલું જીવનધર્મ...



ગુજરાતના પશ્ચિમ રાજ્યના કચ્છ જિલ્લાના લૈયારી ગામમાં મેન્ગ્રોવ જંગલના સુકરાળ પર રબરાખિયા જત અને તેમની પત્ની લછમી અને રાણાભાઈ રબારી બેઠાં છે. ખરાઈ ઊંટનો એક જૂથ ઝાડ પરના પાંદડામાંથી બચેલા પાંદડા શોધવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેની પીઠે રંગીન પટ્ટા છે. હૂંફભર્યા શ્વાસના અવાજ વચ્ચે ઘંટડીના સૂમસામ ઝણકાર સંભળાય છે. ઊંટની આંખો પર કાજલ છે, પીઠે ચાંદલા છે. ભાવસભર સંસ્કૃતિ! પણ આ માત્ર પરંપરા નથી. ઊંટ જ્યારે દરિયાકાંઠાના મેન્ગ્રોવ વનો તરફ જાય છે, જ્યાં ખારાં પાણી અને સપાટ ઘાસ ઉપર એ જીવન જીવે છે, ત્યારે એ મહિના-મહિના પ્રવાસ પછી જ્યારે ઘેર પાછા આવે છે ત્યારે એ ક્ષણ એક પર્વ સમાન બની જાય છે. માલધારી પરિવારો માટે આ ઊંટ માત્ર પશુ નહીં પણ એમના પરિવારના સભ્યો હોય છે. એ વારસો બને છે, જે પેઢીથી પેઢી સુધી જીવંત રહે છે.

રબરાખિયાઃ 'લછમી, હવે હું ખરાઈની સંભાળ નથી રાખી શકતો એ વાતે મને શરમ લાગે છે. સરકારે કે ઉદ્યોગપતિઓએ આ ધરતીની કિંમત ઓળખી નથી. તેઓ રણ અને કાંટાળાં ઝાડોને માત્ર ખનન કે મીઠાંના ખાડા માટે જોઈ છે. આ તો ઈશ્વરનો આશીર્વાદ છે!'

લછમીઃ 'આ ઝાડ અને ઘાસ એ તો ઔષધીય શક્તિ ધરાવે છે. સાવલા પીરએ ખરાઈ ઊંટને માટે આ વનસ્પતિ બનાવ્યા, અને આપણે એની સેવા માટે ચૂંટાયા. શું આપણે એ સેવા ભૂલી શકીએ, રાણાભાઈ?'

રાણાભાઈઃ 'હા, અમે ખોટા ગયા છીએ. નદીઓ પર ઉદ્યોગોની બાંધકામ અને મીઠાંના અગરોના કારણે મેન્ગ્રોવ્સ હવે સુકાઈ રહી છે.'

રબરાખિયાઃ 'ચાલો, સાવલા પીરની દરગાહે જઈએ. અને તેમણે આપેલા ઊંટ પાછા આપીને માફી માગીએ!' (સાવલા પીર સાથે ઊંટપાલન અને માલધારીઓનો એક અદ્વિતીય આધ્યાત્મિક જોડાણ છે.)

જેમ તારાઓ ઊગે છે, તેમ સાંસ્કૃતિક યાદો ઝળહળે છે. સાંજ ઘેરી બનતી જાય છે અને સુરંદાનું સંગીત પોતાની તીવ્રતા સાથે હવાના પ્રવાહ દૂર સુધી લહેરાય છે, રાણાભાઈ કહે છેઃ 'આવાં સંગીતની સાંજ હવે દુર્લભ છે અને એમ જ આપણી પરંપરાઓ પણ ઓગળી રહી છે.' લછમી એમાં ઉમેરે છેઃ 'સૂફીઓ કહે છે, 'ન અમારું કશું હતું, ન આપણે કશાનાં હતા. પણ હવે તો દીવાલો છે, બંધનો છે!'

ખરાઈ ઊંટ, જેને 'સમુદ્ર ચાલક ઊંટ' પણ કહેવાય છે, કચ્છીમાં ખારાઈ એટલે કે 'સોલ્ટી', ખારા પ્રદેશનું વાહન. તે મુખ્યત્વે ખારી જમીન પર ઊગતા છોડ પર નભે છે. ખાસ કરીને કચ્છના રબારી, જત અને માલધારી સમાજ સાથે સંકળાયેલા છે. ખારાઈ ઊંટોને મેન્ગ્રોવ્સ પર ચરવા દેવાથી વૃક્ષોનો અસ્તિત્વ જળવાઈ રહે છે અને નવા વૃક્ષોના અંકુરને પણ ટેકો મળે છે. તેમના પગલાઓથી જમીનના નાના ખાડા બને છે અને તેઓ ચેર ચરે છે ત્યારે અમુક બીજ એ ખાડામાં પડવાથી આપોઆપ વાવણી થઈ ગઈ હોય છે આમ નવા રોપા આપોઆપ તૈયાર થઈ જાય છે.

કચ્છના દરિયાકાંઠે ઝડપી ઔદ્યોગિકરણ અને જેટ્ટી બાંધકામના કારણે મેન્ગ્રોવ વનોની બરબાદી બાદ સરકાર દ્વારા સંરક્ષિત વિસ્તારો જાહેર કરવાના નિર્ણયથી ચરિયાણ અને માલધારીઓની ચાલ જ રોકાઈ ગઈ છે. ફકીરાણી જત જે આ જમીન પેઢીઓથી ઉપયોગ કરતા હતા તેમાં લુપ્તતા વર્તાઇ રહી છે.

આ લેખ લખવાનો અવસર અને પ્રેરણા ભુજની નામાંકિત સંસ્થા સહજીવન દ્વારા પ્રકાશિત સામયિક 'અ વર્લ્ડ વિધાઉટ અ રૂફ'માં પ્રકાશિત પખે કે ચડણું નાંઈ વિષયક અહેવાલ અને સંવાદોથી મળી. હમણાં હમણાં કામનાં કારણોથી અબડાસા અને લખપતનાં ગામડાઓનો પ્રવાસ થયો તો ફકીરાણી અને ગરાસિયા જત, તે વિસ્તારના રબારી સમાજ સાથે નિકટતા સર્જાઇ અને તેથી જ ઊંટ અને માલધારી જીવનશૈલી અંગેની આ સંવેદનશીલ પરંપરા પર આ લેખ રચવા સંજોગ ઊભા થયા.

અહીંના ફકીરાણી જત 'પગપારખું પગી' તરીકે પોતાની ઓળખાણ ધરાવે છે અને તેમનો સૌ પાસે આદરપાત્ર સ્થાન છે. રાજ્યાશ્રય મેળવેલા આ પગીઓ સંવેદનશીલ સરહદની રખોપાં કરતા આવ્યા છે. લશ્કરી દળ હોય કે પર્યાવરણપ્રેમી પ્રવાસીઓ,એ બધા માટે તેઓ 'આશ્ચર્યજનક વ્યક્તિત્વ' સાબિત થયા છે. કારણકે વ્યક્તિ કે પશુના પગલા ઓળખવામાં માહેર આ નિષ્ણાંતો, પર્યાવરણપ્રેમીઓને 'ખરેખર પ્રકૃતિમય હોવું એટલે શું'નું નિતાંત મહત્ત્વ સમજાવે છે. ફિલ્ડ વર્ક દરમિયાન અમારા ભંગુડી ગામના મલાયા ચાચાની પગ પારખું અદા વિશે જાણીને તો મારા ભવરાં ચઢી આવ્યા હતા.

આ સમુદાયો મેન્ગ્રોવ્સની મુલાકાત લેતા સ્થળાંતરિત પ્રાણીઓ સાથે સહઅસ્તિત્વ ધરાવે છે. તેમને ક્યારેય પોતાના પશુધન સાથે સ્પર્ધા કરવાની જરૂર પડી નથી. આવી પરંપરા આજે ઓછી થઈ ગઈ છે, પણ હજી પણ તે કચ્છના કુટુંબોમાં જીવંત છે અને આ લેખ, આ દશ્યો એ સંકલ્પ છે કે આ વારસાને જીવતું રાખીશું.

ફોકસ પ્લસ

રશ્મિ શુક્લ
feedback@
bombaysamachar.com

# આ ડાન્સ ટીચર કળા દ્વારા બાળકમાં કરે છે આત્મવિશ્વાસનું સિંચન...



બાળકોમાં આત્મવિશ્વાસ અને અનુશાસનના બી રોપીને એક શિક્ષક તેમના જીવનને નવી દિશા આપે છે. આવા જ ધ્યેય સાથે કામ કરે છે ચેન્નઈના ડાન્સ ટીચર-ડૉક્ટર અંબિકા કામેશ્વર. તેઓ ભરતનાટ્યમ અને કુચિપુડીમાં નિપુણ છે. છેલ્લાં ૩૦ વર્ષથી ક્લાસિકલ ડાન્સની ટ્રેઈનિંગ આપે છે. તેમની પાસે આવતા વિદ્યાર્થીઓમાં આપણા જેવા સામાન્ય નહીં, પરંતુ દિવ્યાંગ બાળકો ક્લાસિકલ ડાન્સની ટ્રેઇનિંગ લેવા આવે છે.

અંબિકા જ્યારે ૧૮ વર્ષનાં હતાં ત્યારે તેમણે પહેલી વખત બ્લાઇન્ડ બાળકોને ડાન્સ શીખવાડ્યો હતો. એ અનુભવ તેમના માટે ચેલેન્જિંગ હતો. એ અનુભવથી જ તેમણે નક્કી કરી લીધું કે તેઓ આવાં બાળકોને શાસ્ત્રીય નૃત્ય શીખવાડશે.

એ વિશે અંબિકાએ કહ્યું કે, ‘તેમને ડાન્સ શીખવાડીને મને લાગ્યું કે તેમની અંદર આત્મવિશ્વાસ, પોતાના ટૅલન્ટ પર ભરોસો છે અને તેમની પોતાની ઓળખ છે. ત્યારે જ મને એહસાસ થયો કે આ જ વસ્તુની મને તલાશ હતી.’ લગ્ન બાદ અંબિકા ચેન્નઈ આવી ગયાં. ત્યાં તેમણે સ્પેસ્ટિક સોસાયટી ઑફ ઇન્ડિયામાં સેવા આપવાનું શરૂ કર્યું. અંબિકાએ નાટ્યાભિનયમાં પીએચ.ડી. કર્યું છે. તેની મુલાકાત એક નેશનલ પૅરાલિમ્પિકમાં ત્રણ વખત ગોલ્ડ મેડલ જીતનારી બબલી રામચન્દ્રન સાથે થઈ. બન્નેને ડાન્સમાં રસ હતો. અંબિકાના માર્ગદર્શનમાં બબલીએ તેના આરંગેત્રમમાં પર્ફોર્મ કર્યું હતું. બબલીની જર્ની એ વાતનું પ્રમાણ છે કે તક અને પ્રોત્સાહન મળી રહે તો વ્યક્તિ ધાર્યું પરિણામ લાવી શકે. અંબિકા વિવિધ સ્કૂલોમાં જઈને બાળકોના વિકાસ માટે મહેનત કરે છે. તેમની સાથે વાતચીત કરીને તેમને આનંદમાં રાખવાનો પ્રયાસ કરે છે. તેમણે રામન્ના સુનૃત્યાલય નામની ઍકેડેમીની સ્થાપના કરી છે. એમાં નૃત્યની ટ્રેઇનિંગ લેવા આવતા વિદ્યાર્થીઓ ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી, ડાઉન સિન્ડ્રોમથી પીડિત અને દૃષ્ટિહિન છે. સૌથી ખાસ વાત એ છે કે અંબિકાએ નિસ્વાર્થભાવે સેવાની ધૂણી ધખાવી છે. તેઓ કોઈ ફી લેતા નથી.

આજે તેમનાં બે કેન્દ્ર ચેન્નઈમાં અને એક બેંગલૂરુમાં છે. આટલાં વર્ષોમાં તેમના વીસ વિદ્યાર્થીઓનો આરંગેત્રમ થયો છે. આ ઍકેડેમીમાં બાળકોને નૃત્યની સાથે રંગોળી, કૂકિંગની પણ તાલીમ આપવામાં આવે છે. એની સ્પર્ધામાં ભાગ લઈને બાળકોની કળાને વિસ્તારવામાં આવે છે. સાથે જ તેઓ ઍન્યુઅલ-ડે, સ્પોર્ટસ-ડે અને ફેન્સી ડ્રેસ કોમ્પિટીશનમાં પણ ભાગ લે છે. એનાથી તેમની અંદર આત્મવિશ્વાસ જાગે છે. પોતાની લાગણીને તેઓ કળા મારફતે દર્શાવે છે, જે કદાચ શબ્દો દ્વારા વર્ણવવું તેમના માટે મુશ્કેલ છે.

આ સ્થળે કોઈપણ પ્રકારના ભેદભાવને સ્થાન નથી.

અંબિકાની ઈચ્છા છે કે અન્ય શહેરોમાં પણ આવાં કેન્દ્રો શરૂ કરવામાં આવે. જેથી કળાનો વિસ્તાર થઈ શકે. ■

વિશેષ પ્લસ

નિધિ ભટ્ટ
feedback@
bombaysamachar.com

# મોબાઈલ છે તમારો સૌથી મોટો દુશ્મન!



મોબાઇલ ફોને આપણું જીવન સરળ બનાવ્યું હશે પણ તેણે સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓ પણ આપી છે. આ જ કારણ છે કે મોબાઇલ ફોનને સ્વાસ્થ્યનો દુશ્મન કહેવામાં આવી રહ્યો છે. રીલ જોવાથી લઈને બિલ ભરવા સુધી, બધું જ મોબાઇલથી થઈ રહ્યું છે. ફક્ત પુખ્ત વયના લોકો જ નહીં, આજકાલ બાળકો પણ મોબાઇલ ફોનનો ખૂબ ઉપયોગ કરી રહ્યા છે.

મોબાઇલ ફોનના વ્યસની બનવાથી ફક્ત માનસિક જ નહીં પણ શારીરિક સ્વાસ્થ્ય પર પણ ગંભીર અસર પડે છે.

## સ્વાસ્થ્યનો દુશ્મન?

ફોનમાંથી નીકળતું ઇલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશન અને વાદળી પ્રકાશ આપણા શરીર માટે હાનિકારક છે, જે સ્વાસ્થ્ય સંબંધિત અનેક રોગોનું જોખમ વધારે છે. ફોનનો વધુ પડતો ઉપયોગ આંખોની રોશની પર અસર કરે છે. તે યાદશક્તિ પણ ઘટાડે છે. એટલું જ નહીં ડિપ્રેશન, ચિંતા જેવી સમસ્યાઓ થઈ શકે છે.

## નિષ્ણાતો શું કહે છે?

ફોનનો વધુ પડતો ઉપયોગ કરવાથી અથવા તેનું વ્યસની બનવાથી ડિપ્રેશન અને ચિંતા થઈ શકે છે. તેની સૌથી મોટી અસર એ છે કે લોકો પોતાને સામાજિક રીતે અલગ રાખવા લાગે છે, જેને અલગતા કહી શકાય. તમે લોકોને મળવાનું ઓછું કરો છો, તમને ફક્ત તમારા ફોનની જરૂર હોય છે. જીવનની દિનચર્યામાં ખલેલ પહોંચે છે. આના કારણે ગુસ્સો, હતાશા શરૂ થાય છે. તે જ સમયે ધીરજનું સ્તર ઘટવા લાગે છે અને મન કામ કરવાનું બંધ કરી દે છે.

મોબાઈલના કારણે ઘણી વખત લોકો ખૂબ જ નકારાત્મક વિચારવા લાગે છે. આત્મહત્યાના વિચારો આવવા લાગે છે. તે જ સમયે નાના બાળકો અને પુખ્ત વયના લોકો પણ ખૂબ જ હઠીલા બની જાય છે. જેમ કે બાળકોમાં જોવા મળ્યું છે કે જો તેમને ફોન ન મળે તો તેઓ ખાવા-પીવાનું બંધ કરી દે છે. કેટલાક લોકો મોબાઈલ વગર ટોઈલેટ પણ જતા નથી.

## કેટલો હાનિકારક?

મોબાઈલના વધુ પડતા ઉપયોગથી માથાનો દુખાવો, થાક અને પેટ સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે. કારણ કે જ્યારે તમે મોબાઈલનો ઉપયોગ કરતી વખતે ખાઓ છો, ત્યારે તમારું સંપૂર્ણ ધ્યાન મોબાઈલ પર હોય છે. આવી સ્થિતિમાં ખોરાક યોગ્ય રીતે પચતો નથી જેના કારણે પેટ સંબંધિત સમસ્યાઓ થાય છે. જ્યારે તમે જરૂર કરતાં વધુ સમય માટે મોબાઈલ સ્ક્રીન સામે રહો છો તો એને કારણે ત્વચા નિસ્તેજ થઈ શકે છે. ■

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

# ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

■ ગણપતિ અને પર્યુષણ નિમિત્તે ઘર ડેકોરેશન માટે સંપર્ક કરો: પારૂલ શાહ: ૮૦૯૭૦૪૩૬૯૯. (૧૪૦-એ)

### ૯. લગ્ન સંબંધી

■ ૧૯૮૯ની અતિ-સુંદર (મિસ એશિયા રનરઅપ), ડબલ ગ્રેજ્યુએટ વૈષ્ણવ અપરિણીત દીકરી-સ્થાયી, શિક્ષિત છોકરાની શોધમાં મુંબઈ બેંગ્લોર પસંદ ૯૫૩૭૪૦૨૦૦૦. (દહેજ નહીં.) (બી-૧૬૨૪૯)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં) (૧૮૩-એ)

### ૧૨. યાત્રા સહેલગાહ

**ચિરાગ**
દક્ષિણ ભારત, યુપી, વારાણસી, પ્રયાગરાજ, અયોધ્યા, મુક્તિનાથ, નેપાળ, ચંપારણ્ય, જગન્નાથપુરી, ગંગાસાગર. 7303560200/ 9660523040. (૧૫૩૮૦/એ)

**ચિરાગ**
શ્રીનાથજી, ચારધામ, ગંગાસાગર, જગન્નાથપુરી, ચંપારણ્ય, ભાઈબીજ સ્નાન, ઉજ્જૈન. 9833009445. (૧૫૩૮૦/બી)

■ Per Couple Private Tour With bfast and Dinner કેરળ 40000, આંદામાન 48000, લદ્દાખ 48000, સિક્કિમ 58000, થાઈલેન્ડ 44000, શ્રીલંકા 54000, સિંગાપોર 99000. Airfare Visa Extra Best Deals લોનાવાલા, સિલ્વાસા, દમણ, ગોવા અને અન્ય સ્થળો માટે પણ. Arrham Holiday 9769977466/ 9892534488/ 9326373672. (બી-૧૬૨૨૨)

### ૧૪. નોકરી ખાલી છે

**REAL ESTATE**
Sales Wanted 10 Male Candidates to Work at a reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs annually, on Commission basis. Field Job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (118-I)

### ૧૭. જગ્યા આપવી છે

***લોનાવલા***
**દહેરાસરની સામે 3 BHK બંગલો વેચાણમાં 9869151200. (બી-૧૬૩૦૭)**

**ANDHERI**
**સ્ટેશન નજીક બજેટમાં FLATS - OFFICES, નવી-જૂની સોસાયટીમાં વેચાતા-ભાડાથી લેવા-આપવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૭૯૯)**

**વિલેપાર્લે (ઈસ્ટ/વેસ્ટ)**
3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૧૧૮-સી)

**જુહુ સર્કલ**
ડી એન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઇન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઇન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/ 6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12- 18 મહિનામાં કબજો "MIHIR" 7021919015. (૧૧૮-ડી)

### ૧૭. જગ્યા આપવી છે

**દેવલાલી**
ફ્લેટ, દુકાન, બંગલા, પ્લોટ લેવા - વેચવા / ભાડે થી. પરેશ - 9930803959 - 9930106054. (૧૬૨-સી)

**સાન્તાક્રુઝ/ ખાર**
લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઇન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, ઍમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10- 30 કરોડ. "MIHIR" 7021919015. (૧૧૮-ઈ)

**લાલુભાઈ પાર્ક**
રેડી ફ્લેટ્સ 4 બેડરૂમ 1500'-2000' 7-8 કરોડ ફર્નિશ્ડ 3 બેડરૂમ 1100'-1400' @ 42000 psf, 6 મહિનામાં કબજો જીમ + ટેરેસ ગાર્ડન સાથે "MIHIR" 7021919015. (૧૧૮-એફ)

**સી-ટચ પ્રોજેક્ટ્સ**
2-3 એકર લેઆઉટ 30+ સુવિધાઓ સાથે 180 ડિગ્રી સી વ્યૂ વર્સોવા 1500-5000' (10-30) જુહુ તારા 3000-5000' (25-50) કાર્ટર / બેન્ડસ્ટેન્ડ (50-100) વર્લી પ્રભાદેવી (30-75) 25 થી વધુ વિશિષ્ટ પ્રોજેક્ટ્સ "MIHIR" 7021919015. (૧૧૮-જી)

**જુહુ ગુલમહોર**
3/ 4/ 5/ 6 બેડરૂમ, 1200-5000' ફૂટ ઊંચા ટાવર, સુવિધાઓ સાથે પૂલ, જીમ, બેન્કવેટ કાર્પેટ, હાયર ફ્લોર, સી વ્યૂ, દર 55000 થી 65000 psf. "MIHIR" 7021919015. (૧૧૮-એચ)

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**
૧ થી ૬ બેડરૂમના ફ્લેટ, ઓફિસ, દુકાનો તૈયાર બંધાતામાં લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ ૯૯૨૦૯૨૭૯૫૮, ૯૮૨૦૦૦૮૦૦૩. (૧૭૭-એ)

**THAKUR VILLAGE**
કાંદિવલી (ઈસ્ટ), TW Garden વાધવાના નવાં કન્સ્ટ્રક્શનમાં 2 બેડરૂમ ફ્લેટ, બધી એમીનીટીઝ અને પાર્કિંગ સાથે હાયરફલોર પર 60000/-માં ભાડેથી આપવાનો. ઓનર - 8347301250. (બી-૧૬૩૬૮)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી આઝાદ રોડ- 2 બેડરૂમ- 650' 1st Floor 2.10 Cr. તેમજ ફર્નીસ્ડ 3 બેડરૂમ- 1025' 7th Floor 3.30 Cr. + Taxes Extra ‘‘નવકાર એસ્ટેટ’’-96196 74640. (જેપી/૪૫૦૯-સી)

**વિલેપાર્લે (વેસ્ટ)**
ઈર્લા KLS હોસ્પિટલ પાસે નવા ટાવરમાં 3-બેડરૂમ 890' હાયર ફ્લોર, પઝેશન- March 2026. ‘‘નવકાર એસ્ટેટ’’-9819117722. (જેપી/૪૫૦૯-ડી)

**વિલેપાર્લે (વેસ્ટ)**
બાપુભાઈ વશી રોડ 1, 2, 3 તેમજ 4 બેડરૂમ એમિનીટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન- 8356990950. (જેપી/૪૫૦૯-બી)

**સાન્તાક્રુઝ વેસ્ટ**
દેરાસર, હવેલીની પાસે 2,3,4 બેડ એમિનીટીઝ હાઈરાઈસ ટાવર અમિત- 7045622403. (બી-૧૬૩૫૦)

**સાઉથ મુંબઈ રાજસ્થાન એસ્ટેટ**
2, 3, 4 બેડરૂમ આકર્ષક ફ્લેટ નેપયેન્સી વાલ્કેશ્વર, મરીન ડ્રાઈવ, કફ પરેડ, તારદેવ, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, ચર્ચગેટ, પેડર, ગોવાલ્યા ટેન્ક ખરીદ અને વેચાણ માટે નવા બિલ્ડિંગ નવા બાંધકામમાં ફ્લેટ ૨, ૩, ૪ બેડરૂમ સાઉથ મુંબઈમાં મળશે. Contact Gopalbhai Jaipurwala. 9322898994 Mukesh Mehta 9967502537. (૨૯૭)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. પંતનગર - ૨ બેડરૂમ - 695' કારપેટ, તિલક રોડ - ૨ બેડરૂમ - 820' કારપેટ, ૬૦’ રોડ - 3 બેડરૂમ - 950' કારપેટ. મનીશ વોરા - 9324339343. (૧૯૬-એ)**

**ગામદેવી**
2 બેડરૂમ - 660' - કાર્પેટ - ફરનીસ્ટ - 3,0000000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૮-સી)

### ૧૭. જગ્યા આપવી છે

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 705' અને 3 BHK, 951' વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ. સંપર્ક - 9930333456 (P51800055546) (૧૯૧-એ)

**વાલકેશ્વર**
4 બેડરૂમ - 2000' - કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ - 14,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૮-એ)

**કેમ્પ્સકોર્નર**
2 બેડરૂમ - 1050' - કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ- 6,10,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૮-બી)

**MALAD (WEST)**
**3 Bedroom, 1150' Rera Carpet Adarsh Dugdhaly Road, Higher Floor, Dilip 8108307900 (Broker Excuse). (186-A)**

**WORLI**
Urgently Sale below Market Rate 4 BHK 3691 sqft, Omkar 1973, Call 9869070123, 9167723483. (180-A)

**VILE PARLE EAST**
Available on Outright Sale
Luxurious 3 BHK
Usable Carpet 1600 sq.ft.
- 3 Toilets • 2 Walkin Wardrobes
- Fully Furnished & Air-Conditioned
- Balconies in all Rooms • Vastu Compliant
- 3 Prime Parkings • Higher Floor
- Italian Marble Flooring in Living Room
- Premium Wooden Flooring in Bedrooms
- Italian Marble Finished Vanity Tops in Toilets.
- Close to Reputed Educational Institutions & Prime Hospitals.
- Prime Locality • 2 Minutes from Station
- 5 Minutes from Airport
- Ideally Suited for NRIs

Contact : 98200 72941
(B-16337)

**MAHALAXMI**
Urgently Sale below Market Rate 3 BHK 1450 sqft Piramal Mahalaxmi Call 9869070123, 9167723483. (180-B)

**VILEPARLE (WEST)**
Luxurious 4 Bedroom, 2300', Near Station, Mandir, Peaceful Location, Ready Sale. Vinodbhai 8097960449, Bhavesh 9324001110. (15368/D)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**ચર્નીરોડ**
સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**અંધેરી ઈસ્ટમાં ઓફિસ**
સ્ટેશન/ સબવેથી નજીક ઈન્ડ/કોર્મ એસ્ટેટમાં ૧લે માળે કોર્નરની જગ્યા 100 સ્કે. ફૂટ + 150 sq. ft. લોફ્ટ સાથે/ વગર ભાડેથી ઈન્સ/ શેર/ કોમ્પ્યુટર વગેરે માટે ઉત્તમ સંપર્ક 9867868311. (૧૪૩-એ)

### ૨૦. ધંધાદારી જગ્યા

**"SHIRDI"**
**Highway Tuch Star Hotel Resort / Dharamsala Plot 10.22 Acres for (Company) Sale / Joint Venture. Approved Layout. 4,43,343 Sq. Feets. Cont.: "Jain" - 8879705115. (194-A)**

### ૩૨. જમીન-મિલકત

**રાજકોટની**
**આજુબાજુ ગામ: કાલાવડ રોડ, મોરબી રોડ, જામનગર રોડ, નાના - મોટા ખુલ્લા પ્લોટ, જમીન લેવા - વેચવા: 9082411822 / 9930730755. (૧૭૦-બી)**

### ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૩૦૧)

**પ્રિન્ટીંગનું કામ**
પેમ્પલેટ, પેપર, પ્રીન્ટીંગ અને વિતરણ સાથે. બોરીવલી. પરેશ શાહ : 9898312030. (૧૮૮-એ)

### ૩૩. ધંધાદારી

**‘‘પ્રતાપ પેકર્સ-મુવર્સ’’**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**
બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિઝિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**
કમ્પ્લીટ ઈન્ટિરિયર પ્લાનિંગ, ડિઝાઈનિંગ અને રીનોવેશન. પ્રોફેશનલ ડિઝાઈન અને એક્ઝેક્યુશન ટીમ દ્વારા, 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/= 3 બેડરૂમ 8,000/=. Helpline 8989282877. (૧૫૩૮૦/સી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

### ૧લી મે, ૨૦૧૩થી અમલમાં
## ક્લાસિફાઈડ રેટ કાર્ડ
### ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ

# અમેરિકાની ગોલ્ડ બારની આયાત પર ઊંચી ટૅરિફના અહેવાલઃ વાઈટ હાઉસ સ્પષ્ટીકરણ પર બજારની નજર, વૈશ્વિક સોનાના હાજર અને વાયદાનો ભાવતફાવત ઘટ્યો

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

વીતેલા સપ્તાહ દરમિયાન ખાસ કરીને અમેરિકી ટૅરિફને કારણે વૈશ્વિક સ્તરે વેપારો સંબંધી પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા અને અમેરિકાના રોજગારીનાં ડેટા નબળા આવવાથી તેમ જ ઊંચા ટૅરિફને કારણે અમેરિકામાં ફુગાવો વધવાની શક્યતાને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવીને આગામી સપ્ટેમ્બર મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ વચ્ચે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે ભાવમાં સપ્તાહ દરમિયાન બે ટકા જેટલો ઉછાળો આવી ગયો હતો. વધુમાં ગત ગુરુવારે ફાઈનાન્સિયલ ટાઈમ્સે કસ્ટમ્સ ઍન્ડ બોર્ડર પ્રોટેક્શન વિભાગનો ગત ૩૧મી જુલાઈનો પત્ર દર્શાવીને અમેરિકાએ એક કિલો ગોલ્ડ બાર અને ૧૦૦ ઔંસ સોનાના બારને ઊંચી ટૅરિફ હેઠળના કસ્ટમ કોડમાં વર્ગીકૃત કરવામાં આવ્યું હોવાના અહેવાલો પ્રસારિત કરતાં સોનાના વાયદામાં ઉછાળો આવ્યો હતો. તેમ જ હાજર અને વાયદાના ભાવ વચ્ચેનો તફાવત પણ વધીને ૧૦૦ ડૉલર આસપાસનો થયો હતો. અગાઉ કોવિડ-૧૯ના સમયગાળામાં વર્ષ ૨૦૨૦માં પુરવઠાખેંચના તબક્કામાં હાજર અને વાયદા વચ્ચેના ભાવમાં આટલો મોટો તફાવત જોવા મળ્યો હતો. એકંદરે અમેરિકાના આ પગલાંની ખાસ કરીને સોનાના વૈશ્વિક અગ્રણી રિફાઈનિંગ હબ ગણાતા સ્વિટ્ઝર્લૅન્ડ પર માઠી અસર પડવાની સાથે ભાવમાં વધારો અને પુરવઠો ખોરવાય તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. જોકે, ગત શુક્રવારે આ અહેવાલોના સંદર્ભમાં વ્હાઈટ હાઉસ ગોલ્ડ બારની ટૅરિફ અંગેનું સ્પષ્ટીકરણ કરતો એક એક્ઝિક્યુટીવ ઓર્ડર જારી કરવાની યોજના ધરાવી રહ્યું હોવાના અહેવાલ વહેતા થતાં સપ્તાહના અંતે ન્યૂ યોર્ક ખાતે સોનાના વાયદામાં વધ્યા મથાળેથી ઘટાડો આવતા હાજર અને વાયદાના ભાવ વચ્ચેનો તફાવત ઘટીને ૫૭ ડૉલર આસપાસનો રહ્યો હતો.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયો ૪૩ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધી જતા

## સોનામાં ઝડપભેર તેજી ફૂંકાઈ જતાં માગમાં સન્નાટો

સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ઝડપી તેજીનો પવન ફૂંકાઈ જતાં સાર્વત્રિક સ્તરેથી માગમાં સન્નાટો વ્યાપી ગયો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત પહેલી ઑગસ્ટના ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૮,૨૫૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૯૯,૭૫૯ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૯૯,૭૫૯ની સપાટી અને ઉપરમાં રૂ. ૧,૦૧,૪૦૬ના મથાળે રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૨.૭૩ ટકા અથવા તો રૂ. ૨૬૮૯ની તેજી સાથે રૂ. ૧,૦૦,૯૪૨ના મથાળે બંધ રહ્યા હતા.

હાલની ભાવસપાટીએથી ખરીદદારો ખરીદી માટે બિલકુલ ઉત્સુક ન હોવાથી સપ્તાહ દરમિયાન માગમાં સન્નાટો રહ્યો હતો. જોકે, ખરીદીથી વિપરીત રોકાણકારોની અગાઉના જૂના ભાવથી ખરીદેલા સોનાના સિક્કા અને લગડીઓમાં વેચવાલી જોવા મળી હોવાનું મુંબઈ સ્થિત એક સોનાના હોલસેલરે જણાવ્યું હતું. વધુમાં એકંદરે રિટેલ સ્તરની માગ નબળી રહેતી હોવાથી તેમ જ ભારતીય જ્વેલરીની મુખ્ય બજાર ગણાતા અમેરિકાએ ભારત પર લાદેલા ઊંચા ટૅરિફને કારણે જ્વેલરીની નિકાસ પર માઠી અસર પડવાની શક્યતાને ધ્યાનમાં લેતા જ્વેલરો પણ નવી ખરીદીથી દૂર રહ્યા હતા.

આમ એકંદરે સાર્વત્રિક સ્તરેથી માગમાં સૂનકાર વ્યાપેલો હોવાથી સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ નવ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે ડીલરો ઔંસદીઠ સાત ડૉલર ડિસ્કાઉન્ટ ઑફર કરતાં હતા. વધુમાં ગત સપ્તાહે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે સપ્તાહના આરંભે થોડીઘણી માગ ખૂલી હતી, પરંતુ ભાવમાં તેજીનો અન્ડરટોન રહેતાં પુનઃ માગ નબળી પડી હોવાનું અને ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ બે ડૉલર આસપાસના પ્રીમિયમમાં ક્વૉટ કરી રહ્યાના અહેવાલ હતા.

એકંદરે ગત સપ્તાહથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ડઝન કરતાં વધુ દેશોથી થતી આયાત સામે લાદેલી ૧૦થી ૫૦ ટકા સુધીની ટૅરિફ ઉપરાંત સેમિકન્ડક્ટર પર ૧૦૦ ટકા ટૅરિફ અને અમેરિકામાં ઉત્પાદનકર્તાઓને માફી જેવાં પગલાંઓને કારણે વધી રહેલા વેપાર અંગેના તણાવ તેમ જ ટૅરિફને કારણે ફુગાવો વધવાની શક્યતા અને આગલા સપ્તાહે અમેરિકાના રોજગારીના ડેટા અપેક્ષા કરતાં વધુ નબળા આવ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતા સપ્તાહ દરમિયાન સોનાના ભાવમાં બે ટકા જેટલો અને ચાંદીના ભાવમાં ચાર ટકા જેટલો ઉછાળો આવી ગયો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે બૅન્ક ઑફ ઈંગ્લૅન્ડે આ વર્ષમાં પાંચમી વખત વ્યાજદરમાં કાપ મૂક્યો હોવાથી વૈશ્વિક સ્તરે હળવી નાણાનીતિ અપનાવવામાં આવે તેવો આશાવાદ સપાટી પર આવ્યો છે. આથી સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી ૯૧થી ૯૩ ટકા શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. હાલની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક વાયદામાં ભાવ ઔંસદીઠ ૩૫૮૦થી ૩૬૨૦ ડૉલર આસપાસની સપાટીએ રહે તેવી શક્યતા છે અને ઔંસદીઠ ૩૩૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૯,૦૦૦થી ૧,૦૩,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે શુક્રવારે વ્હાઈટ હાઉસ ગોલ્ડ બારની આયાત સામેના ટૅરિફ પરનાં વલણની સ્પષ્ટતા કરતો એક્ઝિક્યુટીવ ઓર્ડર જારી કરવાની યોજના ધરાવી રહ્યું હોવાના અહેવાલો પછી ન્યૂયોર્ક ખાતે સોનાના વાયદામાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી અને ડિસેમ્બર વાયદાના ભાવ આગલા ઔંસદીઠ ૩૫૩૪.૧૦ ડૉલરની ઊંચી સપાટી સામે ઘટીને ૩૪૫૪.૧૦ ડૉલર આસપાસ રહ્યા હતા. તેમ જ હાજરમાં ભાવ ઔંસદીઠ ૩૩૯૬.૮૦ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા. આમ હાજર અને વાયદા વચ્ચેનો ભાવતફાવત જે ગુરુવારે વધીને ઔંસદીઠ ૧૦૦ ડૉલરનો હતો તે ઘટીને ૮૦ ડૉલર આસપાસનો થયો હતો. નોંધનીય બાબત એ છે કે આગામી એક્ઝિક્યુટીવ ઓર્ડર અંગે વ્હાઈટ હાઉસના અધિકારીનું નિવેદન યુ એસ કસ્ટમ્સ ઍન્ડ બોર્ડર પ્રોટેક્શન સર્વિસની વેબસાઈટ દ્વારા પોસ્ટ કરવામાં આવેલા ચુકાદા અનુસાર ગોલ્ડ બારને વિશિષ્ટ આયાત ટૅરિફની શ્રેણી હેઠળ મૂકી શકે છે.

ગોલ્ડ બારની ટૅરિફ અંગે યુબીએસે એક નોટ્સમાં જણાવ્યું હતું કે જો ટૅરિફ ચાલુ રહેશે તો વૈકલ્પિક રિફાઈનરી હબ વચ્ચેની આર્બિટ્રેજની તકોમાં વધારો થવાને કારણે કોમેક્સ અને લંડન ખાતેના સોનાના વાયદા વચ્ચેનો તફાવત વધે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સોનાના રિફાઈનિંગ માટે સ્વિત્ઝર્લૅન્ડ મુખ્ય હબ હોવાથી અમેરિકી ટૅરિફની તેના પર વધુ અસર થાય તેમ હોવાથી વિશ્લેષકો આ અંગે અમેરિકા તરફથી સ્પષ્ટતાની રાહ જોઈ રહ્યા છે.

# વેપાર કરાર માટે યુએસ ઉપરાંત અન્ય દેશો સાથે વાટાઘાટ કરતું ભારતઃ ગોયલ

નવી દિલ્હીઃ વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે ગત શુક્રવારે જણાવ્યું હતું કે ભારત અમેરિકા સહિત ઘણાં દેશો સાથે વેપાર કરાર કરવા માટે વાટાઘાટો કરી રહ્યું છે. તેમ જ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વર્તમાન નાણાકીય વર્ષમાં દેશની ગુડ્સ અને સર્વિસીસની નિકાસ આગલા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ૮૨૫ અબજ ડૉલરના આંક કરતાં વધુ રહેશે.

અમે ઓમાન, યુરોપિયન યુનિયન, યુએસ, ચીલી, પેરુ, ન્યૂઝીલેન્ડ સહિતનાં અન્ય ઘણાં દેશો સાથે વેપાર કરાર માટે વાટાઘાટો કરી રહ્યા છીએ અને ઘણાં ભારત સાથે સંકળાવાનું ઈચ્છી પણ રહ્યા છે. આમ હવે વિશ્વભરને ભારતની તાકાતનો અંદાજ આવી ગયો છે, આપણા ભૌગોલિક લાભો ઓળખતા થયા છે. ભારતની ૧.૪ અબજની જનતાની માગને ધ્યાનમાં લેતા સ્થાનિક બજાર પણ મજબૂત હોવાથી શા માટે કોઈ ભારત સાથે વેપાર કરવા અને બજારનું એક્સેસ મેળવવા ન ઈચ્છે ? એમ અત્રે યોજાયેલ બીટી ઈન્ડિયા @૧૦૦ પ્રસંગે ગોયલે જણાવ્યું હતું.

ભારત અને અમેરિકા ગત માર્ચ મહિનાથી દ્વીપક્ષીય વેપાર માટે વાટાઘાટો ચાલી રહી છે અને આગામી રાઉન્ડ માટે અમેરિકાની ટીમ ૨૫મી ઑગસ્ટે ભારત આવી રહી છે. નોંધનીય બાબત એ છે કે અમેરિકાએ ભારતથી થતી આયાત સામે ૫૦ ટકા ટૅરિફ લાદી છે, જેમાંથી ૨૫ ટકા ટૅરિફ સાતમી ઑગસ્ટથી અમલી બની છે અને શેષ ૨૫ ટકાનો અમલ આગામી ૨૭મી ઑગસ્ટથી થાય તેમ હોવાથી હવે પછીની વાટાઘાટ અત્યંત મહત્ત્વની પુરવાર થશે.

વધુમાં વાણિજ્ય પ્રધાને જણાવ્યું હતું કે ભારતે તાજેતરમાં યુએઈ, મોરેશિયસ ઑસ્ટ્રેલિયા, યુરોપિયન ફ્રી ટ્રેડ એરિયા અને યુકે જેવાં દેશો સાથે વેપાર કરાર કર્યા છે. અમેરિકાનાં વર્તમાન વૈશ્વિક વેપાર વ્યવસ્થા તથા દંડાત્મક ટૅરિફનો ભારત કઈ રીતે સામનો કરશે, એવો પ્રશ્ન પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે મને નથી લાગતું કે વૈશ્વિક સ્તરે પોતાના વેપારો સીમિત રાખે તેવું બને. મારા મતે વૈશ્વિક સ્તરે વેપારી ભાગીદાર દેશોનું પુનર્ગઠન થશે. જોકે, મને વિશ્વાસ છે કે આ વર્ષે ભારતની નિકાસ ગત સાલની તુલનામાં વધશે.

તેમણે ઉમેર્યું હતું કે ભારતીય અર્થતંત્ર ઝડપભેર વૃદ્ધિ પામી રહ્યું છે અને વિશ્વ ભારત તરફ નજર દોડાવી રહ્યું છે. સમસ્ત જગત ભારતને ઝડપથી વિકસી રહેલા મોટા અર્થતંત્ર તરીકે જોઈ રહ્યું છે. વૈશ્વિક વૃદ્ધિમાં ભારતનો હિસ્સો ૧૬ ટકા છે, વિશ્વના અન્ય ઊભરતા દેશોની સરખામણીમાં આપણા ફુગાવાનો દર નીચી સપાટીએ છે તેમ જ આપણા બૃહદ આર્થિક પરિબળો પણ મજબૂત અને સારા હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે આજે ભારત મજબૂત થયું છે, વિશ્વાસમાં વધારો થયો છે અને ઘણું આદર પામી રહ્યું છે. ભારત ૬.૫૦ ટકાના દરે વૃદ્ધિ પામી રહ્યું છે અને અમે ચોક્કસપણે એવી વેપાર વ્યવસ્થા કરશું જેની સાથે અમને પૂરકતા પણ મળશે. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ જ્યારે ભારતને મૃત અર્થતંત્ર તરીકે લેખાવી રહ્યા છે, ત્યારે વાણિજ્ય પ્રધાનની ઉક્ત ટિપ્પણી આગવું મહત્ત્વ ધરાવે છે.

# નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ડિલોઈટે ૬.૪થી ૬.૭ ટકા જીડીપીનો અંદાજ મૂક્યો

નવી દિલ્હીઃ સ્થાનિક મજબૂત પરિબળો અને વૈશ્વિક તકો વિકસતા વર્તમાન નાણાકીય વર્ષ માટે ડિલોઈટ ઈન્ડિયાએ દેશના આર્થિક વૃદ્ધિદરનો અંદાજ વર્ષ ૨૦૨૪-૨૫ના ૬.૫ ટકા સામે ૬.૪થી ૬.૭ ટકા આસપાસ રહેવાનો અંદાજ મૂક્યો છે. જોકે, ભારતે ભૂરાજકીય અનિશ્ચિતતાઓની ફળશ્રુતિને ધ્યાનમાં લેતા વેપાર વિસ્તરણ માટે નજર દોડાવતું રહેવું પણ જરૂરી હોવાનું ઉમેર્યું હતું.

ગત મે મહિનામાં યુકે સાથે થયેલી વ્યૂહાત્મક વેપાર વાટાઘાટો અને અમેરિકા સાથે થઈ રહેલી વાટાઘાટો તેમ જ વર્ષના અંત આસપાસ યુરોપિયન યુનિયન સાથે થનારી સંભવિત ડીલને ધ્યાનમાં લેતા આવક અને રોજગારીમાં વધારો થવાની સાથે બજાર એક્સેસ વધવાની સાથે સ્થાનિક માગનો ટેકો મળશે.

એકંદરે સ્થાનિકમાં મજબૂત માગ, ફુગાવામાં ઘટાડો, સ્થાનિક નીતિવિષયક પગલાં અને વૈશ્વિક વેપાર નીતિને ટેકે ડિલાઈટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં દેશનો જીડીપી ૬.૪થી ૬.૭ ટકા રહેશે, એમ એક યાદીમાં જણાવ્યું છે.

વૈશ્વિક અશાંત આર્થિક પરિપ્રેક્ષ્યની તુલનામાં ભારતનો આર્થિક માર્ગ અલગ તરી આવે છે. આપણી ગતિ સ્થિતિસ્થાપક મૂડી બજાર, ગતિશીલ ગ્રાહક આધાર અને વૈશ્વિક સ્પર્ધાત્મક સ્તરનું કાર્યબળ એમ ત્રણ પરિબળોને આધીન હોવાનું ડિલાઈટ ઈન્ડિયાના ઈકોનોમિસ્ટ રુમકી મજમુદારે જણાવ્યું હતું.

વધુમાં કન્સલ્ટન્સી ફર્મે જણાવ્યું હતું કે ભારત તેના વૈશ્વિક વેપારમાં હાજરી વધારવા માટે પગલાં લઈ રહ્યું છે. તાજેતરમાં થયેલી ટ્રેડ ડીલનો વ્યૂહાત્મક લાભ મળશે તેમ જ સ્ટાર્ટ અપ્સના નેજા હેઠળ એઆઈ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને સંશોધાત્મક ક્ષેત્રે સહકારમાં વધારો થશે. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતે વેપાર વિસ્તરણ માટે નજર દોડાવતા રહેવાની સાથે ભૂરાજકીય અનિશ્ચિતતાઓ સામે પણ સજ્જ રહેવું પડશે.

# સરકાર ટૂંક સમયમાં ₹ ૨૨૫૦ કરોડના નિકાસ પ્રોત્સાહન મિશનની જાહેરાત કરે તેવી શક્યતા

નવી દિલ્હીઃ ટ્રમ્પ ટૅરિફને પગલે સર્જાયેલી વેપાર અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતા ઉદ્યોગને સહાય અથવા તો ટેકો પૂરો પાડવા માટે સરકાર પ્રસ્તાવિત રૂ. ૨૨૫૦ કરોડના નિકાસ પ્રોત્સાહન મિશન (એક્સપોર્ટ પ્રમોશન મિશન)ની ટૂંક સમયમાં જાહેરાત કરે તેવી શક્યતા એક અધિકારીએ વ્યક્ત કરી હતી.

અમે નિકાસકારોને ઈઝ ઑફ ડુઈંગ બિઝનૅસની જેમ કેવી જુદી જુદી રીતે અને સારી રીતે ટેકો આપી શકીએ તે અંગે નિકાસકારો સાથે સતત વાતચીત કરી રહ્યા છીએ. આ ઉપરાંત સ્થાનિક સ્તરે વપરાશ કેવી રીતે પ્રોત્સાહીત કરી શકાય તેમ જ નવી સપ્લાઈ ચેઈન ખોળવા તથા નવાં ઉત્પાદન અને નવી બજાર વિકસાવવા પણ ચર્ચા કરી રહ્યા હોવાનું અધિકારીએ ઉમેર્યું હતું.

આ મિશનમાં એમએસએમઈ તથા ઈ-કોમર્સ નિકાસકારો માટે સરળ ધિરાણની સ્કીમ, દરિયાપારના વેરહાઉસિંગની સુવિધાઓ તથા ઉભરતી બજારો અંકે કરવા માટે વૈશ્વિક બ્રાન્ડિંગનાં પગલાંનો પણ સમાવેશ કરવામાં આવે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. નોંધનીય બાબત એ છે કે ગત પહેલી ફેબ્રુઆરીના રોજ સરકારે રૂ. ૨૨૫૦ કરોડનાં યોજનાકીય ખર્ચ સાથેની આ સ્કીમની જાહેરાત કરી હતી. ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)એ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલનાં પ્રતિનિધિઓ અને અન્ય મુખ્ય હિસ્સેધારકો સમક્ષ ગત ૩૦મી એપ્રિલના રોજ મિશન સંબંધી રજૂઆત પણ કરવામાં આવી હતી.

ઉદ્યોગનાં અધિકારીઓના જણાવ્યાનુસાર મિશનને મુખ્યત્વે બે શ્રેણીમાં વિભાજિત કરવામાં આવ્યું છે એક તો નિર્યાત પ્રોત્સાહન (ટ્રેડ ફાઈનાન્સ થકી ટેકો આપવો) અને બીજું નિર્યાત દિશા (આંતરરાષ્ટ્રીય હોલિસ્ટિક માર્કેટ એક્સેસ)નો સમાવેશ થાય છે.

સૂત્રોએ અગાઉ જણાવ્યું હતું કે જીએસટી કાઉન્સિલ ટૂંક સમયમાં મળશે જેમાં દરના સરળીકરણ અને તાર્કિકરણ તથા કોમ્પેન્સેશન ઑફ સેસ અંગે ચર્ચા કરવામાં આવશે જે સ્થાનિકમાં વપરાશી માગ વધારવામાં મદદરૂપ થશે. વધુમાં ભારતીય ગૂડ્સ પર અમેરિકન ૫૦ ટકા ઊંચી ટૅરિફને કારણે સર્જાયેલા પડકારોને સમજવા માટે વાણિજ્ય મંત્રાલયે થોડા દિવસો પહેલા હિસ્સેધારકો સાથે શ્રેણીબદ્ધ બેઠકો કરી હતી. જોકે, અમેરિકાની ઊંચી ટૅરિફને કારણે મુખ્યત્વે ટેક્સ્ટાઈલ્સ, કેમિકલ, લેધર અને ફૂટવૅર જેવાં ક્ષેત્રો પર માઠી અસર પડે તેવી શક્યતા જણાય છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત જૂન મહિનામાં વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાને કારણે ભારતની નિકાસ ૩૫.૧૪ અબજ ડૉલરની સપાટીએસ્થિર રહી હતી, જ્યારે વેપાર ખાધ ઘટીને ચાર મહિનાની નીચી ૧૮.૭૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, ગત જૂન મહિનામાં મુખ્યત્વે પેટ્રોલિયમ, ફેબ્રિક્સ, જેમ્સ અને જ્વેલરી, લેધર, આયર્ન ઑર, તેલીબિયાં, કાજુ, મસાલા, તંબાકુ અને કોફીની નિકાસમાં નકારાત્મક વૃદ્ધિ જોવા મળી હતી. જોકે, વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી જૂન દરમિયાન દેશની નિકાસ વર્ષાનુવર્ષ ધોરણે ૧.૯૨ ટકા વધીને ૧૧૨.૧૭ અબજ ડૉલરની સપાટીએ અને આયાત ૪.૨૪ ટકા વધીને ૧૭૯.૪૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૯.૩૨ અબજ ડૉલરનું ગાબડું

મુંબઈઃ ગત પહેલી ઑગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામતમાં નજીકના ભૂતકાળનું સૌથી મોટું ૯.૩૨ અબજ ડૉલરનું ગાબડું પડ્યું હતું અને અનામત ૬૮૮.૮૭૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૨.૭૦૩ અબજ ડૉલર વધીને ૬૯૮.૧૯૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યાતમો ૭.૩૧૯ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૮૧.૬૦૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૧.૭૦૬ અબજ ડૉલરના ઘટાડા સાથે ૮૩.૯૯૮ અબજ ડૉલરની સપાટીએ, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨૩.૭ કરોડ ડૉલર ઘટીને ૧૮.૫૭૨ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૫.૯ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૪.૬૯૪ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

# જુલાઈમાં ઑટોમોબાઈલનું રિટેલ વેચાણ ચાર ટકા ઘટ્યું

નવી દિલ્હીઃ સ્થાનિક સ્તરે ગત જુલાઈ મહિનામાં પેસેન્જર વાહનો તેમ જ દ્વીચક્રી વાહનોની માગમાં ઘટાડો થતાં ઑટોમોબાઈલના રિટેલ વેચાણમાં વર્ષાનુવર્ષ ધોરણે ચાર ટકાનો ઘટાડો થયો હોવાનું ફેડરેશન ઑફ ઑટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશન (ફાડા)એ એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

ફેડરેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત જુલાઈ મહિનામાં વાહનોના કુલ રજિસ્ટ્રેશન જુલાઈ, ૨૦૨૪ના ૨૦,૫૨,૭૫૯ યુનિટ સામે ઘટીને ૧૯,૬૪,૨૧૩ યુનિટની સપાટીએ રહ્યું હતું. જેમાં પેસેન્જર વાહનોનું વેચાણ જુલાઈ, ૨૦૨૪નાં ૩,૩૧,૨૮૦ યુનિટ સામે સાધારણ ઘટાડા સાથે ૩,૨૮,૬૧૩ યુનિટની સપાટીએ રહ્યું હતું. જોકે, સપરમા દહાડાઓ, લક્ષ્યાંકિત સ્કીમો, ગ્રામીણ માર્કેટિંગને ટેકે અમુક અંશે વેચાણ જળવાઈ રહ્યું હતું, પરંતુ શહેરી માગ શાંત રહી હોવાનું ફેડરેશને જણાવતાં ઉમેર્યું હતું કે ડીલરો પાસેનો સ્ટોક પંચાવન દિવસના સ્તરે સ્થિર રહ્યો હતો. તેમ જ ડિસ્કાઉન્ટિંગ, સુવ્યવસ્થિત ધિરાણ સુવિધા અને શહેરી વિસ્તારોમાં પહોંચ આગામી તહેવારોની મોસમની માગ વૃદ્ધિ માટે મહત્ત્વની ભૂમિકા ભજવશે, એમ યાદીમાં ઉમેર્યું હતું.

ગત જુલાઈ મહિનામાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ભારે વરસાદ અને વાવેતર ચાલુ હોવાથી માગ નબળી રહેતાં દ્વીચક્રી વાહનોનું રજિસ્ટ્રેશન જુલાઈ, ૨૦૨૪ની સરખામણીમાં છ ટકા ઘટીને ૧૩,૫૫,૫૦૪ યુનિટની સપાટીએ રહ્યું હતું. ડીલરો ચોમાસા પછી માગ ખૂલવાની આશા રાખી રહ્યા છે. તેમ જ અમુક લોકોએ મોકૂફ રાખેલી ખરીદી ઑગસ્ટ મહિનામાં ખૂલવાની પણ ધારણા મુકાઈ રહી છે.

જોકે, શહેરી માગને ટેકે ગત જુલાઈ મહિનામાં વેપારી વાહનોનું વેચાણ જુલાઈ, ૨૦૨૪ના ૭૬,૨૬૧ નંગ સામે સાધારણ વધારા સાથે ૭૬,૪૩૯ યુનિટની સપાટીએ રહ્યું હતું. ડીલરોના મતાનુસાર નવા મૉડેલના આવિષ્કાર, મોટા સંસ્થાકીય ઓર્ડરો અને સમયસર સ્ટોકની ઉપલબ્ધિ તેમ જ લક્ષ્યાંકિત સ્કીમોને કારણે ખાસ કરીને સ્કૂલ બસના વૉલ્યૂમમાં વધારો જોવા મળ્યો હતો. તેમ છતાં ગ્રામીણ વિસ્તારોમાં ભારે વરસાદ, સિમેન્ટ, કોલસા અને બાંધકામ સહિતનાં ક્ષેત્રોમાં મોસમની નરમાઈ અને મંદ ગતિએ ધિરાણો છૂટા થવાથી અમુક અંશે ગ્રાહકોએ ચોમાસા સુધી ખરીદી મોકૂફ રાખી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ગત જુલાઈ મહિનામાં ખાસ કરીને કૃષિ સબસિડીઓ છૂટી થવાની સાથે સારો વરસાદ થવાથી અને ગ્રામીણ ક્ષેત્રે પ્રવાહિતા વધતાં ટ્રેક્ટરનું વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે ૧૧ ટકાની વૃદ્ધિ સાથે ૮૮,૭૨૨ યુનિટની સપાટીએ રહ્યું હતું.

# પહેલી ઑક્ટોબર સુધીમાં ૯૩૨.૯૩ લાખ હેક્ટરમાં ખરીફ વાવેતર

નવી દિલ્હીઃ ગત જૂન મહિનાથી શરૂ થયેલી વર્તમાન ખરીફ મોસમમાં ગત પહેલી ઑક્ટોબર સુધીમાં દેશમાં ખરીફ વાવેતર પહેલી ઑગસ્ટ, ૨૦૨૪ના ૮૮૭.૯૭ લાખ હેક્ટર સામે વધીને ૯૩૨.૯૩ લાખ હેક્ટરમાં થયું હોવાનું કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે તાજેતરમાં એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

ખરીફ મોસમના મુખ્ય પાક ગણાતા ચોખાનો ગત પહેલી ઑગસ્ટ સુધીનો વાવેતર વિસ્તાર આગલા વર્ષના સમાનગાળાના ૨૭૩.૭૨ લાખ હેક્ટર સામે વધીને ૩૧૯.૪૦ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો હતો.

તેમ જ કઠોળનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૦૧.૫૪ લાખ હેક્ટર સામે સાધારણ ઘટાડા સાથે ૧૦૧.૨૨ લાખ હેક્ટર રહ્યો હતો. જેમાં તુવેરનું વાવેતર ઘટીને ૩૮.૩૨ લાખ હેક્ટરમાં (૪૧.૦૬ લાખ હેક્ટર), કળથીનું વાવેતર ઘટીને ૧૫,૦૦૦ હેક્ટરમાં (૧૬,૦૦૦ હેક્ટર), અડદનું વાવેતર ઘટીને ૧૮.૬૨ લાખ હેક્ટરમાં (૧૯.૦૯ લાખ હેક્ટર), મગનું વાવેતર વધીને ૩૨.૧૮ લાખ હેક્ટરમાં (૩૧.૧૩ લાખ હેક્ટર), મઠનું વાવેતર વધીને ૮.૯૫ લાખ હેક્ટરમાં (૭.૧૬ લાખ હેક્ટર) અને અન્ય કઠોળનું વાવેતર વધીને ૨.૯૯ લાખ હેક્ટરમાં (૨.૯૪ લાખ હેક્ટર)માં થયું છે.

સમીક્ષા હેઠળના સમયગાળામાં ધાન્યનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૬૪.૭૬ લાખ હેક્ટર સામે વધીને ૧૭૨.૫૭ લાખ હેક્ટર રહ્યો છે.

આ સિવાય તેલીબિયાનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૭૮.૧૪ લાખ હેક્ટર સામે ઘટીને ૧૭૧.૦૩ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો છે. જેમાં મગફળીનો વાવેતર વિસ્તાર ઘટીને ૪૧.૫૬ લાખ હેક્ટર (૪૩.૪૫ લાખ હેક્ટર), તલનો વાવેતર વિસ્તાર ઘટીને ૮.૩૮ લાખ હેક્ટર ( ૯ લાખ હેક્ટર), સૂર્યમુખીનો વાવેતર વિસ્તાર ઘટીને ૫૮,૦૦૦ હેક્ટર (૬૬,૦૦૦ હેક્ટર), સોયાબીનનો વાવેતર વિસ્તાર ઘટીને ૧૧૮.૫૪ લાખ હેક્ટર (૧૨૩.૪૫ લાખ હેક્ટર), ખુરસાણીનો વાવેતર વિસ્તાર ઘટીને ૧૨,૦૦૦ હેક્ટર (૨૪,૦૦૦ હેક્ટર), એરંડાનો વાવેતર વિસ્તાર વધીને ૧.૭૯ લાખ હેક્ટર (૧.૨૯ લાખ હેક્ટર) અને અન્ય તેલીબિયાનો વાવેતર વિસ્તાર ઘટીને ૫૦૦૦ હેક્ટર (૬૦૦૦ હેક્ટર) રહ્યો છે.

વધુમાં ગત પહેલી ઑગસ્ટ સુધીમાં રોકડિયા પાકના વાવેતરમાં શેરડીનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૫૫.૬૮ લાખ હેક્ટર સામે વધીને ૫૭.૩૧ લાખ હેક્ટર રહ્યો હતો.

# એમએસપી કમિટીએ અત્યાર સુધીમાં ૪૫ બેઠક યોજીઃ શિવરાજસિંહ ચૌહાણ

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ કૃષિ સચિવ સંજય અગરવાલનાં વડપણ હેઠળ રચાયેલી મિનિમમ સપોર્ટ પ્રાઈસ (એમએસપી અથવા તો લઘુતમ ટેકાના ભાવ) માટેની કમિટીએ અત્યાર સુધીમાં ૪૫ બેઠકો યોજી હોવાનું કૃષિ પ્રધાન શિવરાજ સિંઘ ચૌહાણે તાજેતરમાં રાજ્યસભામાં જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે સરકારે ત્રણ વિવાદાસ્પદ કાયદા પાછા ખેંચતી વખતે લઘુતમ ટેકાના ભાવ માટે પેનલની રચના કરવામાં આવશે, એવો વાયદો આપ્યાના આઠ મહિના બાદ જુલાઈ ૨૦૨૨માં આ કમિટી સ્થાપવામાં આવી હતી. કમિટીની સ્થાપના પશ્ચાત્ અત્યાર સુધીમાં ૩૯ સબ કમિટી/સબ ગ્રુપ સહિતની કુલ ૪૫ બેઠક યોજવામાં આવી હોવાનું ચૌહાણે ગૃહમાં એક પ્રશ્નનો લેખિતમાં ઉત્તર આપતા ઉમેર્યું હતું કે લઘુતમ ટેકાના ભાવનો લાભ દેશભરનાં ખેડૂતો સુધી પહોંચાડવા માટે સરકાર પ્રતિબદ્ધ છે.

વધુમાં તેમણે સમજાવ્યું હતું કે એમએસપીની યંત્રણા વધુ અસરકારક બને તે માટે કમિટી ભલામણ કરે છે. આ ઉપરાંત કમિટીને કમિશન ફોર એગ્રીકલ્ચરલ કોસ્ટ્સ ઍન્ડ પ્રાઈસીસ (સીએસીપી)ને વધુ સ્વાયતતા આપવા અને તેને વધુ વૈજ્ઞાનિક બનાવવા માટેની શક્યતાઓ ચકાસવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

વધુમાં લઘુતમ ટેકાના ઊંચાભાવ સુનિશ્ચિત કરવાના ઈરાદાથી, દેશની બદલાતી જરૂરિયાતો અનુસાર કૃષિ માર્કેટિંગ યંત્રણા મજબૂત બનાવવા માટે પણ સૂચનો આપવા આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત કમિટી સ્થપાઈ ત્યારથી કુદરતી ખેતી (નેચરલ ફાર્મિંગ) અને પાક વિકેન્દ્રિકરણની દિશામાં કાર્ય કરી રહી છે. તેમ જ કમિટી નિયમિત ધોરણે મહત્ત્વના મુદ્દાઓ અને અમલ કરવા લાયક ભલામણો માટે પણ સતત બેઠક કરી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે કેન્દ્ર સરકાર સીએસીપીની ભલામણો અને રાજ્ય સરકાર તરફથી મંતવ્યો મેળવીને બાવીસ કૃષિ ચીજોના લઘુતમ ટેકાના ભાવ નિર્ધારિત કરે છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**TENDER NOTICE**
**(ISSUED WITHOUT PREJUDICE)**

Invitation of Tenders for Redevelopment of Commercial Building for **The North Bombay Central Co-op. Cons. Wholesale & Retail Stores Ltd.** On plot bearing CTS No. **1341, 1349, 1350** of Village Bandra (W), Mumbai 400 050. Plot area as per PRC = **1036.23 sq.meter** Under DC 33/19 DCPR2034 Subject to NOC from Heritage Conservation Committee MCGM Restricted to 2 FSI + applicable Fungible Component. Blank Tender Available from **11.08.2025** to **26.08.2025** between **12 p.m.** to **5 p.m.** Tender Cost of **Rs. 25,000/- + 18% GST Rs. 4500/-** total payment of **Rs.29,500/- (Non refundable)** in Pay Order/D.D., payable in the name of **"The North Bombay Central Co-op. Cons. Wholesale & Retail Stores Ltd.**. Tender Forms Available in office of the P.M.C:- 0/9, Hiren Industrial Estate, B. Keer Marg, Mahim (W), Mumbai 400 016. Contact: Tel. No. **022 400 47 465** Mob:-**9869434143**.

**Sd/-**
**Rajesh P. Sharma**
**Chairman**

**Place: Mumbai**
**Date: 10-08-2025**

# ‘શિંદે કંઈ કરશે અને તે ટૂંક સમયમાં ખબર પડી જશે’

## શરદ પવારના નિવેદનથી અટકળોનું બજાર ગરમ

નાગપુરઃ શિવસેનાના નેતા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની નવી દિલ્હીમાં ભાજપના ટોચના નેતાઓ સાથેની તાજેતરની બેઠકોની પૃષ્ઠભૂમિ પર એનસીપી (એસપી) ના પ્રમુખ શરદ પવારે શનિવારે કહ્યું હતું કે તેઓ ભવિષ્યમાં કયું પગલું લેશે ટૂંક સમયમાં સ્પષ્ટ થઈ જશે.

પત્રકાર પરિષદને સંબોધતા પવારે કહ્યું હતું કે શિંદે પોતાના હાથમાં રાખવાનું પસંદ કરે છે અને ક્યારેય પોતાના નિર્ણયથી પાછળ હટતા નથી.

અમે શિંદે સાહેબને ઘણા વર્ષોથી જાણીએ છીએ. તેઓ શાંતિથી કામ કરવાનું પસંદ કરે છે અને ક્યારેય કંઈ કરવાથી પાછળ હટતા નથી. અમે ટૂંક સમયમાં અનુમાન લગાવી શકીશું કે શિંદે કયો રસ્તો અપનાવશે,’’ એમ પવારે કહ્યું હતું.

શિંદેએ ૨૦૨૨માં શિવસેનાનું વિભાજન કર્યું અને અવિભાજિત સેના એનસીપી અને કોંગ્રેસ દ્વારા રચાયેલી મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની મહા વિકાસ આઘાડી (એમવીએ) સરકારને ઉથલાવી દીધી. તેમણે શિવસેનાના બે તૃતિયાંશથી વધુ વિધાન સભ્યોના સમર્થનનો દાવો કર્યો હતો અને ચૂંટણી પંચ દ્વારા તેમને ‘વાસ્તવિક શિવસેના’ તરીકે માન્યતા આપવામાં

(જુઓ પાનું ૪) ▶▶



**મુંબઈ કી શાન :** મુંબઈના ગણેશોત્સવ મંડળો દ્વારા શનિ-રવિ રજાના દિવસે બાપ્પાની પ્રતિમાઓ પંડાલ સુધી લઈ જવાઈ રહી છે જેથી સજાવટનું કાર્ય કરી શકાય. તસવીરમાં કોલાબાના રાજા તરીકે ઓળખાતા ગણપતિ પાલિકા અને સીએસએમટીની હેરિટેજ ઈમારતોની વચ્ચેથી પસાર થતાં જોઈ શકાય છે. (અમય ખરાડે)

# નાના વિવાદોના નિરાકરણ માટે વોર્ડ સ્તરે ડેશબોર્ડ જરૂરીઃ શિંદે

થાણાઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના નાની-મોટી જાહેર ફરિયાદોના નિરાકરણ માટે ડેશબોર્ડ (હાથવગી વ્યવસ્થા) વિશે માહિતી માગી રાજ્યની અન્ય સ્થાનિક સંસ્થાઓ દ્વારા આ વ્યવસ્થા અપનાવવામાં આવે એવો નિર્દેશ પણ આપ્યો હતો. તેઓ બોમ્બે હાઈ કોર્ટના ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણીની હાજરીમાં થાણે જિલ્લાના અંબરનાથમાં એક કોર્ટ કોમ્પલેક્સનું ઉદ્ઘાટન કર્યા પછી બોલી રહ્યા હતા.

ન્યાયમૂર્તિ કુલકર્ણીએ પાલિકાને આવા ડેશબોર્ડ્સ અપનાવવાનો નિર્દેશ આપ્યો હોવાની જાણ થયા બાદ શિંદેએ આ કાર્યક્રમ દરમિયાન મહાનગરપાલિકાના અધ્યક્ષ ભૂષણ ગગરાણીને ફોન કર્યો હતો. અધ્યક્ષે નાયબ મુખ્ય પ્રધાનને જણાવ્યું હતું કે મિકેનિઝમ તૈયાર છે અને તેઓ અદાલતી મંજૂરીની રાહ જોઈ રહ્યા છે.

શિંદેએ જણાવ્યું હતું કે, ડેશબોર્ડ પહેલ મ્યુનિસિપલ વોર્ડ સ્તરે જ નાની ફરિયાદોના નિરાકરણ માટે બનાવવામાં આવી છે જેથી નાગરિકોને ‘સ્થળ પર જ ન્યાય’ મળે.

તેમણે શહેરી વિકાસ (યુડી)ના અતિરિક્ત મુખ્ય સચિવને પણ મહારાષ્ટ્રના તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને કાઉન્સિલોમાં સમાન ડેશબોર્ડ્સનો સમાવેશ કરવા જણાવ્યું હતું.

વધુ જાણકારી આપતા શિંદેએ જણાવ્યું હતું કે ‘છેલ્લા અઢી વર્ષમાં ૩૨ નવી અદાલત શરૂ કરવામાં આવી છે, જેમાં ૧૪ જિલ્લા અને વધારાની સેશન્સ કોર્ટનો સમાવેશ થાય છે. સરકારે વધારાના ૨,૮૬૩ જ્યુડિશિયલ ઓફિસરની અને અન્ય ૧૧,૦૦૦ નિમણૂકને

(જુઓ પાનું ૪) ▶▶

### ૧૬૦ બેઠકો જીતવાની ખાતરી આપવાનો દાવો

# રાહુલ ગાંધીને મળ્યા બાદ હવે યાદ આવ્યું?ઃ ફડણવીસ

## શરદ પવાર પણ હવે કાલ્પનિક વાતો કરતા થયા હોવાનું પણ કહ્યું

મુંબઈઃ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ગંભીર આરોપ કર્યા છે. ચૂંટણીની મતદાન પ્રક્રિયામાં ગેરરીતિનો આક્ષેપ કરતા કેટલાક પુરાવા પણ રજૂ કર્યા છે. રાહુલ ગાંધીના આરોપો બાદ એનસીપી નેતા શરદ પવારે પણ કેટલાક સનસનીખેજ દાવા કર્યા છે. વિધાનસભાની ચૂંટણી પહેલા બે વ્યક્તિએ ૧૬૦ બેઠકો જીતવાની ખાતરી આપી હતી, એવી શરદ પવારે જણાવ્યું છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ અંગે પ્રતિક્રિયા આપી છે.

શરદ પવારના નિવેદન પર પ્રતિક્રિયા આપતા દેવેન્દ્ર ફડણવીસે સવાલ ઉઠાવી કહ્યું હતું કે ‘મને તો એ જ સમજાતું નથી કે આટલા લાંબા સમય પછી રાહુલ ગાંધીને મળ્યા પછી જ શરદ પવારને કેમ યાદ આવ્યું. લાંબો સમય ચૂપ રહ્યા પછી અચાનક હવે બોલ્યા? જે રીતે રાહુલ ગાંધી દરરોજ સલીમ-જાવેદની જેમ કાલ્પનિક વાર્તાઓ તૈયાર કરી રહ્યા છે એવી જ અવસ્થા શું શરદ પવારની પણ થઈ છે કે શું?’

ફડણવીસે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે ‘રાહુલ

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્ર સરકારનું લક્ષ્યઃ એક કરોડ ‘લખપતિ દીદી’

## લાડકી બહીણના રકમમાં પણ વધારો કરવામાં આવશે

મુંબઈઃ મહિલા સશક્તિકરણના પ્રયાસોના ભાગરૂપે રાજ્યમાં એક કરોડ ‘લખપતિ દીદીઓ’ બનાવવાનું મહારાષ્ટ્ર સરકારનું લક્ષ્ય છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું.

‘લખપતિ દીદી’ વ્યાખ્યા કેન્દ્ર સરકાર દ્વારા વાર્ષિક એક લાખ રૂપિયા અથવા તેથી વધુની પારિવારિક આવક મેળવતી સ્વ-સહાય જૂથ (એસએચજી) સભ્ય માટે તૈયાર કરવામાં આવી છે. આ આવકની ગણતરી ઓછામાં ઓછી ચાર કૃષિ ઋતુઓ અને/અથવા વ્યાપાર ચક્ર માટે કરવામાં આવે છે, જેમાં સરેરાશ માસિક આવક ૧૦,૦૦૦ રૂપિયાથી વધુ હોય છે.

તેમણે જણાવ્યું હતું કે ‘ગયા વર્ષે અમે ૨૫ લાખ લખપતિ દીદી તૈયાર કરી હતી. આ વર્ષે બીજા

(જુઓ પાનું ૪) ▶▶

# ઓલા - ઉબેરની મોનોપોલી તોડવા 300 કરોડનું ઈન્વેસ્ટમેન્ટ

## પ્રથમ તબક્કામાં ગુજરાત, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં ‘ભારત ટેક્સી’ શરૂ થશે

મુંબઈઃ દેશભરમાં એપ આધારિત ટેક્સી સેવાઓમાં ઓલા અને ઉબેરની કંપનીઓનો એકાધિકાર તોડવા માટે કેન્દ્રીય સહયોગ વિભાગે દેશમાં પહેલીવાર સહકારી ધોરણે ‘ભારત ટેક્સી’ શરૂ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સૂત્રોએ જણાવ્યું હતું કે આ માટે મલ્ટી સ્ટેટ કોઓપરેટિવ ટેક્સી સર્વિસ ઓર્ગેનાઇઝેશનની સ્થાપના કરવામાં આવી છે અને પ્રથમ તબક્કામાં મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં આ સેવા શરૂ કરવામાં આવશે.

ગયા મહિને કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય સહકારી નીતિની જાહેરાત કરતી વખતે સહકાર પ્રધાન અમિત શાહે ડિસેમ્બર પહેલાં દેશમાં સહકારી ધોરણે એપ આધારિત ટેક્સી સેવાઓ શરૂ કરવાની જાહેરાત કરી હતી. એ અનુસાર ભારત નામની એપ આધારિત ટેક્સી સેવા શરૂ કરવામાં આવશે. સહકારી વિભાગની પહેલ પર આ યોજના પર કામ કરવામાં આવી રહ્યું છે. આ માટે નેશનલ કોઓપરેટિવ

(જુઓ પાનું ૪) ▶▶

### દાદરમાં કબૂતરોના ચણ માટે અનોખો આઈડિયા

# કારની ટોચ પર ટ્રેમાં અનાજ લવાયું, સ્થાનિકોએ વ્યક્તિને હાંકી કાઢી



મુંબઈઃ દાદરના કબુતરખાનાનો વિવાદ હજુ સુધી ઉકેલાયો નથી. દરમિયાન લાલબાગમાં એક વ્યક્તિએ કબૂતરોને ચણ મળે એ માટે અનોખી યુક્તિ અજમાવી હતી. આ વ્યક્તિએ પોતાની કાર ઉપર અનાજ મૂક્યું અને તેને કબૂતરખાના પાસે પાર્ક કરી. આ જોઈ સ્થાનિક રહેવાસીઓ રોષે ભરાયા હતા. તેમણે પેલી વ્યક્તિને આકરા વેણ કહ્યા પછી તે વ્યક્તિએ ત્યાંથી નીકળી જવું પડ્યું હતું. આ ઘટના બાદ પોલીસે સંબંધિતની કાર જપ્ત કરી હતી. બોમ્બે હાઈ કોર્ટે કબૂતરોને ખવડાવવા પર પ્રતિબંધ મૂક્યો હોવાથી પાલિકાએ કબૂતરખાના બંધ કરવાનો નિર્ણય લીધો. ત્યારબાદ પાલિકાએ દાદરના કબુતરખાનાને તાડપત્રીથી ઢાંકી દીધું હતું. જોકે, કબૂતરોને ચણ નાખવા પર પ્રતિબંધનો જૈન સમાજના રહીશોએ સખત વિરોધ કર્યો હતો. દાદરના કબૂતરખાના વિસ્તારમાં સોમવારે જૈન સમાજના સભ્યોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. હાલમાં લાલબાગના એક રહેવાસીએ પોતાની મોટર કાર પર ટ્રે બાંધી તેમાં કબૂતરો માટે ચણ મૂક્યું હતું અને શનિવારે સવારે દાદરના કબૂતરખાના પાસે કાર પાર્ક કરી હતી. ખાવાનું જોઈને કબૂતરો ગાડી પર બેસી ખાવા લાગ્યા હતા. ■

# ઍરપોર્ટ પર નેટવર્કની ખામીને કારણે ધમાલઃ ફ્લાઈટો મોડી પડી, પ્રવાસીઓ રઝળ્યાં

મુંબઈઃ થર્ડ પાર્ટી ડેટા નેટવર્કમાં ખામી સર્જાતાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટની ફ્લાઈટ કામગીરી પર શનિવારે મોટી અસર પડી હતી. આ નેટવર્કની સમસ્યાને કારણે ચેક-ઈન સિસ્ટમ પર મુશ્કેલી થઈ હતી, એમ ઍરપોર્ટ પ્રશાસને જણાવ્યું હતું.

ચેક-ઈનમાં મોડું થવા પ્રકરણે પ્રવાસીઓની પૂછપરછના જવાબમાં ઍરપોર્ટ દ્વારા જણાવાયું હતું કે આ સ્થિતિને સંભાળી લેવા માટે કટોકટીનાં પગલાં લેવામાં આવ્યાં હતાં.

એક્સ પર જણાવાયું હતું કે અમે હાલમાં ઍરપોર્ટ પર નેટવર્ક ફેલ્યોરનો સામનો કરી રહ્યા છીએ. અમે જરૂરી પગલાં લઈ રહ્યાં છે અને અમારી કોર ટીમ આ સમસ્યાનો હલ કરવાનો પ્રયાસ કરી રહી છે.

આ સમસ્યાની અસર ઓછી વર્તાય તે માટે મેન્યુઅલ મોડમાં કામગીરી શરૂ કરવામાં આવી છે. આવા સમયે તમારી ધીરજની અમે સરાહના કરીએ છીએ.

ઍર ઈન્ડિયાએ પણ પ્રવાસીઓને નેટવર્કની ખામી અંગે જાણ કરી હતી. નેટવર્ક સમસ્યાને કારણે ફ્લાઈટ મોડી પડી શકે છે, એમ જણાવ્યું હતું. ■

# પ્રેમભંગ યુવક-યુવતીને ઈન્સ્ટાગ્રામ પરથી ટાર્ગેટ કરી છેતરનારા રાજસ્થાનમાં પકડાયા

## ૨૪ કલાકમાં પ્રેમીને પામવાની ખાતરી આપી આરોપી વિધિ કરવાને બહાને નાણાં અને સોનું પડાવતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સોશ્યલ મીડિયા ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પ્રેમભંગ યુવક-યુવતીને ટાર્ગેટ કરીને કથિત છેતરપિંડી કરનારી ટોળકીના બે જણને રાજસ્થાનમાં પકડી પાડવામાં આવ્યા હતા. પોતાને મૌલવી તરીકે ઓળખાવનારા આરોપી ૨૪ કલાકમાં પ્રેમીને પામવાની ખાતરી આપી વિધિ કરવાને બહાને રોકડ અને સોનું પડાવતા હતા.

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના અધિકારીઓએ ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ વિકાસ મનોજકુમાર મેઘવાળ (૨૨) અને મનોજ શ્યામસુંદર નાગપાલ (૩૦) તરીકે થઈ હતી. બન્ને આરોપી રાજસ્થાનના ગંગાનગર ખાતેના રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

દક્ષિણ મુંબઈમાં રહેતી મહિલાએ ઘરમાંથી ૧૨૯ ગ્રામ સોનાના દાગીના અને રોકડ મળી અંદાજે ૧૬.૧૮ લાખ રૂપિયાની મતા ચોરાઈ હોવાની ફરિયાદ પાયધુની પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. અધખુલ્લા દરવાજામાંથી ઘરમાં પ્રવેશી અજાણ્યા શખસે હાથફેરો કર્યો હોવાની શંકા ફરિયાદમાં વ્યક્ત કરાઈ હતી. આ પ્રકરણે પાયધુની પોલીસે ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે ફરિયાદીની પુત્રીને એક યુવક સાથે અફેર હતું, પરંતુ પરિવારજનોએ આ

(જુઓ પાનું ૪) ▶▶

# ટ્રાઉઝર ઉપર ટ્રાઉઝર, લેડીઝ કુરતાં, શૂઝ, સેન્ડલ, ડ્રાયફ્રૂટ્સ બધું ચોરી લીધું

## સુપરમાર્કેટમાં બે મહિલાએ ચોરીને ઈરાદે કપડાં પર કપડાં પહેર્યાં અને એમાં વસ્તુઓ સંતાડી!

મુંબઈઃ મુલુંડમાં બે મહિલા ચોરીને ઇરાદે કપડાં પર અનેક કપડાં પહેર્યાં પછી એમાં વસ્તુઓ સંતાડી સુપરમાર્કેટમાંથી રફુચક્કર થવાના પ્રયાસમાં હતી ત્યારે ઝડપાઈ ગઈ હતી.

મુલુંડ પોલીસે ધરપકડ કરેલી બન્ને મહિલાની ઓળખ કોમલ વિશ્વકર્મા (૩૦) અને સુમન વિશ્વકર્મા (૨૬) તરીકે થઈ હતી. બન્ને મહિલા મુલુંડ પૂર્વમાં ૯૦ ફૂટ રોડ પરની એસઆરએ બિલ્ડિંગમાં રહેતી હોવાનું જાણવા મળ્યું હતું.

આ પ્રકરણે સુપરમાર્કેટના સ્ટોર મૅનેજરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે બન્ને મહિલા ખરીદીને બહાને ગુરુવારની રાતે સુપરમાર્કેટમાં આવી હતી. જોકે કોઈ પણ વસ્તુ ખરીદ્યા વિના બન્ને પાછી જઈ રહી હતી ત્યારે તેમના પર શંકા ગઈ હતી. મહિલાઓએ પહેરેલાં કપડાં જોતાં તે નવાં હોવાનું જણાયું હતું.

સુપરમાર્કેટ બહાર જતી રોકવામાં આવેલી બન્ને મહિલાની પૂછપરછ કરવામાં આવી હતી. મહિલાઓએ કપડાં પર કપડાં પહેર્યાં હોવાનું સ્પષ્ટ થયું હતું. મહિલા સ્ટાફે બન્નેને ચેન્જિંગ રૂમમાં જઈને કથિત રીતે ચોરેલાં કપડાં ઉતારી આપવાની સૂચના આપી હતી.

ફરિયાદ અનુસાર મહિલાએ વિવિધ રંગની ચાર કોટન ટ્રાઉઝર પૅન્ટ, જેન્ટ્સનું એક ટી-શર્ટ, બે શર્ટ, બે લેડીઝ કુરતાં, એક મૅન જૅકેટ, એક શૉટ, એક લેડીઝ ફ્રૅગ, ત્રણ ટૉપ, એક લેડીઝ કુરતી પૅન્ટ પહેરી હોવાનું જણાયું હતું. કપડાંમાં પાછાં લેડીઝ શૂઝ, પુરુષોનાં સૅન્ડલ, લેડીઝ બૅગ, બેબી ફ્રૉગ, લેડીઝ બેલ્ટ, હેરક્લિપ, ૧,૩૬૦ રૂપિયાની ચૉકલેટ્સ, ડ્રાયફ્રૂટ્સ અને ૨,૨૪૯ રૂપિયાની કોસ્મેટિકની વસ્તુઓ સંતાડવામાં આવી હતી.

મહિલાઓ ચોરીને ઇરાદે આવી હોવાની ખાતરી થતાં મૅનેજરે પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરી હતી. સુપરમાર્કેટ પહોંચેલી પોલીસે બન્ને મહિલાને તાબામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

# સાત આરોપીને હૉસ્પિટલ લઈ જતી વખતે બેદરકારીઃ નવ પોલીસ સસ્પેન્ડ

થાણેઃ થાણેમાં સાત આરોપીને તબીબી તપાસ માટે લઈ જતી વખતે ફરજચૂક અને બેદરકારી દાખવવા બદલ નવ પોલીસ અધિકારી-કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

સાત આરોપીને ચોથી ઑગસ્ટે કલવાની પાલિકા સંચાલિત હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા ત્યારે પોલીસ દ્વારા અનેક અનિયમિતતા આચરાઈ હોવાનું સામે આવ્યું હતું. તેને આધારે આરોપીઓ પર યોગ્ય રીતે નજર રાખવામાં નિષ્ફળતાને લઈ ગેરવર્તણૂકની શંકા ઉપસ્થિત થતી હોવાનું કારણ આપીને ડેપ્યુટી પોલીસ કમિશનર પવન બનસોડેએ સસ્પેન્શન ઑર્ડર જારી કર્યો હતો.

સસ્પેન્ડ કરાયેલા નવ પોલીસમાં ગંગારામ ઘુલે, ગિરીશ પાટીલ, વિલાસ મોહિતે, કિશોર શિર્કે, અશોક મુંડે, સંદીપ

(જુઓ પાનું ૪) ▶▶

# ભિવંડી કોર્ટથી આરોપી ફરાર થવા પ્રકરણે છ કોન્સ્ટેબલની હકાલપટ્ટી

થાણેઃ છ વર્ષની બાળકીની દુષ્કર્મ બાદ હત્યાના કેસનો આરોપી ગયા સપ્તાહે ભિવંડી કોર્ટ બહારથી ફરાર થવાના મામલે છ પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ડેપ્યુટી પોલીસ કમિશનર પવન બનસોડેએ જારી કરેલા આદેશ અનુસાર આરોપીને કોર્ટમાં લઈ જનારી ટીમના એક હેડ કોન્સ્ટેબલ અને પાંચ કોન્સ્ટેબલને ચોથી ઑગસ્ટે ભિવંડીમાં બનેલી ઘટનામાં સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ કરાયેલાઓમાં અમોલ તરટે, મોતીરામ ડેબરે, દત્તા સરકતે,

(જુઓ પાનું ૪) ▶▶

# મહેસૂલ વધારવા અનાજમાંથી દારૂના ઉત્પાદન માટે મહારાષ્ટ્ર સરકારની મંજૂરી

મુંબઈઃ આવક વધારવાના પ્રયાસરૂપે મહારાષ્ટ્ર સરકારે અનાજ આધારિત દારૂના ઉત્પાદનને મંજૂરી આપી છે. આ સાથે બંધ થઈ ગયેલા અને ઓછા ઉપયોગમાં લેવાયેલા પીવાલાયક શરાબ પરવાનેદાર (પીએલએલ) એકમોને સંપૂર્ણ ક્ષમતા સાથે ચલાવવાની મંજૂરી આપીને ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

ગુરુવારે જારી કરવામાં આવેલા સરકારી આદેશ અનુસાર આ નિર્ણયથી આશરે ત્રણ હજાર કરોડ રૂપિયાની વધારાની આવક થવાની સંભાવના છે. આ આદેશમાં મહારાષ્ટ્ર મેડ લિકર (એમએમએલ)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભારતીય બનાવટના દારૂ (આઇએમએલ) અને ઇન્ડિયન મેડ ફોરેન લિકર (આઇએમએફએલ)ની સાથે આ એક નવી કેટેગરી છે જે રાજ્યમાં ઉત્પાદિત એક વિશિષ્ટ બ્રાન્ડ હશે.

આદેશ અનુસાર અનાજમાંથી બનેલા

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**